8549

સ્વાધ્યાય

પુસ્તક ૧૫
અંક ૧

દીપોત્સવી
વિ. સં. ૨૦૩૩

ફોટો : સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ, સુરતના સૌજન્યથી

ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી પ્રફુલ્લ રાવળનો લેખ

વીણાવાદિની સરસ્વતી

સંપાદક
અરુણોદય ન. જાની
નિયામક,
પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
सत्यं शिवं सुन्दरम्

સ્વાધ્યાય
અને
સંશોધનનું
ત્રૈમાસિક

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

સ્વાધ્યાય

પુસ્તક ૧૫ : અંક ૧ નવેંબર, ૧૯૭૭

દીપોત્સવી વિ. સં. ૨૦૩૩

અનુક્રમ

પૃષ્ઠાંક

૧. મહર્ષિ ગર્ગાચાર્ય અને ગર્ગસંહિતા—હિમ્મતરામ મહાશંકર જાની ... ૧

૨. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનેતર રામકથા—દેવદત્ત જોશી ... ૧૫

૩. સોમવંશવૃત્તાંત—ખીમચંદ સી. શાહ ... ૨૮

૪. શ્રીધરાણીની કવિતા—હસિત હ. બૂચ ... ૪૦

૫. રવિ કવિ-કૃત માણેક રાસો—પ્રહ્લાદભાઈ ટી. પટેલ ... ૫૨

૬. વીણાવાદિની સરસ્વતી—પ્રફુલ્લ જે. રાવલ ... ૬૫

૭. ઈડર રાજ્યનાં ત્રણ અપ્રસિદ્ધ તામ્રપત્રો—ભારતી શેલત ... ૬૬

૮. શાક્ત સમ્પ્રદાયમાં ત્રિગુણાત્મક દેવતાની કલ્પના—અ. ન. જાની ... ૭૮

૯. 'કિરાતાર્જુનીય'ના પ્રાણી-નિર્દેશો—જયન્ત પ્રે. ઠાકર ... ૮૬

૧૦. ગ્રન્થાવલોકન ... ૧૧૬

૧૧. સાભાર સ્વીકાર ... ૧૨૫

સ્વાધ્યાય

દીપોત્સવી, વિ. સં. ૨૦૩૩ પુસ્તક ૧૫

નવેમ્બર, ૧૯૭૭ અંક ૧

મહર્ષિ ગર્ગાચાર્ય અને ગર્ગસંહિતા

હિમ્મતરામ મહાશંકર જાની

(પુ. ૧૩ અં. ૨ના અનુસંધાનમાં)

અમને પ્રાપ્ત થએલી પ્રત પૂનાના ભાંડારકર ઈન્સ્ટીટ્યૂટની છે. તેનો નંબર ૩૪૫ (૧૮૭૯–૮૦) છે. પોથી ૧૦" × ૪"ની સાઈઝનાં ૨૩૮ પાનાંની છે. પ્રત્યેક પાનામાં ૧૦ લીટીઓ અને પ્રત્યેક લીટીમાં ૪૨–૪૩ અક્ષરો છે. છેક છેલ્લા પાનાની પાછળ શ્લોક સંખ્યા ૬૫૦૦ લખેલી છે.

પરંતુ અમારી ગણત્રી મુજબ કુલ પાનાં ૨૩૮ હોવાથી ૨૩૮ × ૨ × ૧૦ × ૪૨ = ૧૯૯૯૨૦ અક્ષરો થાય છે. જો છેલ્લા પાને લખેલી શ્લોક સંખ્યા ૬૫૦૦ લઈએ તો ૬૫૦૦×૩૨ = ૨૦૮૦૦૦ અક્ષરો થાય. તેથી ૨૦૮૦૦૦–૧૯૯૯૨૦ = ૮૦૮૦ અક્ષરો ઓછા થાય છે. એટલે ૮૦૮૦ ÷ ૪૨ = ૧૯૨ લાઈન અને ૧૬ અક્ષરો અર્થાત્ ૧૯૨ ÷ ૧૦ = ૧૯ પાનાં અને ૨ લાઈનો એટલે વીસમા પાના ઉપર ૩ લાઈનો હોય તેવી રીતનાં ૨૦ પૃષ્ઠ એટલે કે ૧૦ પાનાં– શ્લોક ૨૫૨॥ ખૂટે છે.

આ પ્રતમાં ૧૦૪ થી ૧૧૦, ૧૮૨, ૧૮૩ અને ૨૨૪ એમ પાનાં નથી. આમાં ૧૦૪, ૧૦૫ કોરાં મૂકેલાં છે. ૧૦૬ થી ૧૧૦ તથા ૧૮૨, ૧૮૩ અને ૨૨૪ નથી. કેટલાંક પાનાંઓમાં વાકયો તથા અક્ષરોની જગ્યા કોરી રાખી આગળનું લખેલું છે. આ ઉપરથી માલુમ પડે છે કે આ પ્રત કોઈ જુની પ્રતના ઉપરથી લખાએલી છે. લેખકે જેટલા અક્ષરો, વાકયો કે પાનાં કોરાં રાખેલાં છે, તેટલો ભાગ તે જુની પ્રતમાંથી લુપ્ત થઈ ગયો હશે. આ પ્રત લખનારે લખ્યાની સાલ લખી નથી. છતાં મરોડ તથા પદ્ધતિ જોતાં પંદરમા સોળમા સૈકાની પ્રત હશે તેમ લાગે છે.

ડૉ. કેર્ન કે જેમણે બૃહત્સંહિતાનું સંપાદન અને પ્રકાશન સને ૧૮૬૫માં કર્યું છે. તેઓ પોતાની ભૂમિકામાં વૃદ્ધગર્ગસંહિતાનો (પોતે મેળવેલી પ્રતનો) ટૂંકો અહેવાલ આપે છે, તે અહેવાલની સાથે અમારા વર્ણનને મેળવતાં બંને એકબીજાને ખૂબ મળતાં આવે છે. અર્થાત્ ડૉ. કેર્ન જે પોથીનો ઉલ્લેખ કરે છે. તેના જેવી જ આ બીજી પોથી છે એમાં શંકા નથી.

બીજું વળી "ડૉ. થીબોએ ઇન્ડિયન એન્ટીકવેરીમાં મૂળ શ્લોકો સાથે ગર્ગસંહિતાના તારાઓની સંખ્યા આપેલી છે. અને તેના ઉપરથી મારા કોષ્ટકમાં મેં ગર્ગની તારા સંખ્યા

આપેલી છે", એમ કે. દીક્ષિત લખે છે.[૭] આપણે દીક્ષિતના કોષ્ટકમાં ગર્ગના નામથી આપેલી (નક્ષત્રોની) તારા સંખ્યા સાથે આ પોથીમાં આપેલી તારા સંખ્યા મેળવી જોઈએ તો બરાબર માલુમ પડે છે તેમ જ તેમણે આપેલા શ્લોકો પણ બરાબર મળી રહે છે. જેથી ડૉ. થીબોએ ઉપયોગમાં લીધેલી પ્રત પણ આ પ્રતને મળતી પ્રત જ હશે એમ ઠરે છે.

પૂનાની ઓરિએન્ટલ લાયબ્રેરીમાં નં. ૧૯૫ ઑફ એ ૧૮૮૩–૮૪ વાળી એક લઘુવૃદ્ધગર્ગ-સંહિતા છે. જે સં. ૧૮૦૯માં લખાએલી છે. કોઈ જુની પ્રત ઉપરથી તેની નકલ ઉતારાઈ છે. કુલ ૨૪ પાનાં છે. જેમાંથી પાનાં ૪–૧૩–૧૮ ખોવાઈ ગએલાં છે. આ ગ્રંથમાં અશ્વિન્યાદિ નક્ષત્રગણના હોવાથી તે મોટી વૃદ્ધગર્ગસંહિતા પછી તેના મુહૂર્તભાગના સાર રૂપે લખાએલો સંક્ષિપ્ત ગ્રંથ છે. ગ્રંથારંભ નારદ અને ગર્ગના સંવાદ રૂપ છે. નારદ પ્રશ્નકર્તા છે. ગર્ગ ઉત્તરદાતા છે. તેના અંતરંગ પરીક્ષણથી તે વૃદ્ધગર્ગસંહિતાના આધારે જ લખાએલો ગ્રંથ છે. આ સિવાય એ લાયબ્રેરીનો બીજો ગ્રંથ પણ જોવા મળ્યો છે. જેનું નામ ગર્ગસંહિતા આપેલું છે, પણ તે ગ્રહ–ચારફળ પૂરતો ભાગ છે. બીજી કેટલીક ગર્ગસંહિતાઓ હોવાનું પણ જાણવા મળ્યું છે. પણ તે બધી વૃદ્ધગર્ગસંહિતાઓ નથી.

વડોદરા પ્રાચ્ય વિદ્યામન્દિરમાં ગર્ગસંહિતાની એક તાડપત્રીય અને બીજી કાગળ ઉપર લખાએલી એમ જીર્ણ થએલી બે પ્રતો છે. પણ તે બંને વૃદ્ધગર્ગસંહિતાની પ્રતો નથી. તેમાં કાગળ ઉપર લખાએલી નાગરીલિપિવાળી પ્રતમાં આશરે ૧૨૦૦ શ્લોકો છે અને તાડપત્ર ઉપર તેલુગુલિપિમાં લખાએલી પ્રતમાં ૧૩૦૦ શ્લોકો છે. નાગરીલિપિવાળી પ્રતમાં વિષય સંહિતા વિષયક છે, પણ અનુક્રમ તથા રચના જુદી તરી આવે છે અર્થાત્ તે વૃદ્ધગર્ગસંહિતા તો નથી જ એમ અચકાયા વગર કહી શકાય તેમ છે.

જ્યોતિષશાસ્ત્રના સુપ્રસિદ્ધ ભારતીય ઇતિહાસકાર કૈ. શંકર બાલકૃષ્ણ દીક્ષિતે પોતાના ઇતિહાસગ્રંથમાં ગર્ગાચાર્ય અને ગર્ગસંહિતાનો ઘણી વખત ઉલ્લેખ કર્યો છે, પણ ગર્ગસંહિતાના ગ્રાન્થિકસ્વરૂપ વિષે (જેમ બીજા અનેક ગ્રંથોનો તેમણે પરિચય આપ્યો છે, તેમ) કંઈ પણ વ્યવસ્થિત રૂપે કહી શકયા નથી. એટલે તે ગ્રંથના સ્વરૂપનો ખ્યાલ આપવો ઉચિત સમજી અહીં આ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

અમને ઉપલબ્ધ થએલી ગર્ગસંહિતાના પ્રથમ પ્રકરણને અંતે "બૃહદ્ગર્ગકૃતે જ્યોતિષે સાંવત્સરનિર્દેશો નામ" (પ્રથમઃ ખંડઃ) એમ ઉલ્લેખ છે. મૂળમાં પ્રથમઃ ખંડઃ શબ્દો નથી, તે અમે ઉમેર્યા છે, તેથી કૌંસમાં દર્શાવ્યા છે.

ખંડની (પ્રકરણની) શરૂઆત પદ્યમાં સૂર્યના વંદનથી કરી છે પછી કેટલુંક ગદ્યમાં કહી પાંચ શ્લોકોમાં સાંવત્સરિકની પ્રશંસા અને ઉપાદેયતા બતાવી છે. આ શ્લોકો વરાહમિહિરની બૃહત્સંહિતામાં પણ જોવા મળે છે. અહીં જ્યોતિષીની સાથે પુરોહિતની પણ મહત્તા દર્શાવાઈ છે. એટલે જ્યોતિષી શાંતિક–પૌષ્ટિક વિધિઓનો જ્ઞાતા હોવો જોઈએ એમ ફલિત થાય છે. અહીં પુરોધા (પુરોહિત–યજમાનના ભલા માટે શાંતિક–પૌષ્ટિક વિધિઓ કરાવી શકનાર વિદ્વાન)ની પણ અગત્યતા સૂચવતાં ટૂંકો પ્રાચીન ઇતિહાસ આપ્યો છે. જેમકે :—

---

૭ ભારતીય જ્યોતિષ (હિન્દી), પૃષ્ઠ ૫૯૮

દેવાસુરસંગ્રામમાં દેવોને વિજયી થવું હતું પણ અસુરો હારતા ન હતા, તેથી દેવો બ્રહ્માજી પાસે ગયા અને જીતવાનો ઉપાય પૂછ્યો. ત્યારે બ્રહ્માજીએ તેમને શુક્રની પાસે જઈ તેને રીઝવવાનું કહ્યું એટલે દેવો શુક્ર પાસે ગયા અને તેમને ખૂબ વિનવ્યા, તેમ જ ખૂબ ધન આપ્યું (રત્નોનું આધિપત્ય આપ્યું.) એટલે શુક્રે પોતાને યજ્ઞભાગ મળે તો પોતે દેવો માટે પુરોહિત બની શાંતિક-પૌષ્ટિક કાર્ય કરી આપશે એમ જણાવ્યું. આથી દેવોએ તેમ કરવા કબૂલ કરી શુક્રને પોતાના પુરોહિત બનાવી શાંતિક-પૌષ્ટિક કાર્યો કર્યાં. જેથી મંત્રશક્તિથી બળવાન બનેલા દેવોએ અસુરો ઉપર વિજય મેળવ્યો. આવી વિધિઓનો જાણકાર મંત્રશાસ્ત્રજ્ઞ પુરોહિત અને ભૂત, ભવિષ્ય તથા વર્તમાનને જાણનાર (કાલગતિને તથા ગ્રહગતિને જાણનાર) જ્યોતિષી એ બે રાજાના ઉપયોગી અધિકારીઓ છે એમ સૂચવ્યું છે.

બીજા પ્રકરણમાં ગર્ગાચાર્યને (તેમના પુત્ર) ક્રોષ્ટુકિએ ગ્રહોના ચાર સંબંધી જ્ઞાન આપવા પ્રાર્થના કરી એટલે ગર્ગાચાર્યે ક્રોષ્ટુકિને મુખ્ય રાખી ઋષિયોને જ્યોતિષ જ્ઞાન આપ્યું, તે હકીકત દર્શાવી છે. અહીં જ્યોતિષ જ્ઞાનને માટે ગ્રહતંત્ર તથા કાલજ્ઞાન એવી સંજ્ઞાઓ વપરાઈ છે. તેમજ તેની ૬૪ શાખાઓ (અંગો) છે એમ કહેવામાં આવ્યું છે. આ પ્રશ્નોત્તરીમાં ગર્ગાચાર્યે સૃષ્ટયારંભકાળે પ્રથમ દેવોની સૃષ્ટિ થઈ અને ત્યાર પછી ગ્રહનક્ષત્રાદિની સૃષ્ટિ થઈ એમ પણ કહ્યું છે. બીજાઓએ ગ્રહ, નક્ષત્ર તથા દેવતાઓ સાથે ઉત્પન્ન થયા એમ કહ્યું છે.[૮]

આ બીજા પ્રકરણને (ખંડને) અંગસમુદ્દેશ એવી સંજ્ઞા આપેલી છે. વરાહમિહિરે પોતાની બૃહત્સંહિતાની વિશેષતા દર્શાવતાં કહ્યું છે કે પૂર્વાચાર્યોએ પોતાની સંહિતાઓ પ્રશ્નોપપ્રશ્નના રૂપમાં લખેલી છે અને તેથી ખોટો ગ્રંથવિસ્તાર થયેલો છે. ગ્રંથવિસ્તારના ભયને ટાળવા મેં તે પદ્ધતિ છોડી દીધી છે. પ્રશ્નોત્તરરૂપમાં ગર્ગથી લઈ ત્યાર પછીની જ્યોતિષસંહિતાઓ લખાઈ હશે એમ આથી માનવું પડે છે. આ પદ્ધતિ ઘણા વખત સુધી ચાલુ રહી હશે એમ પણ લાગે છે. ભગવાન મહાવીરની સૂર્યપ્રજ્ઞપ્તિ પણ આમ પ્રશ્નોત્તરરૂપે જ નિરૂપાયેલી છે.

વરાહમિહિર અહીં પૂર્વની કઈ સંહિતાને ઉદ્દેશી કહી રહ્યા છે તે દર્શાવવા ભટ્ટોત્પલે ગર્ગ-સંહિતાનાં કેટલાંક વાકયો પોતાની ટીકામાં નોંધી સાબિત કર્યું છે કે ગર્ગાદિની સંહિતાઓ પ્રશ્ન અને તેના પ્રત્યુત્તરરૂપે રચાયેલી છે. ભટ્ટોત્પલે ઉતારેલા ગર્ગસંહિતાના શ્લોકો આ અધ્યાયના છે. ગર્ગે પોતે ચતુઃષષ્ટ્યંગ (૬૪ અંગવાળું) જ્યોતિષશાસ્ત્ર શિવજીની કૃપાથી પ્રાપ્ત કર્યું હતું. તે ૬૪ અંગો (વિષયો) ઉપર તેમણે જે જે વિવેચન કર્યું છે તેને ૬૪ પ્રકરણો અથવા અનુબંધો કહી શકાય. આ ૬૪ વિભાગો કયા કયા હતા તે જણાવતાં કહ્યું છે કેઃ—

तस्मात्कृत्स्नमधीत्याग्रे वेदाङ्गं कालबोधनम् ।
ज्योतिषामयनाङ्गानि चतुःषष्टिस्ततः पठेत् ॥ १ ॥

तेषामग्रे कर्मगुणश्चन्द्रमार्गस्त्वनन्तरम् ।
नक्षत्रकेन्द्रभं चैव द्वि(त्रि)वर्गः प्रथमः स्मृतः ॥ २ ॥

राहौ बृहस्पतौ शुक्रे धूमकेतौ शनैश्चरे ।
अङ्गारके बुधेऽर्के च वारानष्टौ ततः पठेत् ॥ ३ ॥

૮ જુઓ સૂર્યસિદ્ધાન્ત, સિદ્ધાન્તશિરોમણિ આદિ ગ્રંથો.

चक्रेष्वन्तरचक्रञ्च मृगचक्रं तथैव च ।
श्वचक्रं वातचक्रं च चक्राङ्गेषु चतुष्टयम् ॥ ४ ॥

वास्तुविद्यामङ्गविद्यां वासयानां तथैव च ।
ज्ञेयास्तिस्रस्तु विद्यास्ता वृद्धगर्गमताः शुभाः ॥ ५ ॥

स्वातियोगमथाषाढारोहिण्योर्योग एव च ।
कृत्स्नानेतान्विजानीयात् त्रीन् योगान्वै विशेषतः ॥ ६ ॥

न्युु............. विंशं सलिलं ततः ।
रहस्यं वेत्यथाङ्गैश्च चतुर्विंशैश्च दर्शितम् ॥ ७ ॥

अत ऊर्ध्वं प्रवक्ष्यामि, उपाङ्गानीह नामतः ।
आनुपूर्व्या विधानेन चत्वारिंशन्नामतः ॥ ८ ॥

ग्रहकोशो ग्रहयुद्धं ग्रहशृङ्गाटकं तथा ।
कृत्स्नं ग्रहपुराणञ्च ग्रहपाकास्तथैव च ॥ ९ ॥

यात्रासिद्धिश्चाग्निवर्णाः सेनाव्यूहस्तथैव च ।
मयूरचित्रो ग्रहबलिरुपहाराः प्रशान्तयः ॥ १० ॥

औत्पातिकं तुलाकोशो भविष्यं युगकारकम् ।
सर्वभूतरुतं चैव तथा पुष्पलतां विदुः ॥ ११ ॥

उपानहात्तथा छेदो वस्त्रच्छेदस्तथैव च ।
कृत्स्नं भुवनकोशं च गर्भाधानं दगार्गलम् ॥ १२ ॥

निर्घातभूमिकम्पाश्च परिवेषास्तथैव च ।
ऋतुस्वभावाः सन्ध्ये च तथोल्काश्चोपधारयेत् ॥ १३ ॥

सांवत्सरस्तथा युक्तः शास्त्राणां देशमादिशेत् ।
बलाबलं तु विज्ञेयं बहु यत्तत्फलं वदेत् ॥ १४ ॥

चतुःषष्ट्यङ्गमेतत्तु संवत्सरमुदाहृतम् ।
ज्ञानं प्रजाहितं प्राज्यं चक्षुरग्र्यं क्रियाहितम् ॥ १५ ॥

અર્થાત્ સંપૂર્ણ વેદાંગજ્યોતિષ કે જે કાલનો બોધ કરાવનાર છે તેને સારી રીતે ભણી લીધા પછી જ્યોતિઃશાસ્ત્રનાં (આ) ૬૪ અંગોનો અભ્યાસ કરવો. ૬૪ અંગો અનુક્રમે નીચે મુજબ છે. પ્રથમ ૨૪ અંગ છે અને પછી બીજાં ૪૦ છે. આમ ૨૪+૪૦=૬૪ અંગ થાય છે.

૨૪ અંગોમાં (૧) તિથિ–નક્ષત્ર–મુહૂર્ત અને કરણ એ ચારના ગુણ અને તેમના સત્તાકાળમાં (તેમના વર્તમાનપણામાં) કરવા યોગ્ય કાર્યોના નિર્દેશ રૂપ ચતુર્વ્યૂહાત્મક કર્મગુણ, (૨) ચંદ્રમાર્ગ, (૩) નક્ષત્રકેન્દ્રભ, (૪) રાહુચાર, (૫) બૃહસ્પતિચાર, (૬) શુક્રચાર, (૭) કેતુ–ધૂમકેતુસહિત–ચાર, (૮) શનિચાર, (૯) મંગળચાર, (૧૦) બુધચાર,

(૧૧) સૂર્યચાર, (૧૨) અગસ્ત્યચાર, (૧૩) અંતરૂચક્ર, (૧૪) મૃગચક્ર, (૧૫) શ્વચક્ર–શ્વાનચક્ર, (૧૬) વાતચક્ર, (૧૭) વાસ્તુવિદ્યા, (૧૮) અંગવિદ્યા, (૧૯) વાયસ-કાક-વિદ્યા, (૨૦) સ્વાતિયોગ, (૨૧) આષાઢીયોગ, (૨૨) રોહિણીયોગ, (૨૩) જનપદવ્યૂહ અને (૨૪) મહાસલિલ આમ ૨૪ પ્રકરણો છે.

આમ ૨૪ વિષયોનાં ૨૪ પ્રકરણો કહેવા માટે તેમણે ચતુર્વ્યૂહાત્મક કર્મગુણ, ચંદ્રચાર તથા નક્ષત્રકેન્દ્રભ એ ત્રણના સમૂહને त्रिवर्ग કહી તેને પ્રથમ એમ કહ્યું છે. (અહીં મૂલમાં द्विवर्ग એમ પાઠ છે પણ તે પ્રમાદજન્ય છે. त्रिवर्ग એમ જોઈએ. બીજા તરીકે આઠ ગ્રહોના આઠ ચાર (અગસ્ત્ય ઉમેરતાં નવ ચાર)ને ગણ્યા છે. ત્રીજા તરીકે ચાર ચક્રોને લીધાં છે. પછી ચોથા તરીકે ત્રણ વિદ્યાઓ લીધી છે. પાંચમામાં ત્રણ યોગ અને છઠ્ઠામાં જનપદવ્યૂહ અને મહાસલિલ નામના અધ્યાયો લીધા છે. આમ ૩ + ૯ + ૪ + ૩ + ૩ + ૨ = ૨૪ અંગ કહ્યાં છે. ગ્રહોને વાર તરીકે દર્શાવ્યા છે. તેમાં અગસ્ત્યચાર કહ્યો નથી પણ છે અને તે ઉમેરીએ તો જ ૨૪ની સંખ્યા થાય છે. આથી તે લેવો પડે છે. वारानष्टौ શબ્દમાં वारान् એ ગ્રહો માટે વાપરેલો શબ્દ છે. અર્થાત્ વાર શબ્દ ગ્રહો માટે વપરાવાની શરૂઆત આ ગ્રંથમાં માલુમ પડે છે. શ્લો. ૧–૮

પછી ૪૦ અંગો ગણાવતાં :—(૧) ગ્રહકોશ, (૨) ગ્રહયુદ્ધ, (૩) ગ્રહશૃંગાટક, (૪) ગ્રહપુરાણ, (૫) ગ્રહપાક, (૬) યાત્રાસિદ્ધિ, (૭) અગ્નિવર્ણ, (૮) સેનાવ્યૂહ, (૯) મયૂરચિત્રક, (૧૦) ગ્રહબલિ, (૧૧) ગ્રહોપહાર, (૧૨) ગ્રહશાંતિ, (૧૩) ઉત્પાત, (૧૪) તુલાકોશ, (૧૫) યુગ ભવિષ્ય–યુગપુરાણ, (૧૬) સર્વભૂતરુત, (૧૭) પુષ્પલતા, (૧૮) બૃહસ્પતિપુરાણ, (૧૯) ઉપાનલક્ષણ, (૨૦) ઉપાનછેદ–ઉપાદન છેદ, (૨૧) વસ્ત્ર-છેદ, (૨૨) ભુવનકોશ, (૨૩) ગર્ભાધાન, (૨૪) દગાર્ગલ, (૨૫) નિર્ઘાતલક્ષણ, (૨૬) ભૂમિકંપ, (૨૭) પરિવેષ, (૨૮) ઋતુસ્વભાવ, (૨૯) સંધ્યા, (૩૦) ઉલ્કાપાત અને (૩૧) સૌંદર્ય–પ્રાપ્તિ એમ ૩૧ અધ્યાયોમાં ૩૧ વિષય આપ્યા છે. તદુપરાંત ગ્રહયુદ્ધમાં અંશુવિમર્દ, ઉલ્લેખ, આદિ તથા મયૂરચિત્રક, ઉત્પાત આદિ અધ્યાયોમાં બીજા વિષયો (વિવિધ વિકૃતિઓ) એમ ૪૦ વિષયોનું વિવેચન આપ્યું છે. બૃહસ્પતિપુરાણને અધ્યાયમાં ગણાવ્યો નથી. તેમજ ઈન્દ્રધ્વજોચ્છ્રાય વગેરે પણ અધ્યાય તરીકે ગણાવ્યા નથી પણ તે વિષયો આપેલા છે. તે બધાને ૪૦ની અંતર્ગત ગણી લીધા છે. જેથી પ્રથમનાં ૨૪ અને આ ૪૦ મળી ૬૪ અંગ થાય છે. ગર્ગની આ ૬૪ અંગોની चतुःषष्ट्यंगं ज्यौतिषम्‌ની રચના ઉપરથી જ્યોતિષ चतुःषष्ट्यंग ગણાયું જે પ્રમાદથી આગળ चतुर्लक्षं तु ज्यौतिषम्[९] જ્યોતિઃશાસ્ત્ર ૪૦૦૦૦૦ શ્લોક-પ્રમાણે છે તેમ ગણાવા લાગ્યું હોય તેમ ધારણા બંધાય છે.

---

૯ જુઓ નારદપુરાણ અધ્યાય–૫૪

ज्यौतिषाङ्गं प्रवक्ष्यामि यदुक्तं ब्रह्मणा पुरा ।
यस्य विज्ञानमात्रेण धर्मसिद्धिर्भवेन्नृणाम् ॥ १ ॥

त्रिस्कन्धं ज्यौतिषं शास्त्रं चतुर्लक्षमुदाहृतम् ।
गणितं जातकं विप्र संहितास्कन्धसंज्ञितम् ॥ २ ॥

ગ્રંથારંભે ગર્ગ જે વેદાંગજ્યોતિષ ભણવાનું કહે છે તે અથર્વવેદાંગ જ્યોતિષ છે. કારણ તેમાં આપેલા દરેક વિષયોને જ આધાર તરીકે રાખી ગર્ગે પોતાની વિસ્તૃત સંહિતા રચી છે.[૧૦] છતાં જો વેદાંગજ્યોતિષ તરીકે ત્રણે (ઋગ્-યાજુષ અને અથર્વ) વેદાંગોને લઈએ તો પણ કોઈ હાનિ થતી નથી.

જ્યોતિઃશાસ્ત્રના સુપ્રસિદ્ધ ભારતીય ઇતિહાસકાર કૈ. શંકર બાલકૃષ્ણ દીક્ષિતે પોતાના ગ્રંથમાં ગર્ગાચાર્ય અને ગર્ગસંહિતાનો ઘણી વખત ઉલ્લેખ કર્યો છે. પણ ગર્ગસંહિતાના બાહ્ય તેમ જ આભ્યન્તર સ્વરૂપને ગ્રંથની અપ્રાપ્તિના કારણે આપણી સમક્ષ મૂકી શકયા નથી. બાહ્યસ્વરૂપ આપણે જોઈ ગયા. હવે તેના આભ્યન્તર સ્વરૂપની ચર્ચા કરીશું.

ઉપર જણાવેલાં ૬૪ અંગો માટેના અધ્યાયો અથવા પ્રકરણોમાં કેટલાકમાં પાંચ, સાત કે નવ જેટલાં અવાન્તર પ્રકરણો છે. જેમકે પ્રથમ અધ્યાયમાં—(૧) સંવત્સરનિર્દેશ, (૨) અંગ સમુચ્ચય, (૩) પરિભાષા, (૪) નક્ષત્રકર્મગુણ, (૫) તિથિકર્મગુણ, (૬) ગ્રહ (વાર) કર્મગુણ, (૭) કરણમુહૂર્તકર્મગુણ, (૮) આત્મસંવરણમ્, (૯) આધાનાદિ–આત્મતત્ત્વ એમ નવ પેટા વિભાગો આપી છેવટે લખ્યું છે કે **प्रथमसर्गः समाप्तः ।**

ખરી રીતે જોતાં ૭મા કરણ મુહૂર્તકર્મગુણ નામના પેટા અધ્યાયની સાથે પ્રથમ અધ્યાય સમાપ્ત થાય છે. આઠ અને નવ તો જુદાં જુદાં પ્રકરણો જેવા અધ્યાયો છે. અહીં સુધી પોથીનાં ૧૪ પૃષ્ઠ રોકાએલાં છે. લેખકનો પ્રમાદ હોય કે પ્રથમથી જ તેવું હોય તે સમજાતું નથી પણ આઠમા ખંડના અંતે (પૃ. ૧૩ના ઉત્તરપૃષ્ઠમાં) ખંડની સમાપ્તિ સૂચવી છે. અને ૧૪મા પૃષ્ઠના ઉત્તરપૃષ્ઠમાં **इति गार्गीये ज्योतिःशास्त्रे द्वितीयः। आदितो नवमः। प्रथमसर्गः समाप्तः ॥** એમ લખેલું છે.

પૃ. ૧૫થી બીજો સર્ગ શરૂ થાય છે. જેમાં—(૧) ચંદ્રમાનાધ્યાય, (૨) ચંદ્રમાને સોમ-વર્ણન, (૩) ચંદ્રમાર્ગસ્તૃતીય, (૪) ચંદ્રમાને ચતુર્થઃ, (૫) ચંદ્રમઃસ્થાન, (૬) ચંદ્રવર્ણન (ઉત્તરાર્ધ જેવો ભાગ છે), (૭) ચંદ્રસંસ્થાન વિધિ, (૮) ચંદ્રચરિતમ્. આમ આઠ પેટા વિભાગો આપી અંતે લખ્યું છે કે **समाप्तं च द्वितीयमङ्गम्** આમ કહી સર્ગસમાપ્તિ કરી છે.

આ દ્વિતીય અંગના ત્રીજા અધ્યાય 'ચંદ્રમાર્ગ'માં નક્ષત્રવિજ્ઞાન આપેલું છે. તેમાં ક્રાન્તિવૃત્તથી ઉત્તરે કયાં કયાં નક્ષત્રો છે. દક્ષિણ તરફ કયાં કયાં છે તથા મધ્યમાં આવી જતાં કયાં કયાં છે તે કહ્યું છે.

જેમકે :—

फाल्गुन्यौ द्वे तथा स्वातिरभिजिच्छ्रवणस्तथा ।
धनिष्ठा वारुणं सौम्यमाहिर्बुध्न्यं तथैव च ॥

रेवत्याश्वयुजं चापि याम्यं द्वादशभं भवेत् ।
उत्तरेणोपतिष्ठन्ति रवेः सोमस्य चोभयोः ॥

---

૧૦ 'અથર્વવેદાંગ જ્યોતિષ'ના પરિચય માટે જુઓ, 'વેધશાળા સમાચાર' સળંગ અંક ૪૨થી ૪૫ (૧૯૭૫-૭૬)માં આપેલી 'ભારતીય ખગોળશાસ્ત્ર' નામની અમારી લેખમાળા.

પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, સ્વાતિ, અભિજિત્, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, સૌમ્ય (પૂ. ભા.), ઉત્તરાભાદ્રપદા, રેવતી, અશ્વિની અને ભરણી એમ બાર નક્ષત્રો સૂર્ય અને ચંદ્રના માર્ગથી (ક્રાન્તિવૃત્ત તથા વિમંડલથી) ઉત્તરદિશામાં આવેલાં છે. (પૂ. ભા. માટે સૌમ્ય શબ્દ બહુધા અપરિચિત છે.)

कृत्तिका रोहिणी सौम्यं पित्र्यं चापि पुनर्वसुः ।
उपतिष्ठन्ति मध्येन विशाखा मैत्रमेव च ॥

કૃત્તિકા, રોહિણી, મૃગશીર્ષ, મઘા, પુનર્વસુ, વિશાખા અને અનુરાધા આ સાત નક્ષત્રો (ક્રાન્તિવૃત્ત ઉપર આવેલાં છે.) મધ્યમાં રહેલાં છે.

आर्द्रा तिष्यस्तथा मूलं सार्पं हस्तस्तथैव च ।
दक्षिणेनोपतिष्ठन्ति ज्येष्ठाषाढाद्वयं तथा ॥

આર્દ્રા, પુષ્ય, મૂલ, આશ્લેષા, હસ્ત, જયેષ્ઠા, તથા પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા દક્ષિણ બાજુ રહે છે. ક્રાન્તિવૃત્તથી દક્ષિણ તરફ છે.

આમાં ૧૨ + ૭ + ૮ = ૨૭ થાય છે. ચિત્રા રહી ગયું છે. તેથી 'पित्र्यं चापि'ની જગ્યાએ पित्र्यं त्वाष्ट्रं કર્યું હોય તો ક્રાન્તિવૃત્ત ઉપર આવેલાં નક્ષત્રોમાં તે આવી જાય છે. અને તેમની સંખ્યા ૮ની થતાં કુલ સંખ્યા ૨૮ થઈ જાય. ચિત્રા ક્રાન્તિવૃત્તની અત્યંત નજીકમાં જ આવેલું છે.

રવિનો માર્ગ સ્થિર છે. ચંદ્રનો માર્ગ સ્થિર નથી તે જણાવતાં કહે છે કે :—

कृत्तिका रोहिणी चापि चित्रादित्यं मघा तथा ।
विशाखा मैत्रमैन्द्रं च तथाषाढाद्वयं भवेत् ॥
एतेषां विविधो मार्गो दक्षिणोत्तरमध्यतः ।

વિમંડલમાં ફરતો ચંદ્ર કૃત્તિકા, રોહિણી, ચિત્રા, પુનર્વસુ, મઘા, વિશાખા, અનુરાધા, જયેષ્ઠા, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા આ દશ નક્ષત્રોની ઉત્તરે, દક્ષિણે અથવા મધ્યમાં થઈને જાય છે. અર્થાત્ તેનો માર્ગ સદા એકસરખો રહેતો નથી.

समरूपप्रवृद्धश्च युगस्थायी तथैव च ।
वारुणादिषु विंशःसु विशाखान्तेषु च चन्द्रमाः ।
विना वायव्यतिष्याभ्यामप्राप्तो योगमृच्छति (मिच्छति)
अप्राप्ते सन्निकृष्टश्च कृत्तिकान्तोऽथवा भवेत् ।
अनुराधा भवेद्युक्तः पंचपंचेषु चन्द्रमाः ॥
अप्राप्तो युगपच्चापि योगमेति च चन्द्रमाः ।
ब्राह्मवैष्णवपुष्येषु वायव्ये वामने तथा ॥
सर्वाणि युगपत्सोमो नक्षत्राण्येव युज्यते ।

આ શ્લોકોમાં વિભાગાત્મક નક્ષત્ર તથા તારકાત્મક નક્ષત્ર પૈકી કયાં કયાં નક્ષત્રોના યોગતારા પોતપોતાના વિભાગમાં આવી જાય છે તેનું જ્ઞાન આપેલું છે.

શતભિષાથી લઈ વિશાખા સુધીનાં ૨૦ નક્ષત્રો પૈકી સ્વાતિ અને પુષ્ય સિવાયનાં અઢાર સાથે વિભાગ (મર્યાદા)માં આવ્યા વગર (યોગ તારા સાથે) યોગ ઇચ્છે છે.

કૃત્તિકામાં જતો નથી પણ નજીકમાં રહી યોગ કરે છે. અનુરાધાના પાંચે પાંચ તારાઓ સાથે યોગ કરે છે.

રોહિણી, શ્રવણ, પુષ્ય, સ્વાતિ અને ઉત્તરાષાઢા (વિભાગાત્મક રીતે ગણિતથી આવ્યા વગર) એ નક્ષત્રોનો એકી સાથે યોગ કરે છે.

બીજાં નક્ષત્રોનો ગણિતથી વિભાગ મર્યાદામાં આવી યોગ કરે છે અર્થાત્ તે નક્ષત્રોના યોગતારાઓ વિભાગાત્મક ક્ષેત્રમાં રહેલા છે.

આ બાબતને ગૌતમઋષિ **અવક્ષેત્ર, સમક્ષેત્ર અને સાવક્ષેત્ર** એમ સંજ્ઞાથી સૂચવે છે. આત્રેય નક્ષત્રો સંબંધી કાલ અને યોગ કહે છે. પ્રત્યેક નક્ષત્રની ૬૧૦ કલા છે એમ ગર્ગાચાર્ય વિભાગાત્મક નક્ષત્ર કહે છે. (વિભાગાત્મક એટલે સમવિભાગાત્મક એમ સમજવાનું છે.) જેમ કે :—

कलानां षट्शतानीह दश चान्या: कला: स्मृता: ।
नक्षत्रविषयं प्राह गर्गो वेदविदां वर: ॥

આ છેલ્લા અધ્યાયમાં એક શ્લોક વિચારણીય છે. જેમ કે :—

शुक्लपक्षोत्थितं हीनं कृष्णपक्षे तु चन्द्रमा: ।
ऊनरात्रिकपक्षस्य यान्या कृष्णत्रयोदशी ॥
न तां त्रयोदशीं कुर्यात्तां तु कुर्याच्चतुर्दशीम् ॥

આ શ્લોક ચંદ્ર —સૂ.÷૧૨=તિથિના સિદ્ધાન્ત પહેલાંની રીતે ચંદ્રોદયથી તિથિને સૂચવે છે.

આ શ્લોકનો ભાવાર્થ એવો છે કે શુકલપક્ષમાં ચંદ્રમાનું અજવાળું પ્રતિદિન વધારે વધારે સમય મળતું જાય છે. રાત્રે ચંદ્રમા વધારે વધારે સમય દેખાતો રહે છે. પણ કૃષ્ણ-પક્ષમાં ચંદ્રમા પ્રતિદિન મોડો મોડો ઊગે છે. તેથી રાત્રિએ ચંદ્ર પ્રકાશવાળો સમય ઓછો ઓછો થતો જાય છે. આમાં કૃષ્ણ પ્રતિપદની રાત્રિએ ચંદ્ર સૂર્યાસ્ત પછી નજીકના સમયમાં ઊગતો હોવાથી ઘણુંખરું આખી રાત્રિ ચંદ્ર રહ્યો લાગે છે. એટલે ચંદ્રપ્રકાશ મોડો મળવાના કારણે ગણતાં આ દિવસને ગણત્રીમાં ન લે તો વાસ્તવિક ચતુર્દશીની તિથિ તેરમી તિથિ થઈ જાય. આથી વિધાન કર્યું છે કે તેને તેરમી તિથિ ન ગણતાં ચતુર્દશી ગણવી. આથી ચંદ્રોદય પ્રમાણે તિથિ ગણવાની પદ્ધતિ માલુમ પડે છે.

પૃ. ૨૦ (ઉત્તરાર્ધ)થી **नक्षत्रकेन्द्रमे प्रथम: ॥ १ ॥** અધ્યાય શરૂ થાય છે. અહીં નક્ષત્રોની ધ્રુવાદિ સંજ્ઞા બતાવેલી છે જેમ કે પહેલો જ પ્રશ્ન છે કે—कति नक्षत्राणि ध्रुवाणि । कति मृदूनि । कति क्षिप्राणि । कति उग्राणि । कति साधारणानि । कति प्रकृतय: ઇત્યાદિ .

બીજા અધ્યાયમાં આનો ઉત્તર છે :—

ध्रुवाण्युक्तानि चत्वारि रोहिणी चोत्तराणि च ।
मृदूनि सौम्यं त्वाष्ट्रं च रेवती मैत्रमेव च ॥ १ ॥

चराणि स्वातिरादित्यं वैष्णवादीनि त्रीणि च ।
उग्राणि पैत्र्यं भरणी त्रीणि पूर्वाणि तानि च ॥ २ ॥

कृत्तिका च विशाखा च ऋक्षे साधारणे स्मृते ।
एवमेताः प्रकृतयो मुनीन्द्रेण प्रदर्शिताः ॥ ३ ॥

નક્ષત્રોમાં કેટલા તારાઓ છે તે વિષે કહ્યું છે કે :—

एकतारं शतभिषक् पुष्यार्द्रा त्वाष्ट्रमानिलम् ।
राधाभद्रे सफाल्गुन्यौ द्वितारं सौर्यमाश्विनम् ॥

त्रितारं मित्विका याम्यं ज्येष्ठां ब्राह्मं सवैष्णवम् ।
चतुस्ताराद्याषाठे मैत्रं पौष्णं सवासवम् ॥

पंचतारं भवेद्धस्तं प्राजापत्यं तथैव च ।
षट्तारं कृत्तिका मूलमाश्लेषा पित्र्यमेव च ॥

૧ તારાવાળાં શતભિષા, પુષ્ય, આર્દ્રા, ચિત્રા, સ્વાતિ.

૨ તારાવાળાં વિશાખા, પૂર્વા ભાદ્રપદા, ઉત્તરા ભાદ્રપદા, પૂર્વા ફાલ્ગુની, ઉત્તરા ફાલ્ગુની, પુનર્વસુ અને અશ્વિની.

૩ તારાવાળાં મિત્વિકા, ભરણી, જ્યેષ્ઠા, અભિજિત્, શ્રવણ.

૪ તારાવાળાં પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, અનુરાધા, રેવતી, ધનિષ્ઠા.

૫ તારાવાળાં હસ્ત, રોહિણી.

૬ તારાવાળાં કૃત્તિકા, મૂળ, આશ્લેષા, અને મઘા.

આ શ્લોકોમાં આવેલું **इन्वका** પદ મૃગશીર્ષ માટે મિત્વિકા વંચાતું હતું. તે અમરકોશના આધારે ઈન્વકા એમ સુધાર્યું છે. મૃગશીર્ષ માટે ઈન્વકા અને ઈલ્વલા એમ પાઠભેદથી બે શબ્દો અમરકોશમાં જોવા મળે છે. માહેશ્વરી ટીકા મુજબ ઈલ્વલા શબ્દ (બહુવચનમાં) છે. જ્યારે રામાશ્રમી મુજબ ઈન્વકા પાઠ છે. રામાશ્રમીમાં બંનેની વ્યુત્પત્તિ જણાવી બંનેને માન્ય રાખ્યા છે, અર્થાત્ બંને ઠીક છે. ક્ષીરસ્વામી ઈન્વકા શબ્દ લે છે. **इन्वका नक्षत्रम्** એમ શ્રુતિનું પ્રમાણ આપે છે. આમ આ શબ્દ આ ગ્રંથની પ્રાચીનતા બતાવે છે. તેને **हिल्विका** પણ કહેલું છે. પુનર્વસુ માટે સૌર્ય પદ પણ પ્રાચીનતા દ્યોતક છે.

આ શ્લોકોમાં અભિજિતનો ઉલ્લેખ છે અને તેને ત્રણ તારાવાળું માન્યું છે તે પણ વિચારવા જેવું છે. અશ્વિનીના ત્રણ તારા એ પ્રસિદ્ધ હકીકત છે. પરંતુ અહીં દ્વિતારક નક્ષત્રોમાં તેની ગણના સ્પષ્ટ દેખાય છે. જો તેનો અન્વય ત્રિતારકવાળી પંક્તિ સાથે કરીએ તો પુનર્વસુ (જેને માટે સૌર્યપદ વપરાયું છે તે)ને પણ ત્યાં લઈ જવું પડે.

દીક્ષિતે ભારતીય જ્યોતિષ (હિન્દી) પૃ. ૬૦૦ ઉપર આપેલા કોષ્ટકમાં તૈત્તિરીય શ્રુતિ અને નક્ષત્રકલ્પમાં અશ્વિનીના બે તારા બતાવ્યા છે. બ્રહ્મગુપ્તના ખંડખાદ્યકમાં પણ અશ્વનીના બે તારા ગણેલા છે. આ શ્લોકો નક્ષત્ર કેન્દ્ર 'ભ' નામના અધ્યાયના છે.

આગળ જતાં ' नक्षत्रकर्मगुण ' નામના અધ્યાયમાં પણ નક્ષત્રોની ચર્ચા કરતાં તેમનાં તારાઓની સંખ્યા, તેમનાં દેવતાઓ અને તેમનાં ગુણકર્મ કહ્યાં છે. તેમાંથી તારાઓની સંખ્યા સૂચક પંક્તિઓ અહીં ઉદ્ધૃત કરીએ છીએ તેથી કેટલામાં એકવાકયતા અને કેટલામાં ફરક છે તે દેખાશે.

નક્ષત્રકર્મગુણાધ્યાયમાં પણ તારાઓની સંખ્યા આપેલી છે. જેમ કે :—

કૃત્તિકા :—षट्तारे वह्निदैवते । કૃત્તિકા ૭ તારાવાળું અને અગ્નિદૈવત્વવાળું છે.

રોહિણી :—प्राजापत्ये तु नक्षत्रे सततं पञ्चतारके ।

મૃગશીર્ષ :—त्रितारमधिकं सौम्यं प्रशस्तं मृदुकर्मसु ।

આર્દ્રા :—रुद्रदैवते, खानयेदुदपानाश्च एकभागेन नित्यशः ।

પુનર્વસુ :—आदित्येऽस्मिन् द्वितारके । અદિતિ દેવતાવાળું હોવાથી આદિત્ય કહ્યું છે.

પુષ્ય :—बार्हस्पत्यैकतारेऽस्मिन् ।

આશ્લેષા :—षट्तारे प्रकुर्यात्सार्पदैवते ।

મઘા :—षट्तारे प्रकुर्यात् पितृदैवते ।

પૂર્વાફાલ્ગુની :—द्वितारं फाल्गुनी पूर्वा नक्षत्रं भगदैवतम् ।

ઉ૦ફાલ્ગુની :—द्वितारमुत्तरार्यम्णोः फाल्गुनी ।

હસ્ત :—सावित्रे पञ्चतारके ।

ચિત્રા :—चित्रा मृद्वेकतारं नक्षत्रं त्वाष्ट्रदैवतम् ।

સ્વાતિ :—एक तारेऽथ वायव्ये स्वातिर्नैष्ठाध्वकर्मणि ।

વિશાખા :—अथ द्वितारमैन्द्राग्न्यं बलयोगे प्रशस्यते ।

અનુરાધા :—अनुराधा चतुस्तारं मृदु मित्रोऽत्र दैवतम् ।

યાજુષ જ્યોતિષના ભાષ્યમાં આ વાકય સોમાકરે ઉદ્ધૃત કરેલું છે.

જયેષ્ઠા :—ज्येष्ठा त्रितारमैन्द्रं च दारुणं चात्र कारयेत् ।

મૂલ :—षट्तारं नैरृतं मूलं दारुणं दारुणे हितम् ।

પૂ.ષાઢા :—आप्यमुग्रं चतुस्तारं दारुणं दारुणे हितम् । (જલદેવતા)

ઉ. ષાઢા :—वैश्वदेवं चतुस्तारमाषाढामुत्तरा ध्रुवम् ।

શ્રવણ :—त्रितारं श्रवणं प्रोक्तं वैष्णवं सर्वकर्मसु ।

ધનિષ્ઠા :—धनिष्ठा तु चतुस्तारं वासवं चतुरुच्यते ।

શતભિષા :—एकतारं शतभिषग् वारुणं भेषजादिषु ।

પૂર્વાભાદ્રપદા :—आर्जं प्रौष्ठपदा पूर्वा द्वितारं दारुणे हितम् ।

ઉ. ભા. :—आहिर्बुध्न्यं द्वितारं च प्रोष्ठं वाद्युत्तरा ध्रुवम् ।

રેવતી :—एकतारं स्मृतं पौष्णं रेवती मृदुसंज्ञकम् ।

અશ્વિની :—त्रितारमश्वयुगर्क्षं लघु भैषज्यकर्मणि ।

ભરણી :—त्रितारं भरणी याम्यं दारुणं दारुणे हितम् ।

અહીં રેવતીને એકતારાવાળું કહ્યું છે. પ્રથમના શ્લોકમાં ચાર તારાવાળું કહ્યું છે તે વિચારવા જેવું છે. આમાં અભિજિત્ લીધું નથી.

નક્ષત્રોની મુહૂર્ત—સંખ્યા ચંદ્રને નક્ષત્રપુંજ પસાર કરતાં લાગતો મધ્યમગતિથી વખત કહેવામાં આવ્યો છે. અને સર્ગ સમાપ્ત કર્યો છે. આને તૃતીય અધ્યાય કહ્યો છે.

વૃદ્ધગર્ગસંહિતામાં સલિલ (મહાસલિલ) નામનો અધ્યાય પૃ. ૯૨ થી શરૂ થાય છે. આ અધ્યાય બહુ અગત્યનો છે. કારણ તેમાં ભૌતિક ખગોલશાસ્ત્રની ઘણી બાબતો આવી જાય છે. ગ્રહો સંબંધી તે સમયમાં કેટલું જ્ઞાન હતું તે જાણી શકાય છે. ગતિસંબંધી વિવેચન છે. ગ્રહબિંબના વ્યાસ તથા ગ્રહકક્ષાનું વર્ણન છે. ગ્રહકોશ નામના અધ્યાયમાં ક્ષુદ્ર (સૂક્ષ્મ–નાના) તારાઓનું વર્ણન છે. આ અધ્યાય પૃ. ૧૦૫ થી ૧૧૧ સુધી અપાએલો છે.

આમાં જણાવેલું છે કે સ્વાતિ, શ્રવણ, અભિજિત્, વરુણ અને અગસ્ત્યનો વ્યાસ ૬–૭ યોજન છે. સપ્તર્ષિઓ, રોહિણી, પુનર્વસુ, ચિત્રા, શ્રવિષ્ઠા, જ્યેષ્ઠા, અહિર્બુધ્ન્ય (ઉ. ભા.) આ તારાઓના વ્યાસ ૫ યોજન છે. બાકીના તારાઓના વ્યાસ ૪ યોજનથી લઈ ાા યોજન પર્યંતના છે. અને કેટલાક તો તેનાથી પણ ઓછા યોજનના વ્યાસવાળા છે. આમ તારાઓના કદની વિગત આપી છે.

ગ્રહણ સંબંધી જે જુની કલ્પનાનો ઉપયોગ મુદ્રારાક્ષસ નાટકમાં વિશાખદત્તે કર્યો છે, તેનું વાસ્તવિક સ્વરૂપ આમાં જોવા મળે છે. જેમકે રાહુચારમાં ગ્રહણનું કારણ બતાવતાં કહ્યું છે કે :—

पञ्चानामुदयं दृष्ट्वा ग्रहाणां ग्रहणं वदेत् ।
न वा बुधो भवेद्राहुर्बुधं दृष्ट्वा ग्रहं वदेत् ॥

પાંચે પાંચ (મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિ) ગ્રહો એકી સાથે ઉદય પામેલા હોય તો ગ્રહણ થવાનો યોગ છે, એમ કહેવું. પણ આ પાંચમાં બુધ આવી જતો હોય તો ગ્રહણ થતું નથી. માટે બુધનો વિચાર કરીને ગ્રહણ થશે કે નહિ તે કહેવું. બુધ સિવાયના ચાર ગ્રહોનો (चतुर्ग्रहसमागमे) સમાગમ (એકઠા મળવું–ભેગા થવું–આકાશમાં ઉદયાવસ્થામાં એકી સાથે દેખાવા રૂપ હાજરી આપવી ઇત્યાદિ અર્થ) થાય તો ગ્રહણ થાય છે.

આ ચાલતી આવતી માન્યતાને લઈ વિશાખદત્તે સૂત્રધારના મોંઢામાં શબ્દો મૂકયા છે કે :—

क्रूरग्रहः सकेतुश्चन्द्रं संपूर्णमण्डलमिदानीम् ।
अभिभवितुमिच्छति बलाद् रक्षत्वेनं तु बुधयोगः ॥

ક્રૂરગ્રહ એટલે રાક્ષસ (ચંદ્રના પક્ષમાં રાહુ અને ચંદ્રગુપ્તના પક્ષમાં રાક્ષસ નામનો નંદરાજાનો પ્રધાન) સકેતુ (કેતુની સાથે મળી જઈને એટલે ચંદ્રના પક્ષમાં કેતુ નામનો ગ્રહ–છાયા રૂપી પૂંછડી, ચંદ્રગુપ્તના પક્ષમાં મલયકેતુ–રાજકુમાર)ની સાથે મળી જઈ, સંપૂર્ણ

મંડલ (ચંદ્રપક્ષમાં પુરેપુરા ખીલેલા પૂર્ણિમાનો ચંદ્ર, ચંદ્રગુપ્તના પક્ષમાં સંપૂર્ણ–બધા જ સાથીદારો સાથે) (બલાત્) બળપૂર્વક (અભિભવિતું) ઘૂસી જવા (ઈચ્છતિ) ઇચ્છે છે. તેનું (ચંદ્રનું અથવા ચંદ્રગુપ્તનું) બુધયોગ (ચંદ્રપક્ષમાં બુધગ્રહ અને ચંદ્રગુપ્તના પક્ષમાં બુધ = પંડિત = ચાણકય) રક્ષણ કરો.

નાટકકારે બુધ એટલે ચાણકય, ચંદ્ર એટલે ચંદ્રગુપ્ત અને રાક્ષસ એટલે એ નામનો નંદનો પ્રધાન એ શબ્દોમાં શ્લેષ રહેલો હોવાથી સફળ શ્લેષાલંકાર યુક્ત રચના કરી પોતાનું કૌશલ્ય દર્શાવ્યું છે તથા નાટકના બીજ–વસ્તુનું સૂચન કર્યું છે.

ઘણા પ્રાચીનકાળની આ ગ્રહણ થવાના કારણની કલ્પનાને પ્રાચીન પાંચ સિદ્ધાન્તોમાં (ઈ. સ. પૂ. ૫૦૦ થી ઈ. સ. ૧૦૦)માં છોડી દેવામાં આવી છે એટલે ગણિતથી ગ્રહણસિદ્ધિ માની છે. એ ઉપરોક્ત પ્રાચીન માન્યતાનું વરાહમિહિરે ખંડન કરેલું છે, તેમજ તે પછીના બધા જ આચાર્યોએ તે ખંડનનું પુનરોચ્ચારણ (છેક ભાસ્કરાચાર્યપર્યંત) કરેલું છે. આથી ઇતિહાસકારોએ વિશાખદત્તનો સમય આ ગ્રહણની ઉક્તિના કારણે વરાહમિહિરથી પહેલાનો એટલે ઈ. સ.ની પાંચમી સદીનો ઉત્તરાર્ધ માનેલો છે. મુદ્રારાક્ષસના ટીકાકારે આ ગ્રહણની કલ્પના ગર્ગની છે એમ શ્લોક ટાંકી દર્શાવ્યું છે. તે શ્લોક આ સંહિતામાં થોડા પાઠભેદ સાથે મળી આવે છે. પાઠભેદ તદ્દન નજીવો છે.

આ સંહિતામાં મેષાદિ રાશિનો ઉલ્લેખ નથી. ગ્રહચારનાં પ્રકરણો છે પણ તેમાં નક્ષત્રચાર બતાવેલો છે અને તે મુજબ નક્ષત્રફળ કહેલું છે. રાશિચાર બતાવ્યો નથી, એટલે રાશિનાં નામ નથી, અથર્વવેદાંગ જ્યોતિષમાં પણ રાશિનાં નામ નથી. ઋગ્યાજુષ જ્યોતિષમાં તો હોય જ કયાંથી ?

વારનાં નામ અથર્વવેદાંગમાં છે. આ સંહિતામાં વારને દિન નામથી ઓળખાવ્યા છે. જેમ કે **चन्द्रदिने शुभे, दिने भौमस्य वर्जयेत् , दिने चन्द्रसुतस्य वै** ઇત્યાદિ. પરંતુ એક જગ્યાએ રવિવાર માટે **कारयेद् रविवासरे** એમ શબ્દ પ્રયોગ જોવા મળે છે. આજે કેટલીક ભાષાઓમાં વારને દિવસ કહેવાનો જે ચાલ જોવામાં આવે છે તેનું મૂળ અહીં દેખાય છે.

આ અધ્યાયમાં બુધવારનાં કાર્યો ગણાવતાં તેમાં ભારત (મહાભારત)ના અભ્યાસનો આરંભ કરવાનું લખ્યું છે. એટલે આ મહાભારત પછીનો ગ્રંથ છે. વર્તમાનમાં ઉપલબ્ધ થતા મહાભારત ગ્રંથની રચના ઈ. સ. પૂ. ૪૦૦માં થઈ છે એમ વિદ્વાનોનો અભિપ્રાય છે. તેથી તે પહેલાં પણ મહાભારતનું કોઈ એક ગ્રંથ સ્વરૂપ હતું તેની આ ઉપરથી સાબિતી મળે છે. કારણ ગર્ગસંહિતા ઈ. સ. પૂ. ૧૦૦૦–૯૦૦ થી અર્વાચીન તો નથી જ, એમ સિદ્ધ માનીએ તો ભારતીય યુદ્ધ કે જે ઈ. સ. પૂ. ૩૦૦૦માં થયું છે તેનું વર્ણન કરતા કોઈ ગ્રંથને ભારતાખ્યાન કહેતા હશે અને તેનું ગર્ગે બુધવારે અધ્યયન કરવાનું જણાવ્યું છે. એટલે તે ગ્રંથ એટલો બધો મહત્ત્વનો અને પૂજ્ય મનાતો હશે. લોકસમાજમાં તેના પારાયણ–અધ્યયન–વ્યાખ્યાનનો મહિમા હશે એમ માનવાને કારણ મળે છે.

ગર્ગનો કાળ ભગવાન મહાવીરની પહેલાંનો છે એમ પણ સાબિત થાય છે. કારણ સૂર્ય-પ્રજ્ઞપ્તિમાં મહાવીરે **एके वदन्ति** કેટલાક કહે છે એમ ઉપક્રમ કરીને જે બાબતો ઉપર ચર્ચા કરી છે,

તે બાબતો આ સંહિતામાં જોવા મળે છે. મહાવીરનો સમય નિશ્ચિત છે, એટલે તેનાથી પહેલાંનો અને લોકસમાજમાં વ્યાપ્ત થયેલો આ ગ્રંથ હશે ત્યારે જ તેમાંની બાબતો લઈ તે ઉપર મહાવીરે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હશે.

પ્રથમનાં ૨૪ અંગ (પ્રકરણો–વિષયો) પછી વર્ણવેલાં ૪૦ અંગોમાં નવમું મયૂરચિત્રક નામનું અંગ છે. આ અધ્યાય સંક્ષેપમાં આપવામાં આવેલો છે. પરંતુ આ પોથીમાં ગ્રંથની સમાપ્તિ પછી (પૃ. ૨૦૫થી) વિસ્તૃત મયૂરચિત્રક નામનો ગ્રંથ કે જે ગર્ગ અને ભાગુરિના સંવાદ રૂપે છે તે આપવામાં આવ્યો છે.

આ ગ્રંથ ગર્ગસંહિતા પહેલાંની રચના છે અને તેમાં સંહિતાના ઘણા વિષયો આપેલા છે.

ગર્ગસંહિતાની અંદર જે મયૂરચિત્રક નામનો અધ્યાય છે તેના પ્રારંભમાં લખ્યું છે કે અસિત, દેવલ, ગર્ગ, નારદ, કશ્યપ, ભૃગુ, અંગિરા અને જમદગ્નિ આદિ ઋષિઓ પ્રજાપતિ બ્રહ્માજી પાસે ગયા અને કહ્યું કે આપે પ્રથમ વિસ્તારથી શુભાશુભફળ (મયૂરચિત્રક ગ્રંથ રૂપે) કહ્યું છે, પણ અમે તેના સારભાગને જાણવા ઇચ્છા રાખીએ છીએ તો તે રીતે અમને કહો. આથી પ્રજાપતિએ સંક્ષેપમાં આ જ્ઞાન કહ્યું. અર્થાત્ મયૂરચિત્રકની વિસ્તૃત રચનાના સાર રૂપે આ પ્રકરણ સંહિતામાં આપવામાં આવ્યું છે.

આમાંથી એક વાત તરી આવે છે કે અસિત, દેવલ, ગર્ગ, નારદ, કશ્યપ, ભૃગુ, અંગિરા અને જમદગ્નિ સમકાલિક ઋષિયો છે. આ સંહિતામાં એક જગ્યાએ આવ્યું છે કે "દેવલનો આવો મત છે". આથી પણ દેવલ અને ગર્ગનું પૂર્વાપરત્વ અથવા સમકાલિકત્વ ઠરે છે વરાહમિહિરે આ બધાની સંહિતાઓના સારરૂપે પોતાનો ગ્રંથ (બૃહત્સંહિતા) લખ્યાનું કણુલેલું છે.

ગ્રંથના આરંભમાં મંગલાચરણ પછી अथातः संवत्सरनिर्देशं व्याख्यास्यामः એમ વાક્યથી શરૂઆત કરી છે અને ગ્રંથના અંતે वृद्धगार्गीयतंत्रे संवत्सरसूत्रम् । समाप्ता चेयं वृद्धगर्गसंहिता એમ લખેલું છે. પછી तुषारशैलવાળો શ્લોક મૂકી પાછું वृद्धगार्गीयतंत्रे चतुःषष्ट्यंगानि समाप्तानि । समाप्ता चेयं वृद्धगर्गसंहिता એમ લખ્યું છે. ગ્રંથની અંદર પણ ઘણી જગ્યાએ वृद्धगर्गकृते એમ પ્રકરણોના અંતે આવે છે. એટલે આ વૃદ્ધગર્ગસંહિતા છે એમ સાબિત થાય છે.

ગર્ગસંહિતાની સમાપ્તિમાં જણાવ્યું છે કે :—

ना सांवत्सरिकः कश्चिन्नरकेषूपपद्यते ।
ब्रह्मलोके प्रतिष्ठा च लभते दैवचिन्तकः ॥ १ ॥

तस्य तद्वचनं श्रुत्वा राजानो ऋषयस्तथा ।
गर्गस्य मुनिश्रेष्ठस्य जग्मुः स्वं स्वं निवेशनम् ॥ २ ॥

इति ज्यौतिषशास्त्रं वै चतुःषष्ट्यंगमद्भुतम् ।
गर्गो मुनिः सतां श्रेष्ठः क्रौष्टुके भावितात्मने ॥ ३ ॥

ददौ प्रहृष्टो भगवान् स च जग्राह भक्तिमान् ।
दैवज्ञस्तु पठेद्यश्च संहितैषा समाहितः ॥ ४ ॥

न तस्य दुर्लभं किञ्चिदिहलोके परत्र च ॥ ५ ॥
तुषारश्वेतशिखरे गंधर्वध्वनिसंकुले ।
हिमवति गिरिश्रेष्ठे गर्गेण परिकीर्तितम् ॥ ६ ॥

इति गार्गीयतंत्रे चतुःषष्ट्यंगानि समाप्तानि । समाप्ता चेयं वृद्धगर्गसंहिता ॥

સાંવત્સર (જ્યોતિષી) કદાપિ નરકમાં જતો નથી, પણ દૈવચિંતક તે બ્રહ્મલોકમાં પ્રતિષ્ઠા પામે છે. આવું (ઉપસંહારાત્મક) મુનિશ્રેષ્ઠ તે ગર્ગનું વચન સાંભળી રાજાઓ તથા ઋષિઓ પોતપોતાના સ્થાનોમાં ગયા. આ પ્રમાણે ચોસઠ અંગવાળું જ્યોતિ:શાસ્ત્ર મુનિશ્રેષ્ઠ ગર્ગે વિનયશીલ ક્રૌષ્ટુકીને આપ્યું અને ભક્તિમાન તેણે તે ગ્રહણ કર્યું. જે દૈવજ્ઞ આ સંહિતાને ભણે છે તેને આલોક અને પરલોકમાં કંઈ દુર્લભ હોતું નથી. બરફથી ધોળાં બનેલાં શિખરોવાળા અને ગાંધર્વોના ગાનથી ગુંજતા ગિરિશ્રેષ્ઠ હિમાલયમાં ગર્ગે આ જ્ઞાન આપ્યું (હતું).

આ સંહિતામાં જ્યોતિ:શાસ્ત્રનાં ૬૪ અંગોનું વર્ણન–વિવેચન કરેલું છે. ગર્ગે સરસ્વતીના કાંઠે શિવની આરાધના કરી આ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું અને ઋષિઓને ભણાવ્યું હતું. આ વાતને પુષ્ટ કરનારું ખુદ મહાભારતમાં જ બીજું વિધાન છે. અનુશાસનપર્વમાં અર્જુનને શિવની આરાધના કરવાની પ્રેરણા આપતાં ઉપમન્યુના આખ્યાનમાં ગર્ગની ઉક્તિ મૂકેલી છે જેમ કે :—

चतुःषष्ट्यंगमददत् कालज्ञानं ममाद्भुतम् ।
सरस्वत्यास्तीरे तुष्टो (शिवः) मनोयोगेन पाण्डव । (१३-१८)

પ્રસન્ન થએલા શિવે મનમાં સ્ફૂરણા કરાવવા રૂપે મને ૬૪ અંગવાળું જ્યોતિ:શાસ્ત્રનું જ્ઞાન આપ્યું હતું.

આ સંહિતામાં જ્યોતિઃશાસ્ત્રનાં ૬૪ અંગોનું વિવેચન કરેલું છે. સંહિતાકાર પોતે જ ચોસઠ અંગો ગણાવે છે, તે તેમના જ શબ્દોમાં આગળ જણાવાઈ ગયું છે. એટલે ગર્ગે સરસ્વતીના કિનારે રહી જ્યોતિ:શાસ્ત્રનાં ૬૪ અંગોનું જે પ્રવચન કર્યું હતું તે જ આ સંહિતા છે.

આ ગર્ગને વૃદ્ધગર્ગ તરીકે જ આ બધા ઉલ્લેખોમાં કહેલા છે. આ વૃદ્ધગર્ગની કૃતિ વૃદ્ધગર્ગ-સંહિતા આ ગ્રંથ પોતે છે. તેની ગ્રંથના અંતરંગ પરીક્ષણથી ખાત્રી થાય છે. મહાસલિલાધ્યાયના પ્રારંભમાં કહેલું છે કે ભાગીરથીના કિનારે મહામુનિ અંગિરાના વંશના મહર્ષિ વૃદ્ધગર્ગને મહર્ષિ વિશ્વામિત્રે પ્રશ્ન પૂછ્યો અને મહર્ષિ વૃદ્ધગર્ગે અગાધ સમુદ્ર જેવું આ જ્ઞાન (મહાસલિલ એટલે અગાધ જલ રાશિ) આપ્યું.

ઉપર જે વૃદ્ધગર્ગે જ્યોતિષનું શિવ પાસેથી જ્ઞાન મેળવ્યું હતું તે અંગિરાના પૌત્ર વિતથના પુત્ર હતાં. અહીં તેમને આંગિરસ (અંગિરાના વંશજ) કહ્યાં છે. એટલે તે બંને વ્યક્તિ એક જ પુરુષ છે અને તેમની કૃતિ આ સંહિતા છે, એટલે પ્રાચીન જ્યોતિ:શાસ્ત્રના જ્ઞાનના સંશોધન માટે તે ઘણી જ મહત્ત્વની ઠરે છે. ઘણા એવા મહત્ત્વના વિષયો આમાં આવી જાય છે કે જેનું ઊંડું જ્ઞાન આટલા બધા પ્રાચીન કાળના ભારતીય વિદ્વાનોને હતું એ જાણી આશ્ચર્યથી દંગ થઈ જવાય છે અને તેની ઉપાદેયતા ઘણી જ છે એમ નિર્વિવાદ માનવું પડે છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનેતર રામકથા

દેવદત્ત જોશી

મધ્યકાલીન ગુજરાતી કવિઓનો કાવ્યસ્રોત જેમ મહાભારત, ભાગવત, હરિવંશ અને પુરાણોમાંથી વહેવા પામ્યો છે. તેમ રામાયણમાંથી પણ વહેવા પામ્યો છે. કૃષ્ણકથાને કેન્દ્રમાં રાખીને રચાયેલા સાહિત્યની સમાંતરે રામકથાવિષયક સાહિત્ય પણ રચાતું રહ્યું છે. રામાયણ-કથાના રસસાગરમાંથી અંજલિ ભરી ભરી પીનાર ગુજરાતી મધ્યકાલીન કવિઓએ ખેડેલું ઉપલબ્ધ રામકથા સાહિત્ય કેટલુંક પ્રકાશિત છે, કેટલુંક હસ્તપ્રતોમાં જળવાયેલું છે. કેટલીક હસ્તપ્રતો તૂટક સ્વરૂપમાં કે જીર્ણશીર્ણ દશામાં છે. કૃતિનો આદિ, મધ્ય અને અંત યથાવત્ સ્વરૂપમાં જળવાયો હોય એવી કૃતિઓ અત્યંત જૂજ છે. કેટલીક કૃતિઓની હસ્તપ્રત અપ્રાપ્ય છે પણ જે ઉપલબ્ધ સમાગ્રી છે તે ઉપરથી ૧૫મા સૈકાથી ૧૯મા સૈકા સુધીની ગુજરાતી રામકથાવિષયક કૃતિઓનો પરિચય કરીએ. સળંગ રામાયણોને પહેલાં સ્થાન આપી પ્રસંગવિષયક કૃતિઓને પછી સ્થાન આપ્યું છે.

૧૫મો સૈકો—આ ગાળામાં **ભાલણનું રામાયણ ક. ૧-૪** મળે છે. રામ સીતાને પરણીને અવધપુરીમાં આવ્યા ત્યાંથી આરંભી રાવણને મારીને રામ ફરીથી અયોધ્યા આવે છે ત્યાં સુધીના મુખ્ય મુખ્ય પ્રસંગોને એક એક પંક્તિમાં કવિ આલેખે છે. મહાકાવ્યને એક એક પંક્તિમાં કહી દેવું એમાં સંક્ષેપકરણનો ગુણ છે. ચોપાઈ બંધમાં આ ચાર કડવાં કહેવાય છે પણ એ પદો જ છે. **બીજું સળંગ 'રામાયણ' ઉદ્ધવનું છે.** વાલ્મીકિ રામાયણના તમામ પ્રસંગ યથાસાંગ આ કાવ્યમાં કવિએ વર્ણવ્યા છે ખરા પણ પોતાના કવિત્વને આધારે કૃતિને મૌલિક બનાવવાનો સંનિષ્ઠ પ્રયત્ન દેખાઈ આવે છે. એ માટે 'હનુમન્નાટક', અને 'આધ્યાત્મરામાયણ'નો પણ આધાર લીધેલો જણાય છે. જાનકી ઉપર લક્ષ્મણનો પગ પડે છે એ સમયે રામ લક્ષ્મણને ઠપકો દે છે અને લક્ષ્મણ ઉપાસના કરે છે એ પ્રસંગ 'હનુમન્નાટક'ને આધારે છે જ્યારે સીતાહરણ પહેલાં છાયાસીતાના નિર્માણની રામની યોજના એ 'આધ્યાત્મરામાયણ'ને આધારે વર્ણવ્યાનો કવિએ એકરાર કર્યો છે.

રસનિષ્પત્તિ માટે કવિએ મૂળ કથામાં કેટલાક ફેરફાર પણ કર્યા છે. ૭ વર્ષની સીતા દાસીને કહે છે કે તું ધનુષ્યની પાસે અબોટ દેતી નથી માટે હું જ અબોટ દઉં. ત્રણ હજાર યોદ્ધાઓ ઉપાડે તે ધનુષ્ય તેણે ઊંચકીને ત્યાં અબોટ દીધો. રામની આજ્ઞાથી લક્ષ્મણ શૂર્પણખાનાં નાકકાન છેદે છે. અહીં સીતાને ખાઈ જવા આવતી શૂર્પણખાનાં કાનનાક રામ છેદે છે. વાલીને બાણ વાગતાં તે રામને ઠપકો આપે છે.

"કૈકેયીનું ભલું મનાવવા રે, તું વન વસ્યો રામ રે; (પૃ. ૨૨૬) જનક સુતાને પામવા રે, તે કૂડું કીધું કામ રે." એમાંથી એવો સૂર નીકળે છે કે જનકસુતાને પામવા જાણે રામે વનવાસ સ્વીકાર્યો છે. મૂળમાં કૈકેયી–પ્રસંગ જનકસુતાને પામ્યા પછીનો છે.

સીતાસ્વયંવર વેળા અને રામસીતાલગ્ન પ્રસંગમાં ગુજરાતી રીતરિવાજોનું વાતાવરણ અનુભવાય છે. કૃતિનો બંધ આખ્યાનકાવ્યનો છે. મહાકાવ્યની પરંપરાનું સાતત્ય કૃતિના વર્ણનોમાં જોવા મળે છે. વ્યક્તિ અને પ્રસંગ વર્ણનોમાં પ્રેમાનંદનો પૂર્વછાયો (foreshadow) પડેલો જોવા મળે છે. પ્રેમાનંદનું આખ્યાનકાર તરીકે ઘડતર કરવાનું શ્રેય કેટલેક અંશે ઉદ્ધવને ફાળે જાય છે. રામાયણમાં આવતું ગુજરાતીપણું પણ એ વાતનો પુરાવો છે. આખ્યાનશૈલીમાં રચાયેલી આ કૃતિમાં વિવિધ રસસ્થાનોને ખીલવતા જઈ કવિ રસની જમાવટ કરે છે. રામરાવણ જેવાં પાત્રો પણ માનવભૂમિકાએ જ વિહરે છે, કેટલીક વાર આવાં પાત્રો સામાન્યતામાં સરી પડે છે. કવિનું વ્યવહારજ્ઞાન અત્રતત્ર દેખાય છે.

પ્રસ્તુત કૃતિ સાથે **રામજનકુવરનો ઉત્તરકાંડ** જોડવામાં આવ્યો છે. કવિ વર્ણનો આપવા પ્રયત્ન કરે છે પણ વેગ સાધી શકતા નથી. "મદ્યપાન કરે શ્રીરાઘવ, જનકસુતાને પાય" (પૃ· ૭૩૦) જેવી પંક્તિઓમાં રામ જેવા પણ મદ્યપાન કરતા એવો નિર્દેશ છે. કવિએ કેટલીક બાબતો છોડી દીધી છે. ધોબીનો પ્રસંગ, ભરત તથા શત્રુઘ્નને સીતાને વનમાં મૂકી આવવા અંગે રામની આજ્ઞા, રામસૈન્ય સાથે લવકુશ યુદ્ધ વગેરે એમાં નથી. અશ્વમેધ વખતે વાલ્મીકિ લવકુશને અયોધ્યામાં લાવે છે. લવકુશ રામાયણનું ગાન કરે છે. એ રીતે પરસ્પર ઓળખાણ થાય છે. એ **પછી માંડણનું અપૂર્ણ 'રામાયણ'** છે. પોથીનાં પાન વચ્ચેથી ફાટેલાં છે. 'વાલ્મીકિકથી વિસ્તાર' એવી આ કૃતિ પણ આખ્યાન કાવ્ય જ છે. ચોપાઈમાં લખાયેલી આ કથા ૭૦ ખંડમાં પૂરી થાય છે.

કર્મણ મંત્રીનું 'સીતાહરણ' (ર. સં. ૧૫૨૬) રામકથા તરીકે પણ ઓળખાયું છે. એ બે સ્વતંત્ર કૃતિઓ હોય અને પાછળથી એક જ કૃતિ તરીકે પ્રસિદ્ધિમાં આવી હોય એવી સંભાવના છે. અયોધ્યાવર્ણનથી માંડીને કૈકયીને અપાયેલાં વચનથી ઉપાડ પામતું વસ્તુ, રાવણવધ પછી અયોધ્યા આવી રામ સૌનો સત્કાર કરે છે ત્યાં સુધીનું છે. પ્રાસાદિક વર્ણનો, અલંકારોની છટા, ઉક્તિઓનું સૌંદર્ય નોંધપાત્ર છે. મૂળ કથા કરતાં અમુક પ્રસંગોનો ક્રમ ઊલટો છે. સમકાલીન કવિ પદ્મનાભની કૃતિ 'કાન્હડદે પ્રબંધ' સાથે સરખાવી શકાય એવી સમાનતા બન્ને કૃતિમાં જોવા મળે છે. સીતાહરણનો પદબંધ દોહરા, ચોપાઈ, છપ્પય, પવાડા અને ગીતનો સાદો બંધ છે.

ભાલણનું 'રામબાળલીલા' ૪૦ પદોમાં સીતાસ્વયંવર સુધીની હકીકત વર્ણવે છે. ઉપલબ્ધ છે તે કરતાં કૃતિ મોટી હોવાની સંભાવના છે. બાળસ્વભાવનો કવિનો ઊંડો અભ્યાસ, તળપદા શબ્દો ધ્યાન ખેંચે છે. વાત્સલ્ય રસ કૃતિનું આકર્ષક અંગ છે. એ જ કવિનું **'રામવિવાહ'** રામાયણ તથા રામવિષયક અન્ય કાવ્યો, નાટકોને આધારે તૈયાર થયેલાં છે. નાવિકના પ્રસંગમાં નાવિકના મુખ ઉપર ભોળપણની સાથે ખંધા સ્મિતના ભાવની જે રેખાઓ ચીતરી છે તેમાં અદ્દ્ભુત કૌશલ્ય છે. પદબંધ 'લીલા વિલાસ' જેવી કૃતિ પણ મુખડાનો ઉત્તરાર્ધ તે ઢાળના પૂર્વાર્ધ તરીકે હોય એવાં આખ્યાનનાં લક્ષણો તો દર્શાવે જ છે. સરસ્વતીવંદનમાં 'બ્રહ્મસુતા કહું વિનતિ આઈ'માં 'આઈ' શબ્દપ્રયોગ મરાઠી અને ગુજરાતી ભાષાનું મૂળ એક જ હોય એવી ચર્ચાને અવકાશ આપે છે.

ભીમની હરિલીલા ષોડશકલાન્તર્ગત ૯મી કળા તે રામલીલાનાં પદ છે. એક એક પ્રસંગને એક એક પંક્તિમાં વર્ણવવામાં કવિની સંક્ષેપશક્તિ જણાય છે.

માંડણના 'હનુમંતાખ્યાન'ની તૂટક પ્રત મળે છે. ૩૦ ખંડ સુધીમાં કૃતિ પૂરી થાય છે. 'પવનપુત્રચી કીરતી કરઈ'માં ષષ્ઠી વિભક્તિના મરાઠી પ્રત્યયનો એ પ્રયોગ માંડણના સમયમાં સામાન્ય હતો એમ પુરવાર કરે છે.

૧૮મા સૈકામાં થઈ ગયેલા રામૈયાની કૃતિ 'સીતાજીના બાર માસ' **'સીતાજીના મહિના' તરીકે નરસિંહને નામે ચઢી ગયેલી** છે. (ભા. વિ. ભ. હ. પ્ર. નં. ૧૦૭૮)

૧૬મો સૈકો—આ સૈકામાં **સુરદાસનું રામાયણ** (ર. સં. ૧૬૧૬) મળે છે. ૩૨ કડવાની આ કૃતિમાં કોઈ પણ પ્રસંગ વિસ્તારથી વર્ણવાતો જોવા મળતો નથી. લંકાવર્ણન, યુદ્ધવર્ણન સુંદર છે. **'નાકરનું રામાયણ'** (ર. સં. ૧૬૨૪) તૂટક હસ્તપ્રત સ્વરૂપે મળે છે. પાંચ હજાર જેટલી કડીઓમાં કૃતિનો કથાપટ વિસ્તરેલો છે. માત્ર મૂળકથાને જ વફાદાર ન રહેતાં એમાં લોકરુચિનું ધ્યાન રાખી કવિએ સમકાલીન રંગો પૂર્યા છે. મૂળ કથામાં ફેરફારો કરી પ્રેમાનંદને માટે કેડી પાડી આપનાર નાકર છે. સમગ્ર રામાયણની કથા હનુમાન અંજનીને કહી સંભળાવે છે. વખતોવખત નાકર એ વાતનું સ્મરણ કરાવતો રહે છે. એ ભૂમિકારૂપ ફેરફાર આપણું પહેલાં ધ્યાન ખેંચે છે. બાલકાંડમાં જ નાકર શ્રવણની કથા આપીને એ ફેરફારનું ઔચિત્ય દર્શાવે છે. શ્રવણ અને તેની પત્ની વચ્ચે વાદવિવાદ પણ કવિએ કલ્પ્યો છે. મૂળ બાલકાંડમાં જ આવતા કેટલાક પ્રસંગો નાકરે કાઢી નાખ્યા છે. તો વેદવતીના ઉત્તરકાંડમાં આવતા કથાપ્રસંગો બાલકાંડમાં સમાવી લીધા છે. આવા બીજા અનેક ફેરફારો કર્યા છે. અંગદવિષ્ટિનો પ્રસંગ મૂળ કરતાં વિસ્તારથી વર્ણવ્યો છે. બાલકાંડ ને અયોધ્યાકાંડ એક ગણી લીધા છે. ઉત્તરકાંડના આરંભનાં અને અંતનાં કેટલાંક પાન ફાટી ગયાં છે. હસ્તપ્રત ઉપર ૪૩૧ પૃષ્ઠનો ઉલ્લેખ છે જ્યારે પૃ. ૪૧૬ ઉપર પ્રત પૂરી થાય છે. આ કાંડ ૧૬ કડવામાં છે. ક. ૧૬ પૂરું એમ વંચાયા પછી પણ થોડીક પંક્તિઓ મળે છે તે સમગ્ર કથાસારની હોય એમ લાગે છે. (ગિરધરે 'રામાયણ'માં અને અર્વાચીન યુગમાં રંગ અવધૂતે મધ્યકાલીન આખ્યાનશૈલીના બૃહદ્ કાવ્ય 'શ્રી ગુરુલીલામૃત'માં પણ છેલ્લો અધ્યાય કથાસારનો જ રાખ્યો છે.) છેલ્લા અધ્યાયમાં કથાસારની એક પરિપાટી છે જ. નાકરના રામાયણની પ્રેમાનંદના 'રણયજ્ઞ' ઉપર સ્પષ્ટ અસર જોઈ શકાય છે. કરુણ અને વીર એ બે રસની જમાવટમાં નાકરને સારી સફળતા મળી છે.

હાસ્ય, શૃંગાર, ભયાનક પણ અત્રતત્ર જોવા મળે છે. મધ્યકાલીન સાહિત્યની ચીલાચાલુ ઉપમાઓ, રૂપકો, ઉત્પ્રેક્ષા જોવા મળે છે. તો કેટલીક વાર ચમત્કૃતિજન્ય અલંકાર પણ નાકર પ્રયોજે છે. વર્ણનોની પરંપરા આ કૃતિનું એક અનોખું આકર્ષણ છે. વ્યક્તિ, પ્રસંગ કે પ્રકૃતિના વર્ણનમાં કવિત્વ અછતું રહેતું નથી. છંદવૈવિધ્ય, પાત્રવૈવિધ્યમાં નાકરે પોતાની સર્વ શક્તિનો પરચો દેખાડ્યો છે. નાકરનાં પાત્રો માનવપાત્રો જ છે. કૃતિમાં તત્કાલીન સમાજનું પ્રતિબિંબ જણાય છે. રૂઢિપ્રયોગો, લોકોક્તિઓનો પ્રયોગ નોંધપાત્ર બની રહે છે.

નાકર પછી **કહાન, કહાનજી કે વહાજનીનું રામાયણ કે રામચરિત્ર** (ર. સં. ૧૬૨૭) આવે છે. બાલકાંડ અને અયોધ્યાકાંડને આ કવિએ પણ જુદા ગણ્યા નથી.

હનુમાનની સરસ્વતીવંદનાથી શરૂ કરી રામના અશ્વમેધ સુધીની કથા ચોપાઈ બંધમાં છે. વર્ણનો પારંપરિક છે. કથાપ્રસંગોમાં કવિએ અહીંતહીં થોડાક ફેરફારો કર્યા છે. **વિષ્ણુદાસનું રામાયણ** (ર. સં. ૧૬૬૧–૬૨ આશરે) પણ સારરૂપ અનુવાદાત્મક કૃતિ છે. અને એ પણ અયોધ્યાકાંડને મથાળેથી જ બાલકાંડની શરૂઆત કરે છે. કુલ ૮૨ કડવાંની મૂળ કૃતિ છે. છેલ્લું ૮૩મું કડવું તે રામજનકુંવરના ઉત્તરકાંડનું ૫૭મું કડવું આ કૃતિ સાથે જોડાઈ ગયું છે. મુખ્ય આધાર વાલ્મીકિનો લઈ સાર આપતાં કવિ થોડા ફેરફાર કરવાની છૂટ લે છે. નાકરની માફક વિષ્ણુદાસે પણ સંક્ષેપ કરવા અમુક પ્રસંગો છોડી દીધા છે તો કેટલાક પ્રસંગો સ્વતંત્ર ઉમેર્યા છે. શબરીને બ્રાહ્મણો ગોદાવરીમાંથી પાણી ભરવા દેતા નથી. 'તવ રામે જલ રુધીર વાત કર્યું' અને શબરી જ્યાં સુધી ગોદાવરી પોતાનાં ચરણ ન બોળે ત્યાં સુધી જળ પવિત્ર ન થાય એવા રામના વચનની વાત પ્રસ્તુત કૃતિમાં ક્ષેપક છે. કૃતિની ભાષા અને આ પ્રસંગની ભાષા જુદી પડી જાય છે. કુંભકર્ણપુત્ર અને વિભીષણના યુદ્ધ-પ્રસંગ વર્ણવ્યા પછી જટાયુપ્રસંગ ફરીથી આવે છે. જે લહિયાની ભૂલનું જ પરિણામ લાગે છે. ઉત્તરકાંડમાં રામ અયોધ્યા આવ્યા પછી સૌનો સત્કાર કરે છે. અંગદ અને વિભીષણ વિદાય લે છે તે પછી કુંભકર્ણપુત્ર અને વિભીષણના યુદ્ધનો પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે. રામ વિભીષણને મદદ કરવા ભરત હનુમાન વગેરે સાથે જાય છે. રામ અને કુંભકર્ણસુત વચ્ચે જીભાજોડી થાય છે ત્યારે આકાશવાણી થાય છે કે એનું મૃત્યુ નારને હાથે છે. રામ સીતા પાસે બ્રહ્માસ્ત્ર મૂકાવી તેનો વધ કરાવે છે એ પ્રસંગ પ્રા. વિ. મં.ની નં. ૧૪૨૬૬ ની પોથીમાં છે. ગુ. વિ. સ. ની પ્રત ૨૭૫ અને ૨૭૬ અપૂર્ણ છે અને ગુ. વિ. સ.ની પ્રત ૩૧ ગૂમ (missing) છે. જેથી ઉપર્યુક્ત પ્રસંગને ક્ષેપક ગણવા અંગે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી. પ્રત ૨૭૫ અને ૨૭૬માં પાઠભેદ છે. ૨૭૬ની ભાષા અર્વાચીન ગુજરાતીના સ્વરૂપવાળી છે. આ કૃતિમાં પણ આખ્યાન-શૈલીનાં લક્ષણો છે. એ પછી **વિષ્ણુદાસના રામાયણ તરીકે ઓળખાતું ગદ્ય રામાયણ** ગદ્ય ગ્રંથ તરીકે પહેલવહેલું મળે છે. ભાષાંતર કોણે કર્યું, કઈ સાલમાં કર્યું તેનો ખુલાસો મળતો નથી. લખ્યા સંવત ૧૬૭૩ છે. શાસ્ત્રી વ્રજલાલના કહેવા પ્રમાણે નૃસિંહ મહેતાના સમયમાં આ ભાષાંતર થયેલું હોય. **શ્રીધરનું 'રાવણ મંદોદરી સંવાદ'** (ર. સં. ૧૫૬૫) લોકોક્તિઓ, કહેવતોના પ્રયોગથી આકર્ષક બની રહે છે; સંવાદ ચોપાઈમાં છે. **મીઠાકૃત 'રામપ્રબંધ'**(ર. સં. ૧૫૮૭)માં વર્ણવાયેલ વૈષ્ણવનાં લક્ષણો ગુજરાતમાં પ્રસરેલી રામભક્તિની સાક્ષી પૂરે છે. **કીકુ વસહીનું 'અંગદ વિષ્ટિ'** ૬૦ છપ્પયમાં છે. વીર રસની સંવાદાત્મક અભિવ્યક્તિનો માર્ગ બતાવનાર સૌ પહેલો સંભવતઃ કીકુ છે. આ પ્રસંગનું વિશિષ્ટ કાવ્ય લખવાનો પ્રયત્ન પણ પહેલો કીકુએ જ કર્યો છે. અંગદવિષ્ટિથી ન અટકતાં રામરાવણ યુદ્ધની હકીકત પણ કવિએ સાચવી લીધી છે. **નાકરના 'લવકુશાખ્યાન'નાં ૧૭** કડવાં ચોપાઈ બંધમાં છે. "જીર્ણત્વચા વશીહર ત્યજે જાનકીનિ ત્યજુ ત્યમ" (પૃ. ૮) જેવી ઉપમાઓથી ઓપતી કૃતિમાં કરુણ અને વીર એ મુખ્ય રસ છે. કૃતિની બે હ. પ્ર., પ્રા. વિ. મં. માં છે. ૮૧૬ અને ૧૦૧૮. એક ત્રીજી પ્રત નં. ૨૪૯૦માં **અજ્ઞાત કવિના નામે 'લવકુશનું આખ્યાન'** મળે છે. નં. ૨૪૯૦ની પ્રત અને નં. ૧૦૮૦ની પ્રતમાં સામ્ય છે. જેને અજ્ઞાત કવિની કૃતિ માનવામાં આવે તેમાં અને નાકરની કૃતિ(પ્રત ૮૧૬)માં પંક્તિઓમાં સામ્ય અને પ્રસંગોમાં થોડો ફેરફાર જોવા મળે છે. એ કૃતિ નાકરની અસર નીચે લખાયાનું સમજાય છે.

વિષ્ણુદાસનું 'લવકુશાખ્યાન' (ર. સં. આશરે ૧૬૨૪ થી ૧૬૩૪)માં નાકરના 'લવકુશાખ્યાન' જેવી જ કથા છે. નાકરની કૃતિની **પ્રત** નં. ૨૪૯૦માં લવકુશના **જન્મની** વાતમાં આવતો વાનરીનો પ્રસંગ અહીં પણ વર્ણવાયો છે. **શેધજી કાશીસુત-રચિત 'હનુમાન ચરિત્ર** (ર. સં. ૧૬૪૭) ૧૮ કડવાનું હનુમાનનાં પરાક્રમો વર્ણવતું આખ્યાન છે. અંગદવિષ્ટિથી માંડીને રાવણની મુક્તિ સુધીની કથા વર્ણવતું **જસોરચિત 'રામચરિત'** જીર્ણશીર્ણ પોથીમાં સચવાયેલું સામાન્ય કાવ્ય છે.

૧૭મો સૈકો :—આ સૈકાની રામકથા-વિષયક કૃતિઓ મોટે ભાગે આખ્યાનો, પદો, ગરબીઓ, ભાષાંતરો કે સારાત્મક કૃતિઓરૂપે મળે છે. એકેય સળંગ મૌલિક રામાયણ મળતું નથી. **નરહરિવિરચિત 'યોગવાસિષ્ઠસાર'** (ર. સં. ૧૬૭૪) ચોપાઈ બંધમાં છે. સંસ્કૃતમાં લખાયેલા જ્ઞાનગર્ભ ગ્રંથને કવિ સરળતાથી ગુજરાતીમાં ઉતારી જાણે છે. **'યોગવાસિષ્ઠ'નો આવો પ્રયત્ન રામ ભક્તનો** પણ છે (લ. સં. ૧૭૮૭). **શિવદાસનું 'પરશુરામાખ્યાન** (ર. સં. ૧૬૬૭) દેશીઓમાં લખાયેલું ૧૨ કડવાનું આખ્યાન છે. શરૂનાં ૧–૨ કડવામાં છાપય આવી જાય છે. અદ્‌ભુત અને વીર બે મુખ્ય રસ છે. ધેનુના શરીરમાંથી યોદ્ધા પ્રગટે છે ત્યાં સિંધી, ખોરાસાન વગેરે જાતિઓની ઉત્પત્તિની કલ્પના વણી લેવામાં આવી છે. ચિત્રાત્મક્તા એ વર્ણનનો અને બળ એ વાણીનો ગુણ જોવા મળે છે. **લક્ષ્મીદાસરચિત 'રામરક્ષા'**એ ભુજંગીમાં લખાયેલી રામની ૩૬ પંક્તિમાં સ્તુતિ છે. **ગોવિંદરચિત રઘુનાથજીનો વિવાહ** (ર. સં. ૧૬૮૪)માં સરસ્વતીવંદનામાં શારદાને એક શક્તિરૂપે પ્રણામ કરીને શક્તિએ મહિષાસુરને મારેલો તે વાત કવિએ વણી લીધી છે. ૧૩ કડવાં અને ૧૯૨ ચોપાઈમાં વર્ણનોનું વૈવિધ્ય ધ્યાન ખેંચે છે. સીતારૂપ વર્ણનમાં ચીલાચાલુ ઉપમાનો જ ઉપયોગ છે. લગ્નના રીતરિવાજોના વર્ણનમાં કવિનું ગુજરાતીપણુ જણાય છે. **'ગોવિંદ–રચિત' રામવનવાસની સાખીઓ** એ ૧૩ સાખીઓના લઘુ કાવ્યમાં ત્રણ ત્રણ લીટીની એક સાખીને અંતે 'રાજા રામચંદ્રજીને રાજગાદી મળો' એ ધ્રુવ પદ છે. **રાણાસુતકૃત 'મહેરાવણનું આખ્યાન'** (ર. સં. ૧૬૮૭) ૩૦ કડવામાં હનુમાન દ્વારા મહેરાવણવધનું વસ્તુ વર્ણવે છે. **હરિરામના 'સીતાસ્વયંવર'**(ર સં. ૧૭૦૩)માં ભારદ્વાજ–વાલ્મીકિના સંવાદરૂપે સીતા–જન્મથી માંડી રામસીતાનાં લગ્ન અને રામના અયોધ્યા-ગમન સુધીના પ્રસંગો વર્ણવે છે. સ્વયંવરમાં આવેલા રાજાઓની ચેષ્ટાના વર્ણનમાં કવિનો મનુષ્યસ્વભાવનો અભ્યાસ દેખાય છે.

એ વર્ણન તથા સીતાની રામ સામે દષ્ટોદષ્ટ મળે છે એ દષ્ટોદષ્ટ શબ્દ પણ પ્રેમાનંદીય છે. કૃતિનો ર. સં. 'ગ્રંથ અને ગ્રંથકાર ૩' **પ્રમાણે** ૧૬૮૦ છે. પણ કવિએ "સંવત સત્તર સેંહ જાણો ઉપર અધકા ત્રણ રે" કહ્યું એટલે કૃત્તિનો ર. સં. ૧૭૦૩ જ છે. **વજિયાનું રણજંગ** (ર. સં. આશરે ૧૭નો ઉતરાર્ધ) ૧૭ કડવાનું વીરરસયુક્ત કાવ્ય છે. 'રણયજ્ઞ'ની રચના વેળા પ્રેમાનંદે આ કૃત્તિને નજર સમક્ષ રાખી હોવાનો સંભવ છે. પ્રેમાનંદના 'રણયજ્ઞ'નાં કેટલાંક વર્ણન એને મળતાં છે. રણને પ્રેમાનંદે આપેલા યજ્ઞના રૂપકનું મૂળ આ કૃતિમાં મળે છે. અરબી-ફારસી શબ્દ-પ્રયોગો ધ્યાન ખેંચે છે. એ જ કવિનું **'સીતાશંદેશ'** ૫૧ પદમાં હનુમાન દ્વારા રામને સીતાના સંદેશનું વસ્તુ વર્ણવે છે. કાવ્ય સંદેશકાવ્યના પ્રકારનું છે. વજિયાની ત્રીજી કૃતિ **'સીતાવેલી'** (લ. સં. ૧૭૧૪) સીતાસ્વયંવરનું વસ્તુ લઈ રચાયેલી છે.

પ્રેમાનંદને નામે ચડેલી 'સીતાવેલી'માં અને પ્રસ્તુત કૃતિમાં એટલું બધું સામ્ય છે કે વજિયાની આ કૃતિને જ પ્રેમાનંદની 'સીતાવેલી' તરીકે ગણી લેવામાં આવેલી હોવાની શંકા જાય છે. પ્રેમાનંદની કૃતિ **રણયજ્ઞ**(ર. સં. ૧૭૪૬)માં વજિયાના 'રણજંગ'નું બીજ ફાલીફૂલીને વૃક્ષ બનેલું દેખાય છે. ૨૬ કડવાના આ કાવ્યનું વસ્તુ રામાયણના યુદ્ધકાંડનું છે. પણ યુદ્ધપ્રસંગો કવિ સંક્ષેપમાં જ આપે છે. રણને વજિયાએ આપેલા યજ્ઞના રૂપકને–પ્રેમાનંદે વિસ્તાર્યું છે; પૂર્ણરૂપક યોજ્યું છે. અહીં રામ-રાવણ જેવાં પાત્રો માનવભૂમિકાએ રહે છે. રામાયણના રાવણ કરતાં 'રણયજ્ઞ'નો રાવણ તદ્દન જુદો છે. રાવણ, કુંભકર્ણ પ્રત્યે એક જુદા દષ્ટિકોણથી જોવાનો કવિએ પ્રયત્ન કર્યો છે. કવિ આ કૃતિ માટે નાકરનો ને ફૂકુનો પણ ઋણી છે. મૂળ કથા-પ્રસંગોમાં ફેરફાર કરી રસનિષ્પત્તિ સાધી છે. તો કેટલાક પ્રસંગો છોડી પણ દીધા છે. વર્ણનછટા, વાક્પટુતા, અલંકારસૌંદર્યથી મંડિત થયેલી આ કૃતિમાં વીર, રૌદ્ર, બીભત્સ, ભયાનક, કરુણ, હાસ્ય એમ અનેક રસોની ફૂલ–ગૂંથણી છે. 'લવકુશાખ્યાન' કૃતિ પ્રેમાનંદને નામે ચઢાવી દેવામાં આવી છે જે નાકરની હોવાનો સંભવ છે.

પ્રેમાનંદને નામે બોલાતી 'સીતાવેલ'એ વજિયાની 'સીતાવેલી'ની નકલ કરનાર લહિયાનું નામ લખવામાં ભૂલ હોવાનો જ સંભવ દર્શાવે છે. **હરિદાસનું ૧૦ ચાતુરીઓનું કાવ્ય 'સીતાવિરહની ચાતુરીઓ'** (ર. સં. ૧૭૨૨) આખ્યાનનાં લક્ષણો દર્શાવે છે. પ્રેમાનંદનો શિષ્ય આ કવિ, સીતાત્યાગની વાત સાંભળી ભરતને જોગીવેષ લેતો દર્શાવી પાત્રને નવો રંગ અર્પે છે. **ભવાનની કૃતિ રામકથા** (ર. સં. ૧૭૩૬) અનેક નામે, અનેક પ્રતોમાં મળે છે. કૃતિ પરીક્ષિત–શુકદેવ સંવાદરૂપે છે. પદોમાં દશરથે ઋષિ તેડાવ્યા ત્યાંથી માંડીને રાવણ-વધ પછી રામ અયોધ્યા આવ્યા ત્યાં સુધીનું વસ્તુ વર્ણવાય છે. **દ્વારકાદાસ** 'સીતાવિરહના બાર માસ' રચે છે. આ બારમાસી કાવ્યની પરંપરામાં પદને અંતે મૂકાયેલા દોહરામાં સુંદર રૂપકો મળે છે. **કૃષ્ણદાસનું સીતાજીની કાંચલી** (લ. સં. ૧૮૯૨) અને **વસનજી ઉર્ફે વસીદાસનું 'હરમાનજીનો છંદ'** સામાન્ય કૃતિઓ છે. '**તુળસી**–રચિત **રામચંદ્રનું પંદર તિથિ'** એ બારમાસી કાવ્ય 'કાવ્યદોહન' ભા. ૩'માં આત્મારામ કવિને નામે પ્રકાશિત થયું છે. 'રામચંદ્રજી વનમાં સિધાવ્યા તે વિષે' એવું મથાળું અપાયું છે. કૃતિમાં આવતી પંક્તિ 'આત્મારામની વાણી મધુરી' ઉપરથી આ ભૂલ થઈ છે. **મોરારનું 'શ્રી રામચંદ્રજીના મહિના'** પણ બારમાસી કાવ્ય જ છે.

૧૮મો સૈકો:—આ સૈકામાં અધ્યાત્મરામાયણના સારાનુવાદો મળે છે તેમાં **રાઘવદાસ અને તત્સુત હરિદાસના આધ્યાત્મરામાયણ**(ર. સં. ૧૭૭૮)નું સ્થાન પહેલું છે. કૃતિના રચયિતા રાવઘદાસ છે જ્યારે એનું વ્યવસ્થિત સંપાદન કરનાર હરિદાસ છે એમ કૃતિનો અંત પુરવાર કરે છે. રાઘવદાસની આ કૃતિને આધારે જ અનુગામી કવિ પ્રીતમે 'આધ્યાત્મ-રામાયણ' રચ્યું છે. આધ્યાત્મરામાયણનો સારસંક્ષેપ આપતી આ કૃતિમાં મધ્યકાલીન વર્ણનોનો રંગ આપોઆપ મળી જતો દેખાય છે. મૂળમાં ન હોય એવી કેટલીક વિગતો તથા વર્ણનો કવિએ ઉમેરી દીધાં છે. **નાથ ભવાન ઉર્ફે અનુભવાનંદનું અધ્યાત્મરામાયણ** (ર. સં. ૧૮૦૦) પણ મૂળનો સંક્ષેપ આપે છે. મૂળ કૃતિનું ગાંભીર્ય એમાં આવતું નથી.

કેટલીક મૌલિક પંક્તિઓ ઉમેરેલી છે. વર્ણનો પરંપરાગત પ્રાપ્ત છે. કાલવ્યુત્ક્રમનો દોષ

વ્હોરી લઈ રામના જમાનામાં યુદ્ધપ્રસંગે બંદૂક તાકતા યોદ્ધાને બતાવ્યો છે. સીતાનું રૂપવર્ણન પ્રેમાનંદીય છે. **પ્રીતમનું 'અધ્યાત્મરામાયણ'** પણ સારાનુવાદ છે. તેમાં થોકબંધ પંક્તિઓ રાઘવદાસની કૃતિમાંથી, એકાદ શબ્દનો ફેરફાર કરી, લેવામાં આવી છે. અલબત્ત, પ્રીતમની ભાષા રાઘવદાસની ભાષા કરતાં અર્વાચીન સ્વરૂપની છે. પ્રીતમે 'શોક મોહ બૂડતો રાઘવદાસ કર ગ્રહે કેવલરામ' (પૃ. ૨) કહ્યું છે તે રાઘવદાસ એના ગુરુ નહિ પણ પુરોગામી કવિ જ એમ સ્પષ્ટ થાય છે. સારાનુવાદમાં પણ કેટલાંક વર્ણનોને કવિ બહેલાવે છે. **રાજારામની 'રામકથા' 'રામચંદરજીનાં કડવાં'**ના નામે મળે છે. કુલ નવ પદની આ કૃતિમાં વનમાં જતાં રામ પ્રત્યેની કૌશલ્યાની લાગણીથી આરંભી રાવણવધ પછી અયોધ્યાપુનરાગમન સુધીનુ વસ્તુ છે. એક એક પંક્તિમાં પ્રસંગનો સાર આપવાની કવિની સૂઝ નોંધપાત્ર છે. **જગજીવનકૃત રામકથા ૩૪** પંક્તિમાં રામકથાને આધ્યાત્મિક અર્થમાં સમજાવે છે. 'રામાયણનો સાર' **'રામચંદ્રજીની ગરબી' અને 'સીતાવેલી' રણછોડભક્તને** નામે નોંધાયેલી મળે છે. **બીજા રણછોડજી** નામે કવિ છે તેને નામે 'રામાયણ', 'રામકથામાંથી' એ મથાળેથી બૃ. કા. દો. ભા. ૨માં પ્રસિદ્ધ થયું છે. **રણછોડદાસ** જેને નામે **'રાવણ મંદોદરી સંવાદ'** બૃ. કા. દો. ૮માં શરૂનાં ૩ તૂટક પદ સાથે પ્રસિદ્ધ થયું છે એ બધી કૃતિઓ જોતાં કૃતિ એકની એક લાગે છે. પદો ઓછાંવત્તાં હોય પણ કૃતિ એક જ છે. એટલે રણછોડ ભક્ત, રણછોડજી અને રણછોડદાસ એ ત્રણેય એક જ વ્યક્તિ છે એમ સાબિત થાય છે. એણે રચેલી કૃતિને રામકથાવિષયક સંવાદાત્મક પદો કહી શકાય. સુરતના કથાકાર **વલ્લભ ભટ્ટ-રચિત 'રામવિવાહ'**માં ગુજરાતના લગ્નોત્સવનું વાતાવરણ અનુભવાય છે. **લંકાના શલોકા**(ર. સં. ૧૭૭૦)ના રચયિતા તરીકે **વલ્લભ અને અંબાઈદાસ** એ બે નામ મળે છે. તેથી બન્ને વ્યક્તિ ભિન્ન છે એવી છાપ ઊભી થઈ છે. કૃતિ એક જ છે અને તેથી કવિ પણ એક જ છે એમ કહી શકાય. એ કૃતિ ભાગવતવાળા સુરતી વલ્લભની હોવાની સંભાવના છે. 'સુભદ્રાહરણ'ની ફા. ગુ. સ.ની. હ.પ્ર. ૧૩૫ની અંતિમ પંક્તિ 'શ્રી અંબાજીનો દાસ નીરમલ વીપ્ર વલભ નીધાન' એ અનુમાનને પુષ્ટિ આપે છે. વજિયો, પ્રેમાનંદ, ફીકુની અસર કૃતિમાં વરતાય છે. જૈમિનિ પરીક્ષિત સુતના સંવાદરૂપે **રઘુરામે ૧૪ કડવામાં લવકુશાખ્યાન** (ર. સં. ૧૭૭૨) રચ્યું છે. નાકરના 'લવકુશાખ્યાન'ની અસર અત્રતત્ર દેખાય છે. **'શંભુરામનું ૩૦ કડવાનું લવકુશાખ્યાન'** (ર. સં. ૧૭૯૫) તો વર્ણનોમાં પણ નાકરની સ્પષ્ટ અસર દેખાડે છે. કેટલીક પંક્તિઓ પણ બન્નેમાં સમાન છે. રઘુરામની કૃતિની પણ આ કૃતિ પર અસર છે. લવકુશના જન્મ અંગે વાનરીનો પ્રસંગ લોકરામાયણ(આનંદરામાયણ)ને આધારે વણી લેવામાં આવ્યો છે. **શામળની અંગદવિષ્ટિ** (ર. સં. ૧૮૦૮) એ પ્રસંગનાં અત્યાર સુધીનાં નિરૂપણોમાં શ્રેષ્ઠ કહી શકાય એવી છે. વસ્તુ અને શૈલીમાં નાવીન્ય છે. શામળ હિન્દી–વ્રજ કવિતા શૈલીને અનુસરતા જણાય છે. ભાષાની ઝડઝમક, શબ્દાનુપ્રાસથી પ્રસંગનું આબેહૂબ ચિત્ર ખડું કરતી આ કૃતિમાં કવિનું વ્યવહારજ્ઞાન, તત્કાલીન માન્યતાઓ વગેરે જોઈ શકાય છે. રાવણ અને અંગદ વચ્ચેના સંવાદમાં પરસ્પરની બુદ્ધિચાતુર્યથી ભરેલી દલીલો, જુસ્સાદાર ભાષા, અંગદના આવેશયુક્ત આક્ષેપ અને તેનું તેજસ્વી પાત્રાલેખન, આકર્ષક સ્થાનો છે. આ પ્રસંગનું નિરૂપણ ઉદ્ધવ, માંડણ, ફીકુ, વિષ્ણુદાસની કૃતિઓમાં છે પરંતુ કોઈની પણ કૃતિનો આધાર લઈને શામળે પ્રસ્તુત કૃતિની રચના કરી હોય એવું જણાતું નથી. પ્રસ્તુત કૃતિ

વીરરસયુક્ત છે તો એ જ **કવિની 'રાવણમંદોદરી સંવાદ'**નો મુખ્ય રસ હાસ્ય છે. અઢારે વર્ણના લોકોના માનસને ચીતરવામાં કવિએ પોતાનાં નિરીક્ષણ અને અનુભવ ઠાલવ્યાં છે. બે પાત્ર વચ્ચેના સંવાદમાં વચ્ચે વચ્ચે કવિના ઉપદેશાત્મક છાપાઓ છે. સોળમા સૈકામાં શ્રીધરે રચેલ 'રાવણમંદોદરી સંવાદ'ની છાયા અને માંડણની 'પ્રબોધબત્રીશી'નું અનુસરણ આ કૃતિમાં પ્રયોજાયેલી લોકોક્તિઓ, કહેવતોમાં જોઇ શકાય છે. **દિવાળીબાઈ 'રામજન્મની ગરબીઓ', 'રામબાળ લીલા', 'રામવિવાહ'. 'રામરાજ્યાભિષેક સમેનાં ધોળ'** (સર્વની ર. સં. ૧૮૧૭, લગભગ) એમ ચાર કૃતિઓ રચે છે. સ્રીસ્વભાવનું વર્ણન અને તત્કાલીન સમાજનું પ્રતિબિંબ કૃતિઓની વિશેષતા છે. **પુરીબાઈની કૃતિ 'સીતા મંગળ'** છ કડવાંની કૃતિ છે તેમાં કવયિત્રીની ગુજરાતીપણુ આકર્ષણ જમાવે છે. કૃષ્ણાબાઈની કૃતિ **'સીતાજીની કાંચળી'** અજ્ઞાતનામા કવિને નામે પણ નોંધાઈ છે. તેમાં સ્રીહઠ કેવું વિપરીત પરિણામ લાવે છે તે સંવાદો દ્વારા દર્શાવ્યું છે: **કાળિદાસ 'સીતાને સાસરે વળાવવા વિષે' અથવા 'સીતાસ્વયંવર'** (ર. સં. ૧૮૩૨) રચે છે તેમાંનું વસ્તુ સીતાસ્વયંવર પછીનું છે. તત્કાલીન સામાજિક પરિસ્થિતિનું એમાં ચિત્ર મળે છે. **પ્રભુરામના રામવિવાહના શલોકા**(ર. સં. ૧૮૩૪)માં સ્વયંવરમાં હાથણી કળશ ઢોળવા આવતી જોવા મળે છે. તે લોકકથાઓની અસરનું પરિણામ ગણી શકાય. **તુલસીદાસ 'સીતાજીનો સાહેબો'**માં રામસીતાનાં લગ્ન વર્ણવે છે. તેમાં 'પઠણનો નહિ પાર રે' એમ પઠણનો ઉલ્લેખ છે. **તુલસીદાસને નામે 'રામજીનો વિવાહ અથવા 'જાનકી-વિવાહ'** (ર. સં. ૧૮૫૭) મળે છે તેમાં ગુજરાતી રીતરિવાજો, ગરબીઓ વણાઈ ગયાં છે. એ જ હ.પ્ર.(ગુ. વિ. સ. ૨૬૧૨)માં 'રામવનવાસની ગરબીઓ' છે. તુલસી કવિની 'રામચંદ્રની તિથિ' તરીકે અને ફા. ગુ. સ.ની હ.પ્ર. ૩૦૨માં 'રામચંદ્રની પંદરતિથિ' તરીકે નોંધાયેલી કૃતિ અને 'રામવનવાસની ગરબીઓ' એ ત્રણેય કૃતિ છે. **ગોવિંદરામના 'રાવણ અને વિભીષણ'** 'રાવણ અને વિભીષણના ચંદ્રાવળા'માં ચાર ચાર પંક્તિનાં ચતુષ્કોમાં પહેલી પંક્તિનો પૂર્વાર્ધ હોય તે જ ચોથી પંક્તિનો ઉત્તરાર્ધ હોય છે. બીજી પંક્તિનો ઉત્તરાર્ધ તે જ ત્રીજી પંક્તિનો પૂર્વાર્ધ હોય છે. **રામૈયાનું 'સીતાજીના બાર માસ'** અથવા 'જાનકીજીના મહિના' બારમાસી કાવ્ય છે. **થોભણનું 'રામકથાનાં પદ'** ગરબીના ઢાળમાં ૮ પદ છે તેમાં એણે લખેલી 'હનુમાન ગરબી'નો સમાવેશ થાય છે. **પ્રીતમનું 'રામ-રાજીયા'** ઉપદેશનું પદ છે. **વિષ્ણુજીકૃત 'કક્કો રામકથાનો'**માં મૂળાક્ષરોને સાંકળી લઈ રામકથાના પ્રસંગો વર્ણવાયા છે. **રણછોડકૃત 'રામચંદ્રનો હિંડોલો'**માં કૃષ્ણલીલા ગાવામાં આવી છે એ આશ્ચર્યકારક છે.

૧૯મો સૈકો :—આ સૈકામાં લખાયેલું **ગિરધરકૃત રામાયણ** (ર. સં. ૧૮૯૩) સૌથી વધુ લોકપ્રિય રામાયણ છે. ૨૯૯ અધ્યાય, ૯૫૫૧ ચોપાઈમાં વિસ્તરતું આ ગુજરાતી ભાષાનું પ્રતિનિધિ રામાયણ છે.

વાલ્મીકિ રામાયણ, હનુમન્નાટક, પદ્મપુરાણ, અગ્નિપુરાણ, યોગવાસિષ્ઠ, શ્રીમદ્ભાગવત, હરિવંશ, આનંદરામાયણ, વગેરેનો કવિએ આધાર લીધો છે. રામચરિતમાનસ, આધ્યાત્મ-રામાયણ, ગીતાવલી, મહાભારત વગેરેનો આધાર પણ અહીં તહીં દેખાય છે. ઉપરાંત ગિરધરના

પુરોગામી કવિઓ નાકર, શ્રીધર, પ્રેમાનંદ, શામળ, કૃષ્ણાબાઈ, દયારામની અસર પણ પ્રસંગો, શૈલી પરત્વે જણાયા વિના રહેતી નથી. મૂળ કથાવસ્તુમાં કવિએ કેટલાક ફેરફાર કર્યા છે. કેટલાક પ્રસંગો છોડી દીધા છે તો પોતાની કલ્પનાના મૌલિક પ્રસંગો ઉમેર્યા પણ છે. છતાં કથાતંતુ તૂટવા નથી દીધો એ એની વિશેષતા છે.

ઉત્તરકાંડમાં આવતી રાવણકથા અહીં શરૂમાં અધ્યાય ૩થી છે. રાવણને અર્થે રામાવતારની ભૂમિકા શ્રોતાઓને બાંધી આપવાનો ઉદ્દેશ, તુલસીદાસની ગિરધર પર પડેલી અસર ગણી શકાય. ઉત્તરકાંડની હનુમાનજન્મકથા પણ અહીં અ. ૧૩માં આવી જાય છે. મૂળમાં નથી એવો એક પ્રસંગ તે રામની સફળ તીર્થોની યાત્રાનો પ્રસંગ. મહાભારતના વનપર્વમાં પાંડવોની તીર્થયાત્રાનું તથા આનંદરામાયણમાં સીતા સાથે રામે કરેલી યાત્રાનું સ્મરણ થાય છે. રામના ચરણસ્પર્શથી શલ્યા મટી અહલ્યા થઈ તે પ્રચલિત બનેલી કથાને નકારી કાઢી નવી વાત કવિ ઉમેરી આપે છે કે રામની પદરજ પવનમાં ઊડી તે શલ્યાને સ્પર્શી જતાં અહલ્યા થઈ વગેરે. રામસીતાના તારામૈત્રકનું વર્ણન 'માનસ' અને 'ગીતાવલી'ની સ્પષ્ટ અસર દેખાડે છે. વરમાળ પહેરાવવા આવતી સીતાને શલ્યાની અહલ્યા થવાના પ્રસંગનું સ્મરણ થાય છે અને પોતાની દસ આંગળીઓમાં 'જક્ષા પદિક વિશાળ' તે કયાંક સ્ત્રી થઈ જાય તો શોકયનું સાલ થાય એવી શંકાથી તે ખમચાય છે એ પ્રસંગ મૌલિક કલ્પનાની નિપજ છે. સીતાહરણ પહેલાં છાયાસીતાના નિર્માણની યોજના 'અધ્યાત્મરામાયણ'માં રામની છે, જ્યારે અહીં એ યોજના દેવો કહે છે.

દેવોની આ યોજનાનો ઉલ્લેખ 'ભાવાર્થ રામાયણ'માં છે. મરાઠી રામાયણની આ વાત ગિરધરે જાણેલી હોય એમ બને. સીતાનાં આભૂષણોની ઓળખમાં લક્ષ્મણના બ્રહ્મચારીભાવની બહુ જ જાણીતી વાત કવિના ખ્યાલ બહાર રહી ગઈ લાગે છે. લંકા પહોંચવા માટે સંપાતિ માર્ગ બતાવે છે કે મલયાચળ પરના ચંદનવૃક્ષની શાખાઓ યોજન સુધી વિસ્તરેલી છે અને લંકા સુધી ગઈ છે પણ એના ઉપર ઘણા નાગ વીંટાયા છે તે વિષજવાળા નાખે છે. માટે સિંધુ ઓળંગીને જાવ. એ પ્રસંગનું મૂળ કયાંય મળતું નથી. વિભીષણનો રાજ્યાભિષેક કરતા રામને સુગ્રીવ પૂછે છે કે વગર વિચાર્યે લંકા વિભીષણને આપી પણ કદાચ રાવણ સીતાને લઈ શરણે આવશે તો તેને શું આપશો ? રામ તેને પોતાની અયોધ્યા આપવાની વાત કહે છે તે પ્રસંગ પણ મૌલિક છે. સુંદરકાંડનો વિસ્તાર કરવા 'યુદ્ધકાંડ'ના કેટલાક પ્રસંગોનો સુંદરકાંડમાં સમાવેશ કર્યો છે. યુદ્ધકાંડમાં રાવણ યુદ્ધે ચઢે છે તે વખતનું વર્ણન પ્રેમાનંદના 'રણયજ્ઞ'ની સ્પષ્ટ અસર દર્શાવે છે. રાવણને કુંભકર્ણ ઠપકો આપે છે અને રામનું રૂપ ધરવાની સલાહ આપે છે. રાવણ એ પ્રયત્નની નિષ્ફળતાનું કારણ આપે છે તે મૌલિક છે. એક વચન, એક બાણ અને એક પત્નીવ્રત પોતાની પાસે ન હોવાથી સીતા તરત ઓળખી જાય. ઇન્દ્રજિત વધ પછી ઇન્દ્રજિતનું મસ્તક હસે છે તે વાત 'અગ્નિપુરાણ'ને આધારે કહેવામાં ગિરધરની શરતચૂક થઈ છે. એ કથા 'આનંદરામાયણ'માં છે. ઉત્તરકાંડમાં હનુમાન છાતી ચીરી અંદર રામસીતાનાં દર્શન કરાવે છે એ પ્રસંગનું મૂળ બંગાળી 'કૃતિવાસ રામાયણ'માં છે. વનમાં ત્યજાયેલી સીતાનો વિલાપ પ્રેમાનંદના દમયંતી વિલાપને આધારે જ રચાયેલો છે.

અશ્વમેધ પ્રસંગે અશ્વ ઉપર બાંધેલા પતરામાં 'સ્ત્રી વિપ્ર સાધુજન સાથે યુદ્ધ કરીશ ન વીર', લખ્યું છે. તે ઉપરથી રામનો સાળો લક્ષ્મીનિધિ મશ્કરી કરે છે કે તમારા કુળમાં તો એ

બધું ચાલતું આવ્યું છે; તમે તાડિકા મારી વગેરે. રામ એનો જવાબ વાળે છે કે તમે જનક-વિદેહીના પુત્ર વીરરસમાં ન સમજો. એ આખો વિનોદ-પ્રસંગ મૌલિક છે. રામના અવભૃથ-સ્નાનનું વર્ણન એ કૃષ્ણકથાનો પ્રભાવ છે.

नानापुराणनिगमागमसंमतं यद् આવા અનેક ફેરફારો કવિએ કર્યા છે. અનેક મૌલિક પ્રસંગો પણ ઉમેર્યા છે. કૃતિમાં કરુણ, શાંત, વીર અને શૃંગાર રસ મુખ્ય દેખાય છે. શાંત અને કરુણમાં કવિની પ્રતિભાનો અંશ સવિશેષ જોવા મળે છે. કવિએ પ્રયોજેલા અલંકારો તો રૂઢ મધ્યકાલીન પરંપરાના જ છે પણ મધ્યકાલીન અલંકાર-સમૃદ્ધિના કવિના અભ્યાસને પરિણામે એ અલંકાર-વૈભવ સ્વાભાવિક રૂપે કૃતિમાં આવેલો છે. વ્યક્તિવર્ણનમાં મોટે ભાગે તો પોતાના મન પર પડેલી છાપને સ્પષ્ટ કરવા જ કવિ અલંકારોનો આશ્રય લેતા હોય છે. મોટા ભાગનાં વ્યક્તિ-વર્ણનો સૌમ્ય સ્વરૂપનાં છે. મધ્યકાલીન વર્ણનપરંપરા કવિએ આત્મસાત્ કરી છે. પ્રકૃતિ-વર્ણનો બહુધા રૂઢ છે. નગરનાં વર્ણનો વિગત–પ્રચુર છે. કથાપ્રસંગો અનેક ઠેકાણેથી ઉપડ્યા હોવાથી પાત્રોની રેખાઓમાં થોડોક ફેરફાર થાય છે. પાત્રો માત્ર પૌરાણિક ન રહેતાં સમકાલીનતા ધારણ કરતાં જોવા મળે છે. તત્કાલીન ગુજરાતી સમાજનું પ્રતિબિંબ કૃતિમાં પડેલું જણાય છે. ખાસ કરીને વિધિઓ અને રિવાજોના નિરૂપણમાં કવિની બાનીમાં સંસ્કૃત અને હિન્દી ભાષાનો પ્રભાવ પડેલો જોવા મળે છે. ગિરધરનું રામાયણ એક વિસ્તૃત આખ્યાન છે **કૃષ્ણરામના 'સંક્ષિપ્ત રામાયણ'**માં એક એક પંક્તિમાં એક એક પ્રસંગ નિરૂપાયો છે. **ધીરાના 'અશ્વમેધ'**માં લવકુશયુદ્ધનો પ્રસંગ ઉપાખ્યાનરૂપે આવતો હોવાથી અહીં પણ ઝાઝાં વર્ણનોને અવકાશ ભાગ્યે જ હોય છે. છંદ પાધડીનો (અ. ૩૩) પ્રયોગ નોંધપાત્ર છે. **જીતેદાસ 'રાવણની લાવણી'** (ર. સં. ૧૮૬૨), **જીવણ 'રામચરિતના** મહિના**'**, **રઘુનંદન 'રામસ્તુતિ'** રચે છે. હીમો, બાપુ ગાયકવાડ, નરભેરામ, આશારામ, વલ્લભદાસ, પ્રીતમદાસ વ્યાસ **વગેરે 'રામરાજિયા'** રચે છે. **દયારામના 'હનુમાન ગરુડ સંવાદ'**માં સંવાદની ચાતુરી છે. કવિ રામ અને કૃષ્ણની એકતા સિદ્ધ કરે છે. **છોટમનું 'જાનકીવિવાહ'** (ર. સં. ૧૯૩૦) છૂટે હાથે કરેલાં વર્ણનોની વિશિષ્ટતા ધરાવે છે.

આ ઉપરાંત એવી કેટલીક કૃતિઓ મળે છે જે અનિશ્ચિત સમયગાળાની છે. કવિના જીવન કે કવન વિષે કંઈ પણ માહિતી ઉપલબ્ધ થતી નથી. એમા **લિંબજી અને તત્સુત જોગેશ્વરનું 'રામાયણ'** છે. 'મધ્યકાલનો સાહિત્ય પ્રવાહ'માં શ્રી હિરાલાલ પારેખે ઉદ્ધવ અને વિષ્ણુદાસના રામાયણ પછી ત્રીજું યોગેશ્વરનું રામાયણ ગણાવ્યું છે તે આ જ હશે એમ લાગે છે. કૃતિનાં આદિઅંત તૂટક છે. ઉપલબ્ધ પ્રત(ગુ. વિ. સ. ૪૫૩)નાં પાન ખંડિત છે. રસાળ મૌલિક વર્ણનોથી શોભતી આ કૃતિમાં વનવાસ જતાં રામનું દાનેશ્વરીપણુ બતાવવા ત્રિકૂટ નામના બ્રાહ્મણનો જે પ્રસંગે યોજાયો છે તે મૌલિક છે. કવિએ મૂળ પ્રસંગોમાં અત્રતત્ર ફેરફાર કર્યો છે. ગંગાપાર ઉતારવાની ના પાડતા ઢીમરને, રામલક્ષ્મણને કાંધે બેસાડી પાર ઉતારવાનું ઋષિ સૂચન કરે છે. ચરણ ધોવાની પ્રચલિત વાતમાં કવિ આમ સયુક્તિક ફેરફાર કરે છે. **અજ્ઞાતનામા કવિનું 'રામાયણ'** યુદ્ધકાંડના પ્રસંગોનું વર્ણન આપે છે. પ્રત(ગુ. વિ. સ. ૯૨૨)માં પ્રેમાનંદના 'રણયજ્ઞ'ની પંક્તિઓ વંચાય છે. વિવિધ કવિઓની કૃતિઓની અપૂર્ણ નકલ જેવી કૃતિ છે. **અજ્ઞાતનામાનું 'રામકથા'** (પ્રા. વિ. મં. હ.પ્ર. ૪૫૮૯) ગદ્યમાં છે.

વાલ્મીકિના તપથી માંડીને લંકાદહન કરી હનુમાન પાછો આવે છે ત્યાં સુધીના પ્રસંગો છે. અતિશયોક્તિભરી વાતો અને અપ્રચલિત પ્રસંગો એ કૃતિની વિશિષ્ટતા છે. દક્ષિણ ભારતની એક રામકથામાં રાવણ જટાયુને પોતાની જાંઘના લોહીથી ખરડાયેલા પથ્થરો ખવડાવે છે એવી વાત છે જે આ કૃતિમાં વર્ણાઈ છે. (વિષ્ણુદાસના રામાયણમાં એ પ્રસંગ છે). ખીસકોલી રામને સીતાની ભાળ આપે છે ત્યારે રામ તેને સોનાની કરે છે. ખીસકોલીને કળજુગ મારી નાખે એવો ભય લાગે છે તેથી રામ તેના વાંસે આંકા કરે છે. સીતાની શોધ કરતા રામ પ્રાણીઓને ભાળ પૂછે છે એવી વાત સાંતાલ, બિર્હોર, મુંડા જાતિઓમાં પ્રચલિત છે. બીજું એક **અજ્ઞાતનામાનું 'ગદ્ય રામાયણ'** (ગુ. વિ. સ. હ. પ્રત ૫૪૭) મળે છે. ફિરંગોઓની ઉત્પત્તિની એમાં કલ્પના કરવામાં આવી છે. **પ્રાગજી-પ્રાગો-પ્રાગદાસનું આધ્યાત્મ રામાયણ** 'સાહિત્ય' વર્ષ ૧૫–૨૦માં છપાયું છે એવી માહિતી મળે છે પણ એ સ્થાને પ્રીતમનું 'અધ્યાત્મરામાયણ' છપાયેલું છે. પ્રાગાનું રામાયણ કે તેની હ.પ્ર. ઉપલબ્ધ નથી. **અજ્ઞાત નામાની 'યોગવાસિષ્ઠસાર'**ની ત્રણ પ્રત મળે છે. ગુ. વિ. સ. ૪૫૮, ૫૬૫, ૫૮૯ સારાનુવાદ દુર્બોધ છે. **અજ્ઞાત કવિની રઘુપતિલીલા** ગદ્યકૃતિ છે પણ શરૂમાં પદ્ય છે. જનકને ત્યાં રામ, વિશ્વામિત્ર આવે છે ત્યાંથી ગદ્ય છે. ફરીથી કડવાબદ્ધ પદ્યમાં કૃતિ આગળ વધે છે. **આદિત્યરામનું 'સીતાની શોધનાં પદ'** ૪ પદમાં સંક્ષેપમાં સીતાશોધ વર્ણવે છે. **જદુરામનું '.રામવિરહ'** ૪ કડવાનું અપૂર્ણ કાવ્ય છે. રામ વિના મનની સ્થિતિ કેવી થાય છે તે એક સખી બીજી સખી આગળ વર્ણવે છે. મથાળે (કડવું) લખાયેલી આ ગરબીઓ જ છે તે **કૃષ્ણદાસની 'રામાયણના ચંદ્રાવળા'** એ કૃતિમાં ૩૫ ચંદ્રાવળામાં રામ–વનવાસના પ્રસંગને નિરૂપે છે. **કલાણકવિનું 'રામચંદ્રજીનાં પદ'** ઉપદેશાત્મક છે. **અજ્ઞાત નામાનું 'રાવણ-મંદોદરીસંવાદ'** જેમાં લક્ષ્મણ–જાનકી વચ્ચે, સીતા અને રાવણ વચ્ચેનો સંવાદ પણ મળે છે. જટાયુને લોહીથી ખરડાયેલા પથ્થર ખવડાવવાની વાત અહીં પણ વર્ણવાય છે. સંવાદમાં પાત્ર ચાર ચાર પંક્તિ બોલે છે, તેમાં બીજી પંક્તિનો ઉત્તરાર્ધ ત્રીજી પંક્તિનો પૂર્વાર્ધ બની રહે છે. **અજ્ઞાત નામાનું 'રામરક્ષા'** રામ વિષેના શ્લોકોનું ગદ્ય ભાષાંતર છે. **'રામનાં પદ'** નામાની પ્રા. વિ. મં.ની પ્રત ૭૫૫૬માં કબીર, રૈદાસ, રાજે, દેવાકર, રામદાસ વગેરેનાં ગુજરાતી–હિન્દી પદો છે.

આમ પંદરમા સૈકાથી ૧૯મા સૈકા સુધીની રામકથાવિષયક કૃતિઓનો અભ્યાસ કરતાં જણાય છે કે એકેય કવિ મહાકવિની કોટિએ પહોંચી શકતો નથી. મહાકાવ્યમાંથી વસ્તુ લીધું હોવા છતાં એકેય કૃતિ મહાકાવ્યની કક્ષાએ પહોંચી શકે એવી ક્ષમતા ધરાવતી નથી. ગુજરાતી રામકથાસાહિત્યનું સ્વરૂપ મહાકાવ્ય કરતાં વિશેષતઃ આખ્યાન કાવ્યનું જ રહ્યું છે. ઉદ્ધવ, વિષ્ણુદાસ, નાકર, જાગેશ્વર, અને ગિરધર જેવા કવિઓએ રચેલાં સળંગ રામાયણો લાંબાં આખ્યાન કાવ્યો જ છે. એમાં અધ્યાયો તે કડવાં જ છે, જેમાં પૂર્વછાયો, ઢાળ અને વલણ હોય છે. આખ્યાનમાં પ્રચલિત રાગરાગિણીઓ અને દેશીઓમાં કથાવસ્તુ ગાવામાં આવે છે. કવિની નજર સમક્ષ વાચક નહિ પણ શ્રોતા હોય છે. કડવાને અંતે કે કૃતિને અંતે 'શ્રોતાજન બોલો' જેવા શબ્દપ્રયોગ હોય છે. કૃતિ અને કાંડની શરૂઆતમાં આવતું મંગળવંદન તથા કાંડ અને કૃતિને અંતે આવતી ફલશ્રુતિ પણ આખ્યાન–પરંપરાનાં જ છે. વહી ગયેલી કથાનો આગલા

કાંડમાં સાર આપી કવિ શ્રોતાને કથાતંતુ પકડવામાં મદદ કરે છે. આખ્યાનકારની માફક કવિ વચ્ચે વચ્ચે ઉપદેશ આપે છે. રામાયણ દ્વારા વ્યક્તિધર્મ, સમાજધર્મ અને રાષ્ટ્રધર્મ સમજાવવાનું એનું લક્ષ્ય દેખાય છે. સમાજ અને ધર્મસુધારણા માટે ઉપદેશ આપવાની સાથે કથારસ માટે કવિ મૂળ કૃતિમાં ઘટતા ફેરફાર પણ કરે છે. મૂળના કેટલાક પ્રસંગ છોડી દે છે તો કેટલાક નવા ઉમેરે છે. તત્કાલીન સામાજિક જીવનના રંગે રામાયણમાં વર્ણવાયેલા સમાજને રંગે છે. આમ ગુજરાતી મધ્યકાલીન રામાયણમાં જે વાતાવરણ છે તે રામના સમયનું કે પુરાણકાળનું ન લાગતાં મધ્યકાલીન ગુજરાતનું પ્રતીત થાય છે. કથારસ જમાવવા માટે કરાતાં વર્ણનો પણ મધ્યકાલીન આખ્યાનોની વર્ણનપરંપરાનાં જ છે. કૃતિની વચમાં વચમાં આવતાં ગીતો કે પદો, સ્તુતિઓ પણ આખ્યાન સાંભળતા શ્રોતાને જ ધ્યાનમાં રાખી રસ જમાવે છે. ભાષામાં પણ તળપદા શબ્દો, કહેવતો, રૂઢિપ્રયોગો, વક્તાશ્રોતા વચ્ચેનું અનુસંધાન સાચવે છે. કૃતિના અંતે કવિનામ–નિર્દેશ, રચ્યા-સંવત, સ્થળમાહિતી ઇત્યાદિ વિગત આખ્યાનોની જ પરિપાટીને અનુસરે છે. મધ્યકાલના આ સૌથી વધારે પ્રચલિત અને લોકભોગ્ય સાહિત્યપ્રકારનાં લક્ષણો માત્ર સળંગ રામકથાવિષયક કૃતિઓમાં દેખાય છે એમ નહિ, પરંતુ છૂટક પ્રસંગકાવ્યમાં પણ જણાય છે. સળંગ વિસ્તૃત રામાયણો કરતાં પ્રસંગકાવ્યો સંખ્યામાં વધારે છે તેમાં પદો, ગરબીઓ, ધોળ, કક્કો, શલોકા, ચંદ્રાવળા, આખ્યાન, ચાતુરીઓ, સંવાદકાવ્ય, સંદેશકાવ્ય વગેરેનો સમાવેશ છે. એ સૌમાં પણ કડવાં, વલણ, પૂર્વછાયો, મંગળ વંદન, ફલશ્રુતિ કવિનામોલ્લેખ, રચ્યાસંવત, રાગરાગિણી જેવાં આખ્યાન પ્રકારનાં લક્ષણો જોવા મળે છે. એટલે સળંગ કૃતિઓ કે પ્રસંગ કૃતિઓ પણ સ્વરૂપદષ્ટિએ બહુધા આખ્યાનો જ છે.

રામાયણના સીતાસ્વયંવર, રામવિવાહ, સીતાહરણ, અંગદવિષ્ટિ, રાવણમંદોદરી સંવાદ, સીતાવિરહ, કુંભકર્ણનિદ્રા, લવકુશ ચરિત જેવા પ્રસંગો વધારે પ્રચાર પામ્યા જણાય છે.

આ રામકથા સાહિત્યનો મૂળ આધાર મુખ્યત: વાલ્મીકિ છે. ઉપરાંત અધ્યાત્મરામાયણ, યોગવાસિષ્ઠ, ભાગવત, હરિવંશ, પદ્મપુરાણ, અગ્નિપુરાણ, હનુમન્નાટક, રામચરિતમાનસ, અદ્ભુત રામાયણ અને આનંદરામાયણ જેવાં લોકરામાયણનો પણ આધાર લેવાયો છે. જગજીવન અને ગિરધર જેવા કવિઓ અધ્યાત્મરામાયણની અસર નીચે પાત્રો કે પ્રસંગનું વિશિષ્ટ અર્થઘટન પણ કરતા જોવા મળે છે.

મૂળ વાલ્મીકિનો આધાર લઈ તેમાં અન્ય આધાર ઉમેરી મૌલિક કૃતિ રચવાના પ્રયત્નરૂપે સળંગ રામાયણની કૃતિઓ સાથે કેટલાક રામાયણના અનુવાદોની કૃતિઓ પણ ધ્યાન ખેંચે છે. એમાં મૂળના શ્લોક પ્રમાણે સીધા શ્લોકબદ્ધ અનુવાદ હોય એવું નથી. રસની જમાવટ કરવા આખ્યાનમાં હોય છે તેમ એમાં પણ કેટલીક વીગતો અને વર્ણનો વધારાનાં હોય છે. મૂળના રંગ અને ભાવ સાથે મધ્યકાલીન વર્ણનોનો રંગ આપોઆપ ભળી જતો હોય છે. કેટલીક વાર મૂળ શબ્દ જુદા જ અર્થમાં પ્રયોજ્યા હોય એમ બન્યું છે. આમ અનુવાદનું સ્વરૂપ ભાવાનુવાદ કે સારાનુવાદનું રહ્યું છે.

અધ્યાત્મરામાયણ કે યોગવાસિષ્ઠના સારાનુવાદો વિશેષ પ્રમાણમાં થયા છે. આવા અનુવાદોમાં પણ પ્રીતમના અધ્યાત્મરામાયણમાં પૂર્વછાયા અને આખ્યાનોમાં પ્રચલિત રાગરાગણી, ચોપાઈઓનો પ્રયોગ ધ્યાન ખેંચે છે.

પદ્યકૃતિઓ કરતાં ગદ્યકૃતિઓ સંખ્યામાં અલ્પ છે. ગદ્યકૃતિઓ મોટે ભાગે વાલ્મીકિની કથાનો કે યોગવાસિષ્ઠ કે કૃતિઓનો સાર જ આપે છે. એમાં આનંદરામાયણ જેવા લોકરામાયણના અમુક પ્રસંગો વણી લઈ કથારસ જાળવવાનો પ્રયત્ન થયો છે.

આ રામકથાવિષયક કૃતિઓમાં કવિઓએ પુરોગામી કવિઓમાંથી વસ્તુદૃષ્ટિએ કે શૈલી દૃષ્ટિએ પ્રેરણા લીધેલી જોવા મળે છે.

રાઘવદાસ અને તત્સુત હરિદાસ, લિંબજી અને તત્સુત જોગેશ્વર જેવી પિતાપુત્રની જોડીઓની સહિયારી કૃતિઓ પણ મળે છે.

નાકર, વિષ્ણુદાસ જેવા કવિઓ અયોધ્યાકાંડને મથાળેથી જ શરૂઆત કરે છે અને બાલકાંડને જુદા ગણતા નથી. એ ઉપરથી બાલકાંડને કેટલાક કવિઓ પ્રક્ષિપ્ત માનતા હોય એમ સમજાય છે.

મધ્યકાલીન ગુજરાતી રામકથામાં કૃષ્ણકથાનો પ્રભાવ પણ વર્તાય છે. ભાલણનાં રામબાળ-લીલાનાં પદ, દિવાળીબાઈની 'રામબાળલીલાની ગરબીઓ', ગિરધરરામાયણમાં રામની યાત્રાનો પ્રસંગ, સ્નાનવિધિનો પ્રસંગ વગેરે એનાં ઉદાહરણો છે.

ગુજરાતી રામકથાનાં પાત્રો પ્રધાનતયા માનવપાત્રો જ છે. 'સામાન્ય જીવનમાં પણ ઉચ્ચ આદર્શોની સ્થાપના કરવાના આશયથી પાત્રોને દૈવી કે આસુરી ભૂમિકાએ જ ન રાખતાં કવિઓએ માનવભૂમિકાએ રાખ્યાં છે. એ રીતે અવતારવાદનો એક નવો દૃષ્ટિકોણ આપ્યો છે. મૂળ પુરુષ અને મૂળ પ્રકૃતિ સ્વરૂપ મનાયેલાં રામસીતાનાં પાત્રોમાં ય મૂળે તો માનવહૃદય ધબકતું હતું પણ આદર્શો દ્વારા તેઓ મહાન બન્યાં હતાં એમ કવિઓને અભિપ્રેત હોય એવું સમજાય છે. રાવણ જેવા દુષ્ટ પાત્રમાં ય પ્રેમાનંદ જેવા કવિઓએ સદ્‌અંશ દેખાડ્યા છે. સૌ સારાનરસાનાં મિશ્રણ જેવાં લાગણીઓની દૃષ્ટિએ સમાન ભૂમિકાએ વિહરે છે.

રામાયણ ગુજરાતને લોકકંઠે પણ સૈકાઓથી ગવાતું આવ્યું છે. લોક-સાહિત્યમાં રામકથાનું સ્થાન રહ્યું છે. હરદાસો ગિરધરના રામાયણની કથા કરે, આખ્યાનો કરે તો સાથે સાથે તેનો કવિ કોણ છે તે કોઈ જાણતું નથી અને છતાં હજારો કંઠે જે ગવાયાં કરે એવાં પ્રસંગગીતોમાં પણ રામાયણ ગૂંજ્યા કરે છે એ હકીકત રામાયણની ગુજરાતી લોકમાનસ પર કેવી અસર રહી છે એની દ્યોતક છે. કાંચળીનો પ્રસંગ, ભરતનો કૈકેયીને ઠપકો દેવાનો પ્રસંગ, સીતાહરણ, સીતાસ્વયંવર, દશરથ–કૈકેયી વરદાન પ્રસંગ, કૌશલ્યાવિલાપ, સીતાહનુમાન મેળાપ, સીતાત્યાગ, ઇત્યાદિ અનેક પ્રસંગો લોકોએ ગાઈ ગાઈને લોક–સાહિત્ય સ્વરૂપે અમર કરી દીધાં છે.

સોમવંશવૃત્તાંત

આચાર્ય બી. ચાં. શાહ

વિ. સં. ૨૦૨૬ના સ્વાધ્યાય ત્રૈમાસિકના જન્માષ્ટમી અંકમાં (વર્ષ ૭, અંક ૪માં) શ્રી હરિપ્રસાદ શાસ્ત્રીએ 'ભાગવતમાં રાજવંશ-વૃત્તાંત' એ નામનો એક અભ્યાસપૂર્ણ લેખ લખ્યો છે. તેમાં ભારતના પ્રાગ્-ઐતિહાસિક રાજવંશોનાં વર્ણનો મુખ્યત્વે ભાગવતના આધારે, પરંતુ બીજાં પુરાણો સાથે તુલના કરીને, સંક્ષેપમાં આપવામાં આવ્યાં છે. હું આ લેખમાં પુરાણોના ખાસ કરીને વાયુપુરાણના—આધારે સોમવંશનું સહેજ વિસ્તૃત વર્ણન આપવા પ્રયાસ કરું છું.

પુરાણકારો ભારતના રાજવંશોનો પ્રારંભ વિવસ્વત્‌ના પુત્ર શ્રાદ્ધદેવ મનુ (વૈવસ્વત મનુ)થી કરે છે. કશ્યપ ઋષિને અદિતિ નામની પત્નીથી બાર પુત્રો થયા હતા, જેઓ આદિત્યો તરીકે ઓળખાય છે. સૌથી મોટો આદિત્ય તે વિવસ્વત્, વિવસ્વત્‌ને ત્વષ્ટાની પુત્રી સંજ્ઞાથી પ્રથમ શ્રાદ્ધદેવ નામે પુત્ર અને પછી યમ[૧] અને યમી (યમુના) નામનાં જોડકાં પુત્રપુત્રી થયાં.

શ્રાદ્ધદેવે પ્રજાને વ્યવસ્થિત કરી રાજ્ય સ્થાપ્યું, અને તેના પુત્રોથી રાજવંશો શરૂ થયા. એટલે તે કુલકર બન્યો. કુલકરો મનુ કહેવાય છે. એટલે કુલકર શ્રાદ્ધદેવ મનુ બન્યો. વિવસ્ત્‌નો પુત્ર હોવાથી સામાન્ય રીતે તે વૈવસ્વત મનુના નામથી ઓળખાય છે.

વૈવસ્વત મનુએ કયા સ્થળે રાજ્ય સ્થાપ્યું અને તેમાં કયા કયા પ્રદેશોનો સમાસ થતો હતો તેના સ્પષ્ટ ઉલ્લેખો મળતા નથી; પરંતુ કેટલાક આડકતરા ઉલ્લેખો પરથી જણાય છે કે તેનું રાજ્ય માનસ સરોવર અને કૈલાસ પર્વતની આસપાસ આવેલું હતું. એટલે કે તેમાં પશ્ચિમ તિબેટ, હાલનું હિમાચલ રાજ્ય, નેપાલનો કેટલોક પશ્ચિમ ભાગ, ઉત્તરપ્રદેશના કુમાઉન, ફરૂખાબાદ વગેરે જિલ્લાઓ, હાલના હરિયાણા રાજ્યના કેટલાક પૂર્વ તરફના ભાગોનો સમાવેશ થતો હતો. આ પ્રદેશ ધરતીકંપના પટ્ટામાં આવેલો છે એટલે અમુક અમુક સમયે ધરતીકંપો થાય છે અને તેની ભૌગોલિક સ્થિતિમાં ફેરફારો થયા કરે છે. મનુના સમયમાં સરસ્વતી મોટી નદી હોય અને તેનો ઊગમ માનસ સરોવર કે તેની આસપાસના પ્રદેશમાંથી હોય તેમ જણાય છે. તે નદી આ પ્રદેશ વીંધીને પંજાબની દક્ષિણે થઈ આગળ વધતી વધતી સમુદ્રને મળતી. સતલજ અને દષદ્વતી તેની મુખ્ય શાખાઓ હતી. ભારતીય સંસ્કૃતિના વિકાસમાં આ નદીએ પ્રાગ્-ઐતિહાસિક કાળમાં ઘણો અગત્યનો ભાગ ભજવ્યો છે, જેવો ભાગ ઐતિહાસિક કાળમાં ગંગાએ ભજવ્યો છે. વેદમાં ગંગાને બદલે સરસ્વતીની મહત્તા ગાવામાં આવી છે.

---

૧ પારસીઓ પોતાનો રાજવંશ વિવહ્‌વત (વિવસ્વત્)ના પુત્ર યિમ (યમ)થી શરૂ કરે છે. તેઓ તેને યિમક્ષએત (યમક્ષિત્) એટલે કે યમરાજા કહે છે. યિમક્ષએતનું ગુજરાતી રૂપાંતર જમશેદ છે, જે નામ આજે પણ પારસીઓમાં પ્રચલિત છે.

વૈવસ્વત મનુને સૌથી મોટી ઈલા નામની પુત્રી હતી. ત્યારબાદ ઇક્ષ્વાકુ વગેરે પુત્રો થયા હતા. વિવસ્વતના સમકાલીન એક અત્રિ ઋષિ હતા. તેનો પુત્ર સોમ. સોમે અંગિરસ ઋષિના પુત્ર બૃહસ્પતિની પત્ની તારાનું હરણ કર્યું અને તેનાથી તેને પુત્ર થયો તે બુધ. બુધના આશ્રમ પાસેથી એક વખત સાયંકાળે ઈલા નીકળી. સાયંકર્મનો સમય થઈ ગયો હોવાથી બુધે તેને આશ્રમમાં રોકાઈ જવા કહ્યું. ઈલાએ આ વાત સ્વીકારી અને તે રાત બુધ સાથે ગાળી. આ સમાગમથી તેને પુત્ર થયો તે પુરૂરવા.

તે યુગમાં લગ્ન એક સામાન્ય વ્યવહાર ગણાતો, અને સ્ત્રીપુરુષોના જાતીય સંબંધોમાં પુષ્કળ છૂટછાટ હતી. ઘણી વખત પુરુષ અને સ્ત્રી અમુક શરતો નક્કી કરી પતિપત્ની તરીકે સાથે રહેતાં, અને શરતો પૂરી થતાં બંને જુદાં પણ પડી જતાં. યુવાન કન્યાઓ સમાજમાં છુટથી ફરતી અને તેને કોઈ યુવાન પુરુષ પસંદ પડી જાય તો તેની સાથે શરીરસંબંધ પણ બાંધતી. આમ કરવા જતાં તેને કોઈ વાર સંતાન પણ થતું. પરંતુ આવા વર્તનમાં તેને કે સમાજને કાંઈ હીણપત જેવું કે નિંદાપાત્ર જણાતું નહીં. ટૂંકામાં લગ્નસંસ્થા, આજની આપણી દૃષ્ટિએ, ખૂબ શિથિલ ગણાય તેવી હતી. સોમે પરિણિત સ્ત્રી તારાનું કરેલું હરણ અને તેનાથી પુત્રપ્રાપ્તિ કે ઈલાનો એક રાત માટે બુધની સાથે સમાગમ અને તેનાથી પુત્રપ્રાપ્તિ–આવા પ્રસંગો તે સમયમાં સામાન્ય ગણાતા. તે ખાસ ટીકાપાત્ર કે નિંદાપાત્ર ગણાતા નહીં. પ્રજોત્પત્તિ એટલે કે પ્રજામાં વૃદ્ધિ એ તે યુગની ખાસ જરૂરિયાત હતી. એટલે જે કોઈ પગલું પ્રજામાં વૃદ્ધિ કરે તે સમાજમાં સ્વીકાર્ય રહેતું. આ સમય સંસ્કૃતિનો પ્રારંભિક કાળ હતો એ ખાસ ધ્યાનમાં રાખવું.

ઈલાના સંબંધમાં વાયુ પુરાણ, ભાગવત, મહાભારત વગેરે એક વિચિત્ર હકીકત નોંધે છે. મનુનો જ્યેષ્ઠ પુત્ર ઈલ (સુદ્યુમ્ન) શિકાર અર્થે ફરતાં કૈલાસ પર્વતની તળેટીમાં આવેલા એક વનમાં જઈ ચડયો, અને અચાનક તેનામાં જાતિ પરિવર્તન થઈ તે સ્ત્રી બની ગયો. આ જાતિપરિવર્તન નહીં સમજી શકવાથી પુરાણકારો તેનો ચમત્કારિક ખુલાસો આપે છે. ભાગવતકાર કહે છે કે વનમાં શિવ-પાર્વતીનું શરવણ નામનું ક્રીડાવન હતું. એટલે અમુક મર્યાદા સાચવવા ખાતર શિવે તે વનમાં કોઈ પુરુષ પ્રવેશે તો સ્ત્રી બની જાય તેવી મર્યાદા મૂકી હતી. ઈલા એ(સુદ્યુમ્ન)નું સ્ત્રી સ્વરૂપ છે.

આવા જાતીય પરિવર્તનના કિસ્સાઓ કવચિત્ બને છે. ઈલનું ઈલામાં જાતિપરિવર્તન થવું એ ઐતિહાસિક હકીકત હોય, તોપણ તેમાં શિવ-પાર્વતીનું ચમત્કારિક તત્ત્વ દાખલ કરવાની જરા પણ જરૂર નથી આજના વૈદકીય ઇતિહાસમાં આવા કિસ્સાઓ નોંધાયા છે. વર્તમાનપત્રો[૨] જણાવે છે કે જોગાસિંગ નામનો અઢાર વર્ષનો એક યુવાન જાતિપરિવર્તન પામી યુવતી બની ગયો છે, અને હવેથી તે જોગિંદર કૌરના નામથી ઓળખાશે. આપણા પૌરાણિક ઇતિહાસમાં પણ આવા બે બીજા દાખલાઓ નોંધાયા છે. એક ભંગાસ્વાર રાજાનો છે. તે પુરુષ હતો અને તેને રાણીઓ તથા પુત્ર પરિવાર હતાં. અમુક સમય પછી તે સ્ત્રી બની ગયો એટલે શરમાઈને તે

---

૨ જુઓ 'સંદેશ', તા. ૨૩–૬–૧૯૭૬નો અંક.

પુત્રોને રાજગાદી સોંપી વનમાં તપ કરવા ચાલ્યો ગયો. ત્યાં તાપસી રૂપે તપ કરતાં કરતાં તાપસોના સંપર્કમાં આવ્યો અને તેણે સંતાનોને જન્મ પણ આપ્યો.[3]

બીજો દાખલો શિખંડીનો છે. તે દ્રુપદ રાજાને ત્યાં પુત્રીરૂપે જન્મ્યો હતો, પણ પાછળથી જાતિપરિવર્તનના કારણે પુરુષ બની ગયો હતો. પુરુષરૂપે તે દશાર્ણ દેશના રાજા હિરણ્યવર્માની કુંવરીને પરણ્યો હતો અને તેને ક્ષત્રદેવ વગેરે પુત્રો પણ થયા હતા.[4]

પુરૂરવાને મનુએ પ્રતિષ્ઠાન નામનું નગર અને તેની આસપાસનો પ્રદેશ વારસામાં આપ્યો હતો. પ્રતિષ્ઠાન નગરી સરસ્વતી નદીના ઉપરવાસમાં તેના ઉત્તર કિનારા ઉપર હોય તેમ જણાય છે. કેટલાક પૌરાણિકો તેને પ્રયાગ અથવા પ્રયાગની આજુબાજુની એક નગરી ગણે છે પણ તે ભૂલભરેલું છે. પ્રતિષ્ઠાનની બાજુમાં ગંધમાદન અને મેરુ પર્વતો, ચૈત્રરથ અને નંદનવનો તથા અલકાનગરી આવેલાં હતાં; તેવાં વર્ણનો છે અને આ બધાં માનસસરોવરની આસપાસ આવેલાં છે. એટલે પ્રતિષ્ઠાન પણ આ પ્રદેશમાં જ આવેલું હોવું જોઈએ. તેનાં ખંડેરોની શોધ પણ આ પ્રદેશમાં જ કરવી જોઈએ.

તે યુગમાં તે પ્રદેશમાં ગંધર્વ નામની એક જાતિ રહેતી હતી. તે તેની આસપાસમાં વસતી કેટલીક જાતિઓ કરતાં સંસ્કારમાં આગળ વધેલી હતી. ગંધર્વ સ્ત્રીઓ ખૂબ સ્વરૂપવાન અને આકર્ષક તથા સપ્રમાણ દેહવાળી હતી. તેઓ કામચેષ્ટામાં નિપુણ ગણાતી. જળક્રીડાની ખૂબ શોખીન હતી એટલે અપ્સરાઓ (પાણીમાં સરનારી) પણ કહેવાતી. સંગીત અને નૃત્યકળામાં તેમની પ્રવીણતા અદ્વિતીય હતી. આ ગંધર્વ સુંદરીઓમાં પણ સર્વોત્તમ ગણાય તેવી ઉર્વશી નામની એક અપ્સરા હતી. તે પુરૂરવાની શક્તિ, પરાક્રમ અને આકર્ષક દેહકાંતિથી પ્રસન્ન થઈ ગંધર્વલોક છોડી તેની સાથે પત્ની તરીકે રહેવા માનવલોકમાં આવી.[5] આ પ્રસંગે તેણે પુરૂરવા સાથે તે યુગના રિવાજ પ્રમાણે કેટલીક શરતો કરી હતી. તેમાંની એક એવી શરત હતી કે કામક્રીડાના પ્રસંગ સિવાય બીજા કોઈ પણ પ્રસંગે જો પુરૂરવા નગ્ન સ્થિતિમાં તેની નજરે પડશે, તો તે જ વખતે તેમનું સહજીવન પૂરું થશે અને તે ગંધર્વલોકમાં પાછી ચાલી જશે.

પુરૂરવા શરતોના પાલનમાં ખૂબ કાળજી રાખતો, અને તેમનું સહજીવન ચોસઠ[6] વર્ષ સુધી સુખપૂર્વક ચાલ્યું. આટલા લાંબા કાળ સુધી ઉર્વશીની ગેરહાજરીના લીધે ગંધર્વો મુંઝાયા

---

૩ મહાભારત અનુશાસન પર્વ, અધ્યાય. ૧૨

૪ મહાભારતઃ ઉદ્યોગપર્વ.

૫ આજના હિમાચલ રાજ્યમાં પૂર્વે તિબેટની સરહદ તરફ લાહુલ અને કિન્નોર નામના જિલ્લાઓ છે. લાહુલ એ લહાહિયુલનું ટૂંકું રૂપ છે, અને લહાહિયુલનો અર્થ ત્યાંની ભાષામાં દેવભૂમિ એવો થાય છે. એટલે લાહુલ એ દેવલોક અને કિન્નોર એ ગંધર્વલોક તરીકે તે સમયમાં ઓળખાતા હશે અને તેમની અપેક્ષાએ સતલજ અને સરસ્વતી વચ્ચેનો મેદાની પ્રદેશ માનવ લોક અને તેનાથી નીચાણનો પ્રદેશ અસુર અને દાનવલોક ગણાતા હશે એવું અનુમાન કરી શકાય છે.

૬ ઋગ્વેદ મંડળ ૧૦નું સૂક્ત ૯૫ પુરૂરવા અને ઉર્વશીના સંવાદરૂપે છે. તેમાં માત્ર ચાર વર્ષનું મૃત્યુલોકનું સહજીવન જણાવાયું છે.

यद्विरूपाचरं मर्त्येष्ववसं रात्रीः शरदश्चतस्रः ।

અને ઉર્વશીને પાછી ગંધર્વલોકમાં કેવી રીતે લઈ જવી તેનો વિચાર કરવા લાગ્યા. ઉર્વશીએ પુરૂરવા સાથે કરેલી શરતોની વિશ્વાવસુ નામના ગંધર્વને જાણ હતી. એમાંની એકાદ શરતનો ભંગ થાય તો ઉર્વશી ગંધર્વલોકમાં પાછી ચાલી આવે. એટલે તેમણે વિચારણા કરી એક કાવતરૂં રચ્યું.

ઉર્વશીને મેંઢાનાં બે બચ્ચાં ખૂબ પ્રિય હતાં. તેણી તેમને સૂતી વખતે પોતાની પાસે બાંધી રાખતી. એક વખત એક ખૂબ અંધારી રાત્રે ગંધર્વો આવ્યા અને એક બચ્ચાને ઉપાડીને ભાગ્યા. બચ્ચું અવાજ કરવા માંડયું અને ઉર્વશી જાગી ગઈ. એટલે "મારા બચ્ચાને કોઈક ઉપાડી જાય છે" એમ બૂમ પાડી ઊઠી. બૂમ સાંભળી પુરૂરવા જાગી ગયો, પણ પોતે નગ્ન સ્થિતિમાં સૂતો હતો એટલે તેણે ચોરને પકડી બચ્ચું પાછું લાવવા કાંઈ પ્રયાસ કર્યો નહીં. થોડા સમય પછી ગંધર્વોએ બીજું બચ્ચું ઉપાડયું. એટલે ઉર્વશી હતાશ થઈ કકળી ઊઠી કે "હું અનાથ હોઉં તેમ મારાં બચ્ચાંઓને કોઈક ઉપાડી જાય છે." પુરૂરવાથી આ સહન ન થયું તે તદ્દન નગ્ન હતો પણ વખત ન ખોવાની ખાતર 'અંધારી રાત્રિમાં કોણ જોવાનું છે' એમ માની પોતાની નગ્નતા ઢાંકયા વગર ચોરોની પાછળ દોડયો. તે જ્યારે ઉર્વશીની બરાબર નજરે પડે તેવી જગ્યાએ પહોંચ્યો કે તરત જ ગંધર્વોએ પ્રકાશ કર્યો અને પુરૂરવા નગ્ન સ્થિતિમાં ઉર્વશીની નજરે પડયો, શરત પૂર્ણ થઈ અને ઉર્વશી તેને તજી પાછી ગંધર્વ લોકમાં ચાલી ગઈ.

ઉર્વશી ચાલી જતાં પુરૂરવાને ખૂબ દુઃખ થયું, અને તેણીને શોધવા ચારે તરફ તે ફરવા માંડયો. એવામાં અચાનક પ્લક્ષ[૭] તીર્થમાં એક સરોવરમાં પાંચ અપ્સરાઓ સાથે જળક્રીડા કરતી તેણે તેને જોઈ. ઉર્વશીએ પણ તેને જોયો અને તેની પાસે આવી પોતાની સખીઓને તેની ઓળખાણ કરાવી. ત્યારબાદ સખીઓ ચાલી ગઈ. એકાંત પડતાં ઉર્વશીએ પુરૂરવાને કહ્યું કે, "મારા ગર્ભમાં તમારૂં સંતાન છે. એટલે એક વર્ષ પછી તે સંતાન તમને સોંપવા હું આવીશ." એક વર્ષના અંતે તેણી તે પુત્રને સોંપવા આવી અને એક રાત રોકાણી. પુરૂરવાએ કાયમને માટે રહી જવા માગણી કરી. ઉર્વશીએ જવાબ આપ્યો કે "હું કાયમના માટે માનવલોકમાં રહી શકું નહીં. પણ ગંધર્વોએ તમને વરદાન આપ્યું છે તો તમને ગંધર્વલોકમાં કાયમનો નિવાસ મળે તેવું વરદાન તેમની પાસે માગો". પુરૂરવાએ આ વાત સ્વીકારી અને ગંધર્વો પાસે તેમના લોકમાં કાયમનો નિવાસ મળે તેવી માગણી કરી. ગંધર્વોએ 'ભલે તેમ હો' તેમ કહીને તેને એક થાળીમાં અગ્નિ આપ્યો અને કહ્યું કે "આનું યજન કરજો, જેથી તમને કાયમ માટે ગંધર્વલોકમાં વાસ મળશે." પુરૂરવાએ અગ્નિ સ્વીકાર્યો અને તેના ત્રણ સ્વરૂપ કલ્પ્યાં. પૂર્વે એક જ અગ્નિ હતો. પુરૂરવાએ તેના ત્રણ વિભાગ કર્યા—આહવનીય, ગાર્હપત્ય અને દક્ષિણાગ્નિ. આ ત્રણ વિભાગમાં અગ્નિનું યજન કરીને પુરૂરવા ગંધર્વલોકને પામ્યો.

આ ઉપરથી એમ સમજાય છે કે માનવોમાં અગ્નિપૂજાનો પ્રારંભ પુરૂરવાથી થયો.

પુરૂરવાથી ચાલેલો રાજવંશ તેના પિતામહ સોમના નામ ઉપરથી સોમવંશ કહેવાય છે. સોમનો એક પર્યાય ચંદ્ર છે એટલે તે ચંદ્રવંશ પણ કહેવાય છે અને તે નામથી તે વધારે પ્રસિદ્ધ છે.

---

૭ પ્લક્ષ તીર્થ કુરુક્ષેત્રમાં સરસ્વતી નદીના કિનારા ઉપર આવેલું હતું.

પુરૂરવવાના જ્યેષ્ઠ પુત્ર આયુનો જ્યેષ્ઠ પુત્ર નહુષ હતો. નહુષને પિતૃકન્યા[૮] વિરજાથી યતિ, યયાતિ વગેરે છ પુત્રો થયા હતા.

યતિ ઐક્ષ્વાકુ કાકુત્સ્થની કન્યા ગાને પરણ્યો હતો તેવી નોંધ છે. યતિ સોમવંશમાં ઇલાથી ચોથી પેઢીએ થયો છે. અને ગા પણ ઇલાના ભાઈ ઇક્ષ્વાકુના વંશમાં ચોથી પેઢીએ થયેલ છે. એટલે આ નોંધ વિશ્વસનીય જણાય છે. સોમવંશ અને ઐક્ષ્વાકુ વંશના વૈવાહિક સંબંધનો આ સૌથી પ્રથમ ઉલ્લેખ છે.

યતિ વિરક્ત વૃત્તિનો હતો એટલે સંસાર છોડી વનમાં તપ કરવા ચાલ્યો ગયો. આથી નહુષ પછી યયાતિ ગાદી ઉપર આવ્યો.

યયાતિ એક મહાન શક્તિશાળી રાજા હતો. તેણે આસપાસનો પ્રદેશ જીતી પોતાનું રાજ્ય ખૂબ વિસ્તાર્યું. પુરાણકારો જે મહાન ચક્રવર્તી સમ્રાટો ગણાવે છે તેમાં મનુની પહેલાં થઈ ગયેલા પૃથુ વૈન્યને બાદ કરતાં સૌથી પ્રાચીન ચક્રવર્તી સમ્રાટ્ આ યયાતિ છે. તે અસુરરાજ વૃષપર્વાના ગુરુ શુક્ર આચાર્યની કન્યા દેવયાનીને પરણ્યો હતો. દેવયાનીની સાથે દાસી તરીકે વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠા આવી હતી. યયાતિને દેવયાનીથી યદુ અને તુર્વસુ એ બે પુત્રો અને શર્મિષ્ઠાથી દ્રુહ્યુ, અનુ અને પૂરુ એ ત્રણ પુત્રો એમ કુલ પાંચ પુત્રો થયા હતા. તે સમયમાં દાસી સાથેનો જાતીય સંબંધ સમાજમાન્ય હતો અને આ સંબંધથી થયેલાં સંતાનો ઔરસ સંતાનો જેવાં જ ગણાતાં અને પિતાની મિલકતમાં તેમનો વારસાહક્ક રહેતો.

પુરાણકારો યયાતિના સંબંધમાં એક વિચિત્ર કથા કહે છે. યયાતિએ શર્મિષ્ઠા સાથેના જાતીય સંબંધની હકીકત દેવયાનીથી છૂપી રાખી હતી. પરંતુ સમય જતાં આ ખબર દેવયાનીને પડી, અને તે ખૂબ કોપાવિષ્ટ થઈ. તેણે આ બાબતની ફરિયાદ પોતાના પિતા શુક્રાચાર્યને કરી. આથી દેવયાનીને શાંત કરવા શુક્રાચાર્યે યયાતિને વૃદ્ધત્વપ્રાપ્તિનો શાપ આપ્યો અને યયાતિ એકદમ વૃદ્ધ બની ગયો. આમ થતાં, યયાતિએ શુક્રાચાર્યને પ્રાર્થના કરી કે "દેવયાની સાથે વિષયભોગની મારી વાસના હજી તૃપ્ત થઈ નથી, એટલામાં તો મને વૃદ્ધત્વની પ્રાપ્તિ થઈ છે. માટે આનો કાંઈક ઉપાય બતાવો." શુક્રાચાર્યે શાપમાં એટલી રાહત આપી કે "તું તારા કોઈ પુત્રને આ વૃદ્ધત્વ આપી, તેનું તારુણ્ય લઈ તારી કામનાઓ પૂર્ણ કરી શકશે."

યયાતિએ ક્રમાનુસાર પોતાના પુત્રો યદુ, તુર્વસુ, દ્રુહ્યુ અને અનુને પોતાનું વૃદ્ધત્વ લઈ તેમનું તારુણ્ય આપવા કહ્યું. પરંતુ તેમાંના કોઈએ આ વાત સ્વીકારી નહીં. છેવટે તેણે આ પ્રસ્તાવ પોતાના નાના પુત્ર પૂરુ પાસે મૂક્યો, અને તેણે તે પ્રસ્તાવ આનંદપૂર્વક સ્વીકાર્યો. પિતાનું વૃદ્ધત્વ લઈ પૂરુએ પોતાનું તારુણ્ય તેમને આપ્યું.

---

૮ પિતૃકન્યા શબ્દના અર્થ બાબત મતભેદ છે. પિતૃ એટલે બ્રહ્મા અને પિતૃકન્યા એટલે તેમની માનસી પુત્રી. આવો અર્થ સામાન્યપણે લેવામાં આવે છે પણ તે સંતોષકારક નથી. પાર્જિટર તેનો અર્થ 'પિતાની કન્યા' એટલે બેન એવો કરે છે. ઔરસ અથવા સાવકી બેનોમાંથી જે બેનની સાથે લગ્ન થાય તેને બેન કહેતાં પિતૃકન્યા કહેવામાં આવતી એવો મત તેનો હોય તેમ જણાય છે. ભાઈબેનોનાં લગ્નો ઘણા પુરાણ કાળમાં થતાં એ હકીકત છે અને જૈનોના પહેલા તીર્થંકર ઋષભદેવે તેને અટકાવ્યાં તેવી જૈન અનુશ્રુતિ છે. વેદમાં યમ અને યમીનો સંવાદ (મં. ૧૦ સૂ. ૧૦) આ હકીકતનું સમર્થન કરે છે. મિસરમાં આવાં લગ્નો ઠેઠ ઈ. સ.ના પ્રારંભ સુધી પ્રશસ્ત ગણાતાં.

યયાતિએ પૂરુનું તારુણ્ય લીધા પછી ઘણા લાંબા કાળ સુધી ભોગોપભોગ ભોગવ્યા પણ તેને તૃપ્તિ થઈ નહીં. પરંતુ તેને એક મહાન સત્યનું દર્શન થયું. તેને જ્ઞાન લાધ્યું કે :—

न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥

यत्पृथिव्यां व्रीहियवं हिरण्यं पशवः स्त्रियः ।
नालमेकस्य तत्सर्वमिति पश्यन्न मुह्यति ॥ વાયુપુરાણ, અધ્યા. ૫૫

કામવાસનાઓ તેનો ઉપભોગ કરવાથી શમતી નથી, પણ હવિ નાંખેલા અગ્નિની જેમ તે વધતી જાય છે. આ પૃથ્વી ઉપર જે કંઈ વ્રીહિ, યવ, સોનું, પશુઓ, સ્ત્રીઓ વગેરે છે, એ સર્વ એકઠાં મળીને પણ એક માણસની તૃષ્ણાને શાંત કરવા પૂરતાં નથી એમ જે જુએ છે—સમજે છે તે મોહ પામતો નથી.

આ સનાતન સત્યની અનુભૂતિ થવાથી તેણે કામવાસનાઓનો ત્યાગ કરી તરુણાવસ્થા પૂરુને પાછી આપી અને તેની પાસેથી પોતાનું વૃદ્ધત્વ લઈ લીધું. 'આજ્ઞાંકિત પુત્ર તે જ ખરો પુત્ર છે' એમ જાહેર કરી પોતાનું પ્રતિષ્ઠાન નગરીનું મૂળ રાજ્ય પૂરુને આપ્યું અને પોતાના સામ્રાજ્યના સીમાડા ઉપરના પ્રદેશો મોટા ચાર પુત્રો વચ્ચે વહેંચી આપ્યા. પ્રતિષ્ઠાનની નૈઋત્યનો પ્રદેશ યદુને, અગ્નિદિશા તરફનો પ્રદેશ તુર્વસુને, પશ્ચિમ તરફનો પ્રદેશ દ્રુહ્યુને અને ઉત્તર તરફનો પ્રદેશ અનુને આપ્યો. ત્યારબાદ યયાતિ પોતે વનમાં તપ કરવા ચાલ્યો ગયો.

કથામાં ચમત્કારનું તત્ત્વ છે પણ તે સાથે એક વાત એટલી જ સત્ય છે કે સંયમપૂર્ણ અને અપરિગ્રહપ્રધાન ભારતીય સંસ્કૃતિનાં બીજ પૂર્વ કાળમાં સરસ્વતી નદીના ઉપરવાસના પ્રદેશમાં અને મધ્ય હિમાલયમાં ગંધમાદન, મેરુ, કૈલાસ વગેરે પર્વતોની અને માનસસરોવરની આસપાસની કંદરાઓમાં વવાયાં હતાં અને તે વાવનારાઓમાં ચક્રવર્તી સમ્રાટ્ યયાતિ પણ એક હતો.

આ પ્રમાણે ઉત્તર ભારતમાં સોમવંશીય પાંચ રાજ્યો સ્થપાયાં. તેમાંના યદુના વંશજો—યાદવો અને પૂરુના વંશજો પૌરવો ઘણા લાંબા કાળ સુધી રહ્યા છે, અને તેમણે ભારતના ઘડતર અને ચણતરમાં ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો છે. યાદવ વંશ ભારતના યુદ્ધ સુધી ચાલુ રહ્યો હતો અને ત્યારબાદ છત્રીસમે વર્ષે અંદરોઅંદર લડીને નષ્ટ થઇ ગયો હતો. પૌરવ વંશ મહાભારતના યુદ્ધ પછી પણ ચાલુ રહ્યો હતો, અને તેના છેલ્લા રાજા ક્ષેમકને હરાવીને મહાપદ્મનંદે ઈ. સ. પૂર્વે પાંચમા સૈકામાં તેનું રાજ્ય ખાલસા કર્યું અને પૌરવ રાજ્યનો અંત આણ્યો. બીજાં ત્રણ રાજ્યો અમુક કાળ સુધી ચાલી કાળના ગર્ભમાં વિલીન થઈ ગયાં હતાં.

પૌરવો

હવે આપણે પ્રતિષ્ઠાનની ગાદી ઉપર ચાલુ રહેલા પૂરુના વંશજો—પૌરવોની નોંધ લઈએ.

આપણે આગળ નોંધ લીધી છે કે પ્રતિષ્ઠાનની અગ્નિ, નૈઋત્ય, પશ્ચિમ અને ઉત્તર તરફના પ્રદેશો પૂરુના મોટા ભાઈઓના ભાગમાં આવ્યા હતા. એટલે રાજ્ય વિસ્તારવા પૂરુના વંશજોએ પૂર્વ દિશા તરફ નજર નાંખી. પૂરુના પૌત્ર અવિદ્ધે પૂર્વ તરફનો પ્રદેશ જીત્યો. આથી તેનું અપરનામ પ્રાચીનવત્ પડ્યું.

ઈલાથી અગિયારમી પેઢીએ પૌરવરાજા ધુંધુ થયો અને ઇક્ષ્વાકુથી અગિયારમી પેઢીએ કુવલાશ્વ નામનો રાજા થયો, જેને પુરાણકારો ધુંધુમાર નામથી બિરદાવે છે. આ ધુંધુમાર નામ માટે તેઓ તેમની રીત પ્રમાણે એક વિચિત્ર કથા કહે છે. તેઓ વર્ણવે છે કે ધુંધુ નામનો એક ભયંકર અસુર રેતીની નીચે પૃથ્વીમાં રહેતો હતો. તે દર વર્ષે શ્વાસ છોડતો હતો અને ત્યારે તેના શ્વાસથી ઊડેલી ધૂળ વડે આકાશ છવાઈ જતું, ભૂકંપ થતો અને અગ્નિની જવાળા તથા ધૂમાડા-વાળા તે નિઃશ્વાસથી આસપાસના પ્રદેશનો વિનાશ થતો. ઉત્તંક ઋષિની આ ફરિયાદ ઉપરથી કુવલાશ્વે ધુંધુને માર્યો અને તેથી તે ધુંધુમાર કહેવાયો. આ કથાના વર્ણન ઉપરથી વિદ્વાનો એવો મત ધરાવે છે કે ઉત્તંક ઋષિની આશ્રમની આસપાસ કોઈ રેતાળ પ્રદેશમાં કોઈ ભૂગર્ભ અગ્નિ હશે, જે સમયે સમયે સતેજ થઈ ધરતીકંપ કરતો હશે અને અગ્નિની જવાળાઓ ફેલાવી વિનાશ વેરતો હશે. કુવલાશ્વે પોતાની સેનાનો ભયંકર વિનાશ વહોરીને પણ નહેરવાટે પાણી વાળી આ આફત નિવારી દીધી હશે. હું અહીં એ હકીકત તરફ ધ્યાન ખેંચવા માગું છું કે પૌરવ ધુંધુ અને ઐક્ષ્વાકુ કુવલાશ્વ ઇલા ઇક્ષ્વાકુથી અગિયારમી પેઢીએ થયા છે એટલે સમકાલીન હોવા જોઈએ. એમ કેમ ન બન્યું હોય કે ધુંધુએ ઉત્તંક ઋષિને હેરાન કર્યા હોય અને કુવલાશ્વે ઉત્તંક ઋષિના કહેવાથી યુદ્ધ કરી ધુંધુને માર્યો હોય ? મૂળ પુરાણકારને આ હકીકતની જાણ ન હોવાથી ધુંધુમાર શબ્દ સમજાવવા ઉપરની કથા ઉપજાવી કાઢી હોય અને પછી તો ઉમેરાઓ સાથે ચલણી બની હોય.

ધંધુથી પાંચમી પેઢીએ મતિનાર (રંતિનાર) થયો. તેને સરસ્વતી નામની રાણીથી તંસુ, અપ્રતિરથ અને ધ્રુવ એમ ત્રણ પુત્રો અને ગૌરી નામની એક પુત્રી એમ ચાર સંતાનો થયાં હતાં. ગૌરી યુવનાશ્વ (બીજા)ને પરણાવી હતી. આ યુવનાશ્વ ઐક્ષ્વાકુ વંશમાં ધુંધુના સમકાલીન કુવલાશ્વથી છઠ્ઠી પેઢીએ આવે છે એટલે આ હકીકત વિશ્વસનીય છે, એટલું જ નહિ પણ બંને વંશોની વંશાવળીઓ પણ સહેજસાજ ફેરફાર સાથે વિશ્વસનીય જણાય છે. ઘણાખરાં પુરાણોએ આ વૈવાહિક સંબંધની નોંધ લીધી છે. પૌરવો અને ઐક્ષ્વાકુઓ વચ્ચે નોંધાયેલો આ બીજો વૈવાહિક સંબંધ છે.

વાયુપુરાણ કહે છે કે અપ્રતિરથનો પુત્ર કણ્ઠ હતો. કણ્ઠના પુત્ર મેધાતિથિના પુત્રો બ્રાહ્મણ-ધર્મ સ્વીકારી આંગિરસોમાં ભળી ગયા. તેમનું ગોત્ર કાણ્ઠાયન. વળી તે જ પુરાણ બીજે સ્થળે નોંધે છે કે પૌરવ રાજા અજમીઢને કેશિની નામની રાણીથી કણ્ઠ નામનો પુત્ર થયો હતો. આ કણ્ઠના પુત્ર મેધાતિથિના પુત્રો આંગિરસ બ્રાહ્મણો બની ગયા અને તેમનું ગોત્ર કાણ્ઠાયન. આ પ્રમાણે કાણ્ઠાયન ગોત્ર વિષે વાયુ પુરાણ બે જુદી જુદી ઉત્પત્તિઓ નોંધે છે. એટલે તેમાં તેની ભૂલ છે. તેની પહેલી નોંધ ભૂલભરેલી છે. ભાગવત અને કેટલાંક પુરાણો અપ્રતિરથના પુત્રને કણ્વ કહે છે. વળી તેઓ જણાવે છે કે કણ્વનો પુત્ર મેધાતિથિ અને મેધાતિથિના પુત્ર પુસ્કણ્વથી તેના પિતામહ કણ્વના નામથી કાણ્વાયન (ટૂંકામાં કણ્વ) ગોત્રની શરૂઆત થઈ. આ ઉલ્લેખ વિશ્વસનીય જણાય છે. એટલે કે અપ્રતિરથના પુત્ર કણ્વના પૌત્રથી કાણ્વાયન ગોત્રની અને અજમીઢના પુત્ર કણ્ઠના પૌત્રથી કાણ્ઠાયન ગોત્રની શરૂઆત આંગિરસોમાં થઈ એમ માનવું વધારે આધારભૂત જણાય છે.

તંસુનો પૌત્ર દુષ્યંત. દુષ્યંત કાશ્યપગોત્રના ઋષિ વિશ્વામિત્રને[૯] અપ્સરા મેનકાથી થયેલી અને કણ્વ ઋષિના આશ્રમમાં ઉછેરેલી શકુંતલાને પરણ્યો હતો તે સુપ્રસિદ્ધ છે. આ કણ્વ તે દુષ્યંતના પિતામહ તંસુના ભાઈ અપ્રતિરથનો પુત્ર કણ્વ હોવાનો પૂરેપૂરો સંભવ છે.

દુષ્યંત–શકુંતલાનો પુત્ર ભરત. આ ભરત એક ચક્રવર્તી સમ્રાટ્ ગણાય છે. તેણે દક્ષિણમાં યમુના ઓળંગી ગંગા નદી સુધી પોતાનું રાજ્ય વિસ્તાર્યું હતું, અને યમુના તથા ગંગાના વિસ્તારોમાં પુષ્કળ યજ્ઞો કર્યા હતા.

ભરતનો ઐન્દ્ર મહાભિષેક ઋષિ ઉમત્થ્યના પુત્ર ઋષિ દીર્ઘતમસે કર્યો હતો અને તેથી તે વિશ્વવિજેતા બન્યો હતો તેવો ઉલ્લેખ ઐતરેય બ્રાહ્મણમાં છે. ઉમત્થ્ય અને બૃહસ્પતિ નામના બે આંગિરસ ઋષિભાઈઓ હતા. કદાચ તેઓ કોઈ હિમાલય પર્વતમાં રહેનારી જાતિના હોય. કારણ કે તે બંને ભાઈઓ વચ્ચે ત્યાં રહેનારી કેટલીક જાતિના રિવાજ પ્રમાણે મમતા નામની એક જ પત્ની હતી. મમતાથી ઉમત્થ્યને દીર્ઘતમસ્ નામનો પુત્ર અને બૃહસ્પતિને ભરદ્વાજ નામનો પુત્ર થયા હતા. પૌરાણિકોએ તેમની રીત પ્રમાણે ભરદ્વાજ શબ્દની ઉટપટાંગ વ્યુત્પત્તિ આપી તેના સમર્થન માટે એક વિચિત્ર કથા જોડી કાઢી છે, જેને જરા પણ મહત્ત્વ આપવાની જરૂર નથી. દીર્ઘતમસ્ ઔમત્થ્ય અને ભરદ્વાજ બાર્હસ્પત્ય એ બંને વૈદિક મંત્રદ્રષ્ટાઓ છે, અને તેમનાં સૂક્તો ઋગ્વેદમાં છે. ઋગ્વેદના છઠ્ઠા મંડળના મોટા ભાગનાં સૂક્તો ભરદ્વાજ બાર્હસ્પત્યના નામે ચડેલાં છે. વાયુપુરાણ કહે છે કે દૌષ્યન્તિ ભરતના નામ ઉપરથી આ દેશનું નામ ભારતવર્ષ (ટૂંકામાં ભારત) પડયું છે.[૧૦] આ એક વિવાદાસ્પદ બાબત છે. મોટા ભાગના લેખકો ઋષભદેવના પુત્ર ચક્રવર્તી ભરતના નામ ઉપરથી આ દેશનું નામ ભારત પડયું છે તેમ જણાવે છે.[૧૧]

ભરતને ત્રણ રાણીથી નવ પુત્રો થયા હતા, પરંતુ એકેય પુત્ર તેને લાયક ન હતો તેમ ભરતના કહેવાથી તેમની માતાઓએ તે પુત્રોને મારી નખાવ્યા હતા તેવો ઉલ્લેખ છે. ગમે તેમ હો, પણ વૃદ્ધાવસ્થામાં ભરત અપુત્ર હતો એટલે ઋષિ બૃહસ્પતિના પુત્ર ઋષિ ભરદ્વાજની સલાહથી મરુત્સોમ યજ્ઞ કરી ભરદ્વાજના પૌત્ર વિદથિન્‌ને પુત્ર તરીકે અપનાવ્યો અને ભરતના મૃત્યુ પછી તે ગાદી ઉપર આવ્યો. આમ બ્રાહ્મણે ક્ષત્રિયત્વ સ્વીકાર્યાનો આ પહેલો દાખલો છે.

ભરતના વંશજો પોતાને ભારતો તરીકે ઓળખાવે છે. એટલે પૂરુના વંશજો પૌરવોમાંથી ભરતના વંશજોની ભારત નામની એક શાખા આ સમયે ઉત્પન્ન થઈ.

વિદથિન્‌નો પુત્ર ભુવમન્યુ. ભુવમન્યુને ચાર પુત્રો બૃહત્ક્ષત્ર, મહાવીર્ય, નર અને ગાગ્ર થયા હતા. તેમાંના પાછલા ત્રણના વંશજો ધીમે ધીમે બ્રાહ્મણત્વ સ્વીકારી દ્વિજોમાં ભળી ગયા.

---

૯ આ વિશ્વામિત્ર ભાર્ગવોમાં કૌશિક ગોત્રના સ્થાપક અને ઋગ્વેદના ત્રીજા મંડળના દ્રષ્ટા ગાધિપુત્ર વિશ્વામિત્રથી જુદા છે.

૧૦ शकुंतलायां भरतो यस्य नाम्ना तु भारतम् । अनुषंगपादसमाप्ति श्लो. ५५

૧૧ हिमाद्रेर्दक्षिणं वर्षं भरताय न्यवेदयत् ।
तस्मात् तु भारतं वर्षं तस्य नाम्ना विदुर्बुधाः ॥

લિંગપુરાણ અધ્યા. ૪૭

બૃહત્ક્ષત્રનો પુત્ર સુહોત્ર, અને સુહોત્રનો પુત્ર હસ્તિન્. રાજ્ય દક્ષિણ તરફ વધતું જતું હતું એટલે રાજગાદીને દક્ષિણ તરફ લાવવાની જરૂરિયાત ઊભી થઈ. હસ્તિને પ્રતિષ્ઠાનપુરથી ગાદી ફેરવી, ગંગાના કિનારે હસ્તિનાપુર વસાવી ત્યાં ગાદી સ્થાપી. ત્યારથી હસ્તિનાપુર પ્રખ્યાતિમાં આવ્યું.

હસ્તિનને અજમીઢ, દ્વિમીઢ અને પુરુમીઢ નામના પુત્રો હતા. દ્વિમીઢથી એક જુદો રાજવંશ શરૂ થયો, જે અમુક પેઢી સુધી ચાલી સમાપ્ત થયો તેમ કહેવાયું છે.

અજમીઢને કેશિની નામની પત્નીથી કણ્ઠ નામનો પુત્ર થયો હતો. તેના પુત્ર મેધાતિથિના પુત્રથી કાણ્ઠાયન દ્વિજોની શરૂઆત થઈ તેની નોંધ આગળ લેવાઈ ગઈ. અજમીઢને ધૂમિની નામની પત્નીથી બૃહદ્વસુનામા પુત્ર થયો. બૃહદ્વસુનો એક વંશજ નીપ થયો. નીપના પુત્ર સમરે કાંપિલ્યમાં રાજગાદી સ્થાપી અને ત્યારથી પૌરવોમાં નીપોની શાખાનો પ્રારંભ થયો. આ શાખા અગિયાર-બાર પેઢી સુધી ચાલી હોય તેમ જણાય છે. છેલ્લા રાજા જન્મેજયના સમયમાં દ્વિમીઢના વંશજ ઉગ્રાયુધે બધા નીપોનો નાશ કર્યો તેમ કહેવાયું છે.

અજમીઢને નીલિની નામની પત્નીથી નીલ નામે પુત્ર થયો. તેની ત્રીજી પેઢીએ ઋક્ષ થયો. ઋક્ષને પાંચ પુત્રો હતા. મુદ્ગલ, સૃંજય, બૃહદિષુ, યવીયાન્ અને કાંપિલ્ય. તેઓએ પંચાલનો પ્રદેશ[૧૨] કબજે કરી ત્યાં રાજ્યો જમાવ્યાં હોય તેમ જણાય છે.

મુદ્ગલનો પૌત્ર વધ્ર્યશ્વ. તે પરાક્રમી રાજા હતો. તેના વંશમાં દિવોદાસ, પિજવન, સુદાસ, સહદેવ સોમક વગેરે ઉત્તરોત્તર મહાન રાજાઓ થઈ ગયા છે. એક રીતે ગણીએ તો આ રાજાઓનો સમય ઉજ્જ્વળ, ભવ્ય અને વૈદિક કાળની ભારતીય સંસ્કૃતિનો સુવર્ણયુગ કહી શકાય તેવો છે. વેદના મહાન મંત્રદ્રષ્ટાઓ—મૈત્રાવારુણિ વસિષ્ઠ, ગાથિન વિશ્વામિત્ર, મૈત્રાવારુણિ અગત્સ્ય, આર્ચિક જમદગ્નિ અને જામદગ્ન્ય પરશુરામ વગેરે તથા ઐક્ષ્વાકુ રાજા હરિશ્ચંદ્ર, હૈહયરાજા અર્જુન કાર્તવીર્ય, યાદવ રાજા જયામઘ, વગેરે મહાન રાજાઓ આ યુગમાં થઈ ગયા છે.

આ પંચાલ રાજાઓના સમય દરમિયાન યજ્ઞને વિસ્તૃત બનાવવામાં આવ્યો હોય તેમ જણાય છે. વધ્ર્યશ્વ, અગત્સ્ય અને ઐક્ષ્વાકુ રાજા પૌરુકુત્સ્ય ત્રસદસ્યૂએ સાથે મળીને મણિમતીના રાજા અસુર ઇલ્વિલને માર્યો હતો અને તેનું ધન લૂંટી લીધું હતું તેવી એક કથા છે. (મહાભારત વનપર્વ, અ. ૯૮) દિવોદાસ ઉર્ફે અતિથિગ્વને માટે ઇન્દ્રે દાનવરાજા શંબરને માર્યો હતો અને તેનાં લગભગ સો જેટલાં ગામો ભાગ્યાં હતાં તેવી પ્રશસ્તિ ઋગ્વેદમાં સ્થળે સ્થળે ગવાઈ છે. સુદાસ મહાન વિજેતા હતો. તેણે પરુષ્ણી (બિયાસ) નદીના કાંઠે એકઠા મળેલા દશ રાજાઓનાં સમૂહસૈન્યને સજ્જડ હાર આપી હતી. આ યુદ્ધનું વર્ણન ઋગ્વેદમાં દાશરાજ્ઞ યુદ્ધ તરીકે સુદાસના પુરોહિત મૈત્રાવારુણિ વસિષ્ઠે સાતમા મંડળમાં અઢારમા સૂક્તમાં આપેલું છે. સાહદેવ્ય સોમકે વામદેવ ઋષિને દાન આપ્યાની હકીકત પણ ઋગ્વેદમાં નોંધાયેલી છે. સોમકથી આ

---

૧૨ ઉત્તર પ્રદેશ રાજ્યનો હાલનો લગભગ રોહિલખંડ, હિમાલયની તળેટી અને ગંગા વચ્ચેનો પ્રદેશ તે ઉત્તર પંચાલ. તેનું મુખ્ય શહેર અહિચ્છત્રા હતું. ગંગા અને યમુના વચ્ચેનો પ્રદેશ તે દક્ષિણ પંચાલ અને તેનું મુખ્ય શહેર કાંપિલ્ય હતું.

વંશનો અંત આવ્યો હોય તેમ જણાય છે. સોમકનો ઐન્દ્રમહાભિષેક પર્વત અને નારદ ઋષિઓએ કર્યો હતો તેવો ઉલ્લેખ ઐ.બ્રા.માં છે. (અ. ૩૯, ખંડ ૮) કદાચ હસ્તિનાપુરના પૌરવ રાજા સંવરણના પુત્ર કુરુએ આ રાજ્યને પાછું પાડી દીધું હોય તેવો સંભવ છે.

અજમીઢને ધૂમિનીથી એક બીજો પુત્ર ઋક્ષ નામનો થયો હતો. આ ઋક્ષથી પૌરવોનો મૂળ વંશ હસ્તિનાપુરમાં આગળ ચાલ્યો. ઋક્ષનો વંશજ સંવરણ પંચાલ રાજા સુદાસનો સમકાલીન હોય અને તેને સુદાસે હરાવ્યો હોય તેમ જણાય છે. તે નાસીને હિમાલયની ઘાટીઓમાં છુપાયો હતો. ત્યાં ઐક્ષ્વાકુ રાજાઓના પુરોહિત વસિષ્ઠ કુળના એક ઋષિની મદદથી ઐક્ષ્વાકુ રાજપુત્રી (વૈવસ્વતી) તપતીને તે પરણ્યો અને તેનાથી કુરુ નામે પુત્ર થયો. આ કુરુએ ઉંમરલાયક થતાં પોતાનો પ્રદેશ પાછો જીતી રાજગાદી પાછી મેળવી તેમ જ આસપાસનો પ્રદેશ જીતી પોતાની સાર્વભૌમ સત્તા સ્થાપી. આજે પણ તે પ્રદેશ તેના નામથી કુરુક્ષેત્ર કહેવાય છે. કુરુના વંશજો પોતાને કૌરવો કહેવડાવવા લાગ્યા અને ત્યારથી પૌરવ ભારતોમાં કૌરવની એક શાખા ઉત્પન્ન થઈ.

કુરુને ચાર પુત્રો હતા : સુધન્વા, જહ્નુ, પરીક્ષિત અને પુત્રક. સુધન્વાનો વંશ મગધમાં ગિરિવ્રજમાં ચાલ્યો છે. તેના વંશમાં ચૈદ્યોપરિચર વસુ અને જરાસંધ થયા. જરાસંધને પાંડુપુત્ર ભીમે મલ્લયુદ્ધમાં માર્યો હતો અને તેનો પુત્ર સહદેવ કૌરવપક્ષે મહાભારતના યુદ્ધમાં લડતાં મરાયો હતો. પરીક્ષિતના પુત્ર જનમેજયનો કવષ ઋષિના પુત્ર તુરે ઐન્દ્રમહાભિષેક કર્યો હતો તેવો ઉલ્લેખ છે, પણ તેમના વંશ સંબંધી કોઈ પણ જાતની માહીતિ પુરાણો આપતાં નથી. એટલે આ વંશ આગળ ચાલ્યો હોય તેમ જણાતું નથી.

જહ્નુનો વંશ હસ્તિનાપુરમાં ચાલ્યો. તેના વંશમાં પ્રતીપ થયો. તેનો પુત્ર શંતનુ ગંગાને પરણ્યો હતો અને તેનાથી શંતનુને દેવવ્રત નામનો પુત્ર થયો હતો. શંતનુ ગંગાના મૃત્યુ પછી દાશ રાજાની પુત્રી કાલી (સત્યવતી)ને પરણ્યો હતો અને તેનાથી ચિત્રાંગદ તથા વિચિત્રવીર્ય નામના બે પુત્રો થયા હતા.

પોતાના પિતા શંતનુને કાલી પરણાવવા માટે દેવવ્રતે બે ભીષ્મ પ્રતિજ્ઞાઓ—રાજગાદીનો ત્યાગ અને આજીવન અખંડ બ્રહ્મચર્ય—લીધી હતી. એટલે તે ભીષ્મના નામથી સુપ્રસિદ્ધ છે. આ કારણથી શંતનુના મૃત્યુ પછી હસ્તિનાપુરની ગાદીએ ચિત્રાંગદ આવ્યો. તે તે વખતે સોળસત્તર વર્ષનો હતો અને પોતાના બળનો ઘમંડી હતો. તે પોતાના જ નામેરી ચિત્રાંગદ નામના ગંધર્વ સાથે આથડ્યો અને ત્રણ વર્ષના યુદ્ધના અંતે યુદ્ધમાં મરાયો. તે અપરિણિત હતો. તે સમયે વિચિત્રવીર્ય નાનો હતો એટલે તેને રાજગાદી ઉપર બેસાડી દેવવ્રત ભીષ્મ રાજ્ય ચલાવતા. આ સમય દરમિયાન કાશીરાજની પુત્રીઓને સ્વયંવરમાંથી હરણ કરી ભીષ્મ લઈ આવ્યા અને તેમાંની બેને—અંબિકા અને અંબાલિકાને વિચિત્રવીર્ય સાથે પરણાવી. વિચિત્રવીર્ય વરણાગિયો હતો. તે રાણીઓ સાથે ભોગવિલાસમાં પડી ગયો અને નાની ઉંમરે ક્ષય થતાં મરણ પામ્યો. તે અપુત્ર હોવાથી તે સમયના રિવાજ પ્રમાણે તેની પત્નીઓ અંબિકા તથા અંબાલિકા અને દાસી પાસે કૃષ્ણ દ્વૈપાયન (વ્યાસ)નું સેવન કરાવી ક્ષેત્રજ પુત્રો—ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર ઉત્પન્ન કારાવ્યા. ધૃતરાષ્ટ્ર જન્મથી જ બંને આંખે અંધ હતો. કૌરવોને શારીરિક ખોડવાળો

રાજા પસંદ ન હતો એટલે ધૃતરાષ્ટ્રને રાજગાદી સોંપવામાં આવી નહીં. પણ પાંડુ ઉંમરલાયક થતાં તેને રાજગાદી ઉપર બેસાડવામાં આવ્યો.

ધૃતરાષ્ટ્ર ગાંધારરાજની કન્યા ગાંધારીને પરણ્યો હતો અને તેનાથી તેને દુર્યોધન, દુ:શાસન, વિકર્ણ વગેરે પુત્રો તથા દુ:શલા નામની પુત્રી થયાં હતાં. પાંડુ યાદવરાજા કુંતિભોજની કન્યા પૃથા (કુંતી) અને મદ્રરાજાની પુત્રી માદ્રીને પરણ્યો હતો. પૃથાથી તેને યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન તથા માદ્રીથી જોડકા પુત્રો નકુલ અને સહદેવ એમ પાંચ ક્ષેત્રજ પુત્રો થયા હતા.

ધૃતરાષ્ટ્રના પુત્રો દુર્યોધનાદિ કૌરવોના નામથી અને પાંડુના પુત્રો યુધિષ્ઠિરાદિ પાંડવોના નામથી સામાન્ય રીતે ઓળખાય છે. કૌરવો અને પાંડવો વચ્ચે સંબંધો હંમેશાં તંગ રહેતા અને તે અંતે મહાન યુદ્ધમાં પરિણમ્યા. આ યુદ્ધ તે મહાભારતના યુદ્ધના નામે ઓળખાય છે. તેમાં ઉત્તર ભારતના દરેક રાજાએ ભાગ લીધો હતો અને લગભગ સર્વે વિનાશ પામ્યા હતા. આ યુદ્ધમાં ભાગ લેનારાઓમાંથી માત્ર દશ જ જણ જીવતા રહ્યા હતા, બાકી સર્વે મૃત્યુને શરણ થયા હતા તેમ કહેવાયું છે. આ દસ તે પાંચ પાંડવો, શ્રીકૃષ્ણ, સાત્યકિ, ભૂરિશ્રવા, અશ્વત્થામા અને કૃતવર્મા હતા. આવા મહાન યુદ્ધોમાં થયેલા વિનાશથી જૂનો સમાજ છિન્નભિન્ન થઈ જાય છે, જૂનાં મૂલ્યો નાશ પામે છે અને નવાં મૂલ્યો સાથે નવો સમાજ રચાય છે. આ સમયે પણ એમ જ બન્યું. મહાભારતના યુદ્ધને અંતે જૂનો યુગ પૂરો થયો અને નવા યુગ—કલિયુગની શરૂઆત થઈ તેમ પૌરાણિકો કહે છે.

મહાભારતના યુદ્ધમાં વિજેતા બન્યા પછી યુધિષ્ઠિરે હસ્તિનાપુરમાં છત્રીસ વર્ષ રાજ્ય કર્યું. ત્યાર બાદ અર્જુનના પુત્ર અભિમન્યુના પુત્ર પરીક્ષિતને રાજગાદી સોંપી તેમણે વાનપ્રસ્થ લીધું. પરીક્ષિતે ચોવીસ વર્ષ રાજ્ય કર્યું તે સમયે નાગ લોકોએ બંડ કર્યું અને તેમના નાયક તક્ષકે પરીક્ષિતને માર્યો. પરીક્ષિતનો પુત્ર જનમેજય મહાપરાક્રમી હતો. તેણે નાગલોકો સાથે મજબૂત હાથે કામ લીધું, અને તેમનો સંહાર આદર્યો. નાગલોકો 'ત્રાહિ, ત્રાહિ' એમ પોકારતા નાસભાગ કરવા લાગ્યા. અંતે તક્ષકના ભાણેજ આસ્તિકે જનમેજય પાસેથી વરદાન મેળવી આ સંહાર અટકાવ્યો અને તેમને બચાવ્યા. આ પ્રસંગ મહાભારતમાં સર્પસત્રના રૂપકથી વર્ણવાયેલ છે. જનમેજય પછી ચોથી પેઢીએ નિચક્ષુ (નિર્વક્ત્ર) થયો. તેના રાજકાલ દરમિયાન ગંગામાં મોટું પૂર આવ્યું અને હસ્તિનાપુરનો નાશ થયો.

ગંગાના ભયંકર પૂરથી હસ્તિનાપુરનો સદંતર વિનાશ થવાથી નિચક્ષુએ ત્યાંથી ફેરવી કૌશાંબીમાં રાજગાદી સ્થાપી. હસ્તિનાપુરની નજીકના કોઈ શહેરના બદલે દૂરના વત્સદેશની કૌશાંબી તેણે કેમ પસંદ કરી, તેનાં કારણો પુરાણો આપતાં નથી. કદાચ ઉત્તર તરફનાં રાજ્યો તરફથી હસ્તિનાપુર ઉપર દબાણ વધતું જતું હશે એટલે આ તકનો લાભ લઈ દૂરના દક્ષિણ તરફના વત્સદેશમાં રાજગાદી લઈ જવાનું નિચક્ષુએ મુનાસિબ માન્યું હશે.

નિચક્ષુ પછી બાવીસમી પેઢીએ શતાનીક થયો. તે જૈનોના છેલ્લા તીર્થંકર મહાવીરના મામા વૈશાલીના રાજા ચેટકની એક પુત્રી મૃગાવતીને પરણ્યો હતો તેવો ઉલ્લેખ જૈન કથાઓમાં છે. તેમનો પુત્ર ઉદયન. તે ઉજ્જયિનીના પ્રદ્યોતવંશના સ્થાપક રાજા પ્રદ્યોતની પુત્રી વાસવદત્તાને ભગાડીને પરણ્યો હતો. આ પ્રણય કથા મહાકવિ ભાસે પોતાના 'સ્વપ્નવાસવદત્તમ્" નામના

સંસ્કૃત નાટકમાં અમર કરી છે. કવિકુલગુરુ કાલિદાસે પણ પોતાના ખંડ કાવ્ય 'મેઘદૂતમ્'માં આ કથાનો ઉલ્લેખ કર્યો છે. ઉદયન પછી ચોથી પેઢીએ ક્ષેમક થયો, અને તેનાથી વત્સદેશના પૌરવ રાજવંશનો અંત આવ્યો તેમ પુરાણો કહે છે. વાયુ પુરાણ કહે છે કે :—

ब्रह्मक्षत्रस्य यो योनिर्वंशो देवर्षिसत्कृतः ।
क्षेमकं प्राप्य राजानं संस्थां यास्यति वै कलौ ॥

જે વંશમાં બ્રાહ્મણ અને ક્ષત્રિયો ઉત્પન્ન થયા છે, અને જેને દેવો તથા ઋષિઓએ સત્કાર્યો છે, તે વંશમાં ક્ષેમક રાજા ઉત્પન્ન થશે અને ત્યારે કલિયુગમાં તેનો અંત આવશે.

આમ છતાં, આ વંશનો ઉચ્છેદ કોણે કેવી રીતે કર્યો તેનો ઉલ્લેખ નથી. ઉદયનના સમકાલીન મગધના રાજા દર્શકની ચોથી પેઢીએ મહાપદ્મનંદ આવે છે. એટલે ક્ષેમક અને મહાપદ્મ સમકાલીન થયા. આ મહાપદ્મનંદે આખું ઉત્તર ભારત જીતી, ક્ષત્રિય રાજ્યોનો નાશ કરી એકચક્રીય સામ્રાજ્ય સ્થાપ્યું હતું. એટલે તેણે જ આપણે ઉપર નોંધ લીધી છે તેમ ક્ષેમકને હરાવી વત્સદેશ ખાલસા કરી નંદના સામ્રાજ્યમાં ભેળવી દીધું હોય તેમ માનવું યોગ્ય જણાય છે.

શ્રીધરાણીની કવિતા

હસિત હ. બૂચ

"કોડિયાં" અને "પુનરપિ"—કાવ્યસંગ્રહોના કવિ કૃષ્ણલાલ શ્રીધરાણીને સંભારનારના મનમાં કેટલેક અંશે કવિ પ્રિયકાન્ત મણિયારની યાદ પણ જો આવી જાય, તો એમાં વજૂદ છે. કવિ તરીકે ઉભયના નવ્ય પરિવર્તન-વિશિષ્ટ વિકાસની પળ હજી પ્રત્યક્ષ થઈ રહી હતી ત્યાં જ, એનાં પાસાં ઝળકવા માંડેલાં ત્યાં જ, ઓગણપચાસની મધ્યપ્રવાહ વયે જ બેઉ ચિર વિદાય લઈ ગયા (શ્રીધરાણી) ૧૯૧૧–૧૯૬૦, પ્રિયકાન્ત (૧૯૨૭–૧૯૭૬). શ્રીધરાણીનો અમેરિકાનિવાસ બાર વર્ષોનો; પ્રિયકાન્તનો ત્યાંનો પ્રવાસ થોડાએક મહિનાનો, પરંતુ કવિ તરીકે બંનેમાં જે નવ્ય પરિવર્તનની ભૂમિકા બંધાઈ, તે ત્યાંના વાતાવરણને લીધે. આ બંને કવિઓના હાડમાં જ રંગદર્શીત્વ અને સૌંદર્યપ્રીતિ, એની મસ્તી. બેઉમાં આસપાસના જીવન–સાંપ્રત પ્રત્યેની જાગરુકતા વેધક અને દ્યોતક. લયની નરવી સૂઝ ઉપરાંત દિલચસ્પી પણ બંનેમાં સારા પ્રમાણમાં, ભલે એનું પ્રાગલ્ભ્ય ભિન્ન વરતાતું હોય. બંનેની બાનીનો રણકો સુઘડ, મીઠો, વસ્તુનિષ્ઠ. પોતાના ગાળામાં બંનેની ભાત નોખી અને માતબર. એ યોગ પણ ટાંકવો હોય તો ટાંકવાજોગ, કે આ બે કવિઓના વિશેષ પ્રત્યે પહેલું ખાસ લક્ષ દોરવાનું કાર્ય બજાવ્યું એક જ હાથે, ઉમાશંકરની કલમે.

પિતા જેઠાલાલ નાગજીભાઈ શાહનું છત્ર નવની વયે અને માતા લહેરીબહેનની હૂંફ તેરની ઉમરે ખોતા કૃષ્ણલાલ શ્રીધરાણીનો[1] જન્મ સૌરાષ્ટ્રના ઉમરાળામાં અને કૈશોર્ય મોસાળમાં–જૂનાગઢમાં. ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થામાં, પછી ગૂજરાત વિદ્યાપીઠમાં, તે પછી શાંતિનિકેતનમાં શિક્ષણ ઉપરાંત સાહિત્ય–કળા તથા રાષ્ટ્રિય અસ્મિતાના નૂતન પ્રેરક સંસ્કાર ઉમંગથી તેમ જ સૂઝથી ઝીલી, એમાં તરવરી ઊઠી, શ્રીધરાણી તેવીસની વેગીલી વયે અમેરિકા જઈને ત્યાં બાર વર્ષ રહે છે. ત્યાં જ એમ.એ. અને પીએચ.ડી. થવા ઉપરાંત પત્રકાર–લેખકરૂપે અંગ્રેજી ભાષાના તેજસ્વી કલમનવેશ નીવડે છે. એમનાં અંગ્રેજી પ્રકાશનો—"માય ઇંડિયા, માય અમેરિકા", "વૉર વિધાઉટ વાયોલન્સ" અને "વૉર્નિંગ ટુ ધી વેસ્ટ"—તેમણે સૌનું લક્ષ દોર્યું. ખરી રીતે તો, "સ્વતંત્ર થવા મથતા રાષ્ટ્રના એ એલચી હતા" એ શબ્દો[2] એમણે ત્યાં સાર્થ કરી દાખવ્યા. આપણા સ્વાતંત્ર્યસંગ્રામની શકવર્તી દાંડીકૂચના એઓ એક સૈનિક, વિદેશમાં એમનો એ રંગ છાનો ન જ રહ્યો. ભારત સ્વતંત્ર થતાં, ૧૯૪૬માં શ્રીધરાણી પાંત્રીસની વયે પુનઃ દેશમાં વસવા દિલ્હી આવે છે, થોડા સમય વિદેશ ખાતામાં અધિકારી રહી, પછી ઠેઠ લગી પત્રકાર તરીકે કાર્ય કરે છે. સાહસ, ઉત્સાહ, પુરુષાર્થ, ભાવનાશીલતા અને માર્ગવિવેક

---

૧ મૂળ અવટંક "શાહ"ને સ્થાને કવિએ "શ્રીધરાણી" અવટંક લીધી, તે પૂર્વજ શ્રીધરના નામ પરથી; પછી કુટુમ્બમંડળમાં એ વ્યાપી—કવિના એક કુટુમ્બી દ્વારા પ્રાપ્ત માહિતી.

૨ મહેતા, શ્રી ગગનવિહારી, "સંસ્કૃતિ", ઑગસ્ટ, ૧૯૬૦.

એમના જીવનમાં સળંગ મૂર્ત થતાં જણાય છે. આવા એમના જીવનનો તાર એમના કવનમાં સ્વાભાવિક ઝંકૃતિ પામ્યો છે. પત્ની સુંદરીબહેન, પુત્ર અમર, પુત્રી કવિતા, એ નામો પણ જાણે એમના કવનની મિતાક્ષરી ઓળખ આપે એવાં. પોતાના સમયની નવી દિશા, એનો નવો રાહ જોઈ લઈ ત્યાં પગલાં માંડવાં એ શ્રીધરાણીની સ્ફૂર્તિ ઓછી મહત્ત્વની નથી, પરંતુ વધુ મહત્ત્વનું એ કહેવું જોઈએ, કે ત્યાં પોતાનું વિત્ત એમણે નિષ્ઠાપૂર્વક ઝળકાવ્યું.

આ ઝળકમાં જે ચિરંજીવપણું પુરવાર થયું છે તે અલબત્ત એમના કવિત્વને કારણે. શ્રીધરાણી કવિરૂપે લાંબો કાળ સંભારાવાના. એમની કવિતામાં વચ્ચે વચ્ચે કવિત્વનિરૂપણ કે વસ્તુનિર્વહણ કલાની સાવધતા ચૂકતું હોય, એમાં બહિર્લક્ષીપણું રહી ગયું હોય, અભિગમવિભાવના-આલેખનમાં પણ જે આકર્ષણ તે તત્કાલીન જ ઠર્યું હોય, રજૂઆત-ભાવછટામાં આયાસ પ્રતીત થતો હોય, એવું આજે તો સાફ વરતાય છે. એમાંની રચનાઓ એક જ લઢણે મંડાતી સરતી હોય એવું યે જણાય. તે સાથે ગુજરાતી કવિતા મગરૂર થાય એવી સુવાંગ સ્થાયીગુણી રચનાઓ આ કવિ આપી ચૂક્યા છે એ પણ સ્પષ્ટ છે. લય, બાની કે કલ્પના-સંવેદનની એમની સંપત્તિ સાધારણ નથી, એવું સળંગપણે અવલોકતાં અનુભવાય છે. આ કવિએ આપણને "ભરતી", "શુક્ર" કે "આઠમું દિલ્હી" જેવાં કાવ્યો આપ્યાં છે એ હકીકત લાંબો સમય સંભારાવાની. મૌગ્ધ્ય અને શ્રદ્ધાનો, કલ્લોલ અને વ્યંગનો, સહજોન્મેષ અને કૌશલનો સુયોગ આ કવિમાં સારા પ્રમાણમાં છે. ત્યાં એની તાજગી અને અસર વશ કરી લે એવી નીવડે છે. "કાન્ત"ની માફક, ભલે પ્રમાણમાં થોડાં કાવ્યોએ પણ, શ્રીધરાણી ગુજરાતી કવિતાના ક્ષેત્રે પૂરો યશ વરે એવું દૈવત ધરાવતા કવિ છે. તેથી જ એમના સર્જનમાં કાવ્ય મોખરે છે.

કવિત્વનો પાતાળઝરો કૃષ્ણલાલ શ્રીધરાણીની સૌથી સત્ત્વશીલ નૈસર્ગિક બક્ષિસ. એમાં વેગ, બળ, ઓજસ, માધુર્ય લાવે છે એમનું અનુભવવૈવિધ્ય અને તે સમયની વિશિષ્ટ શિક્ષણ સંસ્થાઓમાંથી એમને સાંપડેલું ઘડતર. પછીનું એમનું પત્રકારજીવન પણ એમાં પૂરક બળ ખરું. એમનાં પ્રકાશનોનો સમયક્રમ જોતાં એમ થાય કે આ પત્રકારજીવને શ્રીધરાણીમાંના કવિને—સર્જકને સાતત્યધર્મથી વચ્ચે આઘો રાખ્યો. પરંતું એ પત્રકારત્વે એ કવિ–સર્જકની શક્તિને કેટલીક નવી ધાર પણ બક્ષી છે. એમની ઉત્તરકાલીન રચનાઓ આ રીતે જોવા જેવી. ૧૯૩૪માં એ અમેરિકા ગયા. ત્યાં લગીમાં "વડલો" જેવું યશસ્વી નાટક, વાર્તા "ઇન્સાન મિટા દૂંગા" ૧૯૩૨માં, "પીળાં પલાશ" નાટક ૧૯૩૩માં, નાટક "પદ્મિની" ૧૯૩૪માં, એ જ સાલમાં "કોડિયાં"નું પ્રકાશન થયું. આ પૈકી તરી આવતાં પ્રકાશનો "વડલો" અને "કોડિયાં"માં જે એક વિશિષ્ટ પાસું છે તે એમાં અભિવ્યક્તિ પામેલું, કાવ્યરૂપમાં ઓતપ્રોત થયેલું, એમણે જેનો લાભ લીધો તે ત્રણ શિક્ષણ-સંસ્થાઓનું અપૂર્વ સર્જક વાતાવરણ. એમાંયે દક્ષિણામૂર્તિની હવા આ કવિના ફેફસાંએ એવી સહજતાથી ઝીલી–સૂંઘી છે કે, "વડલો" તથા "કોડિયાં"માં એનું સ્ફુરણ જીવંત, આપણે ત્યાં નોખું દીપે એવું થયું છે. અમેરિકાના બાર વર્ષના નિવાસ બાદ કવિ પુનઃ વતનમાં આવ્યા એ પછીના સમયમાં "કોડિયાં" – કેટલાંક નવાં કાવ્યો સહિત, નવે રૂપે કાવ્યસંગ્રહ બહાર આવ્યો. બીજાં બે નાટચપ્રકાશનો બહાર આવ્યાં. "પુનરપિ" કાવ્યસંગ્રહ એમના અવસાન પછીના વર્ષે ૧૯૬૧માં પ્રગટ થયો. પ્રમાણની દૃષ્ટિથી "કોડિયાં"ની પ્રથમ આવૃત્તિ પછી તેના નવ

સંસ્કરણમાં કે "પુનરપિ"માં નવી રચાયેલી કૃતિઓ થોડી છે. પરંતુ એમાં કેટલોક સ્મરણીય નૂતન ઉન્મેષ છે. એમાંનું બાહ્યાન્તર નવ્યપણું જ્યાં સંગીન છે, ત્યાં તે શ્રીધરાણીના સમૃદ્ધ કવિત્વનું સૂચક થાય છે. ૧૯૩૪ના "કોડિયાં"ની રચનાઓની પડછે તે પછીની આ નવી રચનાઓ કલગાન કે ઘૂઘવાટને ગૌણ રાખી અનુભવસજી વ્યંગની ધારને, એની અણીને ઉપસાવી આપે એવો નવો જ લય-બાની મરોડ ધરાવે છે. પ્રતીકો પણ વધુ ઊંડાં અને તાજાં સંદર્ભ ધરાવે છે. અનુભવે પ્રેરેલું સંવેદન બદલાતાં અભિવ્યક્તિ પણ કેવી અનુકૂલ પરિવર્તન સાધી લે છે એનું દૃષ્ટાંત અહીં મળે. આ પ્રક્રિયામાં નિરૂપણ મથન પણ દાખવે જ અને એવા મથનને પરિણામે રજૂઆત-ગૂંથણીમાં સંદિગ્ધતા, ધૂસરતા પણ આવે. શ્રીધરાણીની નવી રચનાઓમાં પણ કાવ્યત્વ પૂરું ઘૂંટાઈ આવતું ન હોય એવું અવારનવાર જણાય છે. "આઠમું દિલ્હી" કાવ્યનો ભાવક એમે વિચારવાનો કે, શ્રીધરાણી આટલા વહેલા વિદાય થયા ન હોત તો એમની આ નૂતન કવિત્વમુદ્રા વધુ વ્યાપક, વધુ સઘન પ્રગટી હોત.

૧૯૫૭નો "કોડિયાં" સંગ્રહ શ્રીધરાણીનો પ્રતિનિધિ કાવ્યસંગ્રહ કહી શકાય. એની એકસોતેત્રીસ પૈકી એકસોબાવીસ રચનાઓ ૧૯૩૪ સુધીની છે. એમાં ગાંધીયુગી ભાવનાપટ અને સૌંદર્યમૌગ્ધ્ય પ્રધાન છે. બાકીની અગિયારમાં આપણા સ્વાતંત્ર્યોત્તર સાંપ્રતનું મથન અને અને વસ્તુરાગિતા વધુ ઊપસે છે. એકમાં જો સૌષ્ઠવમાધુર્ય પ્રત્યે ઝોક છે, તો ઇતરમાં નક્કરતા અને અણીસજાવટ પ્રત્યે. સમયવહેણ બદલાતાં કવિવ્યક્તિત્વ બદલાયું, એમ સ્પષ્ટ લાગે છે. સમકાલીન જીવન તથા કવનની અસરો ઝીલવામાં શ્રીધરાણી ઉત્સાહી છે, તોપણ કાવ્યના બાહ્યાંતર પરત્વે તેઓ એકંદર જાગ્રત હોઈ, નિજી કવિત્વહીર ઝળકાવવામાં સફળ છે. વસ્તુપસંદગી, કવિ-દર્શન, શબ્દ, બાની, લયદોર, પ્રતીક, સંવેદના, એમ પ્રત્યેક પાસાએ એ હીર ઝળકે છે. એથી જ એમાં સમગ્રપણે તાજપ અનુભવાય છે. શબ્દની, લયની, આકૃતિઘટનાની, અવગાહનની ત્રુટિ-ચૂક, "કોડિયાં"માં અવશ્ય મળે, કિન્તુ કવિત્વસુભગ કૃતિઓ પ્રમાણમાં ઓછી નહિ અને વધુમાં તે તરી આવે એવી. એવી કૃતિઓનાં સ્ફૂર્તિ અને દીપ્તિ કે એનાં વિલાસ-વેગ-વેધકત્વ આહ્‌લાદક પુરવાર થએલ છે. કેટલીક રચનાઓ સળંગ, તો કેટલીકની આ-તે લીટી યા કડી પુનઃ પુનઃ આસ્વાદ્યસંતર્પક લાગે એમ છે. ૧૯૩૭માં પ્રથમ પ્રકાશિત "કોડિયાં"ની ભાષાકલાને પ્રા. બ. ક. ઠાકોરે કંઈક અવર્ણ્ય નોખી કહીને, એને "સુન્દરમ્-ઉમાશંકર"ની ભાષા-કલાથી ચડિયાતી જણાવી હતી. એ અભિપ્રાયનો ઉત્તરાંશ આજે હવે ભાગ્યે સ્વીકાર્ય થાય, પણ એ કાળના કાવ્યસંગ્રહમાં "કોડિયાં"ની રજૂઆત નિરાળી છે, એ તો સ્પષ્ટ છે. એમાંની સાહકજિતા અને સિદ્ધિ કવિત્વને યશસ્વી કરે એમ છે. ૧૯૫૭નો "કોડિયાં" સંગ્રહ કેટલીક નવી રચના ગૂંથી લઈને, આપણી કવિતામાં આ હકીકતને દૃઢ કરે છે.

"કોડિયાં"માંની ૧૯૩૪ પર્યન્તની રચનાઓમાં "શુક્ર", "પીલુડી", "પતંગિયું ને ચંબેલી", "અભિલાષ", "પાંચીકડા" જેવી પ્રકૃતિદૃશ્ય યા ભગિનીપ્રીતિની રચનાઓ એની નમણી સ્ફૂર્તિલી અભિવ્યક્તિએ અને ઊર્મિલીલાથી વિશિષ્ટ થઈ છે. એમાંય માત્રામેળી ટૂંકી કૃતિમાં ચિત્રણ કે સંવેદનને મૂર્ત કરવામાં શ્રીધરાણીને કુદરતી હથોટી છે. સંવાદ, રહસ્યસાર કે પરિચિત શબ્દ-પ્રતીક-લયસંદર્ભને પણ આવી કૃતિઓમાં કવિત્વની છડીના સ્પર્શે અદ્‌ભુતતા સાંપડે છે. જૂનાં દ્રવ્યોમાંથી નવી પ્રતિમા, નવું શિલ્પ, એ કવિકર્મની સાર્થકતા શ્રીધરાણીમાં

આમે ય વ્યાપકપણે અનુભવાશે. એ નવવિધાનમાં ખાસ તો ચોપાઈ, સવૈયા જેવા માત્રામેળ છંદો-લયમાં શ્રીધરાણી કેવા અનાયાસ અ-પૂર્વ મરોડ-વળાંક સર્જે છે તે "કોડિયાં"ની પ્રસ્તાવનામાં ઉમાશંકરે ઝીણી નજરે ચીંધ્યું છે. આ અપૂર્વતાની સફળતા ટૂંકી રચનાઓમાં વધુ છે. ખાસ કરીને સવૈયાની ચાલગતિમાં કેટલેક ઠેકાણે કવિ લયપ્રવાહમાં ખાંચાખચકા પ્રત્યે દુર્લક્ષ સેવતા જણાય છે, પરંતુ ટૂંકી, ઘૂંટાયેલી ફૂટી આવી હોય એવી રચનાઓમાં એવું કશું નડતું નથી. ત્યાં તો લયમાંની અ-પૂર્વ ફેરફારી ભારે કામણગારી, સુસંવાદી નીવડે છે. "શુક્ર"માં, શરૂઆતમાં જ,

"સંધ્યાની સોનેરી ભાત,
ઝાંખી થાતાં ઊગે રાત;
ઊઘડ્યાં એ હૈયાનાં દ્વાર,
કવિતા શો થાતો ચમકાર,
ચળકે શુક્ર."

ઉપાડમાં રેશમી પીંછીએ સરી આવેલું ચિત્ર, ચોથી લીટીમાંનો કલ્પનાનો ઉન્મેષ અને છેલ્લી, બે શબ્દોવાળી લીટીમાં ચોપાઈની આઠ માત્રા અળગી રાખી, જે કવિત્વનું સુભગ શિલ્પ સધાર્યું છે તે કડીના ભાવમય સમગ્ર વાતાવરણમાં ઓતપ્રોત વરતાય છે. "મલકે શુક્ર", ત્યારે એનો રંગ "સ્નેહ સરીખડો" વર્ણવાયો છે છેલ્લી કડીમાં; એમાંય કવિત્વ સુપેરે નાવીન્ય પ્રગટાવે છે. બાળકાવ્યની સરલ સરસતા અને "સંઘેડાઉતાર" કાવ્યત્વની પ્રભાવકતાથી "શુક્ર" આપણી ભાષાની એક યાદગાર કૃતિ થઈ છે. "અભિલાષ"ની ઉપાડપંક્તિઓ,

"તારા ! તારા ! ત્હારા જેવી,
મીઠી, મીઠી, આંખ દે !"

શ્રીધરાણીની એવી જ શક્તિ સૂચવે છે. એમાંનો ભર્યો વેગ પછીથી આંતરિક બળે ઊણો જણાય ખરો ! "પતંગિયું ને ચંબેલી"માંથી બીજી કડી ગમી જાય એવી :

"આરસનો યે અર્ક કરીને,
બ્રહ્માએ આલેખ્યું રૂપ.
સરસ્વતીની વેણીમાંથી,
ફૂલમાં પૂર્યા ગંધ અનુપ.
ફૂલડાંને ઊડવા આકાશ !
પાંખ વિના પૂરે શે આશ !"

અહીં "ઊડવાં" અભિપ્રેત હશે; શ્રીધરાણીમાં નાન્યતર શબ્દોમાં અનુસ્વાર છેદનાં ઉદાહરણો અહીં–તહીં ખૂંચે ખરાં. આ કડીમાંનું કલ્પનાવિશ્વ કવિના ઘડતરમાં આપણી પરંપરા કેવી ભળીહળી છે તે સૂચવે છે. કવિ એને સહજપણે ઝીલી શકે છે. આ કૃતિમાં છેલ્લી બે પંક્તિઓમાંનું "પતંગિયું–ચંબેલી એક થયાં ને બની પરી !" એ કલ્પન મનોહર ચમકૃતિ સાધનારું ગણાય. કાવ્યવસ્તુ સંકેતની આભાએ દીપ્યું છે. "આશા"નું ટૂંકું ફૂટતું કાવ્ય, સુસ્પષ્ટ આયોજન છતાં, રમ્ય વાતાવરણમાં બહેન માટેના હેતને કલ્લોલે છે. "પીલુડી" "શુક્ર" સમુ સુવાંગ સફળ કાવ્ય છે.

એમાંની સંવાદગૂંથણી, કૈશોર્યની સુરખી–સુરભિ અને

"આભલડામાં ચાંદરડાં, પીલુડીમાં પીલુડાં". યા

' આભ-પીલુડી ભાઈ ચડયા, ખંખેરી ત્યાં કરા ખર્યા."

જેવી લીટીમાંથી જીવંત થઈ રહેતું ચિત્રાંકન કવિત્વના આવિર્ભાવે કવિની ફાંકડી સૂઝ દર્શાવે એમ છે. એમાંય અંતે, "પડયાં પીલુમાં આ શો ભાવ ?" એમ "આશા બ્હેની"ને કરાતું સંબોધન અને "ઉપર આવ !"એ નિમંત્રણ કાવ્યભાવને આકર્ષક–સૂચક મરોડ અર્પી રહે છે. "પાંચીકડા"માં પાંચીકડા લેખે બ્હેનને સપ્તર્ષિ તારાની વીરપસલી આપવાની વાતનું વધુ સૂચક રીતે આયોજન થવું ઇષ્ટ હતું. "હું જો પંખી હોત !" એ બ્હેનને ઉદ્દેશીને આપતી વર્ણનાચ્છાદિત રચનામાં પરિચિત સંદર્ભ નવીનતાથી અળગો જ રહી ગયો ગણાય. તો યે "શુક" કે "પીલુડી" જેવી સઘન સરસ સરલ રચના, કવિ આ પ્રકારની કવિતામાં, દક્ષિણામૂર્તિ–ત્રિભુવન વ્યાસ–ન્હાનાલાલાદિની અભિગમ–અભિવ્યક્તિ અંગેની આ–તે અસર ઝીલવા છતાંયે, કેવી પ્રફુલ્લતા અને તાજપ દાખવે છે એની પૂરતી દર્શક છે.

ટૂંકી સુઘડ ચોટીલી કૃતિઓમાં "ગાંધીજીને", "તા. ક", "વલ્લભીપુર", "કંગાલને" જેવી રચનાઓ પણ લક્ષ દોરે છે. "ગાંધીજીને"માં નિર્વહણ સાધારણ, પરંતુ ઉપાડ આકર્ષક છે. એમાં ગાંધીજીના જીવનને ટૂંકામાં આબાદ ઝડપ્યું છે :

"દાહ ભરી આંખો માતાની,
તેનું તું આંસુ ટપકયું."

"તા. ક."માંની શ્રદ્ધા વાસ્તવિક ન ઠરી, તોયે એ સમયનો ઉજાસ સુપેરે આંકી આપે છે :

"નકી નકી માનવી સર્વ જાગ્યા,
ન ગાંધીને મારણ ગોળી આપશે;
જેને જનોએ યુગ યુગ માગ્યા,
આવ્યા; ન એનું શીશ કોઈ કાપશે."

અહીં છે એ શ્રીધરાણીની વિશદ અર્થલક્ષી બાની, પ્રાસપકડ, ઊર્મિશીલ વિચારમયતા એમની ટૂંકી રચનાઓમાં સુગ્રથિત ચારુ રૂપ લે છે. "વલ્લીભીપુર"માં અંજની–ચોપાઈની મેળવણી, તે ય ચાર માત્રા ગાળેલી ચોપાઇ, કાવ્યભાવમાં સારી જમાવટ સાધે છે. "કંગાલને"માં કંગાલ સમક્ષ વહાલ પામવાની નહિ, હલાલ થવાની કંઈક વિલક્ષણ રીતે પ્રગટ થતી ભાવના અને ગુલબંકી લય ધ્યાન ખેંચે છે. શ્રીધરાણીનાં કાવ્યોમાં દીનઅનુકંપા, વૈભવવિરોધ, શ્રમજીવી-મહિમાનો વિચાર જુદાં જુદાં કાવ્યોમાં પ્રગટચો છે; માત્ર એમાં ચિત્કાર થોડો દબાયેલો રહે છે. "નર્મદને એક પ્રશ્ન", "શબ્દ બ્રહ્મ" જેવાં ટૂંકાં કાવ્યો ખાસ કોઈ કાવ્યત્વચમક પ્રગટાવતાં નથી, પરંતુ સફળ ટૂંકી માત્રામેળ છંદની કૃતિઓમાં "એક ફૂલખરણી" નામે મુકાયેલાં સ્વતંત્ર મુક્તકો પૈકી કેટલાંક અવશ્ય સ્થાન લે છે. દલપતરામની સ્મૃતિ ત્યાં જાગે. એમાં આ કલ્પનાશીલ મુક્તક,

"અંધારાએ પીંઝી નાખી,
સંધ્યાની સોનેરી પાંખ;
કુમળું પીછું એક પડયું, તે
બીજકલાની તીરછી આંખ."

રમ્ય છે. માત્રામેળના સવૈયામાં મુક્તક, એ નોખાઈ અહીં દીપી છે. ઉદ્‌બોધક ભાવ, રમૂજી બોધ, ચિત્રણકલા, આ મુક્તકસેરમાં આ કાવ્યસ્પર્શ સાધે છે. "હાસ્યથી જગ અપનાવ" જેવી કથનલીટી અહીં કઠે છે, તો "કમરથી ધડધડ ઝોકયો" શી રજૂઆત તળપદું કૌવત પણ દાખવશે.

ટૂંકાં કાવ્યોમાં ગીતોનું ઝૂમખું વિશિષ્ટ નહિ, પ્રમાણમાં શ્રીધરાણીની આ સ્વરૂપે ફાવટ ઓછી સૂચવનારું. "ઝાકળનું ગીત", "ભથવારીનું ગીત" જેવી ત્રણ-ચાર કૃતિઓ સારી ખરી. એકઢાળિયાં શીર્ષકો, ઊર્મિસુરાવટ ઘૂંટાતાં રહી જતી હોય એવી, અભિવ્યક્તિમાં સાધારણ એકતાનતા આ ગીતોમાં વ્યાપક છે. વિચાર–અલંકરણનો ભાર અને ગેયત્વને જેબ ન આપે એવું શબ્દલીટીનું રૂપ, વગેર આ ગીતઝૂમખાંની કમનીયતાની આડે આવે છે. કવિત્વની સમૃદ્ધ સહજતાની પળો આ રચનાઓમાં ઝીલાઈ જણાતી નથી. શ્રીધરાણીમાં એ નવાઈ પમાડે. આ ગીતોની શાળાપયોગિતા એકંદરે સ્વીકાર્ય.

"કોડિયાં"ની ૧૯૩૪ લગીની કૃતિઓનું સૉનેટગુચ્છ "ભરતી", "અરબીરણ", "કવિ", "ભાવના", "પૃથ્વી નવી" જેવાં સૉનેટોથી લક્ષ દોરે છે. એમાં "ભરતી" ભાવ–ભાષા–ચિત્રાંકનની ઓજસ્વી ચેતનાથી સભર છે અને સૉનેટની આવર્તન-આરોહકલાને ય મૂર્ત કરી આપે છે. ભાવોદ્રેક અને વર્ણનના પ્રાધાન્યે પણ સૉનેટ ખીલી શકે એ "ભરતી" જેમ "અરબી રણ" પણ દર્શાવે છે. "ભરતી"ના ઉપાડે જ "સહસ્ર શત ઘોડલાં અગમ પ્રાન્તથી નીકળ્યાં..."એ છબીનો નાટ્યયગુણી વેગ તો છે જ, પણ ખૂબી "ઘોડલાં"ના પ્રયોગમાં ફક્કડ પ્રગટી ઊઠી છે. આગળ વધતું એનું ચિત્ર:

"ત્રિભંગ કરી ડોકના, સકળ શ્વાસ ભેગા કરી,
ઉછાળી નવ દેહ અશ્વ ધમતા પડી ઊપડી."

ગતિ, છટાથી મનમાં તરવરાટ પ્રસારતું મઢાઈ જાય એવું, સાગરમોજાં–અશ્વનું કલ્પન કવિને અન્યત્ર પણ આકર્ષતું રહ્યું જણાય છે. "કવિ"ના પ્રસંગ-સંવાદછાયા સૉનેટનો,

"થિબ્ઝ જીત્યું, થિબ્ઝ લૂટયું (ક્રૂર એ સિકંદરે),
શહેર બ્હાર મ્હેફિલો ઉડાવી એ ભયંકરે."

એ ઉઠાવ શ્રીધરાણીની ભાષાનો નાદ જમાવતી શક્તિ ઉપરાંત ગુલબંકીની સ્ફૂર્તિ દાખવી, પ્રાસમાં "ભયંકરે" એ પ્રયોગ દ્વારા ચોટ પણ સર્જી લે છે. "વીસમે વર્ષે"ના ગુલબંકી સૉનેટની ખાસ તો આરંભ કડીમાં અનુનાસિકોની તરંગાવલિ ભાષાનો એ જ નાદવૈભવ દાખવશે. "અરબી રણ"માં "કરાલતમ ભૂખરા ખડક કરે દાંતિયાં"ની ચિત્રણા, આ રણ તે "પ્રજાપતિમુખેથી એક ધગતો નિસાસો સર્યો" એવી કલ્પના કરતાંયે અંતે "ત્યહીં જનમ

એક માત્ર વિભુકલ્પનાનો થતો" એમ શાંત વિચારફુવારનું ફૂટવું, સૉનેટને સુઘડતા, દૃઢતા અર્પે છે. "પૃથ્વી નવી"માંનું જાતઅવલોકન નિખાલસતાએ અને ઉક્તિછટાએ સુરેખ અંકાયું છે. "એડન"નો સારોચ્ચારે પાંખો અંત, "માલ્ટા ટાપુ"માં સભાન પ્રાસ-મેળવણીએ ખટકતો અંત, "પૂર્ણિમા પાંખમાં"નું અલંકૃતિભારણ, ઘણાંખરાં સૉનેટોમાં વણાટે-વળોટે શૈથિલ્ય, એમ "કોડિયાં"માં જડે એમ છે. સાત સૉનેટોમાં સંકલિત "મોહન પગલાં" દાંડીકૂચના વાતાવરણને સારું ઉઠાવે છે. છતાં એમાંય સંકલનકલાનો કચાશ જણાશે. "મૃત્યુ-બીડયાં નયનકમલે અમૃતી છંટકાર" સમી શીળી ટશર એમાં ગમે અવશ્ય. "જરા રડું ત્યાં અપનાવ ના હરિ" જેવી ભાવખુમારી નિર્વ્યાજ બળ સહ આંકતાં "કોડિયાં" નામક ચૌદ કાવ્યોના સ્તબકમાંયે ૧૨ સૉનેટો છે. એનો પ્રસ્તાવ એના પ્રભાવની આડે આવે છે, છતાં એની જમા બાજુ એની ભાવાર્દ્રતામાં છે.

"કોડિયાં"ની ૧૯૩૪ સુધીની રચનાઓમાં કથનાક-પ્રસંગલક્ષી લાંબી રચનાઓમાં કોઈ ને કોઈ ઉદાસ ભાવનાનું કેન્દ્ર છે અને આલેખન સુવાચ્ય થયું છે. એમાં વર્ણનની સુભગતા અને સંવાદઉદ્‌ગારનો અનુરૂપતા પણ છે. પ્રસ્તાર, શિથિલ સંઘટના કે સારપ્રગટતા એમાં ખટકે એમ પણ ખરાં. વસ્તુનો પરિચિત સંદર્ભ એમાં ક્યારેક એમનો એમ રહીને, નવો સ્પર્શ પામતો ન હોય એવું યે થયું છે. દીન-શ્રમજીવી પ્રત્યેની ગાંધીયુગી અનુકંપા આગ્રહઅભિનિવેશપૂર્વક અને જ્યાં વૈભવ-સુખ ત્યાં પ્રભુ નહિ એવા કંઈક ઉગ્રરૂપે પણ અહીં વ્યક્ત થઈ છે. એ અવાજ એકતાન રહી, કાવ્યમાં એકરસ ન થતો હોય એવું ય કેટલાંક કાવ્યો દાખવે છે. આ ગુચ્છનો ગુણ એની ભાવનાફોરમમાં, વસ્તુની એકંદર સરલ ઘટનામાં, લય-ભાષાની વ્યાપક અસ્ખલિતતામાં અને તેની કાવ્યાનુરૂપતામાં, ઉપરાંત વર્ણન-આલેખનની કેટલીક સ્મરણીયતામાં રહ્યો છે. "મંદિર" અને "સ્વરાજ્યરક્ષક" અહીં કંઈક વધુ સુઘડ કૃતિઓ છે. "મંદિર"માં "ધતૂરાનાં ફૂલડાં ડોલે", યા "આંચળ એના મૂઠ ન માતા" જેવાં સુરેખ ચિત્રો સાથે ગતિશીલ નિરૂપણ છે. "સ્વરાજ્યરક્ષક"નું શીર્ષક કાવ્યાન્તે નવીન વિચારદ્યુતિથી સૂચક થઈ કાવ્યવસ્તુનો મર્મ ગાઢો કરે છે. "અવલોકિતેશ્વર" કે "ઘુવડ"ના આત્મલક્ષી કથનમાં અનુક્રમે અંતનો ભાવનાધૂપ અને ગુંથાતો જાત પરનો વ્યંગ આકર્ષક છે. "પ્રણયપુત્રમાતા"માં ઉક્તિરૂપ તથા ચિત્રણ ભાવાવેગ જીવંત ધબકે છે, તો "પાપી"માં ભાષા-વર્ણનમાં તળપદી છાંટ સાર્થ નીવડે છે. "જહાં તણું નૂર ચડંત ટેકરી"માં છે એવી કમનીય શ્લેષછટા અને બીજીય રસાન્વિત વર્ણનસમૃદ્ધિથી મનોહર "રૂપરાણી" કાવ્ય, સમગ્ર આયોજને શિથિલ અને આયાસદર્શી થયું હોઈ એની અપીલ ઘૂંટાતી નથી. "ભાઈબહેન" અને "રોહિણી"માં વસ્તુનો જૂનો પરિવેશ તો ઠીક, પણ વિભાવન-નિરૂપણમાં કવિસંવેદનાની રગ પૂરું સંધાન પામી ન હોઈ, બેઉ કૃતિઓમાં કાવ્યત્વની સ્વાભાવિક સુરખી ઊઠતી નથી. સરલ કથાવસ્તુ, પ્રેરક ભાવ-વિચાર અને વર્ણનને ઉઠાવ અર્પતી લય-ભાષાની વિશદ ગતિ જેવાં લક્ષણોએ આ કાવ્યો રોચક કહી શકાય.

પ્રકૃતિચિત્રણામાં માનવભાવ વણી લઈ "પ્રણય સ્પર્શનાં મીઠાં દુઃખ ગાતું", "મૃત્યુ-નૃત્ય", કંઈક વિસ્તૃત તો યે ઊર્મિશીલ, ક્રિયાત્મક આલેખને સારું નીવડેલું "ગીઝાના પિરામિડો", શૃંગાર-ભક્તિગુંથાયું, વેગીલું, કલ્પનાસોહ્યું અને ઉક્તિની સજીવતાએ લહરતું,

છતાં લયપ્રવાહિતાએ વચ્ચે ગૂંચવાતું જણાતું ‘ આજ મારો અપરાધ છે, રાજા !”, ગાંધી-સાધનાને સુરેખ ઉપસાવતી “ સત્યાગ્રહ ”ની પંક્તિઓ :

“ પક્ષ બેઉ કરતો કલ્યાણ,
અદ્દભુત છે બાપુનું બાણ ”.

લયની રવાલ ચાલે વાતાવરણ જમાવી લેતું “ સપૂત ”, પ્રણયભાવમાંયે અભિમાનને ન ઝૂકતા ખમીરનો ઉદ્દગાર થતું “ સલામ ”, “ ઘુવડ ”માંનો આત્મશોધક વિનોદવ્યંગ, “ મોના લિસાનું સ્મિત ”માંની માર્મિક રસિકતા, દુઃખી—દીન માટેની અનુકંપાને આકર્ષક રીતે રજૂ કરતું “ અવલોકિતેશ્વર ”, એમ વિવિધ પ્રકારે લક્ષ દોરે એવી કૃતિઓ પણ “ કોડિયાં ”ની આ હારમાળામાં ઝગે છે.

૧૯૩૪ પછી લાંબે ગાળે લખાયેલી, “ કોડિયાં ”માં સંગૃહીત થોડી રચનાઓમાં અભિગમ–અભિવ્યક્તિનો નવવિકાસ સ્પષ્ટ છે. આ ગુચ્છમાં “ શેતૂર અને પોપટ ”, “ રાતના અવાજો ”, “ ત્રીજ ” યા “ મીણબત્તી ” જેવી કૃતિઓમાં પ્રતિભાનો કોઈ ખાસ ઉન્મેષ નથી. “ લઘુતમ સાધારણ અવયય ” એમાંના નાટ્યગુણી ઉપાડ-નિર્વહણે, લયાનુરૂપતાએ, ચારુ ચિત્રણાએ અને બોલચાલી લઢણ સાથે વ્યંગની મીઠી તીખી ચીમટીએ પૂરું મનોહર છે. એની આ પંક્તિઓની ગરવી મસ્તીની રજૂઆત આહ્‌લાદક છે :

“ અંબોડે અંબોડે ગૂંથ્યા,
લઘુતમ શા ઈશ્વરના ભાવ !... ”
“ ...શક્તિ સરખી, સંત, કવિની !
છે મ્હોંકાણ જ્વલંત છબીની ! ”

આ કૃતિ શ્રીધરાણીના કવિસ્વરૂપનું એક સોહામણું દર્શન છે. “ વિરાટ દર્શન ”માં ઝીણી વાત કંઈક સંદિગ્ધ આયોજને છતાં નવતરરૂપે મુકાઈ છે. આ નાના ઝૂમખામાં અને આપણી કવિતામાં પણ વિશિષ્ટ નીવડતું કાવ્ય તો “ આઠમું દિલ્હી ” છે. પ્રાસાનુપ્રાસના સભાન ઉપયોગે એનો ઉપાડ શબ્દખેલ જેવો થયો ગણાય અને લીટી યા અન્વયની ક્યાંક સંદિગ્ધતા યે વચ્ચે વરતાય, તો યે સાત સલ્તનતો પછીના, સ્વાતંત્ર્ય પછીના, ૧૯૫૬માં કવિ દેખ્યા દિલ્હીને અવનવી રીતે નિરૂપતા આ કાવ્યમાં કવિત્વ સફળ મૂર્ત થયું છે. સવૈયાની અહીંની સ્ફૂર્તિશીલ ફાળ, ભાષાની અર્થઘન ધારદાર અસરકારકતા, વ્યંગ અને ભાવનાશીલતાની ઓતપ્રોતતા અને વસ્તુદર્શન–નિરૂપણની સળંગ સમગ્ર તાજગીથી “ આઠમું દિલ્હી ” વર્ષો પર્યન્ત ભાવકને ગોઠચા કરે એવું થયું છે. “ ભવિષ્યની કોદાળી નમશે ” ત્યારે,

“ જડશે ચંદ્રક એક અનેક;
નહિ જડશે શુદ્ધ વિવેક ! ”

એમ વિરમતું આ દીર્ઘ કાવ્ય ભગ્નતા કરતાં વ્યથાનો વધુ પડઘો પાડે છે અને વ્યથા માત્રના ગર્ભમાં છે સર્જકબળ. “ અરબી રણ ”, “ એડન ” આદિ પછી બાવીસેક વર્ષે, વસ્તુરૂપે એ દિશાનું જ છતાં સાવ નોખાં મિજાજઅદાનું “ આઠમું દિલ્હી ” કવિની વધેલી આંતર-સમૃદ્ધિનું સૂચક છે. અહીં “ ઘરજાત્રા ” સહજ સ્મરી શકાય. એમાંનું આ મથન જુઓ :

"ઊખડેલા નવ આંબા ઊગે !
ઘર ઊગેલા આભે પૂગે !"

સદ્દભાગ્યે "પુનરપિ"ના "કાવ્યવસ્તુ–વિચાર"માં કવિએ ખુદે વિદેશનિવાસની સર્જકતા યથાર્થ ઉદ્દગારી છે.

"આઠમું દિલ્હી" અને એવાં નવાં લખાયેલાં "કોડિયાં"નાં કાવ્યોમાંની વસ્તુ-નિરૂપણની નવીનતાને બઢાવતાં બાવીસ કાવ્યોનો સંચય, તે "પુનરપિ" (૧૯૬૧). અહીં વ્યાપકતરરૂપે છંદોલયમાં ગદ્યછાયા–છટાં મેળવવાનો, બાનીને વધુ અર્થાશ્લેષી તેમ જ નિશાનવેધી કરવાનો, પ્રતીકોમાં અવનવીન સંકેત રચવાનો, વર્ણન–ભાવવિચારમાં વ્યંગનો પુટ વધુ ચડાવવાનો, એકંદરે સફળ અને ખચિત આકર્ષક યત્ન છે. સફળ રચનાઓના સંદર્ભે વિચારતાં કવિ શ્રીધરાણીની સર્જકતા નિસર્ગ, નગર-પ્રદેશ અને ન્યોચ્છાવરીપ્રેરક વસ્તુમાં ખીલતી લાગશે. એ ખિલાવટની વિશિષ્ટ આભા છે, કવિની સૌંદર્યલગનીમાં તથા વ્યંગની મર્મસ્પર્શિતામાં. "પુનરપિ"નાં કાવ્યો જોતાં, વિષય કે આલેખનમાં, બાની કે લયમાં અથવા પ્રતીકપસંદગીમાં કવિ અવનવીનતાના ઉત્સાહમાં કાવ્યત્વથી વિસંગત વૈલક્ષણ્યની ભેખડે ચડી જતા ય જણાય છે. બેશબ્દી સંબોધન "હે, વત્સ !"માં પૂર્ણપર્યાપ્ત કાવ્યકૃતિ સિદ્ધ થયાનો ખયાલ તે વિના શેનો સંભવે ? "દર્શનો : વિનોબાનાં"માં, તે વિના,

"બ્રહ્મચર્ય અણુમાપ્યું એનું
પાન અણિશુદ્ધ નાગરવેલનું જી રે !:"

માં અભિપ્રેત છે તે કૌંસમાંના ઉપમાનમાં સૂચિત પુરુષલિંગનો આવો નિર્દેશ શાનો હોય ? વાસ્તવાધાર પણ આમ ઉપમેયની ગરિમાને આંચ પુગાડે એવો હોય, તો કાવ્યને લાભ ખરો ? અલબત્ત સમગ્રપણે "દર્શનો : વિનોબાનાં" કૃતિ, કવિને અભિપ્રેત છે તે કોઈ પણ માનવવિશેષની આજુબાજુની દુનિયા પરનો વ્યંગ કાવ્યરૂપે પ્રગટાવવામાં સફળ છે. વિનોદ–વ્યંગ–વર્ણન–લયાન્દોલનમાંનું વૈવિધ્ય–ઊંડુ સહૃદયત્વ–ઉક્તિચાતુર્ય વગેરેથી આ સુદીર્ઘ કાવ્ય દૃઢ એકત્વ પામ્યું છે. આવું કલ્પનામ્હોર્યું દૃશ્યાંકન :

"ઊંચે પરોઢનો તારો (એકલતાનું માનસ)
ધરણીના ઘાઘરાની કોર ભણી ડોલે".

જમાને જમાને ભીતરી સત્ય ચીંધે એવો આ વ્યંગ :

"મંત્રી મહંતનો બારણે બેસી દર્શન વેચતો જાય:
(શિવનો નંદી ટાણેકટાણે નહીં ખાવાનું ખાય !)"

કે આવું કવિને સહજ એવું સહૃદયત્વ :

"સૌરભ આ દુઃખિયા ભવની
પુનિત પાદમાં રોજ ધરાય".

"દર્શનો : વિનોબાના"માં ચિત્ર, લયવૈવિધ્ય, ચિંતનની તાજપથી એકરૂપત્વ પ્રફુલ્લ થયું છે.

એના વિસ્તારે એમાં કેટલીક વાચ્યતા તેમ કેટલીક કથનાત્મકતા યે આણી છે, તો યે કૃતિ સરવાળે વિશિષ્ટ નીવડી છે. આ કાવ્ય ચૌદ ચિત્રોના ગુચ્છે વધુ પ્રત્યક્ષ કરાયું છે-અભિનંદન રળતો પ્રયોગ.

"ઑસ્ટ્રેલિયાઈ મેગપાઈ"માં છેલ્લીથી આગળની લીટીના સવૈયામાં ઉત્તરાર્ધે ખાયણા લય થોડોક હેરે છે. "વાડને વાચા થાય"માં "ઝાંખરે ઝાંખરે જીભ છૂટે" સમું ચોટીલું ચિત્ર સરે છે. ૧૮૫૭ના બળવાની શતાબ્દીએ આવતા "ઉતાવળું શુભ"માં "પ્રભુની નીલમ પાની જેવા વ્યોમે" એવી ઉપમા મન હારે છે. "કાશ્મીરા"માં કવિની અસર સૌંદર્ય-લગનીની મસ્ત લહેરીઓ ટૂંકી છતાં કલ્પનાએ નવીન રંગ ઉછાળતી લીટીઓમાં સતત મળે છે. "લડવૈયો"માં વીરના પૂજકો જાતની ચામડી જાળવવામાં જાગ્રત, એ વ્યંગની કવિની અસલ રગ ઉપસાવે છે. "પુનરપિ"માં કાવ્યો આમ કંઈક ને કંઈક અચ્છી ભેટ ધરે છે. "હાથરસનો હાથી" લય-બાની-કથારૂપ-નાટ્યાંશ આદિ સકલ સ્વરૂપે આપણું ચિરંજીવ બાળકથાકાવ્ય તો છે જ, પરંતુ સાત સૂંઢથી ઘાસ ઉછાળી પંડનું પેટ ભરતો "દુનિયાના ગોળા જેવો એ" હાથી મનમાં મલકાતો બોલે કે,

"હું શુ ખાનારો! આમાં તો
આખી દુનિયા છે ખડ ખાય!"

ત્યાં કાવ્યની ચોટ ઊંડી બને છે. "પુનરપિ"નું બીજું યાદગાર કાવ્ય છે "કાઠિયાવાડ"; કવિના વતનપ્રેમની કાવ્યરૂપ પામતી વાચા. લયની ગંગા-જમના, વિનોદ-વ્યંગ, વેધક દૃષ્ટિ, ચિત્રોની જાદુઈ જીવંતતા, આ કૃતિનો જમાગુણ છે. ગામને ટીંબે રબારણને "કાળજે નંદકિશોર"નું ચિત્ર હજી મનમાં છપાય છે ત્યાં,

"ગોપ ને ગોપી, ગોપ ને ગોપી,
રાસ રમંતાં વહેતું મૂકે વર્તુલ,
સાંજનું કાઠિયાવાડ તે સૌ ગોકુલ."

એમ કાવ્યનો અંત મનમાં મીઠી આરત જાગે કે હજી આગળ કંઈ હોય તો? એવી અહીં ચિત્ર-લય-વ્યંગની રંગત ચગી ગઈ છે. કબરે કબરે ઢળેલી સીતાફળીની છાયામાં, મૃત માત્રની પ્રશસ્તિની "મૃત્યુનોંધનો મધુપ્રમેહ"—એ રૂપે વ્યક્ત વ્યંગ આંચકો આપે, તો યે તે લક્ષ્યસાધક છે, અભિવ્યક્તિની નવી છટા છતાં, અહીં ચિત્રિત છે જૂનું કાઠિયાવાડ. "જીવનનો સોમવાર" કાવ્ય ઊપડે છે, "મને સૌથી મીઠાં સ્મરણો સવારનાં, જીવન સોમવારનાં" એ ઉદ્ગારે. "કાઠિયાવાડ"ની ગત છબી જોતાં એ ઉદ્ગાર સાંભરે.

શિવનો નાગ અને વિષ્ણુનો ગરુડ, શિવ-વિષ્ણુના મિલન વચ્ચે કોરે-પડખે એકાંત મળતાં તુંતાંએ ચડી ઘૂરકી લે એ ચિત્ર મિષે, આજના વી.આઈ.પી.ના અંગત મંત્રીઓને કવિ મીઠી પક્કી નજરે "અંગત મંત્રી"માં ઝડપે છે. એમાં રજૂઆતની કલ્પનાશીલતા ચતુર-કામણગારી થઈ છે. "શાંતિના શિલ્પીઓ"માં પણ આજના જગધુરીણોનું ચિત્ર, "સમાન ધારની કટાર બે ચડેલ ટક્કરે" એવા રૂપે આલેખી, યુદ્ધ-અભાવ એ જ આજની વિશ્વશાંતિ-એવા વ્યંગને સુરેખ રૂપકે મઢી આપે છે. "બાથટબ"માં અંતે આવતું ચિંતન, "હિમાલયની ચેતવણીનું ગીત"માં

વસ્તુસંદર્ભથી વિસંગત લયલાલિત્ય, "બીજો ચન્દ્ર"માં પ્રાસલોભ વત્તા અંતનું માંદ્ય, "રેલગાડીનો પુલ"માં અર્થાન્તરન્યાસી સમાપન ઉપરાંતની વસ્તુનિયોજનની વિશૃંખલતા, જેવી નબળી કડીઓ "પુનરપિ"માં છે.

"આવ્યું આવ્યું રે ગુજરાત "ગીતમાં લય-નિરૂપણ કવિઉમળકાને યથાયોગ્ય ઝીલે છે. એની છોળ શીર્ષકમાં કલ્લોલી ઊઠી છે. "દાકતરનું દીવાનખાનું" ખરી રીતે ક્લિનિક યા કન્સલ્ટિંગ હોમનું દીવાનખાનું છે. વિષયની નવીનતાને શ્રીધરાણી કાવ્યની સાર્થકતા સમર્પે છે એ અહીં તેમ અન્યત્ર પણ જણાશે. આ સ્થળની પાર્શ્વભૂ પર કવિએ દર્દી-માણસની સાધારણ વૃત્તિઓનું સમભાવી ચિત્ર દોર્યું છે. અહીં દર્દીઓ માટેનાં માસિકોનાં પાનાં, "પીળાં પડેલાં કોર વિનાનાં" પાનાં ઠોઠ નિશાળિયાના ખેંચાએલા કાન જેવાં, કવિની મનની આંખે ચઢ્યાં છે, "ઋષિની કફની ધોળી = દાકતર" કે "મ્હેકે ઈથરની-આળસનો અર્ક = મૃત્યુનો અલ્પાયુષી : જન્મ" સમી નવતર કલ્પનલીલા—લખાવટઅદા પણ કવિ યોજે છે. રચના પૂરી આધુનિક અને અસરકારક થઈ છે. "લંડન ઉપર પાછળથી મૂકેલ બારી"નો આરંભ ચમકદાર છે :

"બારી હોય તો શાંતમ્ !
સુદૃષ્ટા બારી હોય તો શિવમ્ !"

એમાંથી કવિ પેખે છે સ્તન જેવા રેતઢગલાઓ વચ્ચે "ઘડિયાળોનાં છૂંદણાં" કાવ્યનું સ્વૈરનિર્વહણ સમાપને પૂગતાં દામ્પત્યયોગના સંપૂર્ણત્વનું શીળું તોયે મસ્તરંગી વાતાવરણ જમાવી ચૂકે છે. "કોડિયાં"નો ૧૯૩૪ લગીનો મસ્તરંગ "પુનરપિ"માં આમ અન્યત્ર પણ પ્રગલ્ભ થયો છે. એ પ્રગલ્ભતા કાવ્યની સુષમાને સૂક્ષ્મતા-નાજુકાઈને સાચવી લેતી યે કહી શકાય.

"કોડિયાં" તથા "પુનરપિ"માંની મર્યાદાઓ સ્પષ્ટ છે. વસ્તુ-ભાવનું સાધારણત્વ, એનું આયોજન-નિર્વહણ શિથિલ-અસાવધ, ભાવનિરૂપણમાં ઓપરુચિ-કૃતકતા, અભિગમમાં મૌગ્ધ્યાતિરેક, આકારની સમગ્રતા અળપાવતી વિસ્તૃતિ-અંતમોળપ, નવતર રાહે વળતાં ક્યાંક આંચકો આપવાની ચળ, જેવી ત્રુટિઓ કવિની યથાર્થ શક્તિથી વિપરીત જણાશે. સૉનેટ-ગીત જેવા સ્વરૂપમાં કવિ વ્યાપકપણે ફાવટ સૂચવતા ન હોવાનું કે વસ્તુ-ભાવપસંદગીમાંના તાત્કાલિક અંશો ગાળી ન શક્યાનું પણ વરતાતું હોઈ આજે એ કારણે એમનાં ગાંધી સમયનાં અને કથા-મૂલક કેટલાંક કાવ્યોની અસર મંદ પડતી જણાય છે; કદાચ "પુનરપિ"માં છે એવી નવીન કૃતિઓમાંની કેટલીક પણ જતે દહાડે એ જનમલેખ દાખવે. ભાષા-છંદ-પ્રતીકાદિની સામગ્રીનો વિનિયોગ પણ કાચો થયો જણાતો રહે છે. "સુગાલ", "સુઅશ્રુ" કે ધડ-મસ્તક-વૃક્ષાદિનું પુલ્લિંગત્વ," "આગલે દિવસે "કે" તેથી"નો પદ્યવહેણે ઘસારો, "ગાલના ગોળા થયા" જેવું સ્મિત માટેનું વર્ણન, સવૈયા જેવા કવિફાવટના માત્રામેળમાં યે લયવજનનું હાલકડોલકપણું, છંદાર્થે કુસુમ-ધૂલી-મુખ સમું ઉચ્ચારનું વિકૃતીકરણ, પ્રાસની એક બાજુ આસક્તિ તો બીજી બાજુ ઉપેક્ષા, "છંદોત્તર" યા "ગદ્યપૂર્વ" વચ્ચેના લયની મથામણ તો આવકાર્ય કિંતુ લીટીની કે શબ્દની ગદ્યાળુતા,—"કોડિયાં" તેમ "પુનરપિ"માં આવું કેટલુંક કાચું ઊતર્યું લાગે એમ છે. આના મૂળમાં, કવિકર્મ નૈસર્ગિક શક્તિના આવેગમાં યા લય-શબ્દની તાત્કાલિક સૂઝના ખેંચાણમાં સાવધ રહેવાની ક્ષણો તરફ જાગ્રત ન રહ્યું, એ જ છે. સાવધ કૌશલનું "નૈસર્ગિક

કૃત્રિમત્વ" કલામાં કવિને ય ઇષ્ટ હોવાનું "પુનરપિ"ના ટિપ્પણમાં સ્પષ્ટ થાય છે. એ વાત કાવ્યોમાં વધુ સાકાર થવી જરૂરી હતી. એ ય નોંધવું જરૂરી છે કે આવી મર્યાદાઓ ૧૯૩૪ લગીની "કોડિયાં"ની રચનાઓમાં વધુ છે અને આ રચનાઓ શ્રીધરાણીના કવિત્વપ્રાગટ્યનાં શરૂનાં સાતેક વર્ષની છે—તે ય એમની સોળથી ત્રેવીસ વય વચ્ચેની. એ ન ગણીએ, તો યે એ હકીકત તરી આવે છે કે આવી મર્યાદાઓને ઓળંગીને ઊંચે ઝગતી કૃતિઓ આ કવિ દ્વારા સારી સંખ્યામાં મળી છે.

કવિ શ્રીધરાણીનો મોટો ગુણ નિખાલસતાનો છે. એ ગુણે ભાષાપ્રયોગ, લયયોજના, પ્રતીકાદિથી ગૂંથાતી વર્ણનકલા, ભાવાનુભૂતિ-સંવેદના, રહસ્ય-મર્મની સૂઝ, એમ સમગ્ર કાવ્ય રણકતું થયું હોય એવું "કોડિયાં" તેમ જ "પુનરપિ"માં ફરી ફરી અનુભવાય છે. સૉનેટ "ભરતી", ટૂંકાં માત્રામેળી કાવ્યરત્નો "શુક્ર" અને "પીલુડી", "સર્જક શ્રેષ્ઠ આંગળાં" જેવું ઊર્મિસભર ટૂંકું પ્રસંગકાવ્ય, "આઠમું દિલ્હી" યા "કાઠિયાવાડ" યા "દાક્તરનું દીવાનખાનું" સમી નવીન ઢબવાળી રચનાઓ, એમ હજીયે થોડું ઊમેરી શકાય, તો કવિત્વ એમાં કેવી તાજપ અને તાકાત દાખવે છે તે જોઇ શકાય છે. નિખાલસપણું તો બરાબર, પણ કવિને ખપે વધુ તો આ તાજપ અને તાકાત. શ્રીધરાણીમાં તે નૈસર્ગિક છે, ઊંડેથી ફૂટે છે, તેમ એમાં કલાકારને ઉચિત એવું કૌશલ પણ સધાયું છે. સમકાલીન જીવન-કવનનાં વલણો પ્રત્યે શ્રીધરાણી વિવેકશીલ અને જાગરુક છે. પરિણામે કવિત્વની તાજગી અને તાકાત પોષાઈ છે. એનું બીજું પોષણ છે: જૂના ઢાળ, જૂની તળપદી પદાવલી, લોકબાનીના રૂઢ પ્રયોગો અને વિશેષ તો કવિએ બાળપણમાં જોયેલી–સાંભળેલી જૂની જીવનમાનવસમાજની સૃષ્ટિ. શ્રીધરાણીની વિકાસોન્મુખતામાં વિદેશનિવાસના અનુભવે ધબકતો પણ ખાસ્સા બેએક દાયકા જેટલો મૌનનો ગાળો ય પ્રેરકપોષક થયો છે. કલમ બોલી નહિ, પણ એની નસમાં નવી વાણી સ્ફુરતી થઈ હશે જ. તો જ નવી રચનાઓ એ નવીન વાચાની સ્ફૂર્તિથી, વેધકતાથી, એકાગ્રતાથી ઝળકી છે. "કોડિયાં" અને "પુનરપિ"માંથી આવી ઝળકતી કૃતિઓનો સંચય ગુજરાતી કવિતામાં ચિરંજીવ બને એમ છે જ.

રવિ કવિ-કૃત માણેકરાસો

પ્રહ્લાદભાઈ ટી. પટેલ

'ઓખામંડળના વાઘેરોનું લોકસાહિત્ય' એ વિષય પરના મારા મહાનિબંધ માટે આદરેલ ક્ષેત્રસંશોધનમાં ઓખામંડળના વિવિધિ ગામડાઓની મુલાકાતોમાં જાણવા મળ્યું કે "ઓખો અસાંજો આય, ઓખેમેં તો પાણુજો રાજ ખપે" અર્થાત્ ઓખો આપણો છે ને તેમાં આપણું જ રાજ હોય; એમ માનનાર વાઘેરોએ ૧૮૫૭ના દેશવ્યાપી સ્વાતંત્ર્યસંગ્રામમાં પોતાનો સૂર પુરાવ્યો હતો, અને ઓખામંડળને અંગ્રેજોના પંજામાંથી છોડાવવા અપ્રિતમ શૌર્ય અને ખુમારી સાથે જંગમાં ઝુકાવ્યું હતું. આ વખતે યુદ્ધ ખેલતા વાઘેરોને બિરદાવવા ખાસ અમરેલી પાસેના વડાળ ગામના રણછોડ કવિને અહીં તેડાવ્યા હતા. આ કવિએ યુદ્ધ ખેલતા વાઘેરો સાથે રહી, યુદ્ધના આંખે દેખ્યા અહેવાલને નિરૂપતું એક રાસકાવ્ય 'માણેકરાસો' રચ્યું. તેમાં ૧. દ્વારકા, ૨. બેટ, ૩. ગોમતીજી, ૪. ડાભારા, ૫. બરડા (ગીર), ૬. રણપવાડો (કોડિનાર), ૭. દેશાવરી અને ૮. માચરડાધાર. એમ આઠ સ્થળોએ થયેલ યુદ્ધનું વર્ણન આઠ પવાડાઓમાં કરેલું છે. આ 'માણેકરાસો'ની શોધમાં અમરેલી, પોરબંદર અને જામનગર જિલ્લાઓના ગામોમાંથી રણછોડ કવિ-કૃત ઉપર્યુક્ત 'માણકરાસો' ઉપરાંત શ્રી ભોજા ગઢવીએ રચેલો, 'માણેકરાસો' તેમ જ રવિ કવિ-કૃત 'માણેકરાસો" મળી આવ્યા. તેમાંના વાઘેરોના વહીવંચા બારોટ શ્રી રવિ કવિએ રચેલ "માણેકરાસો" પોરબંદર ખાતેના ભારવાડાના શ્રી શામળા બારોટ પાસેથી પ્રાપ્ત થયો છે. તેની રચનાસાલ સંવત ૧૯૧૬ છે.

આ "માણેકરાસો'માં મૂળુ માણેક અને જોધા માણેક તેમ જ તેમના સાગરીતોની શૂરવીરતા અને તેમણે કરેલ યુદ્ધનાં વર્ણન આવે છે. વળી આ ડીંગળી ભાષામાં રચાયેલ વીરરસ-પ્રધાન રચના હોવાથી તે ઘણી જ મહત્ત્વની કૃતિ બની રહે છે. ડીંગળ ભાષાના સમૃદ્ધ કલાપક્ષ અને ભાવપક્ષ વડે કવિએ વાઘેરોની જવાંમર્દીનું આબેહૂબ ચિત્ર ઉપસાવ્યું છે. આ માણેકરાસોની પૂર્વભૂમિકા આપતાં લેખકે આ પ્રમાણે નોંધ્યું છે.

વસનીક—સંવત અઢાર સતોતેરની સાલમાં અંગરેજને દુવારકા તોડી. મૂળુ માણેક, વેરસી સાગા નાનુ ભાઈકુ મારીકે રાજ છીન લીઆ. તે એક પુત્રંપુત્રાદિક વરખાસણ ખાતા હતા. સંવત ઓગણીસ સોળની સાલમાં જોધા માણેક જુવાન હુઆ. તબ ભાયાત બાપુ માણેક તાકા સુત મૂળરાજ વસઈ માણેક, રવા દેવા ચબાણી, ધાંધા રાજાણી, રાણા તેજમાલજી, હભુ કુંભાણી એવા આઠ સરદાર મળી દુવારકા લેવા નક્કી કીધું.

'માણેકરાસો'ના મંગલાચરણમાં કવિએ સરસ્વતી દેવીની સ્તુતિ કરી આ પ્રમાણે ગ્રંથનો પ્રારંભ કર્યો છે :

શુભ વાણી બ્રેમાણી શુદ્ધ, દીજે બુધ અપાર,
કવિજન માણક ગ્રંથકો, વરનન કરત વિસતાર.

મંગલાચરણ પછી તરત જ કવિએ વાઘેર યોદ્ધાઓના શૌર્યને નિરૂપતાં ભુજંગી છંદમાં અનેક ઉપમાઓ પ્રયોજી આબેહૂબ વર્ણન કરેલ છે :

છંદ ભુજંગી

ઈહા મુલવાસર વાઘેર એવા, જમાપ્રદ અખેરાજ જેવા,
પટાળા જસાણી અડાભીડ પૂજા, દળાંરૂપ જેસા જસારાજ દૂજા.

દડીજે મળે અરિમેં દેવ જેવા, અડાથંભ હરિયા સુક્રસનેસ એવા,
વડાસુર પુની જુહી આવ કાલા, ફરી ઉમરાવા ખરા જામ ફાળા.

ગજા ઢાહણુ જોધ રવા ગણાવે, સસા જોધ સા રણુમાલ આવે,
પ્રથી થાંભલા દેવ હાજી પટાલા, સમશેરસુ આદરે વેર સાળા.

બલે સાજ પૂજા હુઆ ખાગ બાંધી, સગા કેતરા કૈંક દુજા સંબંધી,
ખેતાણી ખરા સાગડા ખાગ ખેલે, ભડાસત્ર જેમલ ખીરાજ ભારી.

હકે જોધ જગમાલ પાલા હજારી, ખત્રી શુદ્ધ તોલ રાયા મળેસું,
વિદ્યા જાણુ જખરા કરમણુ વેધુ, કવિરાજ તિહારાં સુક્રીત લખેસુ.

યુદ્ધમાં અખેરાજ જેવા વાઘેરો દળને મોખરે અડાભીડ ઊભા છે. જોધાભા અને રવાભા માણેક પૃથ્વીના થંભ સંમા અડગ અને ટેકીલા જે સમશેરો લઈને યુદ્ધ મોરચે ઉભા છે. જોધા માણેકની હાકલ પડતાં વાઘેર વીરો તેમનાં અનેક સગાં-સંબંધીઓ સાથે યુદ્ધના સાજ સજીને ઊભા છે :

ગીત ઝમાળ

ધજબંધ મેવાસા ધણી, જખરા, મેપા જોધ,
ભારથ લડવા આઠ, ભોજા ભીમડા ક્રોધ.

કેવા કટાભડ કાજરા, ભલા મકનપર ભૂપ,
કે લંગર લાજરા, હરભમ હરિયા એક.

કે રણુમલ રાજવી, અશાભડ ઓનાડ,
ચડે દલ સાંજવિયો ભડ, હવે ન મૂકે .હક.

ગરવા ગોરીંજાપતિ, આયા સઢે અપાર,
સમર લડે વાસા મલે, ભડજે જાયો ભાલ.

કેતાં હોય પ્રલેકાલ, ભજે નયા લુણુંગ,
વસુપતિ અણુવાર, લડે બડે વાંકો લગ.

રાયધર વિચારણુા, કયા ભડ મોવડી,
કેતા બગતર કડી, ખરા અંગ ખડખડી.

દોહા

ધર શામળા સરરા ધણી, આયા કૈંક અમીર,
દલ ચબાણી દેવ, બંધ પાતલ ધીણુગી.

જોધા માણેક, દેવો માણેક, દેવો ચબાણી, રણમલભા, ભીમો, જોધાણી, રવોભા અને બાપુ માણેક નામના આઠ વાઘેર મોવડીઓ મંત્રણા કરવા એકઠા થયા. તેમણે તેમનાં દળ સાબદાં કીધાં. એક વાર યુદ્ધમાં ઝંપલાવવાનું નક્કી કરી પોતાની હઠ છોડવાનું આ વાઘેરો શીખ્યા નથી. ગોરીંજાપતિ વહાણમાં બેસીને આવ્યા. ભલે ધરતી પર પ્રલયકાળ સર્જાય, શેષનાગ ડોલી ઊઠે પણ હવે ગરાસ મેળવીને જ જંપીશું એમ વિચારી આ આગેવાનોએ વાઘેર વીરોને બખ્તરો સજવા હાકલ કરી.

કવિએ ચોપાઈ છંદનો પ્રયોગ પણ 'માણેકરાસો'માં કર્યો છે. આ ચોપાઈ છંદમાં કવિએ ઓખામંડળના જુદા જુદા ગામોમાંથી એકઠા થયેલ વાઘેર વીરોનું અદ્ભુત વર્ણન આ પ્રમાણે કર્યું છે:

છંદ ચોપાઈ

કલહણુ ભૂપ ભાવડા કેરા, કાંયા પુના મલે વડેરા,
હામુસરરા રાજ હઠીલા, ભારથડાડા ભીયા ભજાળા,
ધ્રાસણવેલરા ભૂપતિ ધીંગા, તેજા રામા રાણ ત્રસીંગા,
ઠારોઠાર ભોમીઆ ઠાયા, અનહદ વાટ તોડવા આયા.

દોહા

ગઢતે છૂટે ગડદાય, આઠ વાઘેર ખગધાર,
વિકટ વીર વાઘેરકા, યુદ્ધ કરે અપાર.

ભાવડા, હામુસર વગેરે ગામોના આગેવાનોને ધ્રાસણવેલના ભૂપતિએ ભોમીઆ મોકલી તેડાવ્યા. અને દેવા ચબાણીએ યુદ્ધનું મોવડીપદ લઈ, ગઢમાંથી તોપના ગોળા છૂટતા હતા એવા વિકટ યુદ્ધમાં ઝંપલાવ્યું.

આયુધધારી વાઘેર વીરોનું આબેહૂબ ચિત્ર કવિએ પદ્ધરી છંદમાં આ પ્રમાણે આપ્યું છે:

છંદ પદ્ધરી (ભુજંગી)

જોધાનરેશ દીએ હુકમ તાર, સહ હોત સૂર તબ ઠાર ઠાર,
અંગ સજે ટોપ બગતર અપાર, ચલત સુવાલ મોજા સુસાર,
ભૂજ સરે પૂજાવંત જુગબંધ, કડાભીડ કે કરણકાજ,
રણખેત્ર હરહુત સેર કેક, ઢળકંત ઢાલ ભાથા અનેક.

કેતાક ખડગ ધારણુ કરંત, ભડગઢા માથ હામ જ ભરંત,
કેહરીનખ કડિયાલ ક્રત, દલ સજે જાણુ રઘુનાથ દૂત,
વેઢી વેર સોરઠ મકંત તાલ, ચમકત કૈંક ભાલા સડાલ,
ધ્રૂજંત ધરા ડગમગત ધામ, જોધા નરેશ દીએ હુકમ તાર.

દોહા

હુકમ સુણી ગઢ પર હલે, હાકમ જોધો હોકાર,
આતશબાજી ઉપરે, વુઠા હોત, અપાર.

ઓખામંડળના રાજા જોધા માણેકનો હુકમ સાંભળી સાબદા થયેલ જવાંમર્દ વાઘેર વીરોએ બખતર પહેરી માથા પર ટોપ ધારણુ કર્યા. હાથમાં બાજુબંધ પહેર્યા અને લોખંડનાં કડાં સહ અનેક વીરો ઢાલ અને ભાથાથી સજ્જ થયા. કેટલાકે માત્ર તલવાર ધારણુ કરી ગઢ જીતવાની હામ ભીડી :

છંદ પદ્ધરી

ગઢ હુત ચલૈ તોબા ગંભીર, ભલઠા જંજાલ હથ નાલ ભીડ,
ગાયકવાડ કરી ફોજ ગોલ, સરપત ગલોલા તાલ સોળ,
ભડ બીઆ આગન ઠોર ભોમ, માંડિયા જુદ્ધે જોધાર જોમ,
દરસન કરી દશમનકી ફોજ, ભયો મરણુ જોધા હર ભોજ.
નાની માની કરે છે નાનમ, સમર લડી ગીયે સુરધામ,
પુનાકી હરયરૂ જોર જ પાતા, દૂરજન મંડન ભેદે સાતા,
ગાયકવાડી ફોજ સતગાઢા, વાઘેર હવે ખગધાર જવાતા,
તે ફરિયાદી હકમતી છીનું, દન દન વિકટ વડોદી દીનું.

દોહા

પરધાન કહે દુવારીપરી, મતિરાજ માહારાજ,
ખંઢેરાવ સુણુતાં ખબર, સોસરોજ મનરાજ.

ભાલાં અને જંજાળો લઈ વાઘેરો ગઢ ઉપર ચડી ગયા. ગાયકવાડી ફોજના ગોળા તેમની માથે પડવા લાગ્યા. જોધો માણેક રુદ્ર સમો વિકરાળ થયો અને દુશ્મનોને ફૂલધારે ઉતાર્યા અને ગઢ જીતી લીધો. ખંડેરાવને તે ખબર થતાં તે ગુસ્સે થયા. હવે કવિ ૧૫ માત્રા અને ચાર પંક્તિની કડીવાળો અનુકુલા છંદ વાપરી પોતાનું છંદપ્રભુત્વ અને શબ્દચાતુરીનું દર્શન આ પ્રમાણે કરાવે છે :

છંદ અનુકુલા

મન ખબર સુની મહારાજ, અતિ રોષ જ ચઢિયો આજ,
સુન હાકમ કહે સોજ, ફરી વતલ કરી સબ ફોજ,
સૂની દુવારકા મગ સોઈ, કર ગ્રહત બીડો નવ કોઈ,
હાકમ માનીએ તબ હાસ, ઈ સમયે ઈક બાત ઉચાર.

અંગરેજ કે ચલીયો એક કરજોડ અરજ કરાઈ,
લાભ દુવારકા તમ લેહું, દોમલ કહે છે મારા દેહું,
વાઘેર જોર વિકટ ભટ, થરહરેરા ફોજ ફટ થટ,
માહારાજકું દુઃખ ન માત, રંગ નીંદ ન પરત રાત.

સરકાર સુની સાદ, પાસાસુ દીએ પેટલાદ,
રનસન સજી શતરંગ, અગસરે જ્યાંયે અભંગ,
કરી સજ·બર સાજુ કેક, અરૂંયા આગબૂટાં અનેક,
સોંપે સુ સરઠ અઢાર, તર તેસુ બદર તાર.

હજાર નાવ હોહોકાર, મનરાજ કોએ શત્રુ માર,
ઈહી સમયે બરસાનું આઈ, દુવારાંમતી તેં દરસાઈ.

દોહા

તબ અંગરેજી તોપકા એક જ હોય અવાજ,
પરમધામ ઘર બેટ પર ચલે નાવ સબ સાજ.

બેટ દ્વારકાનો કિલ્લો વાઘેરાએ જીતી લીધો તે સમાચાર સાંભળી વડોદરાના મહારાજા ખૂબ ગુસ્સે થયા. પરંતુ દ્વારકા પર ચડાઈ કરવાનું બીડું ઉઠાવવા કોઈ તૈયાર ન થયું. છેવટે અંગ્રેજોને વિનંતી કરવામાં આવી. અંગ્રેજ સરકારે સંદેશો સાંભળી, પેટલાદ સમાચાર મોકલ્યા અને યુદ્ધની શતરંજ ગોઠવાવા લાગી અને શસ્ત્રસજ્જ યોદ્ધાઓ સાથે આગબોટો અને યુદ્ધ જહાજો દ્વારકા તરફ રવાના થયાં.

છંદ પદ્ધરી

સુની ખબર તાસ જોધા નરેશ, સબ સભા કીન ભડ સેસ સેસ,
ઉચરી બાત રાજેંદ્ર આપ, અંગરેજ બેટ કરસે ઉથાપ,
આપણા તાત મૂળરાજ એક, તીજી દીયાં પાણ છડાનઈ ટેક,
અંગરેજ ફોજ સબ બેટ આય, ભગવત અંગે મરીએ ભલાય.

વસનીક :—તેણ સમે દેવો ચબાણી, જગતીઆ કુંભાને કહે છે કે, અંગ્રેજ ફોજ સામે લડી, ફૂલધારે ચઢી અપસરા વરીએ; સઘળી ભોમ ઊજળી કરીએ; તે અંગે મૂળુ સાથે રહીને મરીએ તો અમર લોકમાં માન પ્રાપ્ત કરીએ. એવું સૂણી જોધા માણુસ કહે, તમે ઠીક કહો છો. લોક પરલોકમાં જગ લેશાં. હમે જીવતાં બેટરો ગઢ અંગરેજરો ન દેસા. આણી રીતી પ્રતંગા કરી જોધા માણેકની આગે કુર્નસ ભરી.

દોહા

દેવા કુંભા દો જણ, સત ભત્રીજા સમેત,
બેટ દર ગયા છે બકી, લંકારો ગઢ ખગ લેત.

અંગ્રેજોની બેટ પરની ચડાઈના સમાચાર જાણી જોધા માણેકે વાઘેરોની સભા બોલાવી. તેમાં બધા વીરોએ રણછોડરાય ખાતર મરી ફીટવાનું નક્કી કર્યું. તેમાં દેવો ચબાણી અને કુંભો જગતીઓ સૌની આગળ થયા. સૌ મોત ઊજળું બનાવવા તૈયાર થયા.

છંદ પ્રમાણિકા

લઘુના રાજ સોય, સુંદર ગજ સાશ્રીય,
વાજંત્ર સુર વાજઈ, ગગનભોમ ગાજઈ,
જૂજવા નાદ ઝાંઝઈ, જંજાળ તોપ જોરઈ,
સંકેતા સહુ કોરસે, મંડાય કોટ મોરસે.

બંધુંકા હાકા બાજીયા, સડાલ ઢાળ સાજીયા,
કટા ખાંગ કેતરા, જડે જુહારણુ જેતરા,
ગોળા ને તોપ ગોળીયું, સજાઈ લાલ ચલીયું,
અનેક નાવ આવીયં, લોલાઠ ફોજ લાવીયં.

ઘણે સુ બેટ ઘેરીયું, ફરકત સહુ ફેરીયું,
જુજવા ઢોલ જીંતરા, ગાજતી સિંધુ ગીતરા,
તીંવાર જાજા તુતરી, અથાક ફોજ ઉતરી,
વસીસનાદ વાજિયા, રાજુ ભાઉ ગાજિયા.

પડધમ ધમ વંકે પડે, ગેમાળ નોબતાં ગડહડે,
ઊંટા કતાર ઉપરા, ધ્રુજંત કે ધુરાં ધરા,
બહુ નાદ હોત બેટમાં, અંગરેજ ક્રીયા બેટમાં,
વસેખ નાદ વાજીયા, સુધાર ઢોલ સાજીયા.

કે સૂરનાઈ સોરસે, જોધાર હોત જોરસે,
રનસુ તાલ રી રજુ, તે હોત જોર તીરજુ,
ગડે ત્રંબાળુ ગોમખા, પરત ઢોલ પરે બે પખા,
ભેરી મડદંગ ભીરસે, નીકાસુ નાદ વીરસે.

અહીં કવિએ યુદ્ધની પૂર્વતૈયારીના વર્ણન માટે પ્રમાણિકા છંદનો પ્રયોગ કર્યો છે. યુદ્ધનાં વાજિંત્રોના અવાજ અને પ્રચંડ પડઘાઓથી પૃથ્વી અને આકાશ ગૂંજવા લાગ્યાં. આયુધો સાબદાં કરાયાં. અંગ્રેજ ફોજ પણ નાવોમાં બેસી આવી પહોંચી.

દોહા

અહોલા વાર અંગરેજને, સિંધુનાદ સવેર,
બજત બેટ વાઘેરકા, ભેરનાદ સહુ ફેર.

સોંપી વસટી સાયબે, મૂકી બેટ મોઝાર,
દેવા ઉત્તર દેવડા, તબ આયા તતકાળ.

આ સમયે અંગ્રેજ સરદારે વિષ્ટિ કરવા પોતાના દૂતને મોકલ્યો કે તુરત જ દેવો ચબાણી તેને ઉત્તર દેવા આગળ આવ્યો.

છંદ પદ્ધરી (ભુજંગી)

તબ ક્રોધ સાયબ સનમાન તાસ, હસી દેવ કરણો રન બેઠે હુલ્લાસ,
ઇંગરેજ તબે કોનો ઉસાર, મત સહો લોગ વાઘેર માર,
ઇક નાવ તમ બેઠો અનેક, આયુધ ધરો સબ નાવ એક,
તબ ઉત્તર દેત દેવા જ તાંય, નહી સંદતણા અસ હુકમ નાય.

ઇંગરેજ કહે ખગ લીઓ આપ, તમ લોક તણો બલગત તાપ,
પર પરહી કીન દેવે પ્રનામ, ઘટી મરણુ આપે રણછોડ ધામ,
ઉ સમાચાર સબહી સૂનાય, અણુ સમય ભોમ ઉછરંગ આય,
અંગરેજ તણી બઉ હલીતાલ, ધજ નાવ સરે પાખરા ઢાલ.

આકાશ ભરી પૂરી અવાજ, સૂરજ ધૂંધળો ધૂંવે આજ,
ગઢ પરે મેહ જેમ પરત ગોળા, છૂટત ગલોલા લાલચોળા,
ધૂંધળો આભ તોપાં તુફાન, ભડ લડત અસ્ત ભયો ભાણુ,
મીલ ગયે સુર નીજ નીજ મુકામ, વાઘેર લેત રણછોડ નામ.

અંગ્રેજોનો વિષ્ટિનો પ્રયાસ નિષ્ફળ જતાં યુદ્ધ થયું. અંગ્રેજોના ભયંકર તોપમારાથી આકાશ ધૂંધળું બન્યું. લાલચોળ ગોળા વરસાદની માફક ગઢ પર વરસવા લાગ્યા. અને એક દિવસના ખૂંખાર યુદ્ધ પછી સૂર્યાસ્ત થતાં સૌ યોદ્ધાઓ પોતપોતાના મુકામે ગયા અને વાઘેરોએ રણછોડરાયનું નામ લઈ યુદ્ધ બંધ કર્યું.

દોહા

સજતક જસા આબકી, તુરનાદ સરતાલ,
કેક રંભ અસનાન કરી, ભુખન સજેશો ભાલ.

છંદ ભુજંગી

ઈતે સુર વાઘેર જલહુત નાયે, ઉતે અપસરા અંગ સોંધ સજાયે,
ઈતે સુર સર લોહરી જાળ મચાયે, ઉતે અપસરા માંગ મોતી ભરાયે.

ઈતે સુર બગતર સજે કંડ બીજે, ઉતે અપસરા ચીર ઓઢત શીશે,
ઈતે સુર મોજાં દોહું પાગ સાજે, ઉતે અપસરા પાય નેપુર રાજે.

ઈતે સુર પંજા ભુજા જુત સાજે, ઉતે અપસરા હાથ કંકણુ વિરાજે,
ઈતે સુર કરખગ જમદાઢ માંજે, ઉતે અપસરા કાજળ નેન આંજે.

દોહા

ઠાર ઠાર આયુધ ઠવે, સુરારંભ સજાઈ,
ફેર જૂજ્યા ફોજમાં, બાજા નાદ બજાઈ.

સારાંશ : યુદ્ધનો તુરીનાદ સાંભળી, વીરગતિ પામેલ વીરનરોને પરણવા રંભા સમી અપ્સરાઓ વસ્ત્રાલંકારો સજવા લાગી.

અહીં વાઘેરોએ સ્નાન કર્યું ત્યાં અપ્સરાઓએ આંખોમાં કાજળ આંજ્યું. અહીં વાઘેરોએ લોખંડી જાળીવાળા ટોપ પહેર્યા, ત્યાં અપ્સરાઓએ સેંથામાં મોતી સજ્યાં. અહીં વાઘેરોએ બખતર પહેર્યાં, ત્યાં અપ્સરાઓએ રેશમી વસ્ત્રો પહેર્યાં. અહીં વાઘેરોએ બંને પગે મોજાં પહેર્યાં, ત્યાં અપ્સરાઓએ પગમાં ઝાંઝર પહેર્યાં. અહીં વીરપુરુષે વાઘનખ પહેરી બાજુબંધ ધારણ કર્યા, ત્યાં અપ્સરાના હાથમાં કંકણ રણઝણી ઊઠયાં. અહીં વીર પુરુષે તલવાર ધારણ કરી, ત્યાં અપ્સરાઓએ કાજળ આંજી આંખો મારકણી બનાવી.

છંદ પદ્ધરી (ભુજંગી)

તુરીનાદ રણછોડ તાલ, જુગ ઝાંઝ કેક બંસી જુંજાળ,
હીસાક બાજ તોપાં હુસાક, હલંદે બજ પડઘમ વીર હાક,
મધકોટ ઓટ બાજે મૃદંગ, ઉછરંગ બઢે સુની સુર અંગ,
નફેર ભેર સંગ સર શંખનાદ, શરણાઈ ઢોલ બાજંત સાદ.

નાના કે પ્રકાર ફરહરે નિસાણ, જંજાળ તોપ હથનાળ માન,
ઉડત ધ્રુફાણ રણ હલ્લા આઈ, લગી કોટ ઓટ માતી લડાઈ,
ગઢ હું તપા તોપકી સલક કીન, જંજાળ ગડદીઆ ભીન ભીન,
હળનાળ હુંતા સેર ફેર, નો જુજે સંગ્રામ કરી હલા ફેર.

હોકાર બજે વાઘેર હાક, સરકાર થરહરે પીટે છાક,
ચડી ચોટ હટાવી હલતાય, મૂકીઆ સોજર દરિયાવમાંય,
દળપતિ રણ પડી રીયા દોય, હોકાર સબદ દળ મધે હોહાય,
સોજર શુરા નર પડી રીયા સાઠ, ખડો સરકાર મરડી ગીયો બાઠ.

દોહા

હબે થાગ ભાંગી હલા, વરડા ભડ વાઘેર,
દોરંગમાથ અંગરેજને, હબે હલા કરી સહુ ફેર.

યુદ્ધનાં રણઢોલ તાલબદ્ધ વાગવા માંડચાં. તોપોના પ્રચંડ અવાજ સાથે અને પડઘમના તાલે વીરોની હાક ગાજી ઊઠી. યુદ્ધનો ઉત્સાહ વધ્યો. ભેરી, નફેરી અને શંખનાદ થવા લાગ્યા. તોપો-જંજાળોનો તાસીરો મચ્યો. અંગ્રેજોની ફોજે જબરદસ્ત હલ્લો કર્યો ત્યાં વાઘેર વીરો યમરાજ શા ધસી આવ્યા અને અંગ્રેજોને ઊંચકી ઊંચકીને દરિયામાં ફેંકી દીધા. બે અંગ્રેજ સેનાપતિ મૃત્યુ પામ્યા. અને સાઠ સૈનિકોને મારી નાખ્યા ત્યારે અંગ્રેજ સરદારે પાછે હઠ કરી. આમ અંગ્રેજોનો પ્રથમ હલ્લો વાઘેરોએ મારી હઠાવ્યો ત્યારે ગુસ્સે થયેલ અંગ્રેજોએ ફરીથી હલ્લો કર્યો.

છંદ પદ્ધરી (ભુજંગી)

સો સાયબ આઠે પલટન સજંત, બો નાદ સાદ બાજત બજંત,
હજાર તીન સોજર હોકાર, ધ્રુફ્રાણુ તોપ નામ ધૂંવાધાર.
ઘન પ્રલય હુત ગરજત ઘોર, અંધાર ડમર રજ ઓર ઓર,
સમદર સુ નીર મરજાદ છોડ, સર સરીત નીર સુકે છ ક્રોડ.
ડીગપાલ ડગત ડરપંત દેસ, કાબા સુનો મુખ જુટે કલેસ,
નીસાની આયે ગઢ સરે નોંધ, પગ લરત સબ વાઘેર જોધ.
સોજર નીસાની દસ દસ સડંત, તુ માર સીસ ગોળી પડંત,
ઉમડે દરગ નીસાની આઠ, વિયાગ ચડત સોજર સો સાઠ.
અધ પર કોટ લગી ચઢે આય, અધસે નીસાની દીની ઉડાય,
વાઘેર ફેર હલકાર વાજ, ઉપર જંજાળ તોપાં અવાજ.
ફેર ભારી જોર હથનાળ ફેર, વીફરે જોધા જહાં વાઘેર,
કરી જોર ઓર સહુ સલહ કીન, તબ હટે હલા હજાર તીન.
વડા વડા જુંજાર ભાગા વિચાર, પર હોત બોત ગોલી પ્રહાર,
રસના પોકાર કર કરત રાવ, નર આજ સાજ સબ ચઢે નાવ.
એક સત પરે રન ખેત જોધ, કોયે વાઘેર કરી કરીય ક્રોધ,
એક પોહર નાવ બેઠે સઆય, બલકરી હલાતી સરી બજાય.
તું તરી જાજ સર યે કતાર, સંગ બાજે ઢોલ પડઘમ અપાર,
નામસુર પુર બંસી સુનાદ, સહનાઈ કોટ મધ શંખ સાદ.

અંગ્રેજ સેનાપતિએ પોતાની આઠેય પલટનો યુદ્ધમાં ઉતારી. તોપો ધુંવાધાર ઓકતી ગાજવા માંડી. પ્રલયકાળ જેવી ગર્જનાઓ થવા લાગી. ધૂળની આંધી ચડી. દિક્‌પાલો ડગવા માંડ્યા, વાઘેરો ગઢનું રક્ષણ કરવા ધસી આવ્યા. અંગ્રેજોએ ગઢની દીવાલ પર નિસરણીઓ માંડી એક પર દસ સૈનિક સાથે ચડવા લાગ્યા. ત્યાં ગોળીઓની રમઝટ વચ્ચે આઠ વાઘેર વીરોએ, નિસરણીઓ ઉથલાવી પાડી. આમ વાઘેરોના પ્રચંડ સામનાથી ‘ત્રાહિ મામ્’ પોકારતા અંગ્રેજો ભાગી છૂટયા. ક્રોધે ભરાયેલ વાઘેરોએ એકસો અંગ્રેજોને ખેત રાખ્યા. એક પહોર વીત્યો ત્યાં અંગ્રેજોએ ગઢ પર ત્રીજી વાર હલ્લો કર્યો.

કવિત (છપ્પય)

કરી હલા સરકાર, મરણુહાથ મહાબળ,
અંગે તોપ અવાજ, આજ વસસી અણીકળ,
લગા કોટ લલકાર, જગતીઓ કુંભો કહે જબ.
કરું સબન પરમાન, મરું રણછોડ આગે તબ,
હઠ કીયો દેવ ક્રશ્ન હુકમ, લોહધાર ફોજે લાટરો,
અજ ભૂ અંગે મરવો જરૂર, સીસઈ સમા બાંધરો.

દોહા

તુલસીજલ મુખમે મેલી તવ, સીર પર સાળકરામ,
ભારથ લડવા આઠ ભડ, તેજ બેસી તમામ,
આયા સમર સોજર અડર, થરહર ગઢ તબ થાય,
કર ગ્રહી ખગ હરહર કહી, સમો હી કુંભો જાય.

કોટ પર અંગ્રેજોએ ત્રીજી વાર હલ્લો કર્યો. તે વખતે જગતીઓ કુંભો લલકાર કરી ઊઠયો કે, "આજ રણછોડરાય માટે મોત વહોરું તો જ મારું જીવ્યું પરમાણ છે." માટે મુખમાં તુલસીદલ અને મસ્તક પર શાલિગ્રામ ધરી યુદ્ધ લડવા આઠ ભડવીરો તૈયાર થયા અને યુદ્ધ માટે આગળ વધ્યા ત્યારે ગઢ થરથર કંપવા લાગ્યો :

છંદ પદ્ધરી (ભુજંગી)

જગતીઓ કુંભો રન આયો જેમ, તલવાર ધાર મર ધાયો તેમ,
આફળે મળ્યા વાઘેર આઠ, કહરાઈ પાગરણ કોય ઠાઠ,
ધડ બે ધડ સોજર તણા, પાથરા હોત છૂટંત પ્રાણ,
ધડડસત પરત પર ખાગ ધાર, હલબલી ફોજ પાસે હજાર.

હળપડે ઢૂંઢ સોજર અપાર, ધજરાજ કરે સર સમશેર ધાર,
કર કરત પાખર ખર સર કટાય, અબ રણકે દડા શીષ અજાય,
ખત્રીવટ ઘાટ ઉસલેસ ખાગ, પડમાં જ સુર ઠેહરાત પાગ,
જગતીઓ કુંભો કરત લડત જેમ, ઉપર સરકારી હલા સમેત.

વડી સરકાર પીસતોલ વાઈ, વાઘેર ઢાલ લીની વસાઈ,
સમશેર વાઈ વાઘેર સેત, ધજરાજ કરે પાખર સમેત,
હય કૃષ્નોત ભભકત લાલ, મુખ જુગલ સાન સુ પેટી પખાલ,
અંગરેજ પિયાદા ભયા એક, સીર કટત ઘાવ કર કુંભો છેક.

છપ્પય

બડે સાબ તેહી વાર, ફરે નખેત જમીન પર,
કુંભો કરન તેહી કાલ, હરખ મુખ ઉચરે હર હર,
બજે નાદ બાજંત્ર, ફરે સબ સેન પીછાડી,
કુંભા સામી કાજ, મરે ખીચાણ મચાડી,
પરી લખધીરની આ પરી, ભોમી પે સરન ફીર ઊભેલા,
રણછોડ રાયકે ભવન પર, હબે આય વાઘેર હલા.

દોહા

માનીક દેવાકુ મીલી, કરનીસ પરભુ આગે કીન,
આઠ જને અંગરેજરી, કટ ફોજ સત તીન.

જગતીઓ કુંભો પોતાના આઠ અડીખમ વાઘેરો સાથે દુશ્મનોની સામે ધસ્યો. યમરાજ શા ભયંકર વાઘેરોના પ્રચંડ ઘા પડતાં દુશ્મનોનાં માથાં ધડથી જુદાં થઈ ગયાં. ત્રણ હજારની દુશ્મન ફોજ હલબલી ઊઠી. સેનાપતિની પીસ્તોલની ગોળીએ કુંભાની ઢાલ ઉડાડી મૂકી. ક્રોધે ભરાયેલ કુંભાએ તલવારનો છૂટો ઘા કર્યો ને સેનાપતિ જનોઈવઢ વેતરાઈ ગયો. અંગ્રેજ ફોજ પાછી હઠી. દેવા માણેક સાથે મળી વાઘેરોએ રણછોડરાયની વંદના કરી, કેમ કે, માત્ર આઠ વાઘેરોએ દુશ્મનોની ફોજને કાપી નાખી.

છંદ પદ્ધરી (ભુજંગી)

અંગરેજ દીઆ તબ હુકમ એહ, રન મધ તાસ સમા જુ લેહ,
સોધી સોધી રન સુ જે સબલ, કતલ ફોજ અંગરેજ કર,
ભેભીત ભયે સોજર ભભીર, મહુધજ તણે તીર,
રણછોડરાયકે પર ઉપાય, દીદાર કરત જોધલ દુવાય.

દુવારામતી રંગરાગ દિન, મૂળરાજ અસવારી કીન,
માનીક ઠીક મીલી સરવ સુર, પેહરંત ટોપ બગતર પુર,
જુગ પૂજા ભીડ મોજા સજુત, હદ ઢાળ પાખરા કેકાણ હુત,
સમસેર કસી તબ કમર સાથ, પરવરીએ ઘાવ નોબત પરંત.

મૂળરાજ છટે અસવારી મનાઈ, દુસરો ઇન્દ્ર નરલોક આઈ,
પૂજત સમરી દસરા પ્રનામ, તબ દાન માન સબ કરત માન,
ઉત બેટમાંય સજ ભયે તબ સેન, તીસરા પોહોર આઈ નીકટે રન,
નવદસ હજાર કરી ફોજ તૈયાર, સિંધુ શંખનાદ વાજત સોર.

દોહા

સુબીદાર બડી સાયબકું, કહે અચરજ કર જોડ,
હાલાસાર વાઘેરને, મારી દીધ મરોડ.

રાજા ગજની રોમ સુ, સમર લડે સરકાર,
હદ પુના ખીનો હટી, મરડા જોધે માર.

આજ લાજ અંગરેજકો, લીંપી જોધે લીધ,
જેસો જરદ હલા કરી, કર સંગ્રામ મખ ક્રોધ.

માની વસ મોટાજકે, ઉતરિયો અંગરેજ,
સોજર વીસ હજારસે, અતિ ત્રાણુ કર એ જ.

અંગ્રેજે હુકમ કર્યો કે, આગળ વધો. ત્યારે વાઘેરોએ સંગ્રામમાં અંગ્રેજોને શોધી શોધીને ઠાર કર્યા. વિજયની વરમાળા વાઘેરોના કંઠમાં રોપાણી.

દ્વારકામાં વિજયના રંગરાગ ઉજવાયા. મૂળુ માણેકની વિજય સવારી નીકળી. મૂળુ માણેકે દશેરાનું સમીપૂજન કરી ખૂબ દાન પુણ્ય કર્યું. મરાઠા સુબેદારે અંગ્રેજ સેનાપતિને

અરજ ગુજારી કે, વાઘેરોએ ઘણાંને મારી નાખ્યા અને બચેલ મરાઠાઓ ભાગીને પુના ભેગા થઈ ગયા. જોધા માણેકે આજ અંગરેજોની લાજ લૂંટી. ત્યારે ક્રોધે ભરાઈને સેનાપતિ સંગ્રામ કરવા સેના સજ્જ કરી અને વીસ હજારની સેના લઈ ચડી આવ્યો.

છંદ ભુજંગી

સજે શેન ચોવીસ હજાર સારી, વડો સાબ જુંજાર આયો વહારી,
અગે તોપરાં કેંક ધુંધાણુ ઉતે, બંધુકાં તણે પુર કાયર બુટે,
હલકાર, હોકાર, જોધાર ભારે, બહુ ક્રોધ હોકાર સૂરા વાઘેર તારે,
ચડી ચોટમાં શે'રમાં કોટ સુધી, કરી હલા જોધ ભલા ભૂપ ક્રોધી.

ગજે બાણુ તે ટેકરા ઊડે ગલોલા, બડા કોપીઆ ભોમીઆ સાચબોલા,
સજે ભૂસણુા અંગ દેવો ચબાણી, અડાબીડ ખાગાં કસે ક્રોધ આણી,
રણછોડજી પાસ માગ છો રજા, સવીહાર મહારાજરા કંઠે સજા,
વઈઆ સાઠ વાઘેર ભેળા વજાડી, અગે દુવારકા પાડ દીના ઉઘાડી.

હલી ફોજજું તોપ સામી હંકારી, ધજે જોધ વાઘેર સમશેર ધારી,
બડા બેગસે તેગરી ઝીંક બાજે, પડે પાખરા ઉપરા ખાગ વાજે,
ધરામાથ છૂટી ગંગા સતધારી, કડાં બાદરા ઘાવ છૂટે કટારી,
અગા ભેટતી જાણુ પુલે અટારી, ઘાવ સરદાર ઊઠે સહુપે હજારી.

હએ મૂળરાજ જુ હોહોકાર, સમીઆ સમશેર ગ્રહી કર સૂર,
નરપતિ આરાધની મુખ રાખી નૂર, ભજાબલ માંડણુ ડુંગરભૂજાર,
દલીદલ સાજ જ વાસ જ દેવ, ભીડો હઠ્ઠે કરી કતલ તતખેવ,
મારી સત્રાહરા ઉચરા મુખ રામ, નમાવણુ વેરી આયા છે સુરરાય.

દોહા

ભોજ મેઘ કલ રૂપ ભલ, ખત્રી ખરા નખશીખ,
માપાણી એતા મરદ, નરપત નઈ મીન મેખ.

અંગ્રેજ સરદાર વીસ હજારનું દળ લઈ સામે આવ્યો. તોપ-બંદુકો ગાજવા લાગી. યુદ્ધના હોકારા પડકાર થયા. ભયંકર ત્રાડ મારી વાઘેરો આગળ ધસ્યા. રાજા જોધા માણેકે કોટ સુધી હલ્લો કર્યો. દેવા ચબાણીએ સાઠ વાઘેર સાથે યુદ્ધમાં ઝંપલાવ્યું. મૂળુ માણેકે પણ હુંકાર કરી ઝુકાવ્યું; હજારો દુશ્મનોની કતલ ચલાવી. લોહીની નદીઓ વહી. મુખે રણછોડરાય બોલતા વાઘેરોએ એવો સંહાર કર્યો કે જાણે વેરીને નમાવવા સુરપતિ ઇન્દ્ર સાક્ષાત્ આવ્યા હોય તેમ લાગ્યું. માપાણી વાઘેર વીરો એમ મર્દ હતા અને રૂપવાન તથા નખશીખ ક્ષત્રીવટ દાખવનારા હતા. તે નખશીખ રાજા હતા તેમાં મીનમેખ નથી.

છંદ પદ્ધરી (ભુજંગી)

ભડ મીઅલ ધીણુગી તણા ભૂપ, સત હવે રાજા જેસા રૂપ,
લખધીર સુરવર લોહ કાઠ, ક્રમજસ વાઘજસ ધરા કાંઠ,
શુદ્ધ ખત્રી ઓખીરા સધીર, વીધા જખરાણી વધીર,
હલામાં હલ્લા થીટ તીનું હજાર, તોડવા આગ કીના વિચાર.

છપ્પય

સંવત ઓગણીસ વરખ, આ સોળ વડંતે,
વલ શ્રાવણુ સુદ બીજ, કવિ રવિ કહતે,
રેન ઘટી ખટ જાત, સજે દલ જોર સમા,
જોધા માણેક જોધ, રૂપ દુવાપર રાજા,
ગઢ સર કરવા કીધી નજર, હુકમ તેં ધરા હલબલી,
મધપરી વર દુવારામતી, સજે કોટ તોં ચલી.

ઓખામંડળના રાજાઓ વાઘેર વીરો ખરેખર રાજસી રૂપ હતા. ઓખાના સિંહ સમા વીરો, દેવો સમા દેવતાઈ ઠાઠવાળા હતા. શુદ્ધ ક્ષત્રિય લોહી તેમની નાડોમાં વહેતું હતું. રવિ કવિ કહે છે કે, સંવત ૧૯૧૬ના શ્રાવણુ સુદ બીજે આ કાવ્યની રચના કરી છે.

વીણાવાદિની સરસ્વતી

પ્રફુલ્લ જે. રાવલ

શિલ્પસમૃદ્ધિ ને ચિત્રસમૃદ્ધિની પ્રસિદ્ધિની તુલનામાં ધાતુપ્રતિમાઓની પ્રસિદ્ધિ અલ્પ પ્રમાણમાં થઈ છે. ગુજરાત ને રાજસ્થાનનાં જૈન મંદિરોમાં આજ પર્યન્ત સચવાઈ રહેલી અનેક ધાતુપ્રતિમાઓમાંથી કેટલીક પ્રતિમાઓનો પ્રશસ્ય અભ્યાસ ડૉ. ઉમાકાન્ત શાહ જેવા વિદ્વાનોએ કર્યો છે. ગુજરાત ધાતુપ્રતિમાઓ ઢાળવામાં એક કાળે પારંગત હતું. આજે પણ જુદાં જુદાં સંગ્રહસ્થાનોમાં કેટલીક ધાતુપ્રતિમાઓ સચવાઈ રહી છે. સુરતના 'સરદાર વલ્લભભાઈ પટેલ મ્યૂઝિયમ'માં અતિ પ્રાચીન નહીં પણ કલાની દૃષ્ટિએ નોંધપાત્ર એક કાંસ્ય પ્રતિમા સંગ્રહાયેલી છે, તેનો નોંધણી નંબર ૪૬૩૬ છે. આ કાંસ્ય પ્રતિમા વીણાવાદિની સરસ્વતીની છે. તે અત્રે પ્રસ્તુત કરું છું.

હિંદુ ને જૈન ઉભય ધર્મના લોકો જ્ઞાનદેવી તરીકે સરસ્વતીની અર્ચના કરે છે. અજ્ઞાનનો નાશ કરી જ્ઞાનનો પ્રકાશ આપનારી વિદ્યાદેવી તરીકે સંસ્કૃત (ઉ. ત. सा मां पातु सरस्वती भगवती निःशेषजाड्यापहा ।) ને જૂની ગુજરાતીના સાહિત્યમાં (ઉ. ત. 'पहिलउं सरसति अरचिसु रचिसु वसंतविलासु' 'વસંતવિલાસ'નો પ્રારંભનો શ્લોક) તેની સ્તુતિ કરવામાં આવી છે.

૬૦ સે.મી. ઊંચી ને ૩૦ સે.મી. પહોળી આશરે સોળમી સદીની વીણાવાદિની સરસ્વતીની આ કાંસ્ય પ્રતિમા પ્રથમ દૃષ્ટિએ જ તેની સુંદરતા ને ભવ્યતાને અભિવ્યક્ત કરે છે. ગળામાં સુંદર હાર, બાવડાં પર બે પ્રકારના કળામય કેયૂર, હાથ પર કંકણ, સ્કંધમાલા, મત્સ્યાકૃતિ યુક્ત કર્ણવલય, કિરીટ મુકુટ, અર્ધસ્તન પર ઝીણું વસ્ત્ર ને પગમાં પાદમલભૂષણ ઇત્યાદિ અલંકારો વડે મંડિત આ કાંસ્ય પ્રતિમા ખરે જ મોહક લાગે છે. કમલાસન પીઠિકા પર સ્થિત, સૌમ્ય, શાંત ને સ્મિત યુક્ત મુખારવિંદવાળી આ પ્રતિમાની સપ્રમાણ દેહયષ્ટિ કલાકારની કલાની દ્યોતક છે. પાછળના ડાબા હાથમાં પુસ્તક, પાછળના જમણા હાથમાં માલા ને શેષ બે આગલા હાથ વડે વીણા વગાડતી દક્ષિણ ભારતની કળાની અસર ધરાવતી આ ચતુર્ભુજ પ્રતિમા તેના સાર્થ અર્થમાં વીણાવાદિની છે. વીણા પર સ્થિત છતાં ગતિમય અંગુલિઓ તેનું પ્રમાણ છે. મા સરસ્વતી સુવિકસિત બેવડી પાંખડીવાળા કમલાસન પર અર્ધપર્યંકાસનમાં બિરાજે છે.[૧]

---

૧ મૂર્તિનો ફોટો, સરદાર વલ્લભભાઈ પટેલ મ્યૂઝિયમ, સુરતના સૌજન્યથી.

ઇડર રાજ્યનાં ત્રણ અપ્રસિદ્ધ તામ્રપત્રો

ભારતી શેલત

થોડા દિવસ ઉપર ખેડબ્રહ્માના શ્રીનિકેતન વિદ્યાલયના આચાર્ય સુરેશભાઈ અં. દવે ત્યાંના રહીશ એક કંસારા પાસેથી મેળવેલ તામ્રપત્ર ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવનમાં વંચાવવા લાવેલા. શ્રી સુરેશભાઈ દવેની આવી ઐતિહાસિક દૃષ્ટિને લીધે જ આ તામ્રપત્ર પ્રકાશમાં આવ્યું છે. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ આ તામ્રપત્રનું સંપાદન કરવા મને સૂચવ્યું. વળી આ સંદર્ભમાં તેમણે સંસ્થાના મ્યૂઝિયમમાં રહેલાં આવાં બીજાં બે તામ્રપત્રો તરફ તેમણે ધ્યાન ખેંચ્યું ને આ તામ્રપત્ર સાથે એ બે તામ્રપત્રોનું સંપાદન કરવા પણ સૂચવ્યું. મારા આ કાર્યમાં મને સહાય કરવા બદલ હું તેમની અત્યંત ઋણી છું.[1]

૧ રાઠોડ રાજા શિવસિંહના પુત્ર મહારાજકુમાર ભવાનીસિંહનું તામ્રપત્ર (વિ. સં. ૧૮૩૭ (જુઓ આ અંકના છેલ્લા કવરપેજ ચોથા ઉપરનું ચિત્ર)

આ તામ્રપત્ર હાલ ખેડબ્રહ્માના એક કંસારા પાસે છે. પરંતુ તે કંસારાને એ કયાંથી મળેલું એ માહિતી ઉપલબ્ધ ન હોઈ આ તામ્રપત્રનું મૂળ પ્રાપ્તિસ્થાન અજ્ઞાત છે.

આ તામ્રપત્ર એક **પતરા** પર કોતરેલું છે, એની લાંબી બાજુઓ સુરેખાત્મક છે, જ્યારે એની ટૂંકી બાજુઓને થોડી વૃત્તાકાર બનાવેલી છે. પતરાના ચારે ખૂણા કોણાત્મક નથી, પણ વૃત્તાકાર છે.

પતરાની પહોળાઈ ૨૦ સે.મી., ઊંચાઈ ૩૫.૫ સે.મી. તેમ જ જાડાઇ ૦.૩ સે.મી. છે.

પતરાની ચારે બાજુની ધાર સુંદર બનાવેલી છે. લખાણ **પતરાની** એક બાજુ પર કોતરેલું છે. એમાં કુલ ૧૪ પંક્તિઓ છે, તેમાંની છેલ્લી પંક્તિમાં માત્ર ત્રણ અક્ષર કોતરેલા છે, અને તે પછી કોરી રહેતી જગા પર અક્ષરોની સળંગ હાર જેવી ચિહ્નમાળા કોતરી છે.

લેખ જૂની મારવાડી છાંટવાળી ગુજરાતી **ભાષા**માં લખાયેલો છે. મારવાડી છાંટવાળા શબ્દો કે શબ્દસમૂહ જેવા કે होअैनै (પં. ૪), मऊरा (પં. ૪), कीओ छै (પં. ૭, ૮), पावे नहीं (પં. ૮) ઇત્યાદિ પ્રયોજાયા છે. એમાં કેટલાક સંસ્કૃત શબ્દો અથવા પદો જોવા મળે છે, તે ઘણા અશુદ્ધ રૂપમાં લખેલાં છે, જેમ કે अनैक सकलसुभओपमा बीराजमानानं (પં. ૧, ૨), दैवबचनात (પં. ૩). કોઈ કોઈ ફારસી શબ્દ પણ જોવા મળે છે, જેમ કે मैहेरबांन (પં. ૪). આખું લખાણ ગદ્યમાં છે, સિવાય એની અંદર ઉદાહૃત કરેલો શ્લોક, જે પણ અશુદ્ધ સંસ્કૃતમાં છે (પં. ૯, ૧૦).

---

૧. આ સિવાય પ્રો. કે. કા. શાસ્ત્રી, શ્રી સુબોધકુમાર અગ્રવાલ, પ્રા. પ્રવીણભાઈ પરીખ અને શ્રી સુરેશભાઈ દવેએ, મને આ લેખ તૈયાર કરવામાં સહાય કરી છે, તે બદલ તે સર્વનો આભાર માનું છું.

આ તામ્રપત્રની **લિપિ** ઈસવી સનની ૧૮મી સદીમાં ગુજરાતમાં પ્રચલિત દેવનાગરી છે. આખી લીટીમાં સળંગ શિરોરેખા કરીને બધા અક્ષરો કોતરેલા છે. ક્યારેક આ શિરોરેખાના સળંગપણામાં છેદ રાખવામાં આવે છે, જેમ કે ऊ (પં. ૪)માં, डी (પં. ૬)માં. અંકચિહ્નોમાં ૧૮૩૭માંના પહેલા ત્રણ આંકડામાં તથા ૧૨માંના (પં. ૧૧) પહેલા આંકડા ઉપર પણ સળંગ શિરોરેખા છે, જ્યારે તે બંને સંખ્યાના છેલ્લા છેલ્લા આંકડા પર નથી. આ પરથી ફલિત થાય છે કે પંક્તિ માટેની સળંગ શિરોરેખા અક્ષરોના નાના સમૂહોને આવરી લે તેમ હપ્તે હપ્તે કરવામાં આવતી હશે.

અહીં अने તેના પરથી સાધિત થયેલા अै, ओना મરોડ ઉત્તર ભારતીય દેવનાગરી સ્વરૂપના છે. દા.ત. अनैक (પં. ૧)માં, ओपमां (પં. ૧)માં, होअै (પં. ૪)માં, कीओ (પં. ૮)માં. આમાં ओની જેમ अैને પણ अ પરથી સાધિત કરવામાં આવ્યો છે તે નોંધપાત્ર છે.

ई, ऊ, क, च, ज, त, द, न, फ, भ, म, ल, स અને हના મરોડ પણ ઓછેવત્તે અંશે વિલક્ષણ છે.

ईના મરોડમાં શિરોરેખા ઉપરની અર્ધવૃત્ત રેખાને અંતર્ગત ईના ચિહ્નનું સ્વરૂપ આપવામાં આવ્યું છે. દા.ત. ईडर(પં. ૧૨)માં.

ऊમાં ડાબી બાજુના ગોળ પાંખાને ઊંચે છેક શિરોરેખાની ઉપર સુધી લંબાવ્યું છે. દા.ત. मऊराऊ (પં. ૪)માં.

कમાં અક્ષરની ઊભી રેખા લંબ ન રહેતાં સહેજ ઈશાન-નૈઋર્ત્યનો ત્રાંસ લે છે, અને એથી એ ગુજરાતી 'ક'ના આદ્ય સ્વરૂપ જેવો લાગે છે, જેમ કે अनैकसकल (પં. ૧)માં, कीओ (પં. ૯)માં, करवा (પં. ૧૦)માં.

खને માટે અહીં ष પ્રયોજાયો છે. ઉ. ત. षीचडी (પં. ૩)માં, षरषेचल (પં. ૮)માં, लीषतं (પં. ૧૨, ૧૩)માં.

त, न, भ, म અને सમાં વચલી આડી રેખાને ત્રાંસી કરીને એના જમણા છેડાને શિરોરેખા તરફ લંબાવ્યો છે.

णમાં ઉત્તરી મરોડ પ્રચલિત છે, જેમાંથી ગુજરાતી મરોડ થયો છે. દા.ત. जसकरंण (પં. ૧૨)માં.

આ સમયે ઘ પર પણ શિરોરેખા થતી હોઈ એની જમણી બાજુની ઊભી રેખાની ટોચને શિરોરેખા કરતાં સહેજ નીચી રાખી છે, જ્યારે ઘમાં એ ઊભી રેખાને શિરોરેખા સાથે જોડવામાં આવી છે, ઉ. ત. श्रिध(પં. ૧)માં, राजाधीराज(પં. ૨)માં, सीवसींघजी(પં. ૨)માં, भवांनीसींघजी (પં. ૩)માં.

फનો મરોડ कને મળતો છે. પરંતુ એનું નીચલું જમણું પાંખુ જરા જુદું છે. ઉ. ત. फोज (પં. ૬)માં, माफ (પં. ૭)માં.

અહીં लના મુખ્યત્વે બે મરોડ જોવા મળે છે. ૧. ચૌલુક્યકાલીન ल, ડાબી બાજુના ગોળ પાંખાને અણુજોડાયેલું રાખીને, વચલી આડી રેખાને જમણી બાજુ સહેજ ઊંચે જતો ત્રાંસ

આપીને અને જમણી બાજુના પાંખાને ઓછુંવત્તું ખાંચાદાર બનાવીને કરવામાં આવ્યો છે. દા.ત. तुलसीपत्र गंगाजल (પં. ૭)માં, षरषेचल (પં. ૮)માં, जवलग(પં. ૧૦)માં, જ્યારે, ૨. એને બદલે ક્યારેક જમણા પાંખાને સુરેખાત્મક બનાવતાં શિરોરેખાવાળા ગુજરાતી 'ल' જેવો મરોડ થયો છે. દા.ત. ल (પં. ૧), ली (પં. ૧૩).

અંતર્ગત સ્વરોનાં ચિહ્નો અર્વાચીન સ્વર ચિહ્નોને મળતાં છે. પરંતુ हु (પં. ૧૧) તથા कृ (પં. ૧ની ઉપર)માં એનો મરોડ કંઈક વિલક્ષણ ગણાય. લેખમાં સંયુક્તાક્ષર જૂજ આવે છે. એમાં क्र (પં. ૬) અને ष्ण (પં, ૭)ના મરોડ નોંધપાત્ર છે.

અંકચિહ્નોમાં ૧, ૨, ३, ૭ અને ૮નાં ચિહ્ન પ્રયોજાયાં છે. એમાં ૧ સિવાયનાં ચિહ્નોના ઉપલા છેડા શિરોરેખાની ઉપર રહે છે. એ પૈકી ३ સિવાયના આંકડાઓના મરોડ અર્વાચીન જેવા છે.

અક્ષરવિન્યાસમાં કેટલીક વિલક્ષણતા નજરે પડે છે :

૧. કેટલાક અક્ષરો ઉપર અનુસ્વારનું અનાવશ્યક ઉમેરણ, જેમ કે बीराजमांनानं (પં. ૧), श्रीभवांनीसींघजी (પં. ૩), मैहेरबांन (પં. ૪), गांम (પં. ૪), हुकंम (પં. ૧૧), मुकांम (પં. ૧૧).

૨. કેટલાક અક્ષરોમાં અંતર્ગત एને બદલે ऐની માત્રાનો પ્રયોગ, દા.ત. अनैक (પં. ૧), दैवबचनात (પં. ૩), जीसाहैष (પં. ૪), मैहेरबांन (પં. ૪).

૩. અલગ અક્ષરોનું અશુદ્ધ સંયોજન. દા.ત. प्रमेस्वर (પતરાંની ટોચે), स्मस्त (પં.૬), प्रवांनगी (પં. ૧૨).

આ લેખમાં જોડણીની સંખ્યાબંધ ભૂલો થયેલી છે, જે લહિયાનું અજ્ઞાન કે એનો પ્રમાદ દર્શાવે છે. દા.ત. श्रिध = सिद्धं (પં. ૧), सुभओपमा = शुभोपमा (પં. ૧), कवार = कुमार (પં. ૩), श्रीसीवसींघजी = श्रीशिवसिंहजी(પં. ૨), दैवबचनात = देववचनात् (પં. ૩), महाराजाधीराज = महाराजाधिराज (પં. ૨), उपाधा = उपाध्याय (પં. ૪, ૫), श्रीक्रौंष्णारपुन = श्रीकृष्णार्पण (પં. ૬, ૭), सीलोकः = श्लोकः (પં. ૮, ૯), प्रतीग्रहाते = प्रतिगृह्णाते (પ. ૯), लीषतं = लिखितं (પં. ૧૨, ૧૩), कोरू = कोर्युं (પં. ૧૩).

પતરામાં સૌથી ઉપર મધ્યમાં श्री प्रमेस्वरजी सत छै એમ લખેલું છે, તેની નીચે મધ્યમાં અમુક આકારનાં બે સંયુક્ત ચિહ્નોનું સુશોભન કોતરીને નીચે 'सही' એમ મોટા કલાત્મક મરોડમાં લખેલું છે ને એમાંના બીજા અક્ષરમાં આવતી ईની માત્રા ખૂબ લાંબી અને સુંદર વળાંકવાળી કરવામાં આવી છે. જમણી બાજુએ તલવારની આકૃતિ કોતરેલી છે. 'सही'ની નીચે ડાબી બાજુએ श्रीकृष्णार्पुन्य લખેલું છે.

લેખના આરંભમાં બે દંડ, એકની નીચે બીજું એવાં બે મીંડાં અને એક પાણુ એવાં ચિહ્ન છે, એમાંનું મુખ્ય ચિહ્ન મંગલનું દ્યોતક લાગે છે. ત્યાર બાદ મંગલસૂચક શબ્દ श्रिध (सिद्धं) આવે છે. મહારાજાધિરાજ **શિવસિંહજી**ના પુત્ર મહારાજકુમાર **ભવાનીસિંહજી**ની આજ્ઞાથી **મઉ** ગામના ઉપાધ્યાય **હરદેવ, હીરા** તથા **ગોવિંદરામ** અને તેમના પુત્ર સમસ્તને

અર્થાત્ સમસ્ત પુત્રપરિવારને **ગનીમ** વેરો, ફોજ–**ખીચડી** વગેરે કૃષ્ણાર્પણ, તુલસીપત્ર અને ગંગાજલના નિયમે માફ કર્યાં છે (પં. ૨ થી ૮). આથી કોઈએ 'ખરખેચલ' (પં. ૮) એવો અનુરોધ કરીને એના સમર્થનમાં એક શ્લોક ઉદાહૃત કરવામાં આવ્યો છે–જેમાં સ્વદત્ત કે પરદત્તનો લોપ કરવાથી શાશ્વત નરકયાતના ભોગવવી પડે છે, એમ જણાવ્યું છે (પં. ૯, ૧૦). ત્યાર બાદ **મિતિ**નો ઉલ્લેખ આવે છે, જે संवत् ૧૮૬૭ના પોષ સુદિ ૧૨ની હોવાનું જણાવાયું છે (પં. ૧૧). પછી '**मुकांम गढ ईडर**' એવો નિર્દેશ આવે છે. તે પ્રાયઃ દાતા રાજવીના શાસનસ્થાનનો લાગે છે. એની પછી '**प्रवांनगी (परवानगी) व्यास जसकरणजी**'નો ઉલ્લેખ છે. તે આ રાજ-શાસનનો દૂતક અધિકારી લાગે છે. રાજશાસનનું લખાણ **ગાંધી લીલાધર આશાધરે** લખ્યું છે (પં. ૧૩, ૧૨), ને એ લખાણ **સોની જગન્નાથે** કોતર્યું છે (પં. ૧૩, ૧૪).

તામ્રપત્રમાં ઉલ્લિખિત મહારાજા **શિવસિંહજી ઈડર**ના રાઠોડ વંશના હતા. તેમનો જન્મ સં. ૧૭૯૧ (ઈ. સ. ૧૭૩૫)માં થયો હતો. માત્ર ૭ વર્ષની ઉંમરે સં. ૧૭૯૭ (ઈ. સ. ૧૭૪૧)માં ગાદી પર આવ્યા. તેમણે સં. ૧૮૪૮ (ઈ. સ. ૧૭૯૨) સુધી અર્થાત્ ૫૧ વર્ષ રાજ્ય કર્યું.[૨] તેમના પછી તેમના પુત્ર **ભવાનીસિંહજી** (જન્મ સં. ૧૮૧૨ ઈ. સ. ૧૭૫૬) ૩૬ વર્ષની ઉંમરે ગાદીએ આવ્યા. બિમારીને લીધે તેઓ ફક્ત ૧૨ દિવસમાં જ મૃત્યુ પામ્યા.[૩] આ તામ્રપત્રમાં કોતરેલું તેમનું ફરમાન તેમની કુમારાવસ્થામાં બહાર પડેલું હોય તેમ જણાય છે.

તામ્રપત્રમાં જણાવેલ સ્થળો પૈકી **मऊ** ગામ હાલના ઇડર રાજ્યના **ભીલોડા** તાલુકાનું **મઉ** ગામ છે. ગઢ **ઇડર** એ આ રાજ્યનું પાટનગર હતું.

લેખમાં આવતો '**ગનીમ વેરો**' અને '**ફોજ–ખીચડી**' એ વેરાના પ્રકાર છે. **ગનીમ** વેરો એ આક્રમક પેશ્વાઓ તરફથી શત્રુઓ પર નાખેલો વેરો છે. ઇડર રાજ્ય પર પેશ્વાઓએ આ વેરો **શિવસિંહજી**ના સમયથી નાખ્યો હતો. એ "દુશ્મનના ઘોડાનો વેરો" કહેવાતો.[૪] એવી રીતે 'ખીચડી' એ ખંડિયા રાજા પાસેથી લેવામાં આવતી ખંડણીનો એક પ્રકાર હતો. ઇડરના રાજાને ખંડિયા રાજ્યો તરફથી 'ખીચડી' મળતી.[૫] ફોજ–ખીચડી ફોજના નિર્વાહ નિમિત્તે લેવાતી હશે.

'ખરખેચલ'નો અર્થ નક્કી કરવો મુશ્કેલ છે. **ચૂરૂ** (રાજસ્થાન)ના વિદ્વાન શ્રી **સુબોધ-કુમાર અગ્રવાલ**ના જણાવ્યા અનુસાર 'ખેચર'નો અર્થ 'વેઠ' થાય છે.

તામ્રપત્રમાં જણાવેલું વર્ષ વિક્રમ સંવતનું છે. મહિનો કાર્તકથી ફાગણ દરમિયાનનો હોઈ તેમ જ તિથિ શુકલપક્ષની હોઈ આ **મિતિ** ચૈત્રાદિ વર્ષની કે કાર્તિકાદિ વર્ષની અને પૂર્ણિમાન્ત

---

૧ જોષી જોગીદાસ અં., **ઇડર રાજ્યનો ઇતિહાસ**, ભા. ૧, પૃ. ૩૦૨–૩.

૨ એજન, પૃ. ૩૩૨

૩ એજન, પૃ. ૩૩૫

4 Bombay Gazetteer, Vol. V, pp. 406 f.

5 Ibid., P. 407

માસની કે અમાસાન્ત માસની હશે, એ પ્રશ્ન રહેતો નથી. તે દિવસે ઈ. સ. ૧૭૮૧ના જાન્યુઆરીની લગભગ તા. ૭મી હશે.[1] તિથિની સાથે વાર આપેલો ન હોઈ ચોક્કસ તારીખ નક્કી કરી શકાય તેમ નથી.

મૂળ લેખનો પાઠ નીચે મુજબ છે :

॥ श्री प्रमेस्वरजी सत छे

सही

श्रीकृष्णार्पुन्य

१ ॥ : । श्रिध श्रीअनैकसकलसुभओपमा बीराजमांना—
२ नं श्रीमाहाराजाधीराजमाहाराजा श्रीसीवसींघजी
३ माहाराजाकवार श्रीभवानीसींघजी दैवबचनात
४ श्रीजीसाहैब मैहेरबांन होअैनै गांम मऊरा ऊ—
५ पाधा हरदैव हीरा तथा गोवंदराम बा. जगा(णा)रां बेटां
६ स्मस्तने गनीम वेरो फोज–षीचडी वगेरे श्रीकृ—
७ ष्णारपुन तुलसीपत्र गंगाजल सुधांत माफ की—
८ ओ छै [। *] सो कोई षरषेचल करवा पावे नही [। *] सी—
९ लोकः आपदतं परदतं जे लोपंते प्रतीग्रहाते
१० नरा नरकं जायं(व)ते जबलग चंद्रदेवाकरा [॥ *]
११ हुकंम छे [। *] संबत १८३७ पोस सुदी १२ मुकांम
१२ गढ ईडर प्रवांनगी व्यास जसकरंणजी [। *] ली—
१३ षतं गांधी लीलाधर आसाधर [। *] कोरू सौनी ज
१४ —गनाथ [॥ *]...

૨ રાઠોડ રાજા ગંભીરસિંહનું તામ્રપત્ર (વિ. સં. ૧૮૪૮)

(જુઓ આ અંકના કવરપેજ ત્રીજા ઉપરનું ચિત્ર.)

આ તામ્રપત્ર એક **પતરા** પર કોતરેલું છે. તે હાલ ભો. જે. વિદ્યાભવનના મ્યૂઝિયમમાં છે. **પતરાની** પહોળાઈ ૧૯ સે.મી. અને ઊંચાઈ ૪૫.૫ સે.મી. છે. તેની જાડાઈ ૦.૩ સે.મી. છે. તેનું વજન લગભગ ૨.૫ કિ.ગ્રા. જેટલું છે. તેના અક્ષર સ્પષ્ટ વંચાય છે. લખાણ **પતરાની** એક બાજુ પર કોતરેલું છે. એમાં કુલ ૧૮ પંક્તિઓ છે. ૧૨મી–૧૩મી પંક્તિની વચ્ચેથી **પતરાના** બે કટકા થયેલા છે. ૧૩મી પંક્તિનો પહેલો શબ્દ नरकं ઉપરના કટકામાં વંચાય છે.

---

1 Pillai, L. D. S., Indian Chronology, p. 120

પહેલા લેખની જેમ આ લેખ પણ જૂની મારવાડી છાંટવાળી ગુજરાતી **ભાષા**માં લખાયેલો છે. મારવાડી છાંટવાળા શબ્દો જેવાં કે ईडररा[1] (પં. ૩), नीमत (પં. ૮), कीओ छे (પં. ૯), कोडी १ री[2] (પં. ૯, ૧૦), करवा पावसी नही (પં. ૧૦), राषनै रहीजे (પં. ૧૧), संवत १८४८ रा (પં. ૧૪). એમાં અશુદ્ધ રૂપમાં લખાયેલ શબ્દો જોવા મળે છે, જેમ કે सध (પં. ૧), लीषतंग (પં. ૧૭). કોઈ કોઈ અરબી-ફારસી શબ્દ પણ જોવા મળે છે, જેમ કે वलद (પં. ૪), पाअेतषत (પં. ૧૫) વગેરે.

તામ્રપત્રની **લિપિ** પહેલા તામ્રપત્રની જેમ ઈસવી સનની ૧૮મી સદીમાં ગુજરાતમાં પ્રચલિત દેવનાગરી છે. અંકચિહ્નોમાં ચારેય આંકડાની જગ્યાએ શિરોરેખા લંબાવી ન દેવાની કાળજી લહિયાએ રાખી છે.

પહેલા તામ્રપત્રમાં જણાવ્યા અનુસાર અહીં પણ ई, क, च, ज, झ, त, द, न, फ, भ, म, ल, स અને हના મરોડ થોડા વિલક્ષણ છે.

णમાં ઉત્તરી મરોડ પ્રચલિત છે, જેમાંથી ગુજરાતી મરોડ થયો છે. દા. ત. रांमकरण (પં. ૧૬)માં.

यના બે પ્રકારના મરોડ જોવા મળે છે. કેટલીક વાર વચ્ચેનું અર્ધવૃત્તાકાર પાંખું ડાબી બાજુ વધુ ગોળ વાળવામાં આવ્યું છે, જેમ કે होय (પં. ૬) અને जायंते (પં. ૧૩)માં, જ્યારે કોઈક વાર જોડાક્ષરમાં य પના સ્વરૂપમાં લખવામાં આવે છે, જેમ કે श्रीक्रष्नारपुन्य- (પં. ૧ની ઉપર)માં.

फનો મરોડ कને મળતો છે, પરંતુ એનું નીચલું જમણું પાંખું कના નીચલા જમણા પાંખા કરતાં સહેજ જુદું છે. ઉ. ત. माफ(પં. ૯)માં.

અંકચિહ્નોમાં આ લેખમાં ४ અને ५ નાં ચિહ્ન પણ મળે છે. '४'ના ચિહ્નમાં જમણી બાજુનું ત્રાંસું પાંખું શિરોરેખાથી ઊંચે લંબાવ્યું છે. '५'માં ઉપલાં બંને પાંખાં શિરોરેખાથી ઊંચે લીધાં છે.

અક્ષરવિન્યાસમાં કેટલીક વિલક્ષણતાઓ નોંધપાત્ર છે. જેમાં ૧. કેટલાક અક્ષરો પર અનુસ્વારનું બિનજરૂરી ઉમેરણ કરવામાં આવ્યું છે, જેમ કે रांमेस्वर (પં. ૪)માં, अंणदरांम- (પં. ૪)માં, रांमकरंण(પં. ૧૬)માં, कीसनंनाथ(પં. ૧૬)માં. ૨. કેટલાક અક્ષરોમાં અંતગર્ત एને બદલે ऐની માત્રાનો પ્રયોગ કરેલો છે, જેમ કે कसबै (પં. ૩)માં, राषनै (પં. ૧૧)માં.

આ લેખમાં જોડણીની સંખ્યાબંધ અશુદ્ધિઓ માલૂમ પડે છે, તે લહિયાની બિનઆવડત કે બિનકાળજી દર્શાવે છે. ઉ.ત. श्रीप्रमेस्वरजी = श्रीपरमेश्वरजी (પતરાની ટોચે) श्रीक्रष्णारपुन्य = श्रीकृष्णार्पण (પં. ૧ની ઉપર), सध = सिद्धं (પં. ૧), लीषतंग = लिखितं (પં. ૧૭).

---

૧ અહીં 'रा' પ્રત્યય 'ના'ના અર્થમાં પ્રયોજાયો છે.

૨ અહીં 'री' પ્રત્યય 'ની'ના અર્થમાં પ્રયોજાયો છે.

પતરામાં સૌથી ઉપર મધ્યમાં **श्रीप्रमेस्वर**जी એમ લખેલું છે. તેની નીચે મધ્યમાં અમુક આકારનાં બે સંયુક્ત ચિહ્નોનું સુશોભન કોતરીને નીચે 'सही' એમ મોટા કલાત્મક મરોડમાં લખેલું છે. આ બંનેની જમણી બાજુએ તલવારની આકૃતિ કોતરેલી છે. सहीની ડાબી બાજુએ श्रीक्रष्णारपुन्य લખેલું છે.

લેખના આરંભમાં બે દંડનું ચિહ્ન છે. ત્યાર બાદ મંગલસૂચક શબ્દ **सघ** (**सिद्धं**) આવે છે. ત્યાર બાદ મહારાજાધિરાજ **ગંભીરસિંહજી**ની આજ્ઞાથી **ઇડર** પ્રાંત(કસબા)ના ઓચારજ જ્ઞાતિના **જીવણ**ના દીકરા **રામેશ્વર** તથા **અંણદરામને ગનીમ વેરો અને ખોટ વેરો** શ્રીકૃષ્ણાર્પણ, તુલસીપત્ર અને ગંગાજલના નિયમે માફ કર્યો છે એમ જણાવ્યું છે (પં. ૨ થી ૯). આથી દર વર્ષે એક ચાલુ કોડીની (પણ) વેઠ કરાવવી નહીં, અને (એવી) ખાત્રી–ખુશાલી રાખીને રહેવું (પં. ૯ થી ૧૧), એવો અનુરોધ કરીને એના સમર્થનમાં એક પૌરાણિક શ્લોક ઉદાહૃત કરવામાં આવ્યો છે. ત્યાર બાદ **મિતિ**નો ઉલ્લેખ આવે છે, જે સં. ૧૮૪૮ની ચૈત્ર સુદિ ૫ છે. ત્યાર બાદ રાજધાની **ઇડર**ગઢનો ઉલ્લેખ આવે છે. તામ્રપત્રનો દૂતક **પંચોલી રામકરણ કીસનનાથ** છે (પં. ૧૬). લહિયાનું નામ **ગાંધી લીલાધર આશાધર** છે (પં. ૧૭), તેમ જ લખાણ **તુલજા જગનાથે** કોતર્યું છે (પં. ૧૮).

તામ્રપત્રમાં જેમનો ઉલ્લેખ છે, તે રાજા **ગંભીરસિંહજી ઇડરના** રાઠોડ વંશનાં હોય તેમ જણાય છે. તેમનો જન્મ વિ. સં. ૧૮૩૫ (ઈ. સ. ૧૭૭૯)માં થયો હતો. વિ. સં. ૧૮૪૮- (ઈ. સ. ૧૭૯૨)માં ૧૩ વર્ષની ઉંમરે તેઓ ગાદી પર આવ્યા. એ પછી થોડા જ દિવસમાં આ ફરમાન બહાર પાડેલું છે. તેમણે વિ. સં. ૧૮૪૮ (ઈ. સ. ૧૭૯૨)થી વિ. સં. ૧૮૯૦ (ઈ. સ. ૧૮૩૪) સુધી ૪૨ વર્ષ રાજ્ય કર્યું. વિ. સં. ૧૮૯૦ (ઈ. સ. ૧૮૩૪)માં તેઓ મૃત્યુ પામ્યા.[૧]

ગંભીરસિંહજીની કારકિર્દીનો મુખ્ય ભાગ પોતાના રાજ્યના સીમાડા કાયમ કરવામાં તથા પોતાના તાબાના સરદારોને તાબે કરવામાં ગયો. તેઓ ઘણા જ ધર્મચુસ્ત હતા. તેમણે ધાર્મિક કામોમાં ઘણાં ગામ બક્ષિસ આપ્યાં. તેઓ ઘણા જ બહાદુર શૂરવીર અને શુદ્ધ ક્ષત્રિય તેમ જ રાઠોડ વંશને છાજતા તમામ ગુણોથી ભરપૂર હતા.[૨]

તામ્રપત્રમાં પં. ૩માં જણાવેલ **ઇડર** કસબો તે ૧૫મી પંક્તિમાં જણાવેલ પાયતખ્ત **ઇડર** છે.

લેખમાં જણાવેલ વેરાઓમાં '**ખોટ વેરો**' નવો છે. 'ખોટ'નો અર્થ અહીં જમીનદાર થાય છે.[3] **ગંભીરસિંહજી**ના સમયમાં 'ગનીમ ઘોડા વેરો' ગાયકવાડ તરફથી લેવામાં આવતો. હવે એનું નામ સુધારીને 'ઘાસદાણા વેરો' રાખવામાં આવ્યું.[૪]

---

૧ જોષી, જોગીદાસ અં., **ઇડર રાજ્યનો ઇતિહાસ**, ભા. ૧, પૃ. ૪૦૩

૨ એજન, પૃ. ૪૦૩–૪

3 Tripathi, R. P., **Some Aspects of Muslim Administration**, p. 256, n. 193

4 Bombay Gazetteer, Vol. V, P. 407

દાનનો લોપ કરનાર કેવું મહાપાતક ભોગવે છે તેને લગતો પૌરાણિક શ્લોક પં. ૧૨, ૧૩માં છે.

તામ્રપત્રમાં આપેલ **મિતિનું** વર્ષ વિક્રમ સંવતનું છે. તિથિની સાથે વારનો ઉલ્લેખ **નથી.** આથી ચોક્કસ તારીખ નક્કી કરી શકાય તેમ નથી. કાર્તિકાદિ વર્ષની ગણતરીએ અંગ્રેજી તારીખ લગભગ ૨૭મી માર્ચ, ૧૭૯૨ આવે.[1]

આ તામ્રપત્રનું લખાણ **ગાંધી લીલાધર આસાધરે** કર્યું છે તે પહેલા તામ્રપત્રનો પણ લેખક છે. પતરું કોતરનાર **સોની તુલજા** એ પહેલું તામ્રપત્ર કોતરનાર સોની **જગનાથનો** પુત્ર હોય તેમ જણાય છે:

મૂળ લેખનો પાઠ નીચે પ્રમાણે છે:

॥ श्री प्रमेस्वरजी

सही

॥ श्रीक्रष्णारपुन्य

१ ॥ सध श्रीअनैकसकलसूभओपमा बीराजमां—
२ नानं श्रीमाहाराजधीराजमाहाराज श्री**गंभी**—
३ **रसींघजी** दैवबचनात कसबै **ईडररा** ओ—
४ चारज **रांमेस्वर** ता. **अंणदरांम** वलद **जीव**—
५ **णराने गनीम वेरो षोट वेरो** श्रीजीसाह—
६ ब मेहेरबान होयने श्रीहजूररे ने श्रीलाल—
७ जी साहेबरे एकादसारे दीन श्रीक्रष्नार—
८ पुननीमत तुलसीपत्र गंगाजल सुधांत
९ माफ कीओ छे [। *] सो हरसाल चलु कोडी १
१० री कोई षरचैचल करवा पावसी नही [। *] षा—
११ त्रषुस्वाली राषनै रहीजे [। *] सीलोकः आ—
१२ पदतं परदतं जे लोपंते प्रतीग्रहाते नरा
१३ नरकं जायं(व)ते जबलग चंद्रदेवाकरा [॥ *] हु—
१४ कांम छे [। *] संवत १८४८ रा चेत्र सुदी ५ मु—
१५ कांम पाअेतषत **गढईडर** परवांनगी
१६ **पंचोली रांमकरंण कीसंननाथोत** [। *]
१७ लीषतंग **गांधी लीलाधर आसाधर** [। *]
१८ पत्रकोर **सोनी तुलजा जगनाथः** ॥

---

1 Pillai, L. D. Swamikannu, **Indian Chronology**, p. 120

૩ રાઠોડ રાજા ગંભીરસિંહના પુત્ર મહારાજકુમાર ઉમેદસિંહનું તામ્રપત્ર (વિ. સં. ૧૮૭૫) (જુઓ આ અંકના કવરપેજ ત્રીજા ઉપરનાં ચિત્રો)

આ તામ્રપત્ર પણ એક જ **પતરા** પર કોતરેલું છે. હાલ એ ભો. જે. વિદ્યાભવનના મ્યૂઝિયમમાં છે.

પતરાની પહોળાઈ ૧૭.૫ સે.મી. અને ઊંચાઈ ૪૯ સે.મી. છે, તેમ જ જાડાઈ ૦.૩ સે.મી. છે. તેનું વજન લગભગ ૨ કિ.ગ્રા. અને ૪૫૦ ગ્રામ જેટલું છે. તેના **અક્ષર** સુવાચ્ય છે. **પતરાની** આગલી બાજુ પર ૨૨ અને પાછલી બાજુ પર ૪ મળી કુલ ૨૬ પંક્તિઓ છે.

આ લેખની **ભાષા** જૂની મારવાડી છાંટવાળી ગુજરાતી છે. મારવાડી છાંટવાળા શબ્દો કે શબ્દસમૂહો જેવા કે **धौलवाणीमधे** (પં. ૮)માં, **ववाअते** (પં. ૧૧)માં, **कीओ छै** (પં. ૧૩)માં, **इणरो** (પં. ૧૩, ૧૪)માં, **षाआं जाजौ** (પં. ૧૫)માં, **दीआं करजौ** (પં. ૧૬)માં, **आसरीवाद** (પં. ૧૬)માં, **करसी नही** (પં. ૧૯)માં, **षैड** (પં. ૧૯)માં, **दीनौ छै** (પં. ૨૦)માં, **सो षाआं जाजौ** (પં. ૨૦)માં, **कीआं जाजो** (પં. ૨૧)માં. કોઈ કોઈ ફારસી શબ્દનો પ્રયોગ પણ જોવા મળે છે, જેમ કે **इनाऐत** (પં. ૧૩)માં, **माल हांसल** (પં. ૧૪)માં, **फुरमावा** (પં. ૨૫, ૨૬)માં.

તામ્રપત્રની **લિપિ** બંને તામ્રપત્રોની જેમ ઈસવી સનની ૧૮મી–૧૯મી સદી દરમિયાન ગુજરાતમાં **પ્રચલિત** દેવનાગરી છે. અંકચિહ્નો લખતી વખતે શિરોરેખા ન દોરી રાખવાની કાળજી રખાઈ છે, જેમ કે **१८७५**માં. પરંતુ **१५**માં ५ ઉપર શિરોરેખા કરી દીધી છે.

અહીં उના મરોડમાં નીચેનું પાંખુ ડાબી બાજુએ ઉપર સુધી ગોળ લંબાવવામાં આવ્યું છે. તેનો મરોડ હાલના ગુજરાતી ઉ જેવો લાગે છે, જેમ કે **उमैदसींघजी**(પં. ૪)માં ને **उनालु** (પં. ૧૪)માં.

जનો મરોડ કોઈક સ્થળે વિલક્ષણ લાગે છે, જેમ કે **उमैदसींघजी** (પં. ૪)માં, **श्रीजीसाहैब-** (પં. ૫)માં.

डનો બે પ્રકારનો મરોડ જોવા મળે છે, જેમ કે **तरवाडी**(પં. ૬)માં, **गढ ईडर-** (પં. ૨૫)માં.

लનો મરોડ હાલના ગુજરાતી 'લ' જેવો થતો જાય છે, જેમ કે **सकल**(પં. ૧)માં, **माल हांसल** (પં. ૧૪)માં.

स्य અને **न्य**માં **य**નો મરોડ प જેવો કર્યો છે, જેમ કે **स्यत** (પતરાની ટોચે)માં, **पुन्य** (પં. ૧ની ઉપર)માં.

क्रનું સ્વરૂપ વિલક્ષણ લાગે છે, જેમ કે **क्रष्णारपुन्य** (પં. ૧ની ઉપર)માં.

અંકચિહ્નોમાં **१८७५**માં ८ અને ५ની અને **१५**માં १ અને ५ બન્નેની ટોચ શિરોરેખાની સપાટી કરતાં ઊંચી છે. (પં. ૨૪).

અક્ષરવિન્યાસમાં નજરે પડતી વિલક્ષણતાઓમાં અક્ષરો પર અનુસ્વારનું બિનજરૂરી ઉમેરણ, જેમ કે **बांमण** (પં. ૬)માં, **दैवरांम** (પં. ૭)માં, **नंदरांम** (પં. ૭)માં, **सलांमी**

(પં. ૧૭)માં; તથા અંતર્ગત एને બદલે ऐની માત્રાનો પ્રયોગ, જેમ કે **राजैस्वर** (પં. ૨)માં, **धौलवांणी** (પં. ૮)માં, **मधै** (પં. ૯)માં, **अंकै** (પં. ૧૦)માં, **सौ** (પં. ૧૩)માં, **सैलडी** (પં. ૧૫)માં, **जाजौ** (પં. ૧૫)માં, **दीनौ छै** (પ. ૨૦)માં, નોંધપાત્ર છે.

આ લેખમાં જોડણીની સંખ્યાબંધ અશુદ્ધિઓ જોવા મળે છે. દા. ત. **स्यत = सत** (પતરાની ટોચે), **परमैस्वर** = परमेश्वर (પતરાની ટોચે), **राजराजैस्वर = राजराजेश्वर** (પં. ૨), **बांमण** = ब्राह्मण (પં. ૬), **उ-के = अंके** (પં. ૧૧), **म्ण = मण** (પં. ૧૧), **सिलौका: = श्लोका:** (પં. ૨૧), **स्वत = संवत्** (પં. ૨૪), **पाअैतषत = पायेतख्त** (પં. ૨૫).

પતરાની સૌથી ઉપર બરાબર વચ્ચે "श्रीपरमैस्वरजी स्य(?)त छै" લખેલું છે. ત્યાર બાદ **પતરા**ની ડાબી બાજુએ ત્રાંસી લીટીમાં श्रीक्रष्णारपुन्य લખેલું છે. તેની નીચે મધ્યમાં અમુક આકારનાં બે સંયુક્ત ચિહ્નોનું સુશોભન કોતરીને નીચે "सही" એવું કલાત્મક મરોડવાળું લખાણ જોવા મળે છે. આ બંનેની જમણી બાજુએ તલવારની આકૃતિ કોતરેલી છે.

લેખના આરંભમાં બે દંડનું ચિહ્ન છે. ત્યાર બાદ મંગલસૂચક શબ્દ **सीध** (**सिद्धं**) આવે છે. પછી મહારાજાધિરાજ શ્રી **ગંભીરસિંહજી**ના પુત્ર મહારાજકુમાર **ઉમેદસિંહ**ની આજ્ઞાથી બ્રાહ્મણ **તરવાડી ભવાનીશંકર દેવરામ**ના પુત્ર **નંદરામ** તથા **જેશંકર**ને **ધોલવાણી** અને **કૂપકૂઈ** ગામમાં અમુક હક્ક (?) એનાયત કરેલા છે, અને **ખીચડી** વેરો, **સલામી** ભાત, **ગનીમ** વેરો, વાડપડવાડ, માંચા ગોદડાં સુદ્ધાં માફ કર્યાં છે (પં. ૨ થી ૧૯). એ દેય તથા વેરાને લગતા ઘણા શબ્દ સ્પષ્ટ થતા નથી. .આ દાન સાથે પણ ખરખેચલમાંથી મુક્તિ આપવામાં આવી છે અને ખેડ-હકક સુદ્ધાં આપ્યો છે (પં. ૧૪, ૧૫). પછી દાનનો લોપ કરનારને લાગતા પાપને લગતો પૌરાણિક શ્લોક આપવામાં આવ્યો છે (પં. ૨૧ થી ૨૩). લેખની **મિતિ** સં. ૧૮૮૫ના વૈશાખ માસની સુદિ ૧૫ છે (પં. ૨૪). આ ફરમાન પાયતખ્ત ઇડરમાંથી સ્વમુખે ફરમાવેલું છે (પં. ૨૫). પં. **પરસાદીરામે** આ લેખનું લખાણ કર્યું છે (પં. ૨૬).

લેખમાંનો મહારાજકુંવર **ઉમેદસિંહ, ગંભીરસિંહ** (ઈ. સ. ૧૭૯૨–૧૮૩૩)ના પુત્ર થાય. મહારાજકુંવર **ઉમેદસિંહ** બડાઈનાં ચૌહાણકુંવરી **ચાંદકુંવર**ના પુત્ર હતા. ઈ. સ. ૧૮૨૪માં ૨૭ વર્ષની અકાળ વયે તેઓ શીતળાના રોગથી દેવલોક પામ્યા હતા.[1]

તામ્રપત્રમાં જણાવેલ સ્થળો પૈકી **ટાકાટુકા** એ હાલના **ભીલોડા** તાલુકામાં આવેલું **ટાકાટુકા** છે. **ધૌલવાણી** ગામ હાલના **ભીલોડા** તાલુકામાં આવેલું **ધોલવાણી** ગામ છે. **કૂપકુઈ** નામે ગામ હાલ મોજૂદ નથી. **ઇડરગઢ** આ રાઠોડ રાજ્યનું પાટનગર હતું.

'સલામી' એટલે ખંડિયા તરફથી સલામ પેટે અપાતી ખંડણીનો એક **પ્રકાર**. આ સંદર્ભમાં 'ભાત' એટલે પીરસેલો ભોજન થાળ એવું શ્રી **સુબોધકુમાર અગ્રવાલ** સૂચવે છે. વાડપડવાડમાંથી જરૂર પડતાં માંચા, ગોદડાં વગેરે ફરજિયાત ઉઘરાવવામાં આવતાં હશે.

---

૧ જોષી, જોગીદાસ અં., **ઇડર રાજ્યનો ઇતિહાસ**, ભા. ૧, પૃ. ૩૭૪

પં. ૨૫, ૨૬ માં 'શ્રીમુખ ફરમાન'નો ઉલ્લેખ આવે છે, અર્થાત્ દાતાએ આ આજ્ઞા દસ્તાવેજ લખનારને સીધી સ્વમુખે કરેલી છે; પહેલા તેમ જ બીજા તામ્રપત્રની જેમ દૂતક દ્વારા નહીં.

તામ્રપત્રમાં આપેલું **મિતિનું** વર્ષ વિક્રમ સંવતનું છે. તિથિ સાથે વારનો ઉલ્લેખ નહીં હોવાથી ચોક્કસ તારીખ નક્કી કરી શકાય તેમ નથી. કાર્તિકાદિ વર્ષ ગણવાની પદ્ધતિએ એ દિવસે અંગ્રેજી તારીખ લગભગ ૯મી મે, ૧૮૧૯ આવે.[1]

મૂળ લેખનો પાઠ નીચે મુજબ છે :

श्रीपरमैश्वस्वरजी स्यत छै

श्रीक्रष्णारपुन्य

सही

१ ॥ सीध श्रीअनैकसकलसुभऔपमा वीरा—
२ जमांनानं श्रीराजराजैस्वर श्रीमाहाराज—
३ धीराजमाहाराज **श्रीगंभीरसींघ**जी श्री—
४ माहाराजकुवार **श्रीउमैदसींघ**जी दैवब—
५ चनात श्रीजीसाहैबमैहैरबांन होअै—
६ नै गांम **टाकाटुकारा** बांमण **तरवाडी**
७ **भवानीसंकर दैवरांम** सुत **नंदराम** त—
८ था **जैसंकरनै** गाम **धौलवाणी** मधै
९ कुपकुईमधैके टकौ १ पीतवा म्ण ७)
१० अंके म्ण सातरौ तथा चारडो[२] १ मण १)
११ उ-के म्ण अ(ए)करो वरी ववाअते जांबुवा वा—
१२ लो श्रीकसनारपुन तुलसीपतर गगा—
१३ जल सुधांत इनाअैत कीओ छै [। *] सौं इण—
१४ रो माल हांसल वरसातु उनालु आवे सो
१५ सैलडी सुधां षाआं जाजौ नै श्रीजीसाहै—
१६ बनै आसरीवाद दीआं करजौ तथा था—
१७ रौ षीचडी वेरो सलांमी भातौ गनीम वेरो

---

1 Pillai, L. D. Swamikannu, Indian Chronology, p. 120.

२ के वारडो ?

१८ वाडपडवाड मांचा गोदडा सुधां माफ करो

१९ छै [।*] सो कोई षरषैचल करसी नही षैड सुधां

२० दीनौ छै [सो।] षाआं जाजौ नै श्रीजीसाहैबने आ—

२१ सरवाद कीआं जाजो [।*] सिलौकाः आपदतंग पर—

२२ दतंग जे लोपंते वीसनधरा[1] ते नरा नर—

२३ कं जावते जबलग चद्र देवाकरा [॥*] हुकम

२४ छै [।*] स्वत १८७५ वईसाष सुदी १५ मुकाम

२५ पाअैतषत गढईडर परवांनगी श्रीमु—

२६ ष फुरमावा [।*] लषीतंग पं॥ परसादीराम [।*]

---

१ वसुन्धराम्

શાક્તસમ્પ્રદાયમાં ત્રિગુણાત્મક દેવતાની કલ્પના

અ. ન. જાની

આ સૃષ્ટિ કેવી રીતે ઉત્પન્ન થઈ, કોણે ઉત્પન્ન કરી ઇત્યાદિ પ્રશ્નોનો ઉદ્ભવ ભારતીય સંસ્કૃતિમાં છેક ઋગ્વેદકાળમાં દેખાય છે. જગતભરના સાહિત્યમાં પ્રાચીનતમ ઋગ્વેદમાં આ વિચારધારાનો આરંભ જણાય છે. તેના પ્રખ્યાત नासदीयसूक्त(ઋ. ૧૦. ૧૨. ૯)માં પ્રજાપતિ પરમેષ્ઠી ઋષિ કહે છે કે "આરમ્ભમાં असत् પણ ન હતું અને सत् પણ ન હતું. અંધકારથી વીંટળાએલો અંધકાર હતો." કોઈક તત્ત્વ હતું એને 'एकम्' એ શબ્દથી અહીં ઓળખાવાયું છે. તે एकने મનમાં काम (ઇચ્છા) થઈ અને સૃષ્ટિ ઉત્પન્ન થઈ.

બ્રાહ્મણગ્રન્થોમાં સૃષ્ટિની ઉત્પત્તિ વિષે જરાક જુદી કલ્પના છે. તેમના મતે આરંભમાં જળ હતું. તેમાં અંડ ઉત્પન્ન થયું. તેમાંથી હિરણ્યગર્ભ (= બ્રહ્મા, પ્રજાપતિ) થયા. તેમણે સૃષ્ટિ ઉત્પન્ન કરી.

ઉપનિષદોએ આ બાબતમાં વિશેષ ચિન્તન રજૂ કર્યું છે. ઋગ્વેદના 'एक'ને ઉપનિષદે सत् અથવા ब्रह्म એ નામથી ઓળખાવ્યું અને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ ત્રણે કાર્યો એ બ્રહ્મ જ કરે છે એમ સ્પષ્ટ રીતે સર્વપ્રથમ પ્રતિપાદન કર્યું—"यतो वा इमानि भूतानि जायन्ते, येन जातानि जीवन्ति, यत् प्रयन्ति, अभिसंविशन्ति तद् विजिज्ञासस्व तद् ब्रह्म" (तैत्ति. उ. ३-१) (જેમાંથી આ ભૂતો (પ્રાણીઓ) ઉત્પન્ન થાય છે, જેના વડે જન્મેલાં પ્રાણીઓ જીવે છે અને (અંતે) જેના તરફ પ્રયાણ કરે છે અને જેમાં લય પામે છે તેને જાણવાની ઇચ્છા કર. તે બ્રહ્મ છે.)

પરંતુ આ સંબંધે વધુ ઊંડી અને શાસ્ત્રીય ચર્ચા સર્વપ્રથમ કરવાનું માન સાંખ્યોને ફાળે જાય છે. તેમણે જગતના તમામ પદાર્થોને પ્રકૃતિ અને પુરુષ એ બે તત્ત્વોમાં વિભક્ત કર્યા. જગતમાં અનુભવાતાં સુખ, દુઃખ અને મોહ આ ત્રણ જ તત્ત્વોના આધારે તેના કારણભૂત સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણોનું તેમણે અનુમાન કર્યું, અને આ ત્રણ જે એક તત્ત્વમાં રહે છે તેને પ્રકૃતિ નામ આપ્યું. પ્રકૃતિમાં આ ત્રણે ગુણો સામાન્ય રીતે સામ્યાવસ્થામાં હોય છે. પરંતુ ચેતન પુરુષના સાંનિધ્યને કારણે પ્રકૃતિમાં ક્ષોભ થાય છે. તેથી ગુણોની સામ્યાવસ્થાનો ભંગ થઈ વૈષમ્ય સર્જાય છે. તેને પરિણામે તેમાંથી મહત, મહતમાંથી અહંકાર અને આ અહંકાર તત્ત્વમાંથી પંચ જ્ઞાનેન્દ્રિય, પંચ કર્મેન્દ્રિય, પંચતન્માત્રા અને મનની ઉત્પત્તિ થાય છે, તે પૈકી પંચતન્માત્રામાંથી પંચ મહાભૂતો ઉત્પન્ન થાય છે. આમ કુલ પચીસ તત્ત્વો સાંખ્યશાસ્ત્રમાં ગણાવ્યા છે, પરંતુ સાંખ્યોએ કરેલી ત્રણ ગુણોની કલ્પના ભારતીય તત્ત્વજ્ઞાનમાં સાંખ્યોનું અત્યન્ત મહત્ત્વનું પ્રદાન છે. કારણ કે સૃષ્ટિવાદની પશ્ચાત્કાલીન તમામ કલ્પનાઓમાં આ ગુણત્રયનો સિદ્ધાન્ત અનુસ્યૂત છે.

પુરાણકર્તાઓએ આ ત્રણ ગુણોના આધારે બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રની કલ્પના કરી, રજોગુણપ્રધાન બ્રહ્મા સૃષ્ટિની ઉત્પત્તિ કરે છે, સત્ત્વગુણપ્રધાન વિષ્ણુ જગતનું પાલનપોષણ કરે છે અને તમોગુણપ્રધાન રુદ્ર (હર) અન્તે તેનો નાશ કરે છે, એવી કલ્પના કરી. આમ એક જ દેવ (નિર્ગુણવાદીઓના મતે બ્રહ્મ અને સગુણવાદીઓના મતે પરપુરુષ, ભગવાન, પરમાત્મા) ત્રણ ભિન્ન ભિન્ન કાર્ય કરતા હોવાથી ત્રણ ભિન્ન ભિન્ન નામો ધારણ કરે છે. શ્રીમદ્ ભાગવત (૧-૨-૨૩) કહે છે—

सत्त्वं रजस्तम इति प्रकृतेर्गुणास्तै—
र्युक्तः परः पुरुष एक इहास्य धत्ते ।
स्थित्यादये हरिविरिञ्चिहरेति संज्ञाः
श्रेयांसि तत्र खलु सत्त्वतनोर्नृणां स्युः ॥

(સત્ત્વ, રજસ્ અને તમસ્ એ પ્રકૃતિના ગુણો છે. આ લોકમાં આ જગતની સ્થિતિ (ઉત્પત્તિ અને લય) માટે એક પરમપુરુષ તે ગુણો વડે યુક્ત થઈ અનુક્રમે વિષ્ણુ, બ્રહ્મા અને હર (શિવ) એવી (જુદી જુદી) સંજ્ઞાઓ ધારણ કરે છે. (પરંતુ) માણસોનું કલ્યાણ તે ત્રણ દેવો પૈકી સત્ત્વરૂપી શરીર ધારણ કરનાર (વિષ્ણુ, કૃષ્ણ) દ્વારા જ થાય છે.

મહાકવિ બાણે પોતાના સુપ્રસિદ્ધ ગ્રન્થ કાદમ્બરીના આરંભમાં પ્રથમ મંગલશ્લોકમાં આ જ ભાવ રજૂ કર્યો છે.

रजोजुषे जन्मनि, सत्त्ववृत्तये
स्थितौ प्रजानां, प्रलये तमःस्पृशे ।
अजाय सर्गस्थितिनाशहेतवे
त्रयीमयाय त्रिगुणात्मने नमः ॥

(પ્રજાની ઉત્પત્તિ વખતે રજો ગુણ ધારણ કરનારા, સ્થિતિ વખતે સત્ત્વવૃત્તિવાળા અને પ્રલયસમયે તમો ગુણને સ્પર્શનારા, અજ (જન્મરહિત) (જગતની) ઉત્પત્તિ, સ્થિતિ અને નાશના કારણરૂપ, ત્રણ વેદમય અને ત્રિગુણાત્મક (ત્રણ ગુણોવાળા) (પરમાત્માને) નમસ્કાર.)

મહિમ્નઃસ્તોત્ર(શ્લોક ૩૦)માં નિસ્ત્રૈગુણ્ય (ત્રણ ગુણોથી પર) શિવને જગતની ઉત્પત્તિ વખતે રજોગુણપ્રધાન 'ભવ' કહીને, સ્થિતિ વખતે સત્ત્વગુણપ્રધાન 'મૃડ' કહીને અને લય સમયે તમોગુણપ્રધાન 'હર' કહીને તેમનો મહિમા ગાયો છે.

बहलरजसे विश्वोत्पत्तौ भवाय नमो नमः
प्रबलतमसे तत्संहारे हराय नमो नमः ।
जनसुखकृते सत्त्वोद्रिक्तौ मृडाय नमो नमः
प्रमहसि पदे निस्त्रैगुण्ये शिवाय नमो नमः ।

દત્તસમ્પ્રદાયમાં એક દેવનાં ત્રણ સ્વરૂપોને બદલે ત્રણે દેવોનાં એક જ સ્વરૂપની કલ્પના કરી છે. તેમાં ખાસ વિશિષ્ટતા એ છે કે દત્તમાં ત્રણે દેવતાઓનો સમન્વય કરાયો હોવા છતાં તેમને ત્રિગુણાત્મક ન માનતાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રણે દેવોના સત્ત્વ અંશનું બનેલું સ્વરૂપ કલ્પવામાં આવ્યું છે. શ્રી રંગ અવધૂત 'વન્દના' કાવ્યમાં એ સ્પષ્ટ કરતાં કહે છે કે—
" સત્ત્વાંશ વિધિહરિહરતણા થઈ એકરૂપ જગે સ્ફુર્યો. "

આ રીતે આ બધા સમ્પ્રદાયોમાં પુરુષને જ મહત્ત્વ આપવામાં આવ્યું છે જ્યારે શાક્ત-

સંપ્રદાયની વિશિષ્ટતા એ છે કે તેમાં પ્રકૃતિને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે અને ત્રણ ગુણની સામ્યાવસ્થા ધરાવતી અવ્યાકૃત પ્રકૃતિને આદ્યા પ્રકૃતિ અથવા પરમા પ્રકૃતિ તરીકે ઓળખાવી છે. માર્કંડેયપુરાણાન્તર્ગત 'દુર્ગાસપ્તશતી'ના અંગભૂત પ્રાધાનિકરહસ્યમાં આ ત્રિગુણાત્મક મૂલ-પ્રકૃતિને મહાલક્ષ્મી સંજ્ઞા આપી છે. ચતુર્ભુજા અને સુવર્ણવર્ણા મહાલક્ષ્મીએ સમસ્તલોકને શૂન્ય જોઈને કેવળ તમોગુણવાળું બીજું કાળું સ્વરૂપ ઉત્પન્ન કર્યું અને તેને મહાકાલી નામ આપ્યું. પછી અતિશુદ્ધ સત્ત્વગુણ વડે ચન્દ્ર જેવી કાન્તિવાળું ત્રીજું શ્વેત સ્વરૂપ ધારણ કર્યું અને તેને મહાસરસ્વતી નામ આપ્યું. ત્યાર પછી મહાલક્ષ્મીએ તે બન્ને દેવીઓને પોતપોતાના રૂપ પ્રમાણે એક એક મિથુન ઉત્પન્ન કરવાનું કહ્યું; અને પોતે પણ એક સ્ત્રી અને એક પુરુષની જોડી ઉત્પન્ન કરી. 'હિરણ્યગર્ભ' સુંદર અને કમળના આસનવાળી આ જોડીના પુરુષને બ્રહ્મા અને સ્ત્રીને લક્ષ્મી એવાં નામ મહાલક્ષ્મીએ આપ્યાં. મહાકાળીએ શ્વેતાંગ સ્ત્રીપુરુષની જોડી ઉત્પન્ન કરી. મહાલક્ષ્મીએ પુરુષનું નામ શંકર અને સ્ત્રીનું નામ સ્વરા પાડ્યું. સરસ્વતીએ ગૌરવર્ણની સ્ત્રી અને શ્યામવર્ણના પુરુષની જોડી ઉત્પન્ન કરી. મહાલક્ષ્મીએ પુરુષનું નામં વિષ્ણુ અને સ્ત્રીનું નામ ગૌરી પાડ્યું. ત્યાર પછી મહાલક્ષ્મીએ સ્વરાને બ્રહ્મા સાથે, ગૌરીને શંકર સાથે અને લક્ષ્મીને વિષ્ણુ સાથે પરણાવ્યાં. પછી સ્વરાથી સંયુક્ત બ્રહ્માએ એક અંડ (બ્રહ્માંડરૂપી ઈંડું) ઉત્પન્ન કર્યું. ગૌરીથી યુક્ત રુદ્રે તે અંડને ફોડ્યું. પછી તે અંડમાં પ્રધાન (=મહત્તત્વ) આદિ કાર્યસમૂહ, અને પંચમહાભૂતાત્મક સ્થાવરજંગમરૂપ જગત ઉત્પન્ન થયું. લક્ષ્મીસહિત વિષ્ણુએ તેનું પાલન-પોષણ કર્યું અને અન્તે ગૌરીસહિત શિવે આખા જગતનો સંહાર કર્યો.

પ્રાધાનિકરહસ્યોક્ત આ સૃષ્ટિક્રમને નીચે પ્રમાણે આલેખી શકાય :





વેદાન્તની પ્રક્રિયા સાથે સમન્વય દર્શાવતા શાક્તગ્રન્થોએ ઉપનિષદુક્ત **सोऽकामयत** (तैत्ति. उ. २. ६), **तदैक्षत** (छा. उ. ६. २. ३) અથવા **स ईक्षत लोकान्नु सृजा, इति** (ऐत. उ. १. १) **तदात्मानं स्वयमकुरुत** (तैत्ति. उ. २. ७) ઇત્યાદિ વાક્યોમાં સત્ (બ્રહ્મ) તત્ત્વ કે પરમાત્માની અનુક્રમે કામના (ઇચ્છા), ઈક્ષણ (જ્ઞાન) અને ક્રિયા એ નામની જે ત્રણ શક્તિઓને જ પ્રાધાન્ય આપી ત્રણ દેવતાઓની કલ્પના કરી છે. એને નીચે પ્રમાણે રજૂ કરી શકાય.

આદ્યા(પરા)શક્તિ (ચંડી)

ઇચ્છાશક્તિ	જ્ઞાનશક્તિ	ક્રિયાશક્તિ
(રજોગુણ)	(સત્ત્વગુણ)	(તમોગુણ)
મહાસરસ્વતી	મહાલક્ષ્મી	મહાકાળી

આ રીતે 'દુર્ગાસપ્તશતી'ની ગુપ્તવતીની ટીકાની પ્રસ્તાવનામાં શ્રી ભાસ્કરરાયે વેદાન્ત અને શાક્તસંપ્રદાયની એકવાક્યતા સિદ્ધ કરી છે.[1]

શાક્તસમ્પ્રદાયમાં પરાશક્તિ અને કાર્યપરત્વે તેનાં ત્રણ રૂપોને ત્રિકોણના પ્રતીક દ્વારા રજૂ કરવામાં આવે છે.

પરાશક્તિના પ્રતીક તરીકે એક મધ્ય બિન્દુ કલ્પી તેનાં ત્રણ કાર્યો પરત્વેનાં ત્રણ રૂપોને ત્રણ દિશામાં ત્રણ બિન્દુરૂપે નિર્દેશતાં નીચે પ્રમાણે ત્રિકોણનું પ્રતીક બને છે :



મધ્યમાં રહેલ બિન્દુ પરબિન્દુ કહેવાય છે. તેને તુરીય પણ કહે છે (તેથી ચારનો અંક મૂકયો છે.). આ તુરીયાશક્તિ પ્રલયકાળમાં પોતાની અંદર લીન થયેલા, ગ્રસ્ત થયેલા, કવલિત થયેલા (કોળીઓ કરાઈ જવાયેલા) જગતને મુખ દ્વારા ફરીથી પાછું બહાર કાઢે છે. આમ ગળી લીધેલા જગતનું વમન દ્વારા જે શક્તિ સર્જન કરે છે તેને વામા કહેવામાં આવે છે.[2] તેને ૧ અંકથી દર્શાવી છે. ૨ અંકથી દર્શાવેલી જગતનું રક્ષણ કરનારી શક્તિને જ્યેષ્ઠા નામ આપ્યું છે, કારણ કે જગતનું પાલનપોષણ કરવાના કાર્યમાં તે એકલી જ અને સર્વપ્રથમ અને સમર્થ છે. ૩ અંકથી દર્શાવેલી શક્તિ જગતના સંહારનું રૂદ્ર કર્મ કરતી હોવાથી તેને રૌદ્રી એવી સંજ્ઞા આપવામાં આવે છે. આ રીતે આ અધોમુખ શક્તિત્રિકોણ પરાશિકત અને તેની જગદુત્પત્તિ, સ્થિતિ અને લયનાં ત્રણ કાર્યો કરતી ભિન્ન ભિન્ન શક્તિઓનું સચોટ આલેખન રજૂ કરે છે; ભિન્ન ભિન્ન કાર્ય કરતાં ત્રણ ભિન્ન ભિન્ન સ્વરૂપોને વ્યષ્ટિરૂપ કહેવામાં આવે છે અને તે ત્રણ સ્વરૂપોનાં મૂળ (તુરીય) રૂપને સમષ્ટિરૂપ એવી સંજ્ઞા આપવામાં આવી છે.

---

૧ જુઓ, 'દુર્ગાસપ્તશતી' સપ્તટીકાસંવલિતા, સંપાદક, પં. હરિકૃષ્ણ વ્યંકટરામ, મુંબઈ, ૧૯૧૬, પૃ. ૯. (નોંધ–અત્રે ભાસ્કરરાયે જે ક્રમ આપ્યો છે તેમાં યથાસંખ્ય ક્રમ વિવક્ષિત નથી.)

૨ विश्वं वमति यस्माद्‌ तद्वामेयं परिकीर्तिता । (ज्ञानार्णवतन्त्र, १.१४)

આ સમષ્ટિ-વ્યષ્ટિનાં રૂપોની જુદી જુદી સંજ્ઞાઓને નીચેનાં કોષ્ઠકમાં દર્શાવી છે :

સમષ્ટિ	વ્યષ્ટિ			પ્રતીક (ત્રિકોણ)
૧ બ્રહ્મ અગર પરમાત્મા	બ્રહ્મા	વિષ્ણુ	રુદ્ર	પુરાણકારોનો મત
૨ પ્રકૃતિ	રજોગુણ	સત્ત્વગુણ	તમોગુણ	સાંખ્યમત
૩ અંબિકા	ઇચ્છાશક્તિ	જ્ઞાનશક્તિ	ક્રિયાશક્તિ	કામકલા
૪ ચંડી	મહાસરસ્વતી	મહાલક્ષ્મી	મહાકાલી	દુર્ગાસપ્તશતી
૫ શાન્તા	વામા	જ્યેષ્ઠા	રૌદ્રી	જ્ઞાનાર્ણવતન્ત્ર
૬ પરા	પશ્યન્તી	મધ્યમા	વૈખરી	વાગ્ભવ
૭ તુરીય	જાગ્રત્ (વિશ્વ)	સ્વપ્ન (તૈજસ)	સુષુપ્તિ (પ્રાજ્ઞ)	વેદાન્ત
૮ લલિતા (મહાત્રિપુરસુંદરી)	કામેશ્વરી	વજ્રેશ્વરી	ભગમાલિની	શ્રીવિદ્યા
૯ પ્રકાશ (જ્યોતિ)	ચંદ્ર (સોમ)	અગ્નિ	સૂર્ય	પંચદશી મંત્ર

ઈ. સ.ની છઠ્ઠી-સાતમી સદીમાં કાશ્મીરમાં શૈવસિદ્ધાન્તનો સર્વ પ્રથમ ગ્રન્થ 'વિરૂપાક્ષ-પંચાશિકા' લખાયો. ત્યાર પછી વસુગુપ્તે (૮મી સદી) શિવસૂત્ર' લખી તે ઉપર ટીકા રચી. તેના શિષ્ય કલ્લટે શિવસૂત્ર પર સ્પન્દસૂત્ર અથવા સ્પન્દકારિકા નામની ટીકા લખી. વસુગુપ્તના બીજા શિષ્ય અને કલ્લટના સમકાલિક સોમાનન્દે 'શિવદૃષ્ટિ' નામનો ગ્રન્થ લખ્યો. તેના શિષ્ય ઉત્પલે 'પ્રત્યભિજ્ઞાસૂત્ર' નામનો શાસ્ત્રીય ગ્રન્થ લખ્યો. આ ગ્રન્થ એટલો બધો પ્રસિદ્ધ થયો અને આધારભૂત મનાયો કે કાશ્મીરનો આ શૈવસિદ્ધાન્ત પ્રત્યભિજ્ઞાદર્શનના નામે ઓળખાવા લાગ્યો. ઉત્પલના શિષ્ય અભિનવગુપ્તાચાર્યે 'પરમાર્થસાર', 'તન્ત્રાલોક' વગેરે ગ્રન્થો લખી આ દર્શનની મહત્તા ઘણી વધારી. અભિનવગુપ્ત જેવા સર્વતોમુખી પ્રતિભાવાળા વિદ્વાનના ગ્રન્થોએ આ દર્શનના સિદ્ધાન્તોના પ્રચારમાં ખૂબ મહત્ત્વનો ફાળો આપ્યો. તેના એક શિષ્ય ક્ષેમરાજે વસુગુપ્તના 'શિવસૂત્ર' ઉપર શિવસૂત્રવિમર્શિની નામની ટીકા રચી. ઉપરાંત 'પ્રત્યભિજ્ઞાહૃદય', સ્પન્દસન્દોહ અને સ્પન્દનિર્ણય જેવા મૌલિક ગ્રન્થો પણ રચ્યા. અભિનવગુપ્તના બીજા શિષ્ય યોગરાજે પોતાના ગુરુના 'પરમાર્થસાર' ગ્રન્થ પર ટીકા લખી અને છેવટે ૧૨મી સદીમાં જયરથે અભિનવ-ગુપ્તના તન્ત્રાલોક ઉપર ટીકા લખી. આ રીતે ઈ.સ.ની છઠ્ઠી સદીથી આરંભેલા અને બારમી સદી સુધીમાં સંપૂર્ણ વિકાસ પામેલા આ પ્રત્યભિજ્ઞાદર્શનની અસર પશ્ચાત્કાલીન તાન્ત્રિક વિચારસરણી ઉપર ખૂબ ઘેરી પડી છે. ખાસ કરીને 'યોગિનીહૃદય', 'કામકલાવિલાસ' જેવા તન્ત્રશાસ્ત્રના અનેક ગ્રન્થો ઉપર આ દર્શનની વિચારસરણીની અસર સ્પષ્ટ દેખાય છે.

તાન્ત્રિકશિરોમણિ શ્રીભાસ્કરરાયે (ભાસુરાનન્દનાથ) (આશરે ઈ. સ. ૧૬૯૦–૧૭૭૦) 'વરિવસ્યારહસ્ય' નામના પોતાના ગ્રન્થ ઉપર પોતે 'પ્રકાશ' નામની ટીકા લખી છે. તેમાં આ પ્રત્યભિજ્ઞાદર્શનની ઘેરી અસર જણાય છે. કેટલેક સ્થળે (૧-૩, ૨. ૬૭-૬૮) તેમણે વિરૂપાક્ષ-

પંચાશિકામાંથી ઉદ્દરણો પણ આપ્યાં છે. તદુપરાન્ત પ્રકાશ (૧.૩), વિમર્શ (૧.૪), સ્પન્દ- (૨.૬૬) જેવા પારિભાષિક શબ્દો અને ૩૬ તત્ત્વો (૨.૮૦)નો[3] ઉલ્લેખ પણ કર્યો છે.

પ્રત્યભિજ્ઞાદર્શનથી પ્રભાવિત થયેલા શાક્તતન્ત્રોમાં સૃષ્ટિપ્રક્રિયા નીચે પ્રમાણે સમજાવવામાં આવી છે :

न तत्र सूर्यो भाति न चन्द्रतारकं
नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ।
तमेव भान्तमनुभाति सर्वं
तस्य भासा सर्वमिदं विभाति ॥

[તે બ્રહ્મમાં સૂર્ય પ્રકાશતો નથી, ચન્દ્ર અને તારાઓ પ્રકાશતા નથી. આ વીજળીઓ પ્રકાશતી નથી. (તો પછી) આ અગ્નિ કયાંથી પ્રકાશે ? તેના પ્રકાશ્યા પછી આ બધું પ્રકાશે છે. તેના તેજથી આ બધું (સૂર્ય વગેરે) પ્રકાશી રહ્યું છે.]

એ રીતે કઠોપનિષદ(૫.૧૫)માં જગતના તમામ પદાર્થોને પકાશનાર જે બ્રહ્મનું વર્ણન કરવામાં આવ્યું છે તેને અહીં 'પ્રકાશ' એવી સંજ્ઞા આપવામાં આવી છે.[4] જ્ઞાન, ઇચ્છા, ક્રિયા, સર્વજ્ઞતા, સર્વેશ્વરતા, સર્વકર્તૃતા, પૂર્ણતા, વ્યાપકતા ઇત્યાદિ આ બ્રહ્મની જુદી જુદી શક્તિઓ છે. આ બ્રહ્મને 'सोऽकामयत' એ રીતે જગત ઉત્પન્ન કરવાની જ્યારે કામના થાય છે ત્યારે તેનામાં સ્ફુરણ અથવા સ્પન્દન થાય છે. પરબ્રહ્મની આ ઇચ્છારૂપી વિચારની ભૂમિકાને 'વિમર્શ' એવી સંજ્ઞા અપાઈ છે. આ વિમર્શ એ બ્રહ્મનો આનન્દ અંશ જ છે અને આ વિમર્શને જ સ્ફુરણ, પરા અહંતા,[5] લલિતા, ત્રિપુરસુન્દરી, ઇત્યાદિ સંજ્ઞાઓ આપવામાં આવી છે. 'વિરૂપાક્ષપંચાશિકા'માં આ પરા અહંતાના–ઈશ્વરતા, કર્તૃતા, સ્વતન્ત્રતા, ચિત્સ્વરૂપતા વગેરે પર્યાયો આપ્યા છે.[6]

'પ્રકાશ' નામથી ઓળખાતો શિવ પોતાની 'વિમર્શ' નામની આ શક્તિના યોગ વડે જ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરે છે.

આ ત્રણ કાર્યો કરનારાં ત્રણ મિથુનો ભાસ્કરરાયે વરિવસ્યારહસ્ય (૨.૬૪)માં આ પ્રમાણે દર્શાવ્યાં છે:

---

૩ સાંખ્યનાં ૨૫ તત્ત્વો ઉપરાંત, શિવ, શક્તિ, સદાશિવ ઈશ્વર, શુદ્ધવિદ્યા માયા, કલા, વિદ્યા, રાગ, કલા અને નિયતિ એ ૧૧ તત્ત્વો ઉમેરતાં એકંદરે ૩૬ તત્ત્વો થાય છે.

૪ માહેશ્વરો એને 'મહેશ્વર' કે 'શિવ' એવી સંજ્ઞા આપે છે.

૫ સરખાવો 'पुरमथितुराहोपुरुषिका' શંકરાચાર્ય, સૌન્દર્યલહરી, શ્લોક ૭.

૬ ईश्वरता कर्तृत्वं स्वतन्त्रता चित्स्वरूपता चेति ।
एते चाऽहंतायाः किल पर्यायाः सद्भिरुच्यन्ते ॥
વરિવસ્યારહસ્ય ટીકા, ૧-૩

પ્રકાશ અંશનાં મિથુન :

સમષ્ટિ	વ્યષ્ટિ		
શાન્તા	વામા ▽	જ્યેષ્ઠા ▽	રૌદ્રી[૭] ▽
(તુરીયા)	બ્રહ્મા △	વિષ્ણુ △	રુદ્ર △

વિમર્શ અંશનાં મિથુન :—

અંબિકા	ઇચ્છા △	જ્ઞાના △	ક્રિયા △
(તુરીયા)	ભારતી ▽	પૃથ્વી ▽	રુદ્રાણી ▽

પંચદશી મંત્રનાં ત્રણ કૂટો અને શિવશક્તિ-ઉભયાત્મક હ્રીંબીજમાં રહેલાં ત્રણ 'ઈકારો' એમ ચારે ઘટકો દ્વારા આ ત્રણ મિથુનો કેવી રીતે વાચ્ય બને છે (સૂચવાય) છે તેનું પ્રતિપાદન 'વરિવસ્યારહસ્ય' (૨.૬૫)માં ભાસ્કરરાય આ રીતે કરે છેઃ

શિવ-શક્તિના સંયોગ વડે જ ઉત્પત્તિ થતી હોવાથી ઉપર દર્શાવેલા પ્રકાશ-અંશનું મિથુન અને વિમર્શ અંશનું મિથુન એ બંનેના પરસ્પરના સંયોગથી જ ઉત્પત્તિ શક્ય થાય. તેથી આ બંને અંશોના મિથુનોના પરસ્પર સંમિશ્રણથી ત્રણ મિથુનો થાય છે :—

	(અ)	(બ)
૧	બ્રહ્મા (△) + ભારતી (▽)	વામા (▽) + ઇચ્છા (△)
૨	વિષ્ણુ (△) + પૃથ્વી (▽)	જ્યેષ્ઠા (▽) + જ્ઞાના (△)
૩	રુદ્ર (△) + રુદ્રાણી (▽)	રૌદ્રી (▽) + ક્રિયા (△)

ઉપર જણાવેલાં 'અ' વિભાગનાં ત્રણ મિથુનો અને 'બ' વિભાગનાં ત્રણ મિથુનો વચ્ચે પરસ્પર તાદાત્મ્ય અથવા અભેદ સંબંધ છે. એટલે કે તે પરસ્પરથી ભિન્ન નથી. માત્ર એક બીજાનાં પર્યાયો છે.

ઉપર્યુક્ત ત્રણ મિથુનો એ પંચદશી મન્ત્રના ત્રણ કૂટોનો વાચ્યાર્થ છે. જ્યારે એ ત્રણ મિથુનોની સમષ્ટિ રૂપ શાન્તા + અમ્બિકા નામની મિશ્રશક્તિ, શિવશકિતના સામરસ્યના સૂચક એવા ઉભયાત્મક ત્રણ 'હ્રીં' બીજમાં આવેલાં ત્રણ ઈકારોનો વાચ્યાર્થ છે.

આ રીતે આ ત્રણ મિથુનોનાં વ્યષ્ટિ અને સમષ્ટિ રૂપો દ્વારા પંચદશીમન્ત્રની મન્ત્રસૃષ્ટિ કેવી રીતે થાય છે તેનું ભાસ્કરરાયે તાન્ત્રિકદૃષ્ટિથી પ્રતિપાદન કર્યું છે.

શાક્તસંપ્રદાયમાં ત્રણની સંખ્યાને ઉપર જોયું તે પ્રમાણે ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું છે. ઉપર જણાવેલાં દેવીનાં ત્રણ ત્રણ રૂપો ઉપરાંત શાક્તસમ્પ્રદાયની સર્વોત્કૃષ્ટ શ્રીવિદ્યાની અધિષ્ઠાત્રી ત્રિપુરસુન્દરીનો ત્રણ સંખ્યા સાથેનો જુદી જુદી રીતે સંબંધ બતાવી કાલિકાપુરાણ 'ત્રિપુરઃ' નામની સાર્થકતા બતાવતાં જણાવે છે :

---

૭ ▽ શક્તિ (સ્ત્રી) રૂપનું પ્રતીક
△ શિવ (પુરુષ) રૂપનું પ્રતીક

त्रिकोणं मण्डलं चास्या भूपुरं च त्रिरेखकम् ।
मन्त्रोऽपि त्र्यक्षरः प्रोक्तस्तथा रूपत्रयं पुनः ॥
त्रिविधा कुण्डलीशक्तिस्त्रिदेवानां च सृष्टये ।
सर्वं त्रयं त्रयं यस्मात् तस्मात्तु त्रिपुरा मता ॥ (का. पु. ६६. ५४-५५)

ત્રિપુરસુન્દરીનું, યન્ત્રાત્મક પ્રતીક શ્રીચક્ર અથવા શ્રીયન્ત્ર છે. તેનો ઉલ્લેખ કરતાં પુરાણકાર કહે છે; (૧) દેવીનું મંડળ (=યંત્ર) ત્રિકોણ (ત્રણ કોણવાળું) છે, (૨) શ્રીયંત્રનું ભૂપુર પણ ત્રણ રેખાથી બનેલું છે, (૩) તેનો મન્ત્ર પણ ત્રણ અક્ષરોવાળો છે, (૪) બાલા, યુવતી અને વૃદ્ધા એવાં એનાં ત્રણ રૂપો છે, (૫) વહ્નિ, સૂર્ય અને સોમ એ નામની ત્રણ કુંડલી શકિત છે અને સૃષ્ટિ વગેરે કાર્યો માટે ઉપર જણાવેલાં ભિન્ન ભિન્ન ત્રિમૂર્તિનાં રૂપો ધારણ કરે છે. આ રીતે આ દેવીનું બધું ત્રણ ત્રણ હોવાથી તેને 'ત્રિપુરા' કહેવામાં આવી છે.

અહીં 'પુર' શબ્દનો અર્થ કાર્ય અથવા કાર્યક્ષેત્ર કરવામાં આવ્યો છે એમ લાગે છે.

અન્ય સ્થળે ત્રિપુરાની વ્યુત્પત્તિ જુદી રીતે બતાવી છે :

त्रिमूर्तिसर्गाच्च पुरा भवत्वात्
त्रयीमयत्वाच्च पुरैव देव्याः ।
लये त्रिलोक्या अपि पूरकत्वात्
प्रायोऽम्बिकायास्त्रिपुरेति नाम ॥[८]

ત્રિમૂર્તિની ઉત્પત્તિથી પણ પુરા (પહેલાં) હયાત હોવાથી, સૃષ્ટિની સ્થિતિના આરંભે ત્રયી (ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ એ રીતે ત્રણ વેદ)–મય હોવાથી અને ત્રણે લોકના પ્રલય સમયે તેમને પોતામાં પૂરી દેતી (સમાવી લેતી) હોવાથી અમ્બિકા(જગદમ્બા)ને મોટે ભાગે 'ત્રિપુરા' એવું નામ આપવામાં આવ્યું છે.

પરન્તુ વાસ્તવમાં તો 'ત્રિપુરા' નામની સાર્થકતા જુદા પ્રકારે છે. વિશ્વમાં પ્રકાશ-રૂપે ભાસનારી અને તમામ પદાર્થોને પ્રકાશનારી 'પ્રકાશ' સંજ્ઞાવાળી આ 'બ્રહ્મ' નામની પરાશક્તિ જ મનુષ્યના દેહમાં સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ નામનાં ત્રણ પુરો(દેહો)ને અનુક્રમે આત્મા, અન્તરાત્મા અને પરમાત્મા રૂપે પ્રકાશનારી છે. તેથી જ આ આન્તરજ્યોતિરૂપે ત્રિપુરમાં વસનારી પરાશક્તિને 'ત્રિપુરા' એવું અન્વર્થક નામ આપવામાં આવ્યું છે.

આ રીતે મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી એમ ત્રિગુણાત્મક રૂપે આરંભમાં નિર્દિષ્ટ કરાયેલી શાક્તકલ્પનાનો વિકાસ શાકત સંપ્રદાયની સર્વોત્કૃષ્ટ શ્રીવિદ્યાની ઉપાસનામાં 'ત્રિપુરા' રૂપે ચરમ કોટિએ પહોંચ્યો છે.

---

૮ 'ભારતીય સંસ્કૃતિ કોશ', ખંડ ૪, પૃ. ૨૨૫ પર આ શ્લોક અશુદ્ધ પાઠાન્તર સહિત 'તન્ત્ર-સાર'માંથી ઉદ્ધૃત કર્યો છે. પરંતુ 'તંત્રસાર'માં મળતો નથી.

'કિરાતાર્જુનીય'ના પ્રાણી-નિર્દેશો

જયન્ત પ્રે. ઠાકર

પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાંનાં શ્રેષ્ઠ મહાકાવ્યો તરીકે ખ્યાતિ પામેલ '**પંચ-મહાકાવ્યો**'ની મધ્યે વિરાજતા અને '**બૃહત્ત્રયી**'માંના પ્રથમ મહાકાવ્ય '**કિરાતાર્જુનીય**'નું સ્થાન અનુપમ છે, કારણ કે તે એક જ વીરરસપ્રધાન મહાકાવ્ય છે. મહાકવિ **ભારવિ**ની આ અમર કૃતિમાંના વનસ્પતિ-ઉલ્લેખોનું એક અધ્યયન '**સ્વાધ્યાય**'ના પુસ્તક ૧૪, અંક ૧માં પ્રકટ થયું છે. અત્ર તેમાં ઉપલબ્ધ પ્રાણીનિર્દેશોનું અધ્યયન નમ્રભાવે રજૂ કરવામાં આવે છે. આ લેખના લેખકનો કોઈ મૌલિક સંશોધનનો દાવો નથી, પરન્તુ કેવળ એક સ્વાધ્યાય રૂપે જ તેને અત્ર નિવેદિત કરાય છે.

આવા સર્વમાન્ય મહાગ્રન્થમાં અન્ય પદાર્થોની માફક પશુ-પક્ષી આદિ પ્રાણીઓના અનેક ઉલ્લેખો[1] મળે તે સ્વાભાવિક છે. 'तिर्यच्' (૨.૫૫); 'भूत' (૧૫.૧) અને 'सत्त्व' (૧૪.૧૬) એ ત્રણ સંજ્ઞાઓ આ કાવ્યમાં 'પ્રાણી'ના સાધારણ અર્થમાં પ્રયોજાઈ છે:

વનવાસી **યુધિષ્ઠિર**ને ત્યાં સમુચિત સમયે પધારતા **વ્યાસ** મુનિનું વર્ણન કરતાં કવિ કહે છે કે તેઓ મધુર અવલોકનો વડે પ્રતિકૂલ 'तिर्यञ्चि' અર્થાત્ પશુપંખીઓને પણ શાન્ત કરી દેતા તથા પાપોને બાળી નાખનાર અને છતાં આંજી ન નાખે તેવું દર્શનીય ઉજ્જ્વલ તેજ તેમની આસપાસ પ્રસરી રહ્યું હતું:

> मधुरैरवशानि लम्भय—
> —न्नपि तिर्यञ्चि शमं निरीक्षितैः ।
> परितः पटु बिभ्रदेनसां
> दहनं धाम विलोकनक्षमम् ॥ २. ५५

અહીં 'तिर्यञ्चि'નો અર્થ **મલ્લિનાથ** 'मृगपक्ष्यादीनि' એવો સ્વાભાવિક રીતે જ કરે છે.

અન્યત્ર, **અર્જુન**નાં બાણોથી સર્વ પ્રાણીઓ ત્રાસ પામ્યા અને **કિરાત**રૂપધારી **શંકર**ની સેના પણ શસ્ત્રો ત્યજી રણમાંથી નાસી જવા લાગી એવું વર્ણન કરેલું છે, જેમાં 'ક્રિયાસમુચ્ચય' તથા 'યમક'ની 'સંસૃષ્ટિ' યોજાઈ છે:

> अथ भूतानि वार्त्रघ्न—
> —शरेभ्यस्तत्र तत्रसुः ।
> भेजे दिशः परित्यक्त—
> —महेष्वासा च सा चमूः ॥ १५. १

---

૧ આ સર્વ ઉલ્લેખો **કિરાતાર્જુનીય**ના નિર્ણયસાગર પ્રેસ-મુંબઈ તરફથી ઈ. સ. ૧૯૫૪માં પ્રકાશિત થયેલ શ્રી નારાયણ રામ આચાર્ય દ્વારા પરિષ્કૃત ૧૪મા સંસ્કરણના પાઠ પ્રમાણે અહીં મૂકેલા છે. તેમાં પ્રથમ અંક સર્ગનો દર્શક છે અને દ્વિતીય અંક શ્લોક સૂચવે છે.

અહીં આવેલા 'भूतानि' શબ્દનો **મલ્લિનાથ** 'सर्वप्राणिनः' એવો સ્પષ્ટ અર્થ આપે છે.

તે જ પ્રમાણે, મરાયેલા **વરાહ**ના દેહમાંથી બાણ લઈ જવા આવેલ **કિરાતરાજ**ના વાગ્મી અનુચરને ઉત્તર આપતાં તપસ્વી **અર્જુન** કહે છે કે કોઈ નિઃશસ્ત્ર મુનિ ઉપર કોઈ 'सत्त्व' અર્થાત્ પ્રાણી આક્રમણ કરે ત્યારે મોટા માણસોના ચિત્તમાં કૃપાની વૃત્તિ જાગે એ સ્વાભાવિક છે, પરન્તુ જ્યારે હું બાણ ચઢાવેલું ધનુષ્ય ધારણ કરેલો છું ત્યારે તારા રાજાને મારા પ્રત્યે અનુકમ્પા થવાથી તેણે **વરાહ**ને બાણ માર્યું એ વાતની પ્રતીતિ કેમ થઈ શકે ?—

अनायुधे सत्त्वजिघांसिते मुनौ
कृपेति वृत्तिर्महतामकृत्रिमा ।
शरासनं बिभ्रति सज्यसायकं
कृतानुकम्पः स कथं प्रतीयते ॥ १४. १६

અહીં 'सत्त्वेन'ને **મલ્લિનાથ** 'केनचित्प्राणिना' એ રીતે સમજાવે છે.

* * *

માત્ર પશુઓનો નિર્દેશ કરવા અહીં યોજાયેલા શબ્દો છે ''तिर्यच्', 'पशु' અને 'मृग'. 'तिर्यच्'નો પ્રયોગ આ અર્થમાં એક વાર (૧૩. ૧૦) થયો છે; જ્યારે 'पशु' બે વખત (૧૪.૩૮; ૧૫. ૧૩) અને 'मृग' દશ વખત (૬, ૩૪; ૧૦. ૫; ૧૨. ૪૫, ૪૬; ૧૩. ૪, ૬, ૯; ૧૪. ૧૩, ૧૫, ૨૨) વપરાયો છે. પોતાના પ્રત્યે ધસી આવતા **વરાહ**ને જોઈ **અર્જુન** તર્ક કરે છે કે કદાચ **દુર્યોધન**નું ભલું ઇચ્છનાર કોઈ, વનેચરોના અવરોધને કારણે, ક્ષુભિત અને આકુલ તિર્યંચો (तिरश्चाम्)અર્થાત્ પશુઓના સમૂહમાં **વરાહ**નું રૂપ ધારણ કરીને ભળી ગયો હશે.[2]

'पशु' શબ્દનો જે બે સ્થળે પ્રયોગ થયો છે તેમાંના પ્રથમ સ્થળે કિરાતસેનાના આક્રમણ સમયની **અર્જુન**ની સ્થિતિનું આલેખન કરતાં કવિ તેની પાસે જ પડેલા **વરાહ**ના વધને કારણે સાક્ષાત્ **યમદેવ**ની દ્યુતિને ધારણ કરતા તેને બ્રાહ્મણો વડે યજ્ઞમાં હોમાયેલ પશુ જેની સમીપ પડયું હોય તેવા ભગવાન્ **પશુપતિ રુદ્ર** સાથે સરખાવે છે.[3] બીજે સ્થળે તપસ્વી **અર્જુન**નાં બાણોથી ત્રાસીને નાસવા લાગેલ કિરાતસૈન્યને ઉદ્બોધન કરતાં સેનાપતિ **કાર્તિકેય** કટાક્ષયુક્ત વાણીમાં કહે છે કે 'આ મુનિ દયાને કારણે, (નાસતા) પશુઓ જેવા તમને ધીમે ધીમે બાણરૂપી લાકડી વડે તિરસ્કારપૂર્વક જઘનભાગ ઉપર મારે છે.'[4]

---

२ बहुशः कृतसत्कृतेर्विधातुं प्रियमिच्छन्नथवा सुयोधनस्य ।
क्षुभितं वनगोचराभियोगाद् गणमाविश्रियदाकुलं तिरश्चाम् ॥ १३. १०
'तिरश्चां मृगादिपशूनाम्'—**મલ્લિનાથ**

३ उपेयुषीं बिभ्रतमन्तकद्युतिं वधाददूरे पतितस्य दंष्ट्रिणः ।
पुरः समावेशितसत्पशुं द्विजैः पतिं पशूनामिव हूतमध्वरे ॥ १४. ३८

४ मन्दमस्यन्निषुलतां घृणया मुनिरेष वः ।
प्रणुदत्यागतावज्ञं जघनेषु पशूनिव ॥ १५. १३

'પશુ'ના સામાન્ય અર્થમાં 'મૃગ' શબ્દ જે દશ સ્થાને વપરાયો છે તેમાંના પ્રથમ સ્થળે વનચરો **ઇન્દ્ર** પાસે **અર્જુન**ની તપઃસિદ્ધિનું નિવેદન કરતાં કહે છે કે મૃગો અર્થાત્ પશુઓ પરસ્પરના વૈમનસ્યને વિસરીને શિષ્યભાવે તેને સેવે છે.[5] બીજે સ્થળે-દશમા સર્ગના પાંચમા શ્લોકમાં—જ્યાં **અર્જુન** તપ કરતો હતો તે કાનનોમાં હિંસ્ર તેમ જ ઇતર મૃગો અર્થાત્ પશુઓ સહચારી બન્યા હતા તેવું વર્ણન કરવામાં આવ્યું છે.[6] બારમા સર્ગના પિસ્તાલીસમા શ્લોકમાં, **અર્જુન** તરફ આવતા કિરાતસૈન્યથી ક્ષુભિત થઈને પોતપોતાનાં સ્થાનમાંથી બહાર નીકળી આવેલાં અને વેરવિખેર થઈ ગયેલાં શકુનિઓ અર્થાત્ પક્ષીઓ તથા મૃગો અર્થાત્ પશુઓના ઘોંઘાટથી ભરાઈ ગયેલાં વિશાળ વનો તેમ જ ગુફાઓવાળો **ઇન્દ્રકીલ** પર્વત જાણે ભયથી એકદમ ચીત્કાર કરી ઊઠયો એવું આલેખન છે.[7] આ પછીના શ્લોકમાં વિરોધી મૃગો અર્થાત્ સિંહવ્યાઘ્રાદિ-પશુઓ તથા વિહંગો અર્થાત્ કાગડો, ઘૂવડ વગેરે પક્ષીઓ પોતાના પલાયનમાર્ગમાં પરસ્પર પ્રત્યેના સાહજિક રોષને પણ વિસરી ગયાં એવું વિધાન કરેલું છે.[8] તેરમા સર્ગના ચોથા શ્લોકમાં પોતાના તરફ ધસી આવતા **વરાહ**ને જોઈ **અર્જુન** વિચારે છે કે 'આ આશ્રમમાં તપના પ્રભાવને કારણે વ્યાલમૃગો અર્થાત્ વાઘ વગેરે ક્રૂર પશુઓ ઇતર પ્રાણીઓ પ્રત્યે વૈરવૃત્તિ રાખતા નથી, તો આ **વરાહ** મારા તરફ ખુન્નસભર્યો ધસી આવે છે તેથી એ માયાવી જ હોવો જોઈએ.'[9] આગળ જતાં છઠ્ઠા શ્લોકમાં તે એવા નિશ્ચય પર આવે છે કે તે **વરાહ** કેવળ મૃગ અર્થાત્ પશુ નથી પણ તે પોતાને મારવાના ઇરાદાથી જ ધસનાર કોઈ છે,

---

५ **इतरेतरानभिभवेन मृगास्तमुपासते गुरुमिवान्तसदः ।**
विनमन्ति चास्य तरवः प्रचये परवान् स तेन भवतेव नगः ॥ ६. ३४

મલ્લિનાથ આ શ્લોક ઉપરથી ટીકામાં 'मृगाः'ને 'पशवः' શબ્દથી સમજાવે છે.

६ **अवचयपरिभोगवन्ति हिंस्रैः सहचरितान्यमृगाणि काननानि ।**
अभिदधुरभितो मुनिं वधूभ्यः समुदितसाध्वसविक्लवं च चेतः ॥ १०. ५

મલ્લિનાથ અહીં આવેલા પ્રયોગનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે આપે છે :
'अन्ये हिंस्रेतरे मृगा हरिणादयो येषु तानि'.

૭ જુઓ 'ઉત્પ્રેક્ષા'યુક્ત એ અતિરેચક વર્ણન :

क्षुभिताभिनिःसृतविभिन्नशकुनिमृगयूथनिःस्वनैः ।
पूर्णपृथुवनगुहाविवरः सहसा भयादिव ररास भूधरः ॥ १२. ४५

૮ આ રહ્યો 'અર્થાન્તરન્યાસ'યુક્ત એ શ્લોક :

न विरोधिनी रुषमियाय पथि मृगविहङ्गसंहतिः ।
घ्नन्ति सहजमपि भूरिभियः सममागताः सपदि वैरमापदः ॥ १२. ४६

અહીં '**मृगाणां सिंहव्याघ्रादीनाम्**' એવું સ્પષ્ટીકરણ **મલ્લિનાથ**ની ટીકામાં કરવામાં આવ્યું છે.

९ **इह वीतभयास्तपोनुभावाज्जहति व्यालमृगाः परेषु वृत्तिम् ।**
मयि तां सुतरामयं विधत्ते विकृतिः किं नु भवेदियं नु माया ॥ १३. ४

મલ્લિનાથ 'व्यालमृगाः'ને 'क्रूरव्याघ्रादयः' કહીને સમજાવે છે.

કેમકે 'મારું મન તેની બાબતમાં અત્યંત સ્ખલન અનુભવે છે.'[૧૦] વળી તે એવી પણ કલ્પના કરે છે કે 'શાન્ત રહેલા મને માયાથી મારવાની ઇચ્છાવાળો તે કપટી જ શિકારીઓના સૈન્યનો ઘોંઘાટ ઊભો કરી વનમાંના મૃગો અર્થાત્ પ્રાણીઓને ચકિત અને ઉદ્ભ્રાન્ત બનાવી મૂકે છે.'[૧૧]

ચૌદમા સર્ગમાં પણ **કિરાતરાજ**ના **દૂત**ને સચોટ જવાબ આપતાં તપસ્વીવીર **અર્જુન** ત્રણ સ્થળે '**मृग**' શબ્દનો પ્રયોગ કરે છે. તેરમા શ્લોકમાં તે એવી દલીલ કરે છે કે વન જ જેનો આશ્રય છે એવા મૃગો અર્થાત્ પશુઓ કોઈનો પરિગ્રહ ન ગણાય અને જો ગણાય તો તેને જે મારે તેનો જ–એટલે મારો જ–પરિગ્રહ ગણાય.[૧૨] તે પ્રશ્ન કરે છે કે 'સ્વાર્થ માટે મૃગોને અર્થાત્ પશુઓને મારી નાખનાર શિકારી એક તપસ્વી પર શો ઉપકાર કરવાનો હતો ?! અને એને જો મારા ઉપર દયા આવી તો ભલે; પણ આ મૃગ અર્થાત્ **વરાહ** નામનું પશુ તત્કાળ નાશ પામેલ હોવાથી તેણે પહેલાં માર્યું ને મેં પછી માર્યું એવું કહેવાનો અર્થ શો ?'[૧૩] **અર્જુન** 'ક્યાં વિશુદ્ધ વૃત્તિવાળા અમે ક્ષત્રિયો અને ક્યાં મૃગો અર્થાત્ પશુઓ જ જેનું જીવન છે તેવા જાતિહીન શિકારીઓ ?' એમ કહીને મિત્રતાની શક્યતાને પણ નકારી કાઢે છે.[૧૪]

* * *

હવે આપણે પશુઓના સામાન્ય ઉલ્લેખો ઉપરથી વિશેષ ઉલ્લેખો ઉપર જઈએ તો જણાય છે કે પશુઓમાં વિશેષતઃ ઘોડા, હાથી, ગાય, બળદ, આખલા, મહિષ, ગધેડા અને ઇન્દ્ર-ગોપ ઉપરાન્ત હરણ, શિયાળ, ચમરી તથા સિંહના ઉલ્લેખો આ કાવ્યમાં પ્રાપ્ત થાય છે. આ સર્વ ઉલ્લેખોનું આપણે વર્ણાનુક્રમ અનુસાર અવલોકન કરી લઈએ.

૧ **અશ્વ**—અશ્વના કુલ દશ ઉલ્લેખો નોંધાયા છે, જેમાં તેને માટે '**अश्व**' શબ્દ ત્રણ વખત (**૧**. ૧૬; **૧૬**. ૬, ૮) પ્રયોજાયો છે જ્યારે તેના પર્યાયોમાં '**तुरग**' ત્રણ વાર (**૭**. ૧૧; **૧૫**. ૧૬, ૨૬), '**तुरङ्ग**' બે વખત (**૭**. ૪, ૧૯) અને '**तुरङ्गम**' (**૭**. ૨૧) તથા '**वाजिन्**' (**૧૩**. ૫૫) એક એક વખત પ્રયુક્ત થયા છે. આ ઉલ્લેખોની વિગતો આ પ્રમાણે છે :

---

૧૦ न **मृगः** खलु कोऽप्ययं जिघांसुः स्खलति ह्यत्र तथा भृशं मनो मे ।
विमलं कलुषीभवच्च चेतः कथयत्येष हितैषिणं रिपुं वा ॥ १३.६

૧૧ अयमेव मृगव्यसत्रकामः प्रहरिष्यन्मयि मायया शमस्थे ।
पृथुभिर्ध्वजिनीरवैरकार्षीच्चकितोद्भ्रान्त**मृगा**णि काननानि ॥ १३.९

૧૨ वनाश्रयाः कस्य **मृगाः** परिग्रहाः शृणाति यस्तान्प्रसभेन तस्य ते । १४.१३ પૂર્વાર્ધ

૧૩ **मृगान्विनि**घ्नन्मृगयुः स्वहेतुना कृतोपकारः कथमिच्छतां तपः ।
कृपेति चेदस्तु **मृगः** क्षतः क्षणाद् अनेन पूर्वं न मयेति का गतिः ॥ १४.१५

૧૪ જુઓ એ 'અર્થાન્તરન્યાસ'યુક્ત પ્રબળ વાણી :
वयं क्व वर्णाश्रमरक्षणोचिताः क्व जातिहीना **मृग**जीवितच्छिदः ।
सहापकृष्टैर्महतां न संगतं भवन्ति गोमायुसखा न दन्तिनः ॥ १४.२२

પ્રથમ સર્ગના સોળમા શ્લોકમાં **દુર્યોધન**ના સભામણ્ડપના આંગણાને અનેક રાજન્યોના રથના અશ્વોથી સંકુલ કહ્યું છે.[૧૫]

કિરાતરૂપધારી **શિવ**નું યુદ્ધશૌર્ય જોઈ વિચારમાં પડી ગયેલ એકલવીર **અર્જુન** સોળમા સર્ગના છઠ્ઠા શ્લોકના ઉત્તરાર્ધમાં આશ્ચર્ય વ્યક્ત કરતો વિચારે છે કે આ યુદ્ધમાં (અન્યત્ર હોય છે તેમ,) ઝડપી અશ્વો અને રથનાં ચક્રોએ ઉડાડેલ રજને પવન અન્તરિક્ષમાં ફેલાવી દેતો નથી ![૧૬] એ જ સન્દર્ભમાં આગળ જતાં આઠમા શ્લોકમાં, અન્ય યુદ્ધોમાં રથચક્રોનો અવાજ, અશ્વોનો હણહણાટ અને મત્ત હાથીઓનાં મોટાં બૃંહણો જાણે પરસ્પરની સ્પર્ધા કરતાં ન હોય તેમ વૃદ્ધિ પામીને દુન્દુભિઓના ઘોષને પણ દબાવી દેતા હોય છે તેવું કંઈ જ આ યુદ્ધમાં બનતું નથી તેથી તે આશ્ચર્ય વ્યક્ત કરે છે.[૧૭]

ઇન્દ્રકીલ પર્વત ઉપર તપ કરતા **અર્જુન**ના તપોભંગ માટે સ્વર્ગમાંથી ઊતરી આવતી ગન્ધર્વો તથા અપ્સરાઓની સેનામાંના ' इभ ' અર્થાત્ હાથી અને ' तुरग ' અર્થાત્ ઘોડાઓના અવગાહનને લીધે સંક્ષુભિત થયેલ આકાશગંગાનાં જળ માર્ગમાંની વિપુલ વિમાનોની પંક્તિઓને અથડાઈને જાણે પ્રથમ વાર જ કિનારો પામ્યાં એવું આલેખન સાતમા સર્ગના અગિયારમા શ્લોકમાં આપેલું છે.[૧૮]

અર્જુન સામેના યુદ્ધમાંથી નાસી જતા સૈન્યને ટકોરતા અને પ્રોત્સાહિત કરતા સેનાપતિ **કાર્તિકેય** પંદરમા સર્ગના સોળમા શ્લોકમાં ચિત્રકાવ્યના **' સમુદ્ગક '** પ્રકારમાં ' યથાસંખ્ય ' અને ' યમક 'ની ' સંસૃષ્ટિ ' દ્વારા સમજાવે છે કે સામે પક્ષે નથી વેગીલા રથો (स्यन्दनाः स्यन्दनाः) કે નથી ચાતુર્યપૂર્વક ચાલતા તુરગો (चतुरगाः च तुरगाः); નથી શોભન બૃંહણવાળા સુરગજો (सुरेभाः सुरेभाः) કે નથી વિપત્તિરહિત વિશિષ્ટ પદાતિઓ (अविपत्तयः विपत्तयः); તેથી ભયનું કોઈ કારણ નથી.[૧૯] આગળ જતાં છવીસમા શ્લોકમાં તે મહાયુદ્ધનાં બે વિશેષણો ગણાવે છે: (૧) જ્યાં નૃત્ય કરતા કબન્ધોથી ક્ષુભિત થયેલા તુરગો અર્થાત્ ઘોડાઓ સારથિઓને પણ ગણકારતા ન હોય, અને (૨) પવનથી પૂરિત તૂણીરોથી આકર્ષાઈને જ્યાં ઘોડેસવારો માર ખાતા હોય.[૨૦]

---

૧૫ अनेकराजन्यरथाश्वसङ्कुलं तदीयमास्थाननिकेतनाजिरम् ।
नयत्ययुग्मच्छदगन्धिरार्द्रतां भृशं नृपोपायनदन्तिनां मदः ॥ १.१६

१६ रजः प्रतूर्णाश्वरथाङ्गनुन्नं तनोति न व्योमनि मातरिश्वा ॥ १६.६ ઉત્તરાર્ધ

१७ रथाङ्गसङ्क्रीडितमश्वहेषा बृहन्ति मत्तद्विपबृंहितानि ।
संघर्षयोगादिव मूर्च्छितानि ह्रादं निगृह्णन्ति न दुन्दुभीनाम् ॥ १६.८

૧૮ તે ' અતિશયોક્તિ ' અલંકારનું ઉદાહરણ છે :
सम्भिन्नैरिभतुरगावगाहनेन प्राप्योर्वीरनु पदवीं विमानपङ्क्तीः ।
तत्पूर्वं प्रतिविदधे सुरापगाया वप्रान्तस्खलितविवर्तनं पयोभिः ॥ ७.११

१९ स्यन्दना नो चतुरगाः सुरेभा वाविपत्तयः ।
स्यन्दना नो च तुरगाः सुरेभा वा विपत्तयः ॥ १५.१६

२० प्रनृत्तशववित्रस्त–तुरगाक्षिप्तसारथौ ।
मारुतापूर्णतूणीर–विकु[V. l. क्रु]ष्टहतसादिनि ॥ १५.२६

સ્વર્ગમાંથી ઊતરતા અપ્સરાઓ તથા ગન્ધર્વોના સૈન્યના ઝડપી તુરંગો અર્થાત્ ઘોડાઓ દેવતાઓના પ્રભાવને કારણે કોઈ પણ રીતે આકાશમાં અદ્ધર રહી શકતા હતા અને તેઓ વડે દૂર સુધી ખેંચાઈ ગયેલા રથના સમૂહોએ નેમીઓનું ભ્રમણ બંધ પડતાં આકાશમાં વિમાનના જેવી ગતિ પ્રાપ્ત કરી,[૨૧] અને વાદળોનું વિતાન સેતુ બનતાં તેના ઉપરથી વેગપૂર્વક દોડતા રથોને, ખેંચાયેલી લગામને લીધે સંકોચાયેલ નસકોરાંવાળા તથા આગળથી નમેલા તુરંગો મહામહેનતે પૃથ્વી પર લાવતા હતા[૨૨]—એવું આલેખન સાતમા સર્ગના ચોથા તથા ઓગણીસમા શ્લોકમાં અનુક્રમે આવે છે.

આકાશમાં ચાલવાની પટુતાને કારણે **હિમાલય**ના નિમ્નોન્નત શિખર પર એક સરખી રીતે ચાલતા તુરંગમો અર્થાત્ ઘોડાઓની ખરીનાં ચિહ્ન નદીતટની રેતીમાં પ્રારમ્ભથી જ પૂર્ણ રીતે ઊઠતાં હતાં[૨૩] એવું આલેખન તે જ સર્ગના એકવીસમા શ્લોકમાં કરેલું છે.

આ પ્રમાણેના અશ્વોના ઉલ્લેખો ઉપરાન્ત 'અશ્વીય' અર્થાત અશ્વસમૂહનો પણ બે સ્થળે ઉલ્લેખ થયો છે. તેમાંના એક સ્થળે (૧૫ ૨૪) અસુરો સાથેના યુદ્ધનું વર્ણન કરતાં સેનાપતિ **સ્કન્દ** કહે છે કે તે યુદ્ધમાં રથને ચાલવાના માર્ગો તૂટી પડેલા અશ્વસમૂહોથી અવરુદ્ધ થયા હતા;[૨૪] જ્યારે બીજે સ્થળે (૧૬. ૪) **કિરાતપતિ**ના પરાક્રમથી તર્કવિતર્કમાં પડેલો **અર્જુન** વિચારે છે કે તે યુદ્ધમાં પાણીનાં મોટાં મોજાં જેવા ભાલાઓની માલાઓ જેમાં ચમકતી હોય તથા ફીણ જેવા ચામરોની પંક્તિઓ જ્યાં ઊછળતી હોય એવો અશ્વીય અર્થાત્ અશ્વસમૂહ સમુદ્રના પાણીની માફક ઉચ્છૃંખલ બનીને દિશાઓને આવરતો નથી.[૨૫] વળી એક ઉલ્લેખ 'सादिनः' અર્થાત્ અશ્વારૂઢ સૈનિકોનો પણ મળે છે, જ્યાં સેનાપતિ **કાર્તિકેય** અસુરો સાથેના સંગ્રામને બાણ ખલાસ થતાં પવનથી ભરાઈ જઈને ચીત્કાર કરતાં ભાથાં વડે ઘોડેસવાર સૈનિકોને જ્યાં તાડન થતું હતું તેવો આલેખે છે.[૨૬] આ ઉપરાંત એક સ્થળે 'वाजिभूमि' અર્થાત્ જ્યાં ઉત્તમ પ્રકારના અશ્વો પુષ્કળ પ્રમાણમાં મળતા હોય તેવા પ્રદેશનો પણ ઉલ્લેખ થયો છે—જ્યાં (૧૩. ૧૫) **કિરાતરાજ**નો **દૂત** તપસ્વી અને હઠીલા **અર્જુન** સમક્ષ 'ઉદાત્તાલંકાર' દ્વારા જાહેર કરે છે કે

---

૨૧ तिष्ठद्भिः कथमपि देवतानुभावाद् आकृष्टैः प्रजविभिरायतं तुरङ्गैः ।
नेमीनामसति विवर्तने रथौघैरासेदे वियति विमानवत्प्रवृत्तिः ॥ ७.४

૨૨ सेतुत्वं दधति पयोमुचां विताने संरम्भादभिपततो रथाञ्जवेन ।
आनिन्युर्नियमितरश्मिभुग्नघोणाः कृच्छ्रेण क्षितिमवनामिनस्तुरङ्गाः ॥ ७.१९

૨૩ उत्सङ्गे समविषमे समं महाद्रेः क्रान्तानां वियदभिपातलाघवेन ।
आमूलादुपनदि सैकतेषु लेभे सामग्रीं खुरपदवी तुरङ्गमाणाम् ॥ ७.२१

૨૪ विभिन्नपातिताश्वीयनिरुद्धरथवर्त्मनि । ૧૫.૨૪ પૂર્વાર્ધ

૨૫ समुल्लसत्प्रासमहोर्मिमालं परिस्फुरच्चामरफेनपङ्क्ति ।
विभिन्नमर्यादमिहातनोति नाश्वीयमाशा जलधेरिवाम्भः ॥ १६.४

૨૬ જુઓ પાદટીપ ૧૮

તેના સ્વામી પાસે તો 'वाजिभूमि', 'इभराजकानन' તથા પુષ્કળ રત્નોના સંચય પણ છે, તેથી તેનું એક સોનાનું બાણ જાય તો ય શું ? પણ તે અધિક્ષેપ સહન કરતો નથી.[૨૭]

૨ **ઇન્દ્રગોપ—કિરાતાર્જુનીયમાં** ઇન્દ્રગોપનો ઉલ્લેખ બે સ્થળે થયો છે. પ્રથમ સ્થળે (**૧૦**.૩) તેને 'शक्रगोप' નામ અપાયું છે, જ્યારે દ્વિતીય નિર્દેશમાં (**૧૦**.૨૭) તેને 'सुरेन्द्रगोप' કહ્યો છે. આ બન્ને સ્થળે આવતાં આલેખનોમાંથી તેનો લાલ રંગ સ્પષ્ટ ઊપસી આવે છે, જ્યારે બીજા નિર્દેશમાં તેના દેહની સ્થૂલતા પણ વ્યક્ત થાય છે. પ્રથમ સ્થળે અપ્સરાઓના લાક્ષારસ લગાડેલા ચરણોનાં પગલાંની હારમાળાને લીધે ભૂમિ પરનાં વિવિધ પ્રકારનાં ઘાસ લાલ રંગનાં દેખાતાં હોઈ પૃથ્વી જાણે લાલ રંગના શક્રગોપો અર્થાત્ ઇન્દ્રગોપોથી નિરન્તર ભરાઈ ગઈ હોય એવી 'ઉત્પ્રેક્ષા' કરવામાં આવી છે;[૨૮] જ્યારે બીજે સ્થળે જલબિન્દુઓ તથા લીલા ઘાસથી યુક્ત વનભૂમિમાં અવિરલવપુ સુરેન્દ્રગોપો અર્થાત્ સ્થૂલ દેહવાળા ઇન્દ્રગોપો ખીલેલાં બન્ધુજીવકપુષ્પોને ઢાંકી દઈને વિકસિત પલાશપુષ્પોની શોભાને ધારણ કરતા હતા એવી 'નિદર્શના' કરાઈ છે.[૨૯] આ નાના જન્તુઓ, તેમના નામ ઉપરથી ધ્વનિત થાય છે તેમ, સામાન્ય રીતે વર્ષાઋતુમાં દેખાય છે; જ્યારે અહીંનાં બન્ને સ્થળે શરદ્ ઋતુના વર્ણનમાં તેમનો ઉલ્લેખ આવેલો છે.

૩ **ગજ**—હાથીના ઉલ્લેખો આ કાવ્યમાં પુષ્કળ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. તેના માટે અગિયાર પર્યાયો આ પ્રમાણે યોજાયા છેઃ (૧) 'इभ' શબ્દ આઠ સ્થળે (**૬**. ૧૧; **૭**. ૧૧, ૩૯; **૧૦**. ૫૩; **૧૩**. ૫૫; **૧૫**. ૧૬, ૨૫; **૧૭**. ૫૧) પ્રયોજાયો છે. તે જ પ્રમાણે (૨) 'करिन्' તેર સ્થળે (**૨**. ૧૮; **૫**. ૭, ૨૫, ૨૬; **૭**. ૧૩, ૨૪, ૩૪; **૮**. ૧૨; **૯**. ૨૦; **૧૨**. ૪૯; **૧૬**. ૯, ૧૨; **૧૮**. ૩૨), (૩) 'करेणु' બે સ્થળે (**૭**. ૨૦, ૩૩), (૪) 'गज' દશ સ્થળે (**૧**. ૩૬; **૫**. ૨, ૪૭; **૭**. ૮, ૩૧, ૩૨, ૩૫, ૩૭; **૧૨**. ૪૦, ૪૮), (૫) 'दन्तिन्' છ વખત (**૧**. ૧૬; **૩**. ૪૫; **૫**. ૯; **૧૪**. ૨૨; **૧૬**. ૧૧, ૧૪), (૬) 'द्विप' સાત વખત (**૩**. ૩૮; **૭**. ૨૪, ૩૦; **૧૫**. ૨૪; **૧૬**. ૮; **૧૭**. ૩૬, ૪૫), (૭) 'द्विरद' ત્રણ વખત (**૨**. ૨૫; **૬**. ૭; **૧૮**. ૧), (૮) 'नाग' છ વાર (**૩**. ૫૦; **૭**. ૩૨; **૧૬**. ૨, ૩૦, ૩૮; **૧૭**. ૪૫), (૯) 'मतङ्गज' ચાર વાર (**૧**. ૨૯; **૫**. ૪૭; **૧૭**. ૧૭, ૩૬), (૧૦) 'मातङ्ग' બે વખત (**૭**. ૩૬; **૧૬**. ૧૪), અને (૧૧) 'वारण' શબ્દ સાત સ્થળે (**૭**. ૩૪, ૩૮; **૮**. ૨૨; **૧૩**. ૨૦; **૧૪**. ૩૫; **૧૬**. ૧૩, ૩૬) યોજાયો છે. આ ઉપરાન્ત એક સ્થળે (**૧૭**. ૨૫) 'व्यालगज' અર્થાત્ દુષ્ટ હાથીનો, બે સ્થળે (**૨**. ૬; **૭**. ૨૪) 'करिणी' અર્થાત્ હસ્તિની—હાથણીનો તથા એક સ્થળે (**૧૭**. ૧૭) 'गन्धगज' નો ઉલ્લેખ થયો છે. એ જ પ્રમાણે 'अगज गज' અર્થાત્ પર્વતીય હાથી (**૧**. ૩૬), 'वन्य द्विप' (૩. ૩૮) અર્થાત્

---

૨૭ वाजिभूमिरिभराजकाननं सन्ति रत्ननिचयाश्च भूरिशः ।
काञ्चनेन किमिवास्य पत्रिणा केवलं न सहते विलङ्घनम् ॥ १३.५५

૨૮ निहितसरसयावकैर्बभासे चरणतलैः कृतपद्धतिर्वधूनाम् ।
अविरलविततेव शक्रगोपैररुणितनीलतृणोलपा धरित्री ॥ १०.३

૨૯ આ શ્લો એ 'નિર્દશનાલંકાર'નો સુન્દર નમૂનો :
मुकुलितमतिशय्य बन्धुजीवं धृतजलबिन्दुषु शाड्वलस्थलीषु ।
अविरलवपुषः सुरेन्द्रगोपा विकचपलाशचयश्रियं समीयुः ॥ १०.२७

જંગલી હાથી, '**आकरिन् करिन्**' (૫. ૭) અર્થાત્ ઉમદા પ્રકારના હાથી તથા '**इभराजकानन**' (૧૩. ૫૫) અર્થાત્ જ્યાં ઉત્તમ હાથી પુષ્કળ પ્રમાણમાં રહેતા હોય તેવા વનના ઉલ્લેખો પણ આ મહાકાવ્યમાં ઉપલબ્ધ થાય છે.

આ બધા ઉલ્લેખોમાંથી આ મહાકાય પ્રાણીની કેટલીક વિશિષ્ટતાઓ તરી આવે છે. મત્ત હાથીના મદની ગન્ધના કેટલાક નિર્દેશો થયા છે. મદની ગન્ધને સપ્તપર્ણનાં પુષ્પો જેવી (૧.૧૬)[30] આંબાના ખીલેલા મહોર જેવી (૫. ૨૬),[31] કમળ જેવી (૭. ૩૫)[32] તથા વિકસિત ઇલાઇચીનાં પુષ્પો જેવી (૭. ૩૮)[33] આલેખેલી છે.

એવી રીતે મદના વર્ણ અને આકારના નિર્દેશો પણ અહીં મળે છે. એક સ્થળે (૬. ૧૧) પાણીમાં પડેલાં મદબિન્દુઓને મયૂરપિચ્છના ચન્દ્રકો જેવાં શોભતાં વર્ણવ્યાં છે. પાણીમાં ડૂબકીની મોજ માણતા ઇભપતિને નિહાળવા માટે સરિતાએ જાણે પોતાનાં સેંકડો લોચન ખોલ્યાં ન હોય તેવી અદ્‌ભુત શોભા તે મદબિન્દુઓની હતી ![34] મદના તામ્ર વર્ણનો સ્પષ્ટ નિર્દેશ થયો છે (૭. ૩૩, ૩૫).[35] મદઝરતો માતંગ મત્ત અવસ્થાને લીધે કે ગમે તે કારણે નયનો મીંચીને પોતાની સૂંઢને વૃક્ષની ડાળીઓ ઉપર લંબાવે છે જે ધીમે ધીમે ત્યાંથી નીચે સરકી પડે છે અને પછી તે આરામથી બેસે છે—આવું ચિત્ર **ભારવિ**એ દોર્યું છે.[36] વળી અહીં એક એવું પણ

---

૩૦ જુઓ 'ઉદાત્ત' અલંકારના અતિખ્યાત એ ઉદાહરણનો ઉત્તરાર્ધ :

नयत्ययुग्मच्छदगन्धिरार्द्रतां भृशं नृपोपायनदन्तिनां मदः ॥ ૧.૧૬ ઉત્તરાર્ધ

૩૧ 'વિભાવના' અને 'ભ્રાન્તિમત્' અલંકારના ઉદાહરણરૂપ આ શ્લોકના પૂર્વાર્ધમાં આ સ્પષ્ટ નિર્દેશ થયો છે :

साद्दश्यं गतमपनिद्रचूतगन्धैरामोदं मदजलसेकजं दधानः । ५.२६ પૂર્વાર્ધ

૩૨ उत्तेरुः सरसिजगन्धिभिः कपोलैः ॥ ७.३५ડ

૩૩ જુઓ એ અત્યન્ત રોચક, 'ઉપમા' અલંકારયુક્ત શ્લોક :

निःशेषं प्रशमितरेणु वारणानां स्रोतोभिर्मदजलमुज्झतामजस्रम् ।
आमोदं व्यवहितभूरिपुष्पगन्धो भिन्नैलासुरभिमुवाह गन्धवाहः ॥ ७.३८

૩૪ **ઇન્દ્રકીલ** પર્વતે પહોંચેલો **અર્જુન** આ મનોહર દૃશ્ય જોઈ હર્ષ પામ્યો :

बहु बर्हिचन्द्रकनिभं विदधे धृतिमस्य दानपयसां पटलम् ।
अवगाढमीक्षितुमिवेभपतिं विकसद्विलोचनशतं सरितः ॥ ६.११

૩૫ ઉપરની પાદટીપ ૩૨માં જે શ્લોકનું એક ચરણ આપ્યું છે તે આખો શ્લોક ઉદ્ધૃત કરવાની લાલચ રોકી શકાતી નથી :

प्रश्च्योतन्मदसुरभीणि निम्नगायाः क्रीडन्तो गजपतयः पयांसि कृत्वा ।
किञ्जल्कव्यवहितताम्रदानलेखै-रुत्तेरुः सरसिजगन्धिभिः कपोलैः ॥ ७.३५

૩૬ **અર્જુન**ના નિદ્રાસ્ત્રની અસર નીચે આવેલા ધૈર્યશીલ ગણોનું તાદૃશ વર્ણન કરતાં **ભારવિ** તેમને મદઝરતા માતંગ સાથે, ઉચિત રીતે જ, સરખાવે છે :

अंसस्थलैः केचिदभिन्नधैर्याः स्कन्धेषु संश्लेषवतां तरूणाम् ।
मदेन मीलन्नयनाः सलीलं नागा इव स्रस्तकरा निषेदुः ॥ १६.३०

વિધાન મળે છે કે મદ ઝરવાથી હાથી દૂબળો થઈ જાય છે (૧૪. ૩૫)![37] સતત મદ ઝરવાથી હાથીના લમણા કાળા પડી જાય છે એવું કવિનું નિરીક્ષણ પણ અહીં રજૂ કરાયું છે (૧૬. ૨).[38]

મદ ઝરવાને કારણે હાથીના લમણામાં ખુજલી આવે છે તેથી તે પોતાના લમણા વૃક્ષો સાથે ઘસીને તેનું નિવારણ કરે છે. ચન્દનની સુગન્ધ અને શીતળતાથી આકર્ષાઈને વિશેષત: તેવા વૃક્ષના થડ સાથે મદઝરતો હાથી પોતાના લમણા ઘસે છે. હાથીની આ ટેવ પણ **કિરાતાર્જુનીય**માં ઉલ્લેખાઈ છે: **ઇન્દ્રકીલ** પર્વત ઉપર, હાથીના લમણા ઘસવાને લીધે જે વૃક્ષો ઉપર હલનચલન થયું હોય અને તેથી જેના ઉપરથી ત્યાં રહેતા મોટા મોટા સર્પો જતા રહ્યા હોય, ક્ષણવાર અન્ય મત્ત ગજથી રહિત હોય અને મદથી ખરડાયેલાં હોય, એવાં હરિચન્દનનાં વૃક્ષોથી **ઐરાવત** ત્યાં આવી ગયાનું અનુમાન કરી શકાય છે.[39] એવો જ 'કાવ્યલિંગ' અલંકાર યોજી જણાવાયું છે કે હાથીઓના મદથી લાલ બનેલાં અને લમણા ઘસાવાથી શ્યામ રંગ ધારણ કરતાં ચન્દન વૃક્ષો ઊંચી ટેકરી પર ચઢેલી અપ્સરાઓનાં મન હરતાં હતાં (૮. ૧૨).[40]

બીજા હાથીના મદથી સ્વાભાવિક ઈર્ષ્યા અને રોષની લાગણી અનુભવતા હાથીની આ ખાસિયત પણ **કિરાતાર્જુનીય**માં કંડારાઈ છે. સાતમા સર્ગના ચોવીસમા શ્લોકમાં કવિ આ હકીકતને અતિમનોહર રીતે રજૂ કરતાં જણાવે છે કે પોતાના રસ્તામાં પડેલા કોઈના મદને જોઈને અંદરથી ક્રુદ્ધ થયેલ સુરગજો મનથી પાછળ પડવા લાગ્યા; તો બીજી બાજુ આગળ ચાલતી હાથિણીઓના આકર્ષણને કારણે તેમની પાછળ ઘસડાવા લાગ્યા–આમ, મહાવતના અંકુશમાં ન

---

૩૭ તપશ્ચર્યાથી કૃશ થઈ ગયેલા **અર્જુન**ને અહીં મદ ઝરવાથી દૂબળા પડી ગયેલા શરીરવાળા હાથીની 'ઉપમા' આપવામાં આવી છે:

ततः सदर्पं प्रतनुं तपस्यया मदस्रुतिक्षाममिवैकवारणम् । १४.३५ પૂર્વાર્ધ

૩૮ **કિરાતપતિ**ના પરાક્રમને જોઈને **અર્જુન**ને એમના વિષે અનેક તર્કવિતર્ક થાય છે. આ તર્કનો પ્રારંભ તે અન્ય યુદ્ધની જેમ આ યુદ્ધમાં ઉત્તમ પ્રકારના હાથી કે ઘોડા કામે લગાડેલા નથી એ છતાં આમ કેમ ?–એવા પ્રશ્નથી કરે છે. તેમાં યુદ્ધના ગજરાજોના તાદૃશ વર્ણનનો પ્રારમ્ભ 'મદ ઝરવાથી શ્યામ પડી ગયેલા લમણાવાળા હાથીઓ......' એવા વિધાનથી કરાય છે:

मदस्रुतिश्यामितगण्डलेखाः क्रामन्ति विक्रान्तनराधिरूढाः ।
सहिष्णवो नेह युधामभिज्ञा **नागा** नगोच्छ्रायमिवाक्षिपन्तः ॥ १६.२

૩૯ આ રહ્યો એ 'કાવ્યલિંગ' અલંકારનો નમૂનો :

कषणकम्पनिरस्तमहाहिभिः क्षणविमत्तमतङ्गजवर्जितैः ।
इह मदस्नपितैरनुमीयते सुरगजस्य गतं **हरिचन्दनैः** ॥ ५.४७

૪૦ ચાર શ્લોકના 'કાવ્યલિંગ' અલંકાર દ્વારા વનનદીઓ, જલબિન્દુઓ, લતાઓ તથા ચન્દનવૃક્ષો એ ચારેને અપ્સરાઓનાં મન હરતાં કહ્યાં છે; તેમાંનો છેલ્લો શ્લોક આ પ્રમાણે છે :

उपेयुषीणां बृहतीरधित्यका मनांसि जह्रुः सुरराजयोषिताम् ।
कपोलकाषैः करिणां मदारुणैरुपाहितश्यामरुचश्च चन्दनाः ॥ ८.१२

રહેતા તે સુરગજો પાછાં પડતાં પગલાંએ આગળ વધવા લાગ્યા.[૪૧] આગળ જતાં એ જ સર્ગના બત્રીસમા શ્લોકમાં આ પરિસ્થિતિ બીજી રીતે રજૂ થાય છે કે વનગજના મદની ગન્ધથી યુક્ત સામા કાંઠે રોષપૂર્વક જવાને ઉત્સુક સુરગજ ગંગાના પ્રવાહથી અવરોધાઈ માથું ધુણાવી અંકુશ ભોંકનારા મહાવતને પણ ગણકારતો ન હતો ![૪૨] અને પછીના ચોત્રીસમા શ્લોકમાં પણ, ખૂબ તરસ લાગવા છતાં અન્યના મદથી મિશ્રિત જલ, શીતળ હોવા છતાં યે, જેણે ચાખ્યું પણ નહિ તેવા સ્વમાની સુરગજનું 'સ્વભાવોક્તિ' યુક્ત ચિત્ર દોર્યું છે.[૪૩] પ્રતિસ્પર્ધી હાથી ઉપર ક્રોધે ભરાયેલ ગજરાજ પોતાના મુખ ઉપર ઢાંકેલા મુખચ્છદને પણ ફગાવી દે છે એવું સ્પષ્ટ વિધાન **ભારવિએ** અહીં કર્યું છે.[૪૪] આ ઉપરથી સ્પષ્ટ અનુમાન કરી શકાય છે કે વાહનને જોડેલા ઘોડાની જેમ હાથીને પણ કોઈ પ્રકારનું મુખચ્છદ-મુખઢાંકણ પહેરાવાતું હતું.

હાથીનો પાણી ડહોળવાનો, નદીઓમાં તરવાનો અને ડૂબકી મારવાનો શોખ પણ આ મહાકાવ્યમાં વાચા પામ્યો છે (૩. ૩૮; ૫. ૨૫; ૬. ૧૧; ૭. ૧૧, ૩૫, ૩૬). એક સ્થળે કવિ કહે છે કે ગ્રીષ્મઋતુમાં જંગલી હાથી નદીને ડહોળે ત્યારે તેનાં પાણી છીછરાં હોવાથી તેનો અવાજ ધીમો આવે છે. તેવા જ ધીમા ડૂમો ભરાયેલા, ગદ્‌ગદિત સ્વરે **દ્રૌપદી અર્જુન** પ્રત્યે કહેવા લાગી.[૪૫] બીજા એક સ્થળે જલપૂર્ણ, કમલયુક્ત નદીઓને **करिणां मुदे** અર્થાત્ હાથીઓના આનન્દ માટે ગણી છે,[૪૬] જેથી હાથીઓને તેમાં વિહાર કરવાનો આનન્દ આવે તે સ્પષ્ટ થાય છે. ગંગાનાં પાણીમાં ડૂબકીની મોજ માણતા 'ઇભપતિ'ને નિહાળવા માટેનાં સરિતાનાં સેંકડો નેત્રોની વાત પણ આપણે ઉપર કરી ગયા છીએ.[૪૭] આ ઉપરાન્ત ગજપતિની જલક્રીડા[૪૮] તથા તાજા

૪૧　જુઓ એ મનોરમ સ્વાભાવિક ચિત્ર:

आसन्नद्विपपदवीमदानिलाय क्रुध्यन्तो धियमवमत्य धूर्गतानाम् ।
सव्याजं निजकरिणीभिरात्तचित्ताः प्रस्थानं सुरकरिणः कथंचिदीषुः ॥ ७.२४

૪૨　आयस्तः सुरसरिदोघरुद्धवर्त्मा संप्राप्तुं वनगजदानगन्धि रोधः ।
मूर्धानं निहितशिताङ्कुशं विधुन्वन् यन्तारं न विगणयांचकार नागः ॥ ७.३२

૪૩　જુઓ એ 'સ્વભાવોક્તિ' યુક્ત ચિત્રણ:

आघ्राय क्षणमतितृष्यताऽपि रोषादुत्तीरं निहितविवृत्तलोचनेन ।
सम्पृक्तं वनकरिणां मदाम्बुसेकैर्नाचेमे हिममपि वारि वारणेन ॥ ७.३४

૪૪　**અર્જુનના** કવચવિહીન દેહની શોભાને 'નિદર્શના' અલંકારની માલા દ્વારા બે શ્લોકમાં વર્ણવતાં કવિએ તેના દેહની શોભાને પ્રતિસ્પર્ધી હાથી સામે પોતાના મુખચ્છદને ફગાવી દેતા ગજરાજની શોભા સાથે સરખાવી છે:

प्रतिद्विषाबद्धरुषः समक्षं नागस्य चाक्षिप्तमुखच्छदस्य ॥
..................विना तनुत्रेण रुचिं स भेजे ॥ १७.४५गघ—४६घ

૪૫　धैर्यावसादेन हृतप्रसादा वन्यद्विपेनेव निदाघसिन्धुः ।
निरुद्धबाष्पोदयसन्नकण्ठमुवाच कृच्छ्रादिति राजपुत्री ॥ ३.३८

૪૬　कुररीगणः कृतरवस्तरवः कुसुमानताः सकमलं कमलम् ।
इह सिन्धवश्च वरणावरणाः करिणां मुदे सनलदानलदाः ॥ ५.२५

૪૭　જુઓ પાદટીપ ૩૪.　　　૪૮　જુઓ પાદટીપ ૩૫.

ડહોળાયેલા અને તેથી તટ પર્યન્ત પહોંચતા તરંગોવાળા સરિતાજલના[૪૯] નિર્દેશો પણ અહીં મળે છે.

જલાશયના તટને તથા વૃક્ષના થડને ખોદી કાઢવાની કે કોતરી નાખવાની હાથીની ટેવ પણ મહાકવિ **ભારવિ**ના ધ્યાન બહાર રહી શકી નથી. 'યમક' અને 'અનુપ્રાસ'ની રમઝટથી યુક્ત ટૂંકા આલેખનમાં કવિએ આકરોદ્દ્ભૂત કરીઓએ ખોદી કાઢેલ અનુપમ કિનારાઓથી શોભતી **હિમાલય**ની વેગવતી નદીઓનું સચોટ નિરૂપણ કર્યું છે (૫. ૭).[૫૦] અન્યત્ર પણ કવિ વર્ણવે છે કે ગજદન્તના પ્રહારોથી ઘણા ઘા અર્થાત્ છિદ્રો ધારણ કરતા અને મદને કારણે ભ્રમરીઓને ખુશ કરતા નદીકિનારાનું **અર્જુન**ને અધિક આકર્ષણ થયું (૬. ૭).[૫૧] વળી પોતાનાં બાણ ખૂટી પડતાં પોતાના અર્ધવર્તુલાકાર શ્વેત ધનુષ્ય વડે **અર્જુને કિરાતપતિ** ઉપર હુમલો કર્યો તે પ્રસંગને પણ **ભારવિ** મહાન્ ઇભ પોતાના વિષાણ વડે ઝાડના થડ ઉપર ઘા કરે તે પરિસ્થિતિ સાથે સરખાવે છે (૧૮. ૫૧).[૫૨]

સૂંઢમાં ભરી રાખેલ પાણી ઉડાડવાના હાથીના ટીખળને પણ **કિરાતાર્જુનીય**માં સ્થાન મળ્યું છે. **કિરાતપતિ**ના પરાક્રમ આગળ પોતાની શકિત કુણ્ઠિત થઈ ગઈ છે તે જાણીને આમ કેમ બને છે તેના વિચારમાં **અર્જુન** પડી જાય છે ત્યારે અસલ ઘોર સંગ્રામમાં શું શું થાય તેનું સુન્દર શબ્દ-ચિત્ર તે પોતાનાં માનસચક્ષુ સમક્ષ દોરે છે. આ કલ્પના-ચિત્રની માલામાંનું એક દૃશ્ય કંઈક આવું છેઃ સંગ્રામમાં, યશ અને પરાક્રમના લોલુપ યોદ્ધાઓની છાતીમાં શત્રુઓએ કરેલા પ્રહારોને પરિણામે તેઓ મૂર્ચ્છિત થઈ જાય છે ત્યારે હાથીની સૂંઢમાંથી વારંવાર છંટાતું ધારાને કારણે શીતળ બનેલું જળ તેમને ભાનમાં લાવે છે. આવી યુદ્ધની ભયંકર પરિસ્થિતિ આ યુદ્ધમાં ન હોવા છતાં મારી કારી કેમ બિલકુલ ફાવતી નથી ?!—આવો પ્રશ્ન **અર્જુન** પોતાને પૂછે છે (૧૬. ૯).[૫૩] બીજું પણ એવું જ કલ્પનાચિત્ર તે દોરે છે. હાથી પર બેસી યુદ્ધ કરનારા વીર

---

૪૯ प्रक्षोभैः सपदि तरङ्गितं तटेषु । ७.३६ખ

૫૦ શબ્દાલંકાર તથા અર્થાલંકારનો સરસ સુમેળ સાધતો એ સુન્દર શ્લોક આ રહ્યો :

दधतमाकरिभिः करिभिः क्षतैः समवतारसमैरसमैस्तटैः ।
विविधकामहितामहिताम्भसः स्फुटसरोजवना जवना नदीः ॥ ५.७

૫૧ આ રહ્યું એ 'અર્થાન્તરન્યાસ'યુકત વર્ણન :

दधति क्षतीः परिणतद्विरदे मुदितालियोषिति मदस्रुतिभिः ।
अधिकां स **रोधसि बबन्ध धृतिं** महते रुजन्नपि गुणाय महान् ॥ ६.७

૫૨ જુઓ એ તાદૃશ વર્ણન :

साम्यं गतेनाशनिना मघोनः शशाङ्कखण्डाकृतिपाण्डुरेण ।
शम्भुं बिभित्सुर्धनुषा जघान स्तम्बं विषाणेन महानिवेभः ॥ १७.५१

૫૩ જુઓ આપણી સમક્ષ હૂબહૂ કલ્પનાચિત્ર ઉપસ્થિત કરનાર એ સુન્દર શ્લોક :

अस्मिन् यशःपौरुषलोलुपानामरातिभिः प्रत्युरसं क्षतानाम् ।
मूर्च्छान्तरायं मुहुरुच्छिनत्ति **नाऽऽसारशीतं करिशीकराम्भः** ॥ १६.९

યોદ્ધાઓના કવચ ઉપરના તેજસ્વી મણિઓ ઉપર જ્યારે સૂંઢમાંથી ઊડતા જલકણ છંટાય ત્યારે આ તેજ-પાણીના સુન્દર સંયોગથી મેઘધનુષ્યનું દૃશ્ય ઉત્પન્ન થતું હોય છે. આવી કોઈ પરિસ્થિતિ પ્રસ્તુત યુદ્ધમાં ન હોવા છતાં પોતાનું પરાક્રમ કેમ અહીં ફાવી શકતું નથી તે વીર **અર્જુનને** સમજાતું નથી! (૧૬. ૧૨)[૫૪]

હાથીની બીજી ખાસિયતોમાં પોતાને પહેરાવેલ પુષ્પમાળાને સૂંઢ વડે ફગાવી દેવાની તથા કાન ફફડાવવાની ટેવોના ઉલ્લેખ પણ આ મહાકાવ્યમાં પ્રાપ્ત થાય છે. કાવ્યના પ્રારમ્ભમાં **દુર્યોધનની** રાજા તરીકેની સિદ્ધિના સમાચાર સાંભળીને **દ્રૌપદીએ યુધિષ્ઠિરના** ક્રોધ અને વ્યવસાય વધારે તેવી જે અતિ તેજસ્વી વાણી ઉચ્ચારેલી તે દરમિયાન તે કહે છે કે પોતાના ગળામાં આરોપેલી પુષ્પમાળાને જેમ મદઝરતો માતંગ નિજ સૂંઢ વડે ઉછાળીને દૂર ફગાવી દે તેવી રીતે **યુધિષ્ઠિરે** જાતે, પરાક્રમી પૂર્વજોએ ચિરકાલપર્યન્ત ધારણ કરેલ પૃથ્વીને, પોતાને હાથે જ ગુમાવી દીધી છે! (૧. ૨૯)[૫૫]

વ્યાલ ગજ અર્થાત્ દુષ્ટ હાથીના કર્ણતાલ બહુ સૂચક હોય છે. જ્યારે આવો હાથી પોતાના બન્ને કાન વારાફરતી ફફડાવ્યાં કરે ત્યારે કુશળ મહાવત સમજી જાય કે પોતાની કોઈ ભૂલ થઈ ગઈ છે અને પોતાની એ બેદરકારીના પરિણામે પોતાનો હાથી ઉપરનો કાબૂ શિથિલ થઈ ગયો છે, જેનું પરિણામ કદાચ અનર્થકારી આવે! જ્યારે **કિરાતપતિને** ઉગ્ર રીતે પોતાના ધનુષ્યને વારાફરતી ડાબી અને જમણી બાજુએ ફેરવીને ટંકાર કરતા જોયા ત્યારે **અર્જુનને** સ્વાભાવિક રીતે જ આવા વ્યાલગજના કરતૂતનો ખ્યાલ આવ્યો! (૧૭. ૨૫)[૫૬]

સુરગજોની ગર્જનાને ગમ્ભીર મેઘગર્જના સાથે સરખાવી છે (૭.૩૯).[૫૭] તે જ પ્રમાણે સુરસુન્દરીઓની પુષ્ટ જાંઘોને હાથીની સૂંઢની ઉપમા આપી છે (૮.૨૨);[૫૮] જ્યારે સર્પોની હારને દિગ્ગજોની સૂંઢો જેવા આકારને ધારણ કરતી દર્શાવી છે (૧૬.૩૮).[૫૯]

---

૫૪ જુઓ એવું જ બીજું તાદૃશ દૃશ્ય :

निषादिसंनाहमणिप्रभौघे **परीयमाणे करिशीकरेण** ।
अर्कत्विषोन्मीलितमभ्युदेति न खण्डमाखण्डलकार्मुकस्य ॥ १६.१२

૫૫ આ રહ્યો એ મન્યુવ્યવસાયદીપિની વાણીનો એક અંશ :

अखण्डमाखण्डलतुल्यधामभिश्चिरं धृता भूपतिभिः स्ववंशजैः ।
त्वयाऽऽत्महस्तेन मही मदच्युता मतङ्गजेन स्रगिवापवर्जिता ॥ १.२९

૫૬ જુઓ એ સુન્દર 'ઉપમા' :

सव्यापसव्यध्वनितोग्रचापं पार्थः किराताधिपमाशशङ्के ।
पर्यायसम्पादितकर्णतालं यन्ता गजं व्यालमिवापराद्धः ॥ १७.२५

૫૭ જુઓ એ 'ઉપમા' તથા 'ભ્રાન્તિમાન્' અલંકારોનું સુન્દર ઉદાહરણ :

सादृश्यं दधति गभीरमेघघोषैरुन्निद्रक्षुभितमृगाधिपश्रुतानि ।
आतेनुश्चकितचकोरनीलकण्ठान् कच्छान्तानमरमहेभ**बृंहितानि** ॥ ७.३९

૫૮ वरोरुभिर्वारणहस्तपीवरैः ८.२२k

૫૯ જુઓ એ 'રૂપક' અને તેમાંથી ઉદ્ભવતી 'ઉત્પ્રેક્ષા'નું રમ્ય ઉદાહરણ :

दिङ्नागहस्ताकृतिमुद्वहद्भिर्भोगैः प्रशस्तासितरत्ननीलैः ।
रराज सर्पावलिरुल्लसन्ती तरङ्गमालेव नभोर्णवस्य ॥ १६.३८

ગજમૌક્તિક અર્થાત્ હાથીના લમણામાં ઉદ્ભવતા મોતીનો ઉલ્લેખ પણ અહીં એક સ્થળે થયો છે (૧૨.૪૦).[૬૦]

૪. ગો (પું.)—બળદ. તેને અહીં વિધેય—બીજાનું કહેલું જ કરનાર નોકરચાકર—ની હલકી સ્થિતિના પ્રતીક તરીકે નિરૂપ્યો છે. તપસ્વી અર્જુનને ઉપદેશ આપતા વૃદ્ધવિપ્રવેષધારી દેવરાજ ઇન્દ્રે બળદ જેવી વિધેયની હલકી દશા પામવા માટે ચાર દુર્ગુણોને કારણરૂપ ગણ્યા છે :

(૧) પોતાનાં કાર્યો સિદ્ધ કરવા માટે હંમેશ બીજા પર આધાર રાખવો,

(૨) બહુ હલકો ધંધો સ્વીકારવો,

(૩) શરમ છોડવી, અને

(૪) ઇન્દ્રિયો ઉપર અંકુશ ન રાખવો (૧૧.૩૩).[૬૧]

૫. ગો (સ્ત્રી.)—ગાય. તેને માટે ત્રણ પર્યાયો આ મહાકાવ્યમાં યોજાયા છે: 'गो' શબ્દ ૭ વાર (૪.૧૦, ૧૧, ૧૨, ૧૩, ૩૨; ૧૭.૨૦) વપરાયો છે; જ્યારે 'धेनु' બે વખત (૪.૧૩, ૩૧) અને 'पशु' એક વાર (૪.૧૩) પ્રયોજાયો છે. ગાયના ધણનો પણ ઉલ્લેખ થયો છે. ગાયની ભીરુતાને પણ કવિએ અહીં વ્યક્ત કરી છે. ગાયોનાં ટોળાં રાત્રિ દરમિયાન ચરવા ગયાં હોય અને વરસાદ તૂટી પડે ત્યારે એક બાજુ ગાઢ અન્ધકારમાં આ ગાયો પરસ્પરને જોઈ શકતી હોય નહિ અને બીજી બાજુ વાદળનો ગડગડાટ સંભળાતો હોય. આથી ગભરાઈને તેઓ સતત ધ્રૂજવા લાગે છે. કવિએ આ પરિસ્થિતિની તુલના પકડીને પરાક્રમી અર્જુનના બાણની વૃષ્ટિ, તેથી પ્રકાશ રોકાતાં વ્યાપતો અન્ધકાર તથા સંભળાતો કેવળ શરવૃષ્ટિનો ઘોષ અને કિરાતપતિના સૈન્યમાં અનુભવાતો ત્રાસ—આ સર્વનું આલેખન કરવા માટે ઉચિત તક ઝડપી લીધી છે (૧૭.૨૦).[૬૨] ગાયોનાં ટોળાંને બરફના સમૂહ જેવાં ધોળાં કહ્યાં છે. શરદ્ ઋતુની જલપૂર્ણ સરિતાના રેતાળ તટ ઉપરથી ધીમે ધીમે આ ગાયો ખસતી હોય તે દૃશ્ય મહાકવિ ભારવિને દુકૂલ જંઘા ઉપરથી ધીમે

---

૬૦ ભગવાન્ શંકરે કિરાતપતિનું રૂપ ધારણ કર્યું તેના વર્ણનના પ્રારમ્ભમાં જ કહ્યું છે કે તેમનું વક્ષઃસ્થળ હરિચન્દનની આડીઅવળી રેખાઓ, પરસેવાથી ખડા થયેલા રોમાંચ તેમ જ હાથીના કુમ્ભસ્થળમાંથી ઉત્પન્ન થયેલાં ચમકદાર મોતીની માળાઓ વડે શોભી રહ્યું હતું :

इति तानुदारमनुनीय विषमहरिचन्दनालिना ।
धर्मजनितपुलकेन लसद्गजमौक्तिकावलिगुणेन वक्षसा ॥ १२.४०

૬૧ તપસ્વી અર્જુનને ઉપદેશ આપતા વૃદ્ધ બ્રાહ્મણના વેષમાં આવેલ દેવરાજ ઇન્દ્ર 'ઉપમા' અલંકારયુક્ત શ્લોકમાં જણાવે છે કે ઇન્દ્રિયોને અવિધેય રાખનાર માણસ બળદની જેમ બીજાઓનો વિધેય બની જાય છે :—

परवानर्थसंसिद्धौ नीचवृत्तिरपत्रपः ।
अविधेयेन्द्रियः पुंसां गौरिवैति विधेयताम् ॥ ११.३३

૬૨ જુઓ એ સુન્દર વર્ણન :

वितन्वतस्तस्य शरान्धकारं त्रस्तानि सैन्यानि रवं निशेमुः ।
प्रवर्षतः सन्तततवेपथूनि क्षपाघनस्येव गवां कुलानि ॥ १७.२०

ધીમે સરકી જતું હોય તેવા દશ્ય સુધી ખેંચી જાય છે. **ઇન્દ્રકીલ** તરફ પ્રયાણ કરતો **અર્જુન** આ મનોરમ્ય દશ્ય કતૂહલપૂર્વક જોઈ રહ્યો! (૪.૧૨)[૬૩]

ગાયોનું વર્ણન કરતાં કવિને સ્વાભાવિક રીતે જ માતૃત્વની ભાવના યાદ આવી જાય છે. આખી રાત ચારો ચરીને પાછલી રાત્રે ગોચરમાંથી પાછી વળતી ગયો પોતાનાં વાછરડાંને મળવા માટે ઉત્સુક બની જાય છે તેથી ઝડપથી દોડવા મથે છે, પણ તેમ કરી શકતી નથી અને તેમનાં મોટાં ઊધસ્‌માંથી દૂધ ઝર્યા કરે છે. આન્તરિક ઉત્સુકતા અને બાહ્ય આચરણમાં અશક્તિની આ પરિસ્થિતિ **અર્જુન**ને ખૂબ રોચક જણાઈ (૪.૧૦).[૬૪] ઘર તરફ પાછી ફરતી મા પોતાનાં બાળકો માટે કંઈક ખાવાનું લઈ જાય, તેવી રીતે ગોચરમાંથી પાછી ફરતી આ ઉત્સુક ગાયમાતાઓ સતત દૂધ ઝરતાં ઊધસ્‌ને લઈને ઘર તરફ પ્રયાણ કરી રહી હતી (૪.૩૧)![૬૫] આથી આગળ વધીને **ભારવિ** ગાયને 'जगत्प्रसूति' અર્થાત્ જગતનું ઉત્પત્તિસ્થાન—જગત્‌ની જનની, અને 'जगदेकपावनी' અર્થાત્ જગતને પવિત્ર કરનાર એક માત્ર તત્ત્વ તરીકે નવાજે છે અને મન્ત્રોચ્ચાર-પૂર્વક યજ્ઞમાં આપેલી આહુતિ સાથે સરખાવે છે, જે ભારતીય સંસ્કૃતિની દૃષ્ટિએ બિલકુલ સમુચિત છે (૪.૩૨).[૬૬] અને એ જ ભવ્યતા સાથે કવિ ગોપાલોને ગાયો ઉપર સહોદરસ્નેહ રાખનાર તરીકે નિરૂપે છે (૪.૧૩).[૬૭] વૃષભને 'गवाम् अधिप' અર્થાત્ ગાયોનો અધિપતિ કહ્યો છે (૪.૧૧).[૬૮]

---

૬૩ આ રહ્યું એ મનોરમ દશ્ય :

विमुच्यमानैरपि तस्य मन्थरं गवां हिमानीविशदैः कदम्बकैः ।
शरन्नदीनां पुलिनैः कुतूहलं गलद्दुकूलैर्जघनैरिवादधे ॥ ४.१२

૬૪ **અર્જુન**ની યાત્રાને સ-રસ બનાવનાર આ રહ્યું એ 'સ્વભાવોક્તિ' અલંકારયુક્ત આલેખન :

उपारताः पश्चिमरात्रिगोचरादपारयन्तः पतितुं जवेन गाम् ।
तमुत्सुकाश्चक्रुरवेक्षणोत्सुकं गवां गणाः प्रस्नुतपीवरौधसः ॥ ४.१०

૬૫ આ રહ્યો એ માતૃત્વની ભાવના પર 'ઉત્પ્રેક્ષા' કરતો શ્લોક :

विहारभूमेरभिघोषमुत्सुकाः शरीरजेभ्यश्च्युतयूथपङ्क्तयः ।
असक्तमूधांसि पयः क्षरन्त्यमूरुपायनानीव नयन्ति धेनवः ॥ ४.३१

૬૬ જુઓ ભારતીય સંસ્કૃતિમાં ગાયને અપાયેલ મહત્ત્વને વાચા આપતો એ શ્લોક.

जगत्प्रसूतिर्जगदेकपावनी व्रजोपकण्ठं तनयैरुपेयुषी ।
द्युतिं समग्रां समितिर्गवामसावुपैति मन्त्रैरिव संहिताहुतिः ॥ ४.३२

૬૭ જુઓ 'ઉત્પ્રેક્ષા' યુક્ત 'સ્વભાવોક્તિ' અલંકારથી શોભતું એ નિરૂપણ :—

गतान् पशूनां सहजन्मबन्धुतां गृहाश्रयं प्रेम वनेषु बिभ्रतः ।
ददर्श गोपानुपधेनु पाण्डवः कृतानुकारानिव गोभिरार्जवे ॥ ४.१३

૬૮ ददर्श पुष्टिं दधतं स शारदीं सविग्रहं दर्पमिवाधिपं गवाम् ॥ ४.૧૧ગધ

૬. **ગોમાયુ**—શિયાળ. તેનો એક ઉલ્લેખ (**૧૪.૨૨**) આ કાવ્યમાં આવે છે, જ્યાં તેને જાતિ તેમ જ વૃત્તિમાં હલકું ગણ્યું છે અને '**અર્થાન્તરન્યાસ**' દ્વારા સ્પષ્ટ વિધાન કર્યું છે કે હલકાઓ સાથે મોટાની મૈત્રી હોતી નથી; હાથીઓ શિયાળના સખા બની શકતા નથી.[૬૯]

૭. **ચમરી**—હિમાલયમાં જ જોવા મળતા આ વિશિષ્ટ પ્રકારના મૃગોના સ્વભાવની ખાસિયત અહીં દર્શાવાઈ છે. આ મૃગોને પૂંછડે પુષ્કળ વાળ હોય છે અને તે વાળ તેમને એટલા બધા વહાલા છે કે તેને સાચવવા માટે પોતાના પ્રાણની પણ તે પરવા કરતાં નથી એવો સ્પષ્ટ ધ્વનિ અહીં વ્યક્ત થાય છે (**૧૨.૪૭**).[૭૦]

૮. **મહિષ**—પાડો. આનો પણ અહીં એક વખત જ નિર્દેશ થયો છે. વનમાં શિકારના નિમિત્તે **કિરાતપતિ**નું રૂપ ધારણ કરેલા ભગવાન્ **શિવ** પોતાના ગણોના કિરાતસૈન્ય સાથે **અર્જુન**ના તપના વનમાં ઘૂમવા લાગ્યા ત્યારે વનનાં પશુપક્ષી ગભરાઈને નાસવા લાગ્યાં તેનું વર્ણન કરતાં કવિ કહે છે કે નાસતા મહિષો વડે અગુરુ, તમાલ અને નલદ જેવાં છોડો કચડાઈ જતાં તેમની સુવાસથી વાયુ સુગન્ધિત બન્યો અને તેથી વનવાસીઓનો થાક ઉતારનારો બની ગયો! (**૧૨.** ૫૦)[૭૧]

૯. **મૃગ**—હરણ. તેનો ઉલ્લેખ આ મહાકાવ્યમાં આઠ વખત થયો છે (**૧.** ૪૦; **૪.** ૩૩; **૫.** ૩૮; **૬.** ૨૪; **૧૧.** ૫૮; **૧૨.** ૫૨; **૧૩.** ૫; **૧૫.** ૧૦). એક સ્થળે '**मृग**'નો પર્યાય '**हरिण**' શબ્દ પ્રયોજાયો છે (**૧૧.** ૫૮); સ્ત્રીલિંગી '**मृगी**' (૪. ૩૩) અને '**हरिणी**' (**૧૨.** ૫૨) શબ્દો પણ અહીં ઉપયુક્ત થયા છે. હરણોની કેટલીક ખાસિયતો આ ઉલ્લેખોમાં વ્યક્ત થઈ છે. મૃગોની ખૂબ હલકી કક્ષાનો અને ભીરુ મનોદશાનો નિર્દેશ અગિયારમા સર્ગના અઠ્ઠાવનમા શ્લોકમાં થયો છે. ત્યાં વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઈને આવેલા દેવરાજ **ઇન્દ્ર**ને ઉત્તર આપતાં તપસ્વી **અર્જુન** જણાવે છે કે શત્રુઓએ પરાભવ કરીને પાંચે પાંડવોને હરણો જેવી વૃત્તિને પમાડ્યા છે, તે એટલી હદ સુધી કે તેમને

---

૬૯ **અર્જુન** જુસ્સાદાર સચોટ વાણીમાં **કિરાતપતિ**ના **દૂત**ને જણાવી દે છે કે :

वयं क्व वर्णाश्रमरक्षणोचिताः क्व जातिहीना मृगजीवितच्छिदः ।
सहापकृष्टैर्महतां न संगतं भवन्ति गोमायुसखा न दन्तिनः ॥ ૧૪.૨૨

૭૦ અહીં એવું વર્ણન આવે છે કે **શિવ**ના ગણોની—**કિરાતપતિ**ના કિરાતોની—સેનાનો મોટો ભય ઊભો થતાં ગભરાયેલાં ચમરી મૃગો પ્રાણ બચાવવા માટે દોડી જવા લાગ્યાં; પરન્તુ તેમનાં પૂંછડાંના અતિપ્રિય વાળના ગુચ્છો **વાંસ**ની વિતતિઓમાં ઉતાવળમાં ભરાઈ ગયાં. પ્રયત્ન છતાં તે ગૂંચમાંથી નીકળ્યા નહિ. ઝાટકો મારીને છૂટીને એ જીવ બચાવવા દોડી ગયાં હોત. પરન્તુ પોતાના અતિપ્રિય વાળને તૂટતા રોકવા માટે તે જાનની પણ પરવા કર્યા વિના ત્યાં ઊભાં રહ્યાં :

चमरीगणैर्गणबलस्य बलवति भयेऽप्युपस्थिते ।
वंशविततिषु विषक्तपृथुप्रियबालवालधिभिरादधे धृतिः ॥ ૧૨.૪૭

૭૧ **महिषक्षतागुरुतमाल—नलदसुरभिः सदागतिः ।**
व्यस्तशुकनिभशिलाकुसुमः प्रणुदन् ववौ वनसदां परिश्रमम् ॥ ૧૨.૫૦

પરસ્પરની પણ શરમ આવે છે (૧૧.૫૮)।[૭૨] એક સ્થળે 'मार्गं मार्गम्' એવા પ્રયોગ દ્વારા હરણોની ત્વરિત ગતિએ નાસી જવાની કુશળતાનો નિર્દેશ કરાયો છે (૧૫.૧૦).[૭૩]

વળી આ પ્રાણીઓનો સંગીતનો શોખ જાણીતો છે. **ભારવિ** એક સ્થળે એવું આલેખન કરે છે કે ષડ્જસ્વરયુક્ત મધુરકંઠી ગોપીઓનાં ગીતો સાંભળવામાં તન્મય થઈ ગયેલું હરણીઓનું ટોળું પોતાની ભૂખ પણ ભૂલી જાય છે (૪.૩૩).[૭૪]

લીલા ઘાસના અગ્રભાગને યા અંકુરોને ખાઈ જવાનો મૃગોનો શોખ પણ આ કાવ્યમાં ઉલ્લેખ પામ્યો છે. **કૈલાસ** પર્વત ઉપર સૂર્યનાં કિરણોમાં સવિશેષ ચળકાટ પામતા મરકત-મણિઓનાં લીલાં તેજકિરણોને લીલા ઘાસનાં અંકુર સમજીને હરણીઓ ખાવા લાગે છે અને ભ્રમ ભાંગી જતાં છોડી દે છે (૫.૩૮)।[૭૫] તે જ રીતે કાવ્યના પ્રારમ્ભમાં **દુર્યોધન**ના આદર્શ શાસનના સમાચાર વનવાસ દરમિયાન જાણીને ઊકળી ઊઠેલી **દ્રૌપદી** મહારાજા **યુધિષ્ઠિરને** પોતે કેવી સ્થિતિમાંથી કેવી દશામાં આવી પડ્યા છે તેનું ભાન કરાવતાં કહે છે કે તેમના એક સમયે મણિપીઠ પર રહેનારા અને અન્ય રાજાઓના મસ્તકે રહેલ પુષ્પહારની રજથી શોભાવાતા ચરણ હવે જેના અગ્રભાગ હરણોએ કરડી ખાધા છે અને દ્વિજોએ તેડી લીધા છે તેવા બર્હિસ્ અર્થાત્ દર્ભના વનમાં મુકાય છે (૧.૪૦)।[૭૬]

---

૭૨ જુઓ તપસ્વી **અર્જુને** વૃદ્ધવિપ્રવેષધારી **ઇન્દ્ર** પાસે કરેલો એ એકરાર :

अवधूयारिभिर्नीता हरिणैस्तुल्यवृत्तिताम् ।
अन्योन्यस्याऽपि जिह्रीमः किं पुनः सहवासिनाम् ॥ ११ ५८

૭૩ **અર્જુન** સાથેના યુદ્ધમાંથી ત્રાસીને નાસી જતા પોતાના ગણોના કિરાતસૈન્યને પ્રેરક વાણી વડે સંબોધતાં સેનાપતિ **કાર્તિકેય** કહે છે કે મૃગોના માર્ગને પ્રાપ્ત થયેલા અર્થાત્ મૃગોની જેમ ત્રાસથી નાસી જતા એમનું દુ:ખ કયા ઉપાય વડે દૂર કરી શકાય તેનું પોતે ચિન્તન કરી રહ્યા છે :

वनेऽवने वनसदां मार्गं मार्गमुपेयुषाम् ।
बाणैर्बाणैः समासक्तं शङ्केऽशं केन शाम्यति ॥ १५.१०

૭૪ **ઇન્દ્રકીલ** પર્વત પ્રતિ પ્રયાણ કરી રહેલ **અર્જુન** માર્ગમાંના સૃષ્ટિના સૌન્દર્યને બરાબર માણતો જાય છે. તેણે જોયેલાં અનેક આકર્ષક દૃશ્યોમાંનું એક આ રીતે આલેખાયું છે :

कृतावधानं जितबर्हिणध्वनौ सुरक्तगोपीजनगीतनिःस्वने ।
इदं जिघत्सामपहाय भूयसीं न सस्यमभ्येति मृगीकदम्बकम् ॥ ४.३३

૭૫ જુઓ 'ભ્રાન્તિમાન્' અલંકારનું એક સુન્દર ઉદાહરણ :

परिसरविषयेषु लीढमुक्ता हरिततृणोद्गमशङ्कया मृगीभिः ।
इह नवशुककोमला मणीनां रविकरसंवलिताः फलन्ति भासः ॥ ५.३८

૭૬ જુઓ **દ્રુપદાત્મજા**ની એ વ્યવસાયદીપિની ચિત્રાત્મક વાણી :

अनारतं यौ मणिपीठशायिनावरञ्जयद्राजशिरःस्रजां रजः ।
निषीदतस्तौ चरणौ वनेषु ते मृगद्विजालूनशिखेषु बर्हिषाम् ॥ १.४०

હરણ આશ્રમનું પ્રાણી ગણાય છે. જ્યારે હર્ષમાં આવી જાય ત્યારે તે લતાઓને દાંત વડે તોડે છે. આ ખાસિયત પણ એક સ્થળે દર્શાવાઈ છે (૧૨. ૫૨).[૭૭] શસ્ત્રધારી હોવા છતાં, મતિ અને આચરણની શુદ્ધિને પ્રતાપે, તપ કરતો **અર્જુન** ત્યાંના મૃગોને રંજિત કરતો હતો, તેમના વિશ્વાસનું પાત્ર બની ગયો હતો (૬. ૨૪).[૭૮] અન્ય એક સામાન્ય ઉલ્લેખમાં સ્વાભાવિક રીતે વિરોધિની મૃગજાતિઓને છોડીને પોતાના પ્રત્યે જ ધસી આવતા **વરાહ**ને જોઈને તપ કરતો **અર્જુન** વિચારે છે કે તે પૂર્વજન્મના વૈરને કારણે જ હશે (૧૩. ૫)![૭૯]

૧૦. રાસભં—ગર્દભ. અહીં તેનો એક જ ઉલ્લેખ મળે છે અને તેમાં તેના ધૂળિયા સફેદ રંગનો નિર્દેશ 'ઉપમા' દ્વારા કરાયો છે. **કિરાતપતિ**ની યુદ્ધની કુશળતા જોઈને વીર **અર્જુન** જે લાંબા તર્કવિતર્કમાં પડી જાય છે તેમાંના એકમાં તે વિચારે છે કે બીજાં યુદ્ધોમાં રાસભના દેહના રંગ જેવા ધૂસરા રંગની ધૂળ વડે આંખોનો માર્ગ રોકાઈ જતો હોય છે તેવું કંઈ આ યુદ્ધમાં થતું નથી, છતાં મારી શક્તિ કેમ કુંઠિત થતી લાગે છે? (૧૬. ૭)[૮૦]

૧૧. વરાહ—સૂવર. **વરાહ** એ આ કાવ્યનું એક વિશિષ્ટ પાત્ર જ હોઈ તેના માટે ઠીક-ઠીક લખાણ હોય તે સ્વાભાવિક છે. પણ તેનો નામનિર્દેશ પંદર સ્થળે થયો છે. 'वराह' (૧૨. ૩૭; ૧૩. ૨૩, ૪૧) ઉપરાન્ત તેના પ્રચલિત પર્યાય '**सूकर**' (૧૨. ૫૩) તથા વર્ણનાત્મક સંજ્ઞા '**दंष्ट्रिन्**' (૧૩. ૫૦; ૧૪. ૩૮) અને સામાન્ય પદ '**मृग**' (૧૩. ૧, ૬, ૩૩, ૪૬, ૪૯, ૬૩, ૬૫; ૧૪. ૧૪, ૧૫) વડે તેનો નિર્દેશ અહીં કરાયો છે. **મૂક** દાનવ પોતાના મૂળ રૂપે તો **અર્જુન**ના તપોવનના પવિત્ર સ્થળે પ્રવેશી શકે તેમ નથી, તેથી **વરાહ**નું રૂપ લઈને તપસ્વી **અર્જુન**ને મારવા ધસી આવે છે. એટલે જે વર્ણન કરેલું છે તેમાં કેવળ સૂવરના વાસ્તવિક આલેખનની અપેક્ષા રાખી ન શકાય. એક સ્થળે તેના મેઘ જેવા કાળા રંગનો તથા પોત્રથી પૃથ્વીને ખોદી કાઢવાનો ઉલ્લેખ થયો છે. (૧૨. ૫૩)[૮૧]; જ્યારે અન્ય એક ઉલ્લેખમાં તેના મોટા દેહનો અને તેના વડે

---

૭૭ ભગવાન **શંકર કિરાતપતિ** બનીને કિરાતસૈન્ય સાથે તપ કરતા **અર્જુન**ના આશ્રમમાં—તપોવનમાં—આવ્યા તેનું આલેખન કરતાં **ભારવિ** કહે છે:

इति चालयन्नचलसानुवनगहनजानुमापतिः ।
प्राप मुदितहरिणीदशनक्षतवीरुधं वसतिमैन्द्रसूनवीम् ॥ १२.५२

૭૮ **धृतहेतिरप्यधृतजिह्ममति–श्चरितैर्मुनीनधरयञ्शुचिभिः ।**
रजयाञ्चकार विरजाः स मृगान् कमिवेशते रमयितुं न गुणाः ॥ ६.२४

૭૯ अथवैष कृतज्ञयेव पूर्वं भृशमासेवितया रुषा न मुक्तः ।
अवधूय विरोधिनीः किमारान्मृगजातीरभियाति मां जवेन ॥ १३.५

૮૦ **भूरेणुना रासभधूसरेण** तिरोहिते वर्त्मनि लोचनानाम् ।
नास्त्यत्र तेजस्विभिरुत्सुकानामह्नि प्रदोषः **सुरसुन्दरीणाम्** ॥ १६.७

૮૧ **કિરાતપતિ**નું રૂપ લઈને **અર્જુના**શ્રમ સમીપ આવેલા **શિવે વરાહ**રૂપધારી દનુજને આવો જોયો :

स तमाससाद **घननीलमभिमुखमुपस्थितं मुनेः** ।
पोत्रनिकषणविभिन्नभुवं दनुजं दधानमथ सौकरं वपुः ॥ १२.५३

જાણે પર્વતોને પણ ભેદી શકે એવી તાકાતનો તેમ જ સ્થિર દંષ્ટ્રાને લીધે ઉગ્રતા ધારણ કરતા મુખનો નિર્દેશ કરાયો છે. (**૧૩.** ૧)[૮૨]

૧૨. વૃષ—વૃષભ, આખલો. એના ઉલ્લેખો પણ વિવિધ પર્યાયો દ્વારા થયા છે. બે સ્થળે '**उक्षन्**' (૪. ૧૧; **૫.** ૪૨), એક સ્થળે '**ऋषभ**' (**૧૪.** ૪૦), ત્રણ સ્થળે '**वृष**' (**૪.** ૧૮; **૧૨.** ૨૦; **૧૮.** ૨૦) અને એક સ્થળે '**वृषभ**' (**૧૮.** ૧૬) નો પ્રયોગ થયો છે. નદીના કાંઠા અને ટેકરાને માથાં મારી, શિંગડાં મારી, ખોદવા-તોડવાની તેની ટેવનું નિરૂપણ કવિએ તાદૃશ રીતે કર્યું છે. તેની પરિપુષ્ટ વિશાળ શ્વેત કાયા આ તોફાનમાં ગોળ વળી જાય છે ત્યારે તેમાં કવિને ચન્દ્રનાં દર્શન થાય છે. કવિએ આ '**गवाम् अधिप**' અર્થાત્ ગાયોના અધિપતિને યોગ્ય રીતે જ 'મૂર્તિમંત દર્પ' કહ્યો છે (**૫.** ૪૨; **૪.** ૧૧).[૮૩] વળી અન્ય એક સ્થળે **અર્જુન**ને '**वृषभगति**'—વૃષભના જેવી ગતિવાળો—કહ્યો છે (**૧૮.** ૧૬).[૮૪] **શિવ**ના વાહન તરીકે પણ તેનો સ્પષ્ટ નિર્દેશ થયો છે. (**૧૮.** ૨૦)[૮૫]

૧૩. સિંહ—આ કાવ્યમાં આઠ વખત તેનો ઉલ્લેખ કરાયો છે, જે દરમિયાન '**सिंह**' (**૧૬.** ૫૦) ઉપરાન્ત '**मृगाधिप**' (**૨.** ૧૮, ૨૧; **૭.** ૩૯; **૧૨.** ૪૮), '**मृगेन्द्र**' (**૩.** ૫૦) અને '**हरि**' (**૧૫.** ૪૫; **૧૭.** ૪૬) એ પર્યાયો પ્રયોજાયા છે. આ ઉલ્લેખોમાં સિંહની કેટલીક વિશિષ્ટતાઓ નિર્દેશાઈ છે. તેની સ્વમાનશીલતા (**૨.** ૨૧; **૭** ૩૯; **૧૭.** ૪૬), સ્વાશ્રયવૃત્તિ (**૨.** ૧૮), નિર્ભય ઉદાત્તતા (**૨.** ૨૧; **૧૨.** ૪૮) અને અન્તે તેનું શરીરસૌન્દર્ય (**૧૫.** ૪૫)–આ બધું બહુ સંક્ષેપમાં પરન્તુ તાદૃશ અને ચમત્કૃતિયુક્ત રીતે આલેખાયું છે (**૨.** ૧૮, ૨૧; **૧૭.** ૪૬; **૧૨.** ૪૮; **૧૫.** ૪૫; **૧૭.** ૪૬ ઇત્યાદિ).[૮૬] અને એક સ્થળે તો એવું વર્ણન મળે છે કે **અર્જુન**ના આગ્નેયાસ્ત્ર-

---

૮૨ **અર્જુને વરાહ**ને આ સ્વરૂપે નિહાળ્યો :

वपुषा परमेण भूधराणामथ सम्भाव्यपराक्रमं विभेदे ।
मृगमाशु विलोकयांचकार **स्थिरदंष्ट्रोग्रमुखं महेन्द्रसूनुः** ॥ १३.१

૮૩ **કૈલાસ** ઉપર આવું સુન્દર દૃશ્ય હતું :

शुक्लैर्मयूखनिचयैः परिवीतमूर्तिर्**वप्राभिघातपरिमण्डलितोरुदेहः ।**
शृङ्गाण्यमुष्य भजते गणभर्तुरुक्षा कुर्वन्वधूजनमनःसु **शशाङ्कशङ्काम्** ॥ ५.४२

અને એ પહેલાં ત્યાં જતાં માર્ગમાં **અર્જુને** જે અનેક રમ્ય દૃશ્યો જોયાં તેમાંનું એક આવું હતું :

परीतमुक्षावजये जयश्रिया नदन्तमुच्चैः **क्षतसिन्धुरोधसम्** ।
ददर्श **पुष्टिं दधतं स शारदीं सविग्रहं दर्पमिवाधिपं गवाम्** ॥ ४.११

૮૪ **वृषभगतिरुपाययौ** विस्मयम् ॥ १८.१६ध

૮૫ **जलद इव निषेदिवांसं वृषे** १८.२०ग

૮૬ આ ઉલ્લેખોમાંના કેટલાક વિશિષ્ટ ઉલ્લેખો જુઓ :

૧ સિંહની સ્વભાવગત મોટાઈ : **ભીમસેન દ્રૌપદી**ની વ્યવસાયદીપિની વાણીને ટેકો આપતાં કહે છે :

किमपेक्ष्य फलं पयोधरान्ध्वनतः प्रार्थयते मृगाधिपः ।
प्रकृतिः **खलु** सा महीयसः **सहते** नान्यसमुन्नतिं यया ॥ २.२१

માંથી ઝરતો અગ્નિ સર્વ દિશાઓમાં પ્રસર્યો અને જાણે સર્વ પ્રાણીઓનો નાશ કરવા ઇચ્છતો હોય તેમ મેઘમાલાને ભેદીને તેની પેલી બાજુએ પહોંચી ગયો—આવા આગ્નેયાસ્ત્રના અગ્નિને વેરવિખેર થયેલી કેશવાળીવાળા અને પ્રાણીઓને મારવા માટે આક્રમક છલંગ ભરવા તત્પર બનેલા સિંહ સાથે સરખાવ્યો છે (૧૬. ૫૦).[૮૭]

* * *

પાંખ વાળા પ્રાણીઓમાં આ મહાકાવ્યમાં કાગડો, કુરરી, કોયલ, ગરુડ, ચકોર, ચક્રવાક, પોપટ, બલાક, ભ્રમર, મોર, સારસ તથા હંસના નિર્દેશો મળે છે.

૧૪. કાક—કાગડો. તેનો એક સ્થળે (૧૫. ૨૫) ઉલ્લેખ થયો છે અને ત્યાં તેની જવાબદારીમાંથી છટકી જવાની લુચ્ચાઈનું સૂચન થયું છે.[૮૮]

૧૫. કુરરી—કુરરીનો ઉલ્લેખ પણ એક જ વખત (૫. ૨૫) થયો છે અને ત્યાં **હિમાલય**ના વર્ણનમાં જણાવ્યું છે કે **હિમાલય**માં તેમનાં ટોળાં ફરતાં હોય છે, અને હાથીઓ

---

૨ યુદ્ધમાં **કિરાતપતિ** વડે કવચ તોડી નખાયેલા **અર્જુન**ને મેઘગર્જનાથી જાગી ઊઠીને પર્વતગુફામાંથી બહાર નીકળેલા સિંહ જેવો **સ્વમાની** કહ્યો છે :

निबोधितस्य ध्वनिना घनानां हरेरपल्यस्य च शैलरन्ध्रात् ।

निरस्तधूमस्य च रात्रिवह्नेर्विना तनुत्रेण रुचिं स भेजे ॥ १७.४६

૩ બીજા ઉપર આધાર ન રાખવાની સિંહની વૃત્તિ : **ભીમસેન યુધિષ્ઠિર**ને પાનો ચડાવવા કહે છે :

मदसिक्तमुखैर्मृगाधिपः करिभिर्वर्तयते स्वयं हतैः ।

लघयन्खलु तेजसा जगन्न महानिच्छति भूतिमन्यतः ॥ २.१८

૪ નિર્ભય ઉદાત્તતા : મોટું સૈન્ય આવ્યું તે જોતાં પણ પોતે મારેલા હાથીના મદથી સુગન્ધિત બનેલ કેશવાળીવાળા સિંહોના પેટનું પાણી હલતું નથી :

हरसैनिकाः प्रतिभयेऽपि गजमदसुगन्धिकेसरैः ।

स्वस्थमभिददृशिरे सहसा प्रतिबोधजृम्भितमुखैर्मृगाधिपैः ॥ १२.४८

૫ મનોહર સિંહશરીર :

जगतीशरणे युक्तो हरिकान्तः सुधासितः ।

दानवर्षीकृताशंसो नागराज इवाबभौ ॥ १५ ४५

૮૭ **અર્જુન**ના આગ્નેયાસ્ત્રના અગ્નિને સિંહ સાથે સરખાવતું અતિસુન્દર વર્ણન :

ऊर्ध्वं तिरश्चीनमधश्च कीर्णैर्ज्वालासटैर्लङ्घितमेघपङ्क्तिः ।

आयस्तसिंहाकृतिरुत्पपात प्राण्यन्तमिच्छन्निव जातवेदाः ॥ १६.५०

૮૮ યુદ્ધના વર્ણનમાં 'સર્વતોભદ્ર' સ્વરૂપના ચિત્રકાવ્ય દ્વારા સેનાધિપતિ **કાર્તિકેય** નાસતા ગણસૈન્યને પ્રેરકવાણી દ્વારા ઉદ્‌બોધન કરતાં આવું વર્તન કરતા તેમને કાગડા જેવા તિરસ્કારપાત્ર ગણે છે :

देवाकानिनि कावादे वाहिकास्वस्वकाहि वा ।

काकारेभभरे काका निस्वभव्यव्यभस्वनि ॥ १५.२५

જેના વડે આનન્દિત થાય છે તેવાં ત્યાંનાં તત્ત્વોમાં આ કુરરીગણોના કલરવનો પણ સમાવેશ કર્યો છે.[૮૯]

૧૬. કોકિલ—કોયલ. તેના બે નિર્દેશો આ મહાકાવ્યમાં જોવા મળ્યા છે. તેમાંના એક સ્થળે આપેલા વર્ણન અનુસાર આંબાના ખીલતા મો'રની સુગન્ધ કોકિલને અર્થાત્ નર કોયલને ગમતી હોવાથી વસન્તઋતુમાં તે સુગન્ધ વડે મત્ત બનીને કૂજન કરવા પ્રેરાય છે (**૫**.૨૬).[૯૦] બીજા નિર્દેશમાં વર્ણવ્યા પ્રમાણે વર્ષાઋતુમાં પાકાં જાંબુ ખાઈને હર્ષિત થતી 'परभृत-युवति' અર્થાત્ માદા કોયલ મધુર કૂજન કરવા લાગી જાય છે અને આ કૂજનમાં નવા નવા મધુર તાલ યોજવાથી મનોજ્ઞ બની જાય છે અને દુઃખી હૃદયોને પણ અત્યન્ત આકર્ષે છે (**૧૦**. ૨૨).[૯૧]

૧૭. ગરુત્મત્—ગરુડ. તેના માટે ભિન્નભિન્ન સંજ્ઞાઓ અહીં યોજાઈ છે: (૧) 'आखण्डलसूनु-वि' (૩. ૨૪), (૨) 'खग' (**૧૬**. ૪૫), (૩) 'तार्क्ष्य' (**૧૩**. ૨૧; **૧૬**. ૪૨), (૪) 'पतत्' (**૧૬**. ૪૭), (૫) 'पततां पति' (૬. ૧), (૬) 'रुक्मच्छद' (**૧૬**. ૪૬), (૭) 'सुपर्ण' (**૧૬**. ૪૪) અને (૮) 'विनतासुत' (**૧૬**. ૪૮). ગરુડોને અહીં વિશાળ ઉરપ્રદેશવાળા કહ્યા છે (**૧૬**. ૪૫).[૯૨] અહીં વર્ણવેલ ગરુડો તો સર્પાસ્ત્રના ઉપાયરૂપ ગરુડાસ્ત્રના ફલરૂપે આવેલા દિવ્ય ગરુડો હોઈ તેમને સોનેરી પાંખો હતી. તેમના લાલ રંગનો નિર્દેશ સ્પષ્ટ રીતે થયો છે (**૧૬**. ૪૩, ૪૫, ૪૬, ૪૭).[૯૩] એક સ્થળે ગરુડનો પરમ પુરુષના વાહન તરીકે પણ નિર્દેશ કરાયો છે (૬. ૧).[૯૪] ગરુડની પાંખોના ફફડાટ અને તેથી ઉત્પન્ન થતા મહાવેગના ખ્યાલમાત્રથી પણ મોટા સર્પો ભયભીત

---

૮૯ **कुररीगणः कृतरवस्तरवः** कुसुमानताः सकमलं कमलम् ।
इह सिन्धवश्च वरणावरणाः **करिणां मुदे** सनलदानलदाः ॥ ५.२५

९० **सादृश्यं गतमपनिद्रचूतगन्धैरामोदं** मदजलसेकजं दधानः ।
एतस्मिन् **मदयति कोकिलानकाले** लीनालिः सुरकरिणां कपोलकाषः ॥ ५.२६

९१ व्यथितमपि भृशं मनो हरन्ती परिणतजम्बुफलोपभोगहृष्टा ।
परभृतयुवतिः स्वनं वितेने नवनवयोजितकण्ठरागरम्यम् ॥ १०.२२

૯૨ જુઓ એ મનોરમ્ય 'ઉત્પ્રેક્ષા' યુક્ત વર્ણન:
मनःशिलाभङ्गनिभेन पश्चान्निरुध्यमानं निकरेण भासाम् ।
व्यूढैरुरोभिश्च विनुद्यमानं नभः ससर्पेव पुरः **खगानाम्** ॥ १६.४५

९३ (१) गरुत्मतां संहतिभिर्विहायः क्षणप्रकाशाभिरिवावतेने ॥ १६.४३ ઉત્તરાર્ધ
(२) दरीमुखैरासवरागताम्रं **विकासि रुक्मच्छदधाम** पीत्वा ।
जवानिलाघूर्णितसानुजालो हिमाचलः क्षीब इवाचकम्पे ॥ १६.४६
(३) **प्रवृत्तनक्तंदिवसन्धिदीप्तैर्नभस्तलं गां च पिशङ्गयद्भिः ।**
अन्तर्हितार्कैः परितः पतद्भिश्छायाः समाचिक्षिपिरे वनानाम् ॥ १६.४७

૯૪ ઇન્દ્રકીલ પર્વત પાસે પહોંચીને **હિમાલય** ચઢતા **અર્જુન**ને ગરુડ ઉપર ચઢતા પરમ પુરુષ સાથે સરખાવ્યો છે:
रुचिराकृतिः कनकसानुमथो **परमः पुमानिव पतिं पतताम्** ।
धृतसत्पथास्त्रिपथगामभितः स तमारुरोह पुरुहूतसुतः ॥ ६-१

બની જતા જણાવ્યા છે (૧૩. ૨૧).[૯૫] ગરુડ તથા સર્પની નિત્યશત્રુતાનો નિર્દેશ પણ અહીં થયો છે (૧૬. ૪૮).

૧૮. ચકોર—ચકોરનો એક જ વખત ઉલ્લેખ થયો છે (૭. ૩૯). ત્યાં તેમને દિવ્ય હાથીઓની ગર્જનાઓથી ગમ્ભીર મેઘનાદનો ભ્રમ સેવી ચમત્કૃત થતા નિરૂપી તેમના ભીરુ સ્વભાવનાં દર્શન કરાવ્યાં છે.

૧૯. ચક્રવાક—ચક્રવાકનો ઉલ્લેખ ૭ સ્થળે થયો છે (૬. ૮; ૮. ૫૬; ૯. ૪, ૧૩, ૧૪, ૩૦). ફક્ત એક જ સ્થળે 'चक्रवाक' નામથી તેમનો નિર્દેશ થયો છે (૯. ૪). અન્ય એક સ્થળે 'शकुन्ति' એવો સામાન્ય શબ્દપ્રયોગ તેને માટે કરાયો છે (૯. ૧૪). બાકીના ઉલ્લેખોમાં વર્ણનાત્મક સંજ્ઞાઓ પ્રયોજાઈ છે: 'रथाङ्गनाम्नां मिथुनानि' (૮. ૫૬), 'यामिनीविरहिणां विहगानां मिथुनानि' (૯. ૧૩) અને એકવચનમાં 'यामिनीविरहिणा विहगेन' (૯. ૩૦) તથા ચક્રવાકી માટે 'रथाङ्गनामवनिता' (૬. ૮). સામાન્ય રીતે સર્વત્ર રાત્રિ દરમિયાન પરસ્પરના વિયોગમાં રહેવાના તેમના કવિમાન્ય કમભાગ્યની જ વાત થઈ છે (૮. ૫૬; ૯. ૪, ૧૩, ૧૪, ૩૦).[૯૬] **હિમાલય**નાં સુવર્ણશિખરોના સામીપ્યથી પીળાશ ધારણ કરતાં **ગંગા**નાં જળનાં વિશાળ મોજાંથી પોતાના ચક્રવાકને જુદો પાડી ઓળખી કાઢવો એ ચક્રવાકી માટે અશક્ય બની ગયું હતું (૬. ૮)![૯૭]

૨૦. બલાક—બગલો. એક જ સ્થળે તેનો ઉલ્લેખ થયો છે. ત્યાં પણ 'विशदाः पतत्रिणः' એવો રંગના નિર્દેશવાળો વર્ણનાત્મક પ્રયોગ કરેલો છે અને તેનો અનુવાદ ટીકાકાર **મલ્લિનાથે** 'बलाकाः' શબ્દથી કર્યો છે (૪. ૨૩). આ આલેખન એવું સૂચવતું લાગે છે કે આ વર્ષાઋતુનાં પક્ષી છે અને તેથી શરદઋતુમાં દૃષ્ટિગોચર થતાં નથી.[૯૮] અધિક ઉલ્લેખો મળ્યા હોત તો તે અંગે નિશ્ચિત વિધાન કરી શકાત.

---

૯૫ 'અતિશયોક્તિ' તથા 'ભ્રાન્તિમત્' અલંકારોથી યુક્ત એ સુન્દર વર્ણન **કિરાતપાત શિવે** છોડેલા વેગીલા બાણનું છે:

> व्रजतोऽस्य **बृहत्पतत्रजन्मा कृततार्क्ष्योपनिपातवेगशङ्कः** ।
> प्रतिनादमहान्**महोरगाणां हृदयश्रोत्रभिदुत्**पपात नादः ॥ **१३.२१**

૯૬ એક જ ઉદાહરણ લઈએ:
સૂર્યાસ્તસમયે તાપ, પૃથ્વીને ત્યજીને ચક્રવાકનાં હૃદયોમાં પ્રવેશ્યો !—

> गम्यतामुपगते नयनानां लोहितायति सहस्रमरीचौ ।
> **आससाद विरहय्य धरित्रीं चक्रवाकहृदयान्यभितापः** ॥ **९.४**

૯૭ 'ભ્રાન્તિમાન્' અને 'તદ્ગુણ' અલંકારોના 'સંકર'થી શોભતો એ સુન્દર શ્લોક આ પ્રમાણે છે:

> अनुहेमवप्रमरुणैः **समतां गतमूर्मिभिः सहचरं पृथुभिः** ।
> स **रथाङ्गनामवनितां** करुणैरनुबध्नतीमभिननन्द रुतैः ॥ **६.८**

૯૮ એ શ્લોક 'અર્થાન્તરન્યાસ'નું એક સૂન્દર ઉદાહરણ છે:

> पतन्ति नाऽस्मिन् **विशदाः पतत्रिणो** धृतेन्द्रचापा न पयोदपङ्क्तयः ।
> तथाऽपि पुष्णाति नभः श्रियं परां न रम्यमाहार्यमपेक्षते गुणम् ॥ **४.२३**

૨૧. ભ્રમર—ભમરો. સ્વાભાવિક રીતે જ કાવ્યોમાં તેના ઉલ્લેખો વિશેષ આવતા હોય છે. આ કાવ્યમાં પણ તેનો નિર્દેશ વીસ વાર થયો છે. 'भ्रमर' એ સામાન્ય સંજ્ઞા (૭. ૧૦) ઉપરાન્ત તેના અન્ય છ પર્યાયો અહીં પ્રયોજાયા છે: (૧) 'अलि' (૫. ૨૬; ૬. ૨; ૮. ૫; ૧૦. ૩૧, ૩૩); (૨) 'अलिन्' (૭. ૩૧); (૩) 'द्विरेफ' (૮. ૧૧, ૩૫, ૪૭); (૪) 'मधुलिह्' (૧૮. ૨૦); (૫) 'षट्पद' (૪. ૧૪; ૮. ૭, ૩૫; ૧૦. ૨૬, ૩૪, ૪૨) અને (૬) 'शिलीमुख' (૪. ૩૫; ૮. ૬). ભ્રમરી માટે 'अलियोषित्' એવો શબ્દપ્રયોગ કરેલો છે (૬. ૭). ભમરાઓને અહીં લતાઓનાં પુષ્પરૂપી લોચનો માટેના અંજન તરીકે આલેખ્યા છે (૮. ૧૧).[૯૯] હાથીના મદની ગન્ધ તેમને ગમે છે (૫. ૨૬; ૬. ૭). પુષ્પરસ તેમને બહુ ભાવે છે (૧૦. ૨૬), તેમાંયે વિશેષતઃ કમલરસ ઉપર તેમનો અનુરાગ વધારે છે (૮. ૩૫; ૧૦. ૩૩). કમળમાં યે 'कोकनद' અર્થાત્ લાલ કમળનું આકર્ષણ સવિશેષ હોય છે (૧૦. ૪૨). ભ્રમરોના કાળા રંગનો નિર્દેશ પણ ત્રણ સ્થળે થયો છે (૪. ૧૪; ૮. ૪૭ અને ૧૦. ૨૬).[૧૦૦] ભમરાઓના ગણગણાટને શુભ-શકુન ગણ્યા છે (૬. ૨).[૧૦૧]

૨૨. મયૂર—મોર. મોર ભારતનું અને અન્ય કેટલાક દેશોનું પણ રાષ્ટ્રીય પક્ષી છે. **કિરાતાર્જુનીય**માં દશ ઉલ્લેખો મેળવી તેણે તેનું મહત્ત્વ જાળવી રાખ્યું છે. તેને માટે વિવિધ પર્યાયોનો પ્રયોગ આ કાવ્યમાં થયો છે: (૧) 'नीलकण्ठ' (૭. ૩૯); (૨) 'बर्हिण' (૪. ૩૩); (૩) 'बर्हिन्' (૬. ૧૧); (૪) 'मयूर' (૭. ૨૨); (૫) 'शिखण्डिन्' (૪. ૨૫; ૧૦. ૨૩); (૬) 'शिखाधर' (૧૫. ૪૨) અને (૭) 'शिखिन्' (૧૦ ૨૫; ૧૨. ૪૧). ઢેલો માટે અહીં 'शिखण्डिनां योषितः' (૪. ૧૬) એવો પ્રયોગ કર્યો છે. વરસાદ આવતાં આ પક્ષીઓ ખુશ થાય છે અને મત્ત બની જાય છે (૪. ૧૬; ૭. ૨૨, ૩૯; ૧૦. ૨૩), અને તેથી જ તેમનો મધુર ટહુકાર વર્ષાઋતુમાં જેવો આનન્દપ્રદ લાગે છે તેટલો શરદ્માં નથી

---

૯૯ આ અતિસુન્દર વર્ણન આપતા મધુર શ્લોકમાં 'રૂપક' તથા 'ઉત્પેક્ષા' અલંકારોનો 'સંકર' યોજાયો છે:

सखीजनं प्रेमगुरूकृतादरं निरीक्षमाणा इव नम्रमूर्तयः ।
स्थिरद्विरेफाञ्जनशारितोदरैर्विसारिभिः पुष्पविलोचनैर्लताः ॥ ८.११

૧૦૦ (૧) ભ્રમરોને માથાના વાળ સાથે સરખાવ્યા છે:
परिभ्रमन्मूर्धजषट्पदाकुलैः ४.१४ક;

(૨) વાળથી ઢંકાયેલ લલનામુખને ભ્રમરથી ઢંકાયેલ કમળ સાથે સરખાવ્યાં છે:
तिरोहितान्तानि नितान्तमाकुलैरपां विगाहादलकैः प्रसारिभिः ।
ययुर्वधूनां वदनानि तुल्यतां **द्विरेफवृन्दान्तरितैः सरोरुहैः** ॥ ८.४७

૧૦૧ જુઓ એ 'ઉપમા-સંકર' યુક્ત શ્લોક:

तमनिन्द्यबन्दिन इवेन्द्रसुतं **विहितालिनिक्वणजयध्वनयः ।**
पवनेरिताकुलविजिह्मशिखा जगतीरुहोऽवचकरुः कुसुमैः ॥ ६.२

જણાતો (૪. ૨૫). તેઓ ષડ્જ સ્વરમાં ગાય છે.[૧૦૨] એક સ્થળે મયૂરપિચ્છમાંના વિવિધરંગી ચન્દ્રકોનો ઉલ્લેખ પણ કરાયો છે (૬. ૧૧).[૧૦૩] કિરાતો પોતાના કપોલ ઉપર મોરપિચ્છ ધારણ કરતા હતા **અથવા** તો તેવા ચિત્રથી ગાલને શોભાવતા હતા એવું પણ વિધાન અહીં મળે છે (**૧૨**. ૪૧).[૧૦૪] બાણના પાછલા છેડાને પણ મોરપિચ્છથી શોભાવવામાં આવતા એવો નિર્દેશ કરાયો છે. (**૧૫**. ૪૨)[૧૦૫]

૨૩. શુક—પોપટ. તેના ત્રણ ઉલ્લેખો આ કાવ્યમાં **પ્રાપ્ત** થાય છે (**૪**. ૩૬; **૫**. ૩૮; **૧૨**. ૫૦). આ ત્રણે સ્થળે પોપટના મુલાયમ લીલા રંગનો નિર્દેશ થયો છે. પ્રથમ સ્થળે આપેલા આલેખન અનુસાર વિદ્રુમના ટુકડાઓ જેવી લાલ ચાંચો વડે પીળાશ પડતા રંગની ડાંગરની શિખાઓને ધારણ કરતી, વિકસિત શિરીષ પુષ્પના જેવા કોમળ લીલા રંગની શુકાવલિ અર્થાત્ પોપટની હાર મેઘધનુષ્યની શોભાનું અનુસરણ કરતી હતી (**૪**. ૩૬) ![૧૦૬] બીજે સ્થળે મરકત-

---

૧૦૨ ચોથા સર્ગના તેત્રીસમા શ્લોકમાં ગોપીઓને મોરના સ્વરને પણ જીતનાર ગીતની ગાયિકા તરીકે નિરૂપી છે :

कृतावधानं जितबर्हिणध्वनौ सुरक्तगोपीजनगीतनिःस्वने । ४.३३ પૂર્વાર્ધ

આ શ્લોક ઉપરની પોતાની ટીકામાં **મલ્લિનાથ** ષડ્જસ્વરનો સ્પષ્ટ ઉલ્લેખ કરે છે અને " जितबर्हिणध्वनौ " એ પ્રયોગને આ રીતે **સમજાવે** છે :

" जितबर्हिणध्वनौ, केकानुकारिणीत्यर्थः । एतेन
षड्जस्वरप्रायं गायन्तीति गम्यते । यथाह मातङ्गः—
' षड्जं मयूरो वदति ' इति । "

૧૦૩ જુઓ પાદટીપ **૩૪** તથા **૪૭. ઇન્દ્રકીલ** પર્વત પર ચઢતાં **અર્જુન**ને અનેક પ્રકારનાં આહ્લાદક દૃશ્યો જોવા મળે છે, તેમાંના એકમાં પાણીમાં પડેલાં હાથીઓનાં પુષ્કળ મદજલબિન્દુઓ મોરપિચ્છનાં ચન્દ્રકો જેવાં વિવિધરંગી દેખાય છે તેને કવિ જલવિહાર કરતા હાથીઓને નીરખવા માટે સરિતાએ ખોલેલાં સેંકડો લોચનો કલ્પે છે :

बहु **बर्हिचन्द्रकनिभं** विदधे
धृतिमस्य **दानपयसां पटलम्** ।
अवगाढमीक्षितुमिवेभपतिं
विकसद्विलोचनशतं सरितः ॥ ६.११

૧૦૪ शिखिपिच्छलाञ्छितकपोलभित्तिना ॥ १२.४१ધ

૧૦૫ (૧) तेन व्यातेनिरे भीमा भीमार्जनफलाननाः ।
न नानुकम्प्य **विशिखाः शिखाधरजवाससः** ॥ १५.४२

(૨) મયૂર વિષે, આ ગ્રન્થ અને અન્ય ભારતીય સાહિત્યમાંના તેના ઉલ્લેખોના મહત્ત્વ વિષે તથા ભારતીય સંસ્કૃતિમાં આ ભારતના રાષ્ટ્રીય પક્ષીના સ્થાન વિષે વિશેષ માહિતી માટે આ લેખકનો **"સ્વાધ્યાય"** પુસ્તક ૬ અંક ૩ના પૃ. ૨૬૧ થી ૨૯૫ ઉપર છપાયેલો **"ભારતીય સંસ્કૃતિ અને મયૂર"** એ લેખ જોવો રસપ્રદ તેમ જ ઉપકારક થઈ પડશે.

૧૦૬ જુઓ એ સુન્દર ' ઉપમા ' યુક્ત આલેખન :

मुखैरसौ विद्रुमभङ्गलोहितैः **शिखाः** पिशङ्गीः **कलमस्य बिभ्रती** ।
शुकावलिर्व्यक्तशिरीषकोमला धनुःश्रियं गोत्रभिदोऽनुगच्छति ॥ ४.३६

મણિનાં તેજકિરણોને પોપટનાં બચ્ચાં જેવાં કોમળ તથા લીલા રંગનાં કહ્યાં છે (૫. ૩૮).[૧૦૭] ત્રીજા ઉલ્લેખમાં શિલાકુસુમ અર્થાત્ શૈલેય પુષ્પોને પોપટના જેવા વર્ણનાં આલેખેલાં છે (૧૨. ૫૦).[૧૦૮]

૨૪. સારસ—સારસના ચાર ઉલ્લેખો આ કાવ્યમાં નોંધાયા છે (૬. ૪; ૮. ૯, ૩૧; ૧૦. ૪). સારસનો સ્વર શુભશકુનરૂપ ગણાતો હોય એવો નિર્દેશ છે (૪. ૬). પોતાની જાતિનાં પક્ષીનો સ્વર સાંભળતાં પોતે અવાજ કરવાની સારસની ટેવનો પણ અહીં ઉલ્લેખ થયો છે (૧૦. ૪). **હિમાલયની** કુંજનદીઓના તીરપ્રદેશમાં તેમ જ પવિત્ર **ગંગાના** તટપ્રદેશમાં સારસની પ્રચુરતા છે, તેવા નિર્દેશો પણ અહીં પ્રાપ્ત થાય છે (૮. ૯, ૩૧).

૨૫. હંસ—હંસના અહીં તેર ઉલ્લેખો થયા છે, તેમાં '**हंस**' (૪. ૨૫; ૫. ૩૧; ૬. ૪; ૧૦. ૪, ૨૫; ૧૮. ૧૯) ઉપરાંત '**कलहंस**' (૧૪. ૧; ૫. ૧૩; ૬. ૬; ૮. ૨૭, ૨૯) નો પ્રયોગ પણ થયો છે. એક સ્થળે વર્ણનાત્મક નામ '**सितच्छद–पतत्रिन्**' પણ વાપરેલું છે (૪. ૩૦). હંસી માટે '**कलहंसवधू**' એવો પ્રયોગ કરેલો છે (૧૦. ૬૦). આ પક્ષીના મધુર સ્વરનું વર્ણન અનેક સ્થળે આવે છે (૪. ૧, ૨૫; ૬. ૪; ૮. ૨૭ અને ૧૦. ૪)[૧૦૯]. શરદ્‌ઋતુમાં તેમનામાં મસ્તી પ્રવેશે છે. એવું અહીંના નિર્દેશો ઉપરથી વ્યક્ત થાય છે (૪. ૨૫; ૧૦. ૨૫). આ મસ્તીમાં હંસો આકાશમાર્ગે જલાશયો તથા વનરાજિઓ તરફ પ્રયાણ કરે છે (૪. ૨૭–૩૦).

---

૧૦૭ કૈલાસને સીમાડે પોપટનાં બચ્ચાંના જેવા કોમળ લીલા રંગવાળાં મરકતમણિનાં કિરણોને હરિણીઓ લીલાં ઘાસનાં અંકુર સમજીને મોંમાં લે છે અને પછી છોડી દે છે. એ કિરણો સૂર્યનાં કિરણો સાથે મિશ્રિત થઈ અધિક ચળકાટ ધારણ કરે છે :

परिसरविषयेषु लीढमुक्ता हरिततृणोद्गमशङ्कया मृगीभिः ।
इह नवशुलकोमला मणीनां रविकरसंवलिताः फलन्ति भासः ॥ ५.३८

૧૦૮ **व्यस्तशुकनिभशिलाकुसुमः** (सदागतिः) १२.५०क

૧૦૯ (૧) **દ્વૈતવન**માંથી **ઇન્દ્રકીલ** તરફ નીકળેલા **અર્જુન**નું પ્રારમ્ભિક પણ સરસ 'ઉપમા' અલંકારયુક્ત આ વર્ણન :

तत: स **कूजत्कलहंसमेखलां** सपाकसस्याहितपाण्डुतागुणाम् ।
उपाससादोपजनं जनप्रियः प्रियामिवासादितयौवनां भुवम् ॥ ४.१

(૨) આગળ જતાં 'અર્થાન્તરન્યાસ' યુક્ત વર્ણનમાંનો આ અંશ :

श्रुतिः **श्रयत्युन्मदहंसनिःस्वनम्** ४.२५अ

(૩) 'નિદર્શના' અલંકારયુક્ત આલેખનનો એક અંશ :

स्फुटहंससारसविरावयुजः । ६.४५

(૪) 'ઉત્પ્રેક્ષા'યુક્ત વર્ણનનો અંશ—કલહંસનાદિની **ગંગા** અપ્સરાઓને જલવિહાર માટે જાણે આહ્વાન આપે છે :

पयोऽवगाढुं **कलहंसनादिनी**
समाजुहावेव वधूः सुरापगा ॥ ८.२७ ઉત્તરાર્ધ

હંસોના રજત તથા સ્ફટિક સમા નિર્મળ તેજનો ઉલ્લેખ પણ અહીં થયો છે (૫. ૩૧); પરન્તુ તેમની ગતિમાં હાવભાવનો અભાવ હોવાથી અપ્સરાઓની હાવભાવયુક્ત ગતિને અહીં ચઢિયાતી આલેખી છે (૮. ૨૯; ૧૦. ૬૦). **હિમાલય**માં આવેલ માનસરોવર હંસોનું પરમ્પરાગત નિવાસસ્થાન મનાય છે, જ્યાં આ અતિ સુન્દર પક્ષીઓ પુષ્કળ પ્રમાણમાં હોય છે. (૫. ૧૩). **કિરાતાર્જુનીય**માં હંસોને દિવ્ય વિમાનોના વાહકો તરીકે નિરૂપ્યા છે; જે દરમિયાન તેમના ગળામાં લટકતી ઘંટડીઓ તે આકાશમાર્ગમાં જેમ જેમ ગતિ કરતા જાય તેમ તેમ હાલતી જાય અને મધુર ધ્વનિ કરતી જાય. (૧૮. ૧૯)[૧૧૦]

* * *

સરીસૃપ્ અર્થાત્ પેટે ચાલતાં પ્રાણીઓના પણ આ કાવ્યમાં ઘણા ઉલ્લેખો મળે છે. '**સર્પ**'ને માટે (૧) 'अहि' (૫. ૩૦, ૪૭; ૭. ૨૯; ૧૧. ૨૩; ૧૨. ૨૨, ૨૪અ; ૧૮. ૩૨), (૨) 'उरग' (૧. ૨૪; ૧૩. ૨૧), (૩) 'चक्षुःश्रवस्' (૧૬. ૪૨), (૪) 'नाग' (૧૫. ૧૨; ૧૭. ૭), (૫) 'फणभृत्' (૫. ૧૧), (૬) 'फणवत्' (૫. ૨૭), (૭) 'फणावत्' (૧૬. ૩૯; ૧૭. ૪૫), (૮) 'भुजग' (૧૨. ૨૪અ; ૧૬. ૩૭), (૯) 'भुजङ्ग' (૬. ૩૨; ૧૬. ૩૬), (૧૦) 'भोगिन्' (૧૬. ૪૧, ૪૮) અને (૧૧) 'सर्प' (૧૬. ૩૮) એમ અગિયાર પર્યાય સંજ્ઞાઓ પ્રયોજાઈ છે.

અન્યત્ર આપણે જોયું તેમ સરીસૃપોના આ ઉલ્લેખોમાં પણ તેમની કેટલીક વિશિષ્ટતાઓનો નિર્દેશ થયો છે. સુન્દર લતાઓ અને કેસર તેમને સવિશેષ પ્રિય હોય છે એવો નિર્દેશ અહીં કરાયો છે (૫. ૧૧).[૧૧૧] તેમનો કાળો રંગ–નીલવર્ણ–ઈન્દ્રનીલ મણિના રંગ સાથે સામ્ય ધરાવતો નિરૂપાયો છે (૧૬. ૩૮).[૧૧૨] સર્પ પોતાની કાંચળી ઉતારે છે તે અંગેનો એક વૈચિત્ર્યયુક્ત નિર્દેશ અહીં પ્રાપ્ત થાય છે (૧૭. ૪૫-૪૬).[૧૧૩] ગરુડથી ડરવાની સર્પોની પરમ્પરાગત વૃત્તિનો પણ

---

૧૧૦ જુઓ એ 'ઉત્પ્રેક્ષા'યુક્ત વર્ણન :

हंसा बृहन्ते सुरसद्मवाहाः संह्रादिकण्ठाभरणाः पतन्तः ।
चक्रुः प्रयत्नेनः विकीर्यमाणैर्व्योम्नः परिष्वङ्गमिवाग्रपक्षैः ॥ १८.१९

૧૧૧ જુઓ 'અનુપ્રાસ' અને 'યમક' યુક્ત એ રમ્ય શ્લોકાર્ધ :

फणभृतामभितो विततं ततं **दयितरम्यलतावकुलैः कुलैः** ॥ ૫.૧૧ ઉત્તરાર્ધ

૧૧૨ **અર્જુને** છોડેલ સર્પાસ્ત્રને પરિણામે જે અસંખ્ય સર્પો ઉત્પન્ન થયા તેમનું ચિત્રણ કરતા કવિ 'રૂપક' અને તેમાંથી ઉદ્‌ભવતી 'ઉત્પ્રેક્ષા'થી અલંકૃત વાણીમાં જણાવે છે કે દિગ્ગજોની સૂંઢો જેવા સ્વરૂપવાળી અને ઇન્દ્રનીલમણિ જેવા નીલવર્ણવાળી દોડાદોડ કરી મૂકતી સર્પોની હાર જાણે ઉછાળા મારતી આકાશસમુદ્રનાં મોજાંની હાર હોય તેવી શોભતી હતી :

दिङ्नागहस्ताकृतिमुद्वहद्भिर्भोगैः प्रशस्तासितरत्ननीलैः ।
रराज **सर्पावलिरुल्लसन्ती तरङ्गमालेव नभोऽर्णवस्य** ॥ १६.३८

૧૧૩ કવચવિહીન દેહવાળો **અર્જુન** કાંચળી ત્યજેલ 'ફણાવત્' જેવો શોભતો હતો એવું આલેખન કરાયું છે :

ભારવિએ અહીં ઉલ્લેખ કર્યો છે (**૧૩**. ૨૧).[૧૧૪]

એક સ્થળે **અર્જુન**ના બાહુઓને વનેચરો ભીષણ ભુજંગો અર્થાત્ ભયંકર સર્પો સાથે સરખાવે છે (૬.૩૨).[૧૧૫] સર્પોની ચન્દનવૃક્ષોને વીંટળાઈ રહેવાની સ્વાભાવિક વૃત્તિ પણ અહીં ઉલ્લેખ પામી છે (**૫**. ૪૭; **૧૨**. ૨૪અ). ચન્દનવૃક્ષને વીંટળાઈને રહેલા મહાસર્પોના વેગીલા શ્વાસોચ્છ્વાસને લીધે તેનાં પલ્લવો ધ્રૂજી ઊઠતાં હોવાથી આ સર્પોને **ભારવિ** અવિનયી—દુર્જન—સાથે સરખાવે છે (૭. ૨૯).[૧૧૬] એક સ્થળે વળી ભોગવિલાસને અહિઓના ભોગો અર્થાત્ નાગોની ફણાઓ સાથે સરખાવ્યા છે, કેમ કે એ બન્ને વિનાશ તરફ ઘસડી જતા હોય છે (**૧૧**. ૨૩)![૧૧૭]

તેજસ્વી મણિ મસ્તક પર ધારણ કરનાર મોટા મોટા નાગના ઉલ્લેખો પણ અહીં પ્રાપ્ત થાય છે (**૧૪**. ૨૫; **૧૮**. ૩૨).[૧૧૮] જેમની દૃષ્ટિ પણ વિષયુક્ત મનાય છે તેવા વિશિષ્ટ પ્રકારના

विकोशनिर्धौततनोर्महासेः **फणावतश्च त्वचि विच्युतायाम्** ।
प्रतिद्विपाबद्धरुषः समक्षं नागस्य चाक्षिप्तमुखच्छदस्य ॥
विबोधितस्य ध्वनिना घनानां हरेरपेतस्य च शैलरन्ध्रात् ।
निरस्तधूमस्य च रात्रिवह्नेर्विना तनुत्रेण रुचिं स भेजे ॥ १७.४५-४६

૧૧૪ 'અતિશયોક્તિ' તથા 'ભ્રાન્તિમત્' અલંકારોના 'સંકર'વાળી વાણીમાં કવિ જણાવે છે કે, પાછળ બાંધેલાં મોટાં પીંછાંને લીધે વેગ અને ફફડાટ ધારણ કરતા શિવના બાણનો, ગરુડના આગમનનો ભ્રમ ઉત્પન્ન કરી મોટા મોટા સર્પોનાં હૃદય તથા કર્ણને ભેદતો અને પડઘાને લીધે વૃદ્ધિ પામતો, નાદ ઉત્પન્ન થયો :

व्रजतोऽस्य बृहत्पतत्रजन्मा कृततार्क्ष्योपनिपातवेगशङ्कः ।
प्रतिनादमहान् महोरगाणां हृदयश्रोत्रभिदुत्पपात नादः ॥ १३.२१

૧૧૫ જુઓ એ અતિરોચક આલેખન :

स बिभर्ति **भीषणभुजङ्गभुजः** पृथु विद्विषां भयविधायि धनुः ।
अमलेन तस्य धृतसच्चरिताश्चरितेन चातिशयिता मुनयः ॥ ६.३२

૧૧૬ દુર્જનોથી વીંટળાયેલા રાજાને ત્યજી દેવામાં આવે તેમ અપ્સરાઓનો સમૂહ થાકેલો હોવા છતાં આવાં ચન્દનવૃક્ષોને ત્યજી દેતો હતો :

क्लान्तोऽपि त्रिदशवधूजनः **पुरस्ताल्लीनाहिश्वसितविलोलपल्लवानाम्** ।
सेव्यानां **हतविनयैरिवावृतानां सम्पर्कं परिहरति स्म** चन्दनानाम् ॥ ७.२९

૧૧૭ વૃદ્ધ બ્રાહ્મણના વેષે તપસ્વી **અર્જુન** સમક્ષ આવેલો **ઇન્દ્ર** તેને **કહે છે** કે વિશ્વાસજન્ય ધૃતિના ઉગ્ર શત્રુઓ એવા દુષ્પ્રાપ્ય ઉપભોગોનો આશ્રય લેનાર માટે, નાગની ફણાના આશ્રિતની જેમ જ, **આફત** સુલભ બની જાય છે :

दुरासदानरीनुग्रान् धृतेर्विश्वासजन्मनः ।
भोगान् भोगानिवाहेयानध्यास्यापन्न दुर्लभा । ११.२३

૧૧૮ (૧) **અર્જુન કિરાતરાજ**ના **દૂત**ને સીધું સુણાવી દે છે કે :

शरार्थमेष्यत्यथ लप्स्यते गतिं
शिरोमणिं दृष्टिविषाज्जिघृक्षतः ॥ १४.२५ ઉત્તરાર્ધ

ભયંકર દૃષ્ટિવિષ સર્પોના નિર્દેશો પણ અહીં કરાયેલા છે (**૧૪.** ૨૫; **૧૬.** ૪૦; **૧૭.** ૭). આવા સર્પને આંખોમાંથી ઝેર ઓકતો કહ્યો છે (**૧૭.** ૭).[૧૧૯] દૃષ્ટિવિષ સર્પોને સૂચક રીતે '**प्राणहरेक्षण**' અર્થાત્ જેની દૃષ્ટિ પ્રાણ હરી લઈ શકે તેવા કહ્યા છે; કેમકે, કવિ વર્ણવે છે તેમ, આવા સર્પોનાં નેત્રોમાંથી મહા ઉલ્કાઓ જેવી જ્વાલાઓ પ્રકટે છે (૧૬. ૪૦).[૧૨૦]

એક સ્થળે સાપનું ઝેર ઉતારનારનો નિર્દેશ પણ થયો છે (**૧.** ૨૪). આવા નિષ્ણાતો જેમાં 'तार्क्ष्य' અર્થાત્ **ગરુડ** તથા નાગરાજ **વાસુકિ**નાં નામનું ઉચ્ચારણ આવે છે તેવો મન્ત્ર બોલતા, જે મન્ત્રના ઉચ્ચારણથી સર્પો ખૂબ પીડા પામતા.[૧૨૧] નાગોના અધિરાજો **શેષ** (૫.૨૭) અને **વાસુકિ** (**૧.** ૨૪; **૫.** ૩૦) ના ઉલ્લેખો પણ થયા છે. **શેષ**નાગને માટે '**फणवत्**' એવો સામાન્ય પ્રયોગ જ કરેલો છે, જ્યાં દર્શાવ્યા પ્રમાણે તેમને અમૃત અતિપ્રિય છે અને તેનું તે (પાતાળમાં) રક્ષણ કરી રહ્યા છે (**૫.** ૨૭).[૧૨૨] **વાસુકિ**ને માટે 'अहिपति' શબ્દ યોજાયો છે અને ત્યાં અમૃત પ્રાપ્ત કરવા માટે દેવો તથા દાનવોએ કરેલા સમુદ્રમન્થનમાં તેને નેતરા તરીકે ઉપયોગમાં લીધેલો એવો સ્પષ્ટ નિર્દેશ પણ કરાયો છે (**૫.** ૩૦).[૧૨૩]

* * *

---

(૨) ભક્ત **અર્જુન શિવ**ની સ્તુતિ કરતાં પ્રજ્વલિત મણિયુક્ત મહાસર્પ તેમની મેખલારૂપે છે એવું વિધાન કરે છે :

ज्वलन्मणिः सारशनं महानहिः । १८.३२५

૧૧૯ भूयः समाधानविवृद्धतेजा नैवं पुरा युद्धमिति व्यथावान् ।
स निर्ववामास्त्रममर्षनुन्नं विषं महानाग इवेक्षणाभ्याम् ॥ १७.७

૧૨૦ तप्तचामीकरभासुरेण दिशः प्रकाशेन पिशङ्गयन्त्यः ।
निश्चक्रमुः प्राणहरेक्षणानां ज्वाला महोल्का इव लोचनेभ्यः ॥ १६.४०

૧૨૧ જુઓ દ્વયર્થી શબ્દોના પ્રયોગથી ઓપતો પ્રસિદ્ધ શ્લોક :
कथाप्रसङ्गेन जनैरुदाहृतादनुस्मृताखण्डलसूनुविक्रमः ।
तवाभिधानाद्व्यथते नताननः स दुःसहान्मन्त्रपदादिवोरगः ॥ १.२४

અને તે ઉપરની **મલ્લિનાથ**ની ટીકા, જેમાં 'त' એટલે 'તાર્ક્ષ્ય' અને 'व' એટલે 'વાસુકિ' એવું સ્પષ્ટીકરણ કર્યું છે.

૧૨૨ જુઓ 'સમાસોક્તિ' અને 'યમક'ની 'સંસૃષ્ટિ'વાળું એ સુન્દર આલેખન.
सनाकवनितं नितम्बरुचिरं चिरं सुनिनदैर्नदैर्वृतममुम् ।
मता फणवतोऽवतो रसपरा परास्तसुधा सुधाधिवसति ॥ ५.२७

અને તે પરની **મલ્લિનાથ**ની ટીકા.

૧૨૩ येनापविद्धसलिलः स्फुटनागसद्मा
देवासुरैरमृतमम्बुनिधिर्ममन्थे ।
व्यावर्तनैरहिपतेरयमाहिताङ्कः
खं व्यालिखन्निव विभाति स मन्दराद्रिः ॥ ५.३०

અને તે પરની **મલ્લિનાથ**ની ટીકા.

જલચર પ્રાણીઓ: પ્રસ્તુત મહાકાવ્યમાં પંદર સ્થળે જલચર પ્રાણીઓનો ઉલ્લેખ થયો છે (**૪.** ૩, ૫; **૫.** ૨૯; **૬.** ૧૪, ૧૫, ૧૬; **૮.** ૨૭, ૩૦, ૪૫, ૪૬; **૧૨.** ૪૯; **૧૩.** ૨૪, ૭૦; **૧૭.** ૨૬, ૬૩). જલચર પ્રાણીના સામાન્ય અર્થમાં '**ग्राह**' (**૧૩.** ૨૪) અને '**यादस्**' (**૫.** ૨૯; **૬.** ૧૪; **૧૭.** ૨૬) એ સંજ્ઞાઓ પ્રયોજાઈ છે. મત્સ્યોના સામાન્ય અર્થમાં વપરાયેલ શબ્દો છે '**झषा**' (**૮.** ૪૬), '**मीन**' (**૮.** ૨૭, ૩૦, ૪૫) તથા '**शफरी**' (**૪.** ૩; **૬.** ૧૬; **૧૨.** ૪૯). '**पाठीन**' (**૪** ૫) એક વિશિષ્ટ પ્રકારની માછલીનો નિર્દેશ કરે છે જેને '**सहस्रदंष्ट्र**' પણ કહે છે. '**मकर**' નો પણ એક ઉલ્લેખ અહીં મળે છે (**૧૭.** ૬૩). એવી જ રીતે જલચર સર્પોનો પણ બે સ્થળે ઉલ્લેખ થયો છે જેમાંના એક સ્થળે તેને માટે '**अहि**' સંજ્ઞા વપરાઈ છે (**૧૩.** ૭૦) અને બીજે સ્થળે '**फणिन्**' નો પ્રયોગ કરાયો છે (**૬.** ૧૫).

'મીનો'—મત્સ્યો ગંગા નદીનાં જળમાં ચાંચલ્ય પ્રકટ કરતા હતા અને તે દ્વારા કમળોને હચમચાવી નાખતા. આ પરિસ્થિતિએ એક સુન્દર દશ્ય ઊભું કર્યું અને તે દ્વારા પવિત્ર ગંગા નદી તેમાં જલવિહાર કરવા આવેલ અપ્સરાઓ તરફ જાણે દષ્ટિપાત કરતી તેમને નિમંત્રતી હોય એવું લાગતું હતું (૮. ૨૭)![124] 'શફરી' ઓની વિવૃત્તિઓ—હલનચલન—ને **ભારવિએ** પ્રિયાઓના દષ્ટિવિલાસ—કટાક્ષ—જેવી સોહામણી ગણી છે (૪. ૩).[125] ગંગા નદીને મળતી અન્ય સરિતાઓમાંની 'શફરી'ઓનાં સ્ફુરણોને પણ કવિ તે નદીઓનાં ચક્ષુઓ કલ્પે છે (૬. ૧૬).[126] કિરાતસેનાને કારણે ઊભી થયેલી ભય અને મૂઝવણની લાગણીને લીધે **ઇન્દ્રકીલ** પર્વત પરની સરિતાઓમાંની 'શફરી'ઓ પીઠ નીચે અને પેટ ઉપર એવી વિપરીત સ્થિતિમાં રહી (**૧૨.** ૪૯)![127] સમુદ્રનાં યાદસો—અર્થાત્ મત્સ્યો—તેમાં ભળનારી સરિતાઓનાં યાદસો કરતાં પ્રબલતર હોઈ તેમને મારી નાખે છે (**૧૭.** ૨૬).[128]

---

૧૨૪ જુઓ અપ્સરાઓની જલક્રીડાના વર્ણનનો પ્રારમ્ભ:

अथ स्फुरन्मीनविधूतपङ्कजा
  विपङ्कतीरस्खलितोर्मिसंहतिः ।
पयोऽवगाढुं कलहंसनादिनी
  समाजुहावेव वधूः सुरापगा ॥ ८.२७

૧૨૫ આ દશ્યે યાત્રી **અર્જુન**ના મનને હરી લીધું:

निरीक्ष्यमाणा इव विस्मयाकुलैः पयोभिरुन्मीलितपद्मलोचनैः ॥
हृतप्रियादृष्टिविलासविभ्रमा मनोऽस्य जह्रुः शफरीविवृत्तयः ॥ ४.३

૧૨૬ આવી નદીઓને **અર્જુને** ઓળંગી:

स ततार सैकतवतीरभितः शफरीपरिस्फुरितचारुदृशः ।
ललिताः सखीरिव बृहज्जघनाः सुरनिम्नगामुपयतीः सरितः ॥ ६.१६

૧૨૭ बिभराम्बभूवुरपवृत्तजठरशफरीकुलाकुलाः । १२.४९ પૂર્વાર્ધ

૧૨૮ निजघ्निरे तस्य हरेषुजालैः पतन्ति वृन्दानि शिलीमुखानाम् ।
  ऊर्जस्विभिः सिन्धुमुखागतानि यादांसि यादोभिरिवाम्बुराशेः ॥ १७.२६

હાથી જેવા રૂપના એક જલચર પ્રાણીનો ઉલ્લેખ પણ અહીં કરાયો છે જેને 'करियादस्' એવું નામ આપાયું છે. ચંચલ જલતરંગો ઉપર તરતા ગજમદની ગન્ધથી ઉશ્કેરાઈને આ પ્રાણીઓ જાણે પેલા હાથીઓ સાથે ઝઘડવા માટે પાણીમાંથી બહાર નીકળે છે (૬. ૧૪)! [૧૨૯]

'मकर' અર્થાત્ મગરની એક ખાસિયતનો નિર્દેશ પણ એક સ્થળે (૧૭. ૬૩) થયો છે. નદીને સામે પ્રવાહે વેગપૂર્વક પાર કરતા અને તેમાંની કે તેને કિનારે રહેલી મોટી શિલાઓ સાથે અથડાતા મગરનું સુન્દર આલેખન ત્યાં કરાયું છે.[૧૩૦]

ઉપર નોંધ્યું છે તેમ, જલસર્પના બે ઉલ્લેખો આ મહાકાવ્યમાં પ્રાપ્ત થાય છે (૬. ૧૫; ૧૩. ૭૦). તેમાંના પ્રથમ સ્થળે આપેલા આલેખન અનુસાર, એકદમ ઊંચે જવાની તીવ્ર ઇચ્છાવાળા જલસર્પોના ઉચ્છ્વાસના વેગને લીધે નદીનાં પાણી ઊંચે આકાશ તરફ ઊછળે છે. આ ઊછળેલાં જળને, તેની નિર્મળતા તથા તેના વિસ્તારને કારણે, શરદ્ઋતુના વાદળ સાથે કવિ સરખાવે છે (૬. ૧૫).[૧૩૧] દ્વિતીય સ્થળે આપેલ વર્ણન પણ એટલું જ ચમત્કૃતિયુક્ત છે. તીક્ષ્ણ શસ્ત્રાસ્ત્રોથી સજ્જ સેનાવાળા કિરાતપતિને સર્પોથી સભર મોજાં ઉછાળતા સમુદ્ર સાથે ત્યાં સરખાવવામાં આવ્યા છે (૧૩. ૭૦).[૧૩૨]

---

૧૨૯ उपलभ्य चञ्चलतरङ्गधृतं मदगन्धमुत्थिततवर्ता पयसः ।
प्रतिदन्तिनामिव स संबुबुधे करियादसामभिमुखान्करिणः ॥ ६.१४

૧૩૦ જ્યારે કિરાતપતિનું રૂપ ધારણ કરેલ શિવની બાણવર્ષા આગળ અર્જુનની કોઈ કારી ફાવી નહિ ત્યારે, વેગપૂર્વક સામે દોડી જઈને, તેણે પોતાના બન્ને હાથથી શિવના સુવર્ણશિલાસમ કઠિન વક્ષઃસ્થલ ઉપર પ્રહાર કર્યો, એનું આલેખન કરતાં કવિ મગરની ઉપમા આપે છે:

उन्मज्जन्मकर इवामरापगाया वेगेन प्रतिमुखमेत्य बाणनद्याः ।
गाण्डीवी कनकशिलानिभं भुजाभ्यामाजघ्ने विषमविलोचनस्य वक्षः ॥ १७.६३

૧૩૧ ઇન્દ્રકીલ પર્વત પર અર્જુન પહોંચ્યો ત્યારે જે કેટલાંક અદ્‌ભુત દૃશ્યો નીરખીને તે વિસ્મય પામ્યો તેમાંનું આ એક છે. જલસર્પોને પાણીમાંથી એકદમ બહાર ઊછળી આવવાની ઇચ્છા થતી હતી. આ ઇચ્છાની અસરથી તેમના શ્વાસોચ્છ્વાસ અધિક વેગીલા બનતા હતા. ઉચ્છ્વાસમાં આવેલ વેગને પરિણામે પાણી પ્રબળ રીતે ઊંચે ઊછળ્યાં. ફીણને લીધે પાણી સફેદ હતાં અને વેગીલાં હતાં. શરદ્‌નાં વાદળાં પણ પાણી વિનાનાં હોવાથી સફેદ અને હલકાં હોવાથી જલસભરઘન કરતાં વધારે વેગથી ચાલતાં હોય છે. આથી કવિ અહીં 'ઉપમા'–અનુપ્રાણિત 'સ્વભાવોક્તિ' અલંકારદ્વારા પોતાના વર્ણનને ચોટદાર બનાવે છે:

स जगाम विस्मयमुदीक्ष्य पुरः सहसा समुत्पिपतिषोः फणिनः ।
प्रहितं दिवि प्रजविभिः श्वसितैः शरदभ्रविभ्रममपां पटलम् ॥ ६.१५

૧૩૨ કિરાતપતિનો દૂત અર્જુનને જણાવે છે કે "તીક્ષ્ણ આયુધોવાળી સેનાઓથી સજ્જ થયેલા અમારા રાજા સર્પોથી ખળભળતા જલતરંગોવાળા સમુદ્ર જેવા પેલા દેખાય છે તે તું જો":

दृश्यतामयमनोकहान्तरे तिग्महेतिपृतनाभिरन्वितः ।
साहिवीचिरिव सिन्धुरुद्धतो भूपतिः समयसेतुवारितः ॥ १३.७०

આ રીતે સમગ્રાવલોકન કરતાં જણાય છે કે **કિરાતાર્જુનીય**માં કુલ **૨૭૪** પ્રાણીનિર્દેશો આવે છે. આમાં **સામાન્ય નિર્દેશો ૨૮** છે, જેમાં **પ્રાણીઓના ૩, પશુઓના ૧૩, પક્ષીઓના** ૮ અને **જલચરોના** ૪ સામાન્ય ઉલ્લેખોનો સમાવેશ થાય છે. વિવિધ પ્રકારના **પશુઓના વિશિષ્ટ ઉલ્લેખો** કુલ **૧૪૦** મળે છે, જેમાં **અશ્વ**ના ૧૨, ઇન્દ્રગોપના ૨, ગજના ૭૩, ગો(પું.)નો ૧, ગો(સ્ત્રી.)ના ૯, **ગોમાયુ**નો **૧**, **ચમરી**નો **૧**, **મહિષ**નો **૧**, **મૃગ**ના ૮, **રાસભ**નો ૧, **વરાહ**ના **૧૫**, **વૃષ(ભ)**ના ૮ અને **સિંહ**ના ૮ વિશિષ્ટ ઉલ્લેખો નોંધાયા છે. **ઊડતાં પ્રાણીઓ** અર્થાત્ **પાંખોવાળાં પ્રાણીઓ** અર્થાત્ **પક્ષીઓના** કુલ **૭૨ વિશિષ્ટ ઉલ્લેખો**માંથી **કાક** નો **૧**, **કુરરી**નો **૧**, **કોકિલ**ના ૨, **ગરુત્મત્** ના **૧૦**, **ચકોર** નો ૧, **ચક્રવાક**ના ૬, **બલાક**નો ૧, **ભ્રમર**ના ૨૦, **મયૂર**ના ૧૦, **શુક**ના ૩, **સારસ**ના ૪ અને **હંસ**ના **૧૩** નિર્દેશો નોંધાયા છે. એ જ પ્રમાણે, **સરીસૃપો**ના કુલ **વિશિષ્ટ ઉલ્લેખો ૨૩** ઉપલબ્ધ થયા છે, જે **સર્વ સર્પ–નાગ** વિષેના છે; અને **જલચર પ્રાણીઓ**ના કુલ **૧૧** વિશિષ્ટ ઉલ્લેખોમાંથી **ઝષા** અર્થાત્ મત્સ્યના **૭**, **પાઠીન**નો **૧**, **મકર**નો **૧** તથા **જલસર્પ**ના **૨** વિશિષ્ટ નિર્દેશોની નોંધ થઈ છે.

બીજી રીતે વિશ્લેષણ કરીએ તો, **કિરાતાર્જુનીય** મહાકાવ્યમાંના ઉલ્લેખોમાં પ્રાણીઓના જે **૩૪** પ્રકારો દૃષ્ટિગોચર થાય છે તેમાં ૪ સામાન્ય પ્રકારો તથા **૩૦** વિશિષ્ટ પ્રકારો છે. આ સર્વ પ્રકારોમાં '**ગજ**' અર્થાત્ **હાથી** ઉલ્લેખોની દૃષ્ટિએ પ્રથમ રહે છે, કેમ કે સમસ્ત પ્રાણી–નિર્દેશોમાં કુલ **૨૭૪**માંથી **૭૩** સ્થળે તેનો ઉલ્લેખ થયો છે. જેવી રીતે **પશુઓના ૧૩** પ્રકારોમાં કુલ **૧૪૦**માંથી **૭૩** નિર્દેશોવાળો '**ગજ**' અગ્રસ્થાને વિરાજે છે, તેમ **પક્ષીઓના** ૧૨ પ્રકારોમાં કુલ **૭૨**માંથી **૨૦** નિર્દેશો પ્રાપ્ત કરનાર '**ભ્રમર**' મોખરે રહે છે. એ જ રીતે, **સરીસૃપો**ના કુલ **૨૩** ઉલ્લેખોમાં **સર્પો–નાગો**નો નિર્દેશ કરાયો છે; જ્યારે **જલચરપ્રાણીઓ**ના અહીં નોંધાયેલા ૪ પ્રકારોમાં કુલ **૧૧** માંથી **૭** ઉલ્લેખો મેળવનાર '**ઝષા**' અર્થાત્ **મત્સ્ય** અગ્રિમ સ્થાને રહે છે.

* * *

આ પ્રકારના પ્રાણીનિર્દેશોના અધ્યયન દ્વારા કવિના સમયના પ્રચલિત પ્રાણીપ્રકારોનો પૂરો ખ્યાલ મેળવી શકાય છે એવો દાવો કરી શકાય નહિ; તથાપિ વિવિધ પ્રાણીઓ, તેમના ગુણદોષો, તેમની વિશિષ્ટતાઓ, વગેરે વિષેના કવિના પોતાના જ્ઞાન તથા ચિન્તનનું માપ તો અવશ્ય આવા અધ્યયન દ્વારા કાઢી શકાય. આ દૃષ્ટિએ વિચારતાં, મહાકવિ **ભારવિ**નું પ્રાણી અને પ્રકૃતિનું સૂક્ષ્મ સ્વભાવનિરીક્ષણ, માનવસમાજ સાથેનો આ પ્રાણી–પ્રકૃતિનો માનસશાસ્ત્રીય સમ્બન્ધ, તે સમ્બન્ધને પ્રસંગે પ્રસંગે, પોતાના કથન–આલેખનને સમૃદ્ધ તથા સચોટ બનાવવા માટે, ભિન્ન ભિન્ન સન્દર્ભોમાં તાદૃશ રીતે રજૂ કરવાની કવિની લાક્ષણિક અર્થગૌરવયુક્ત પદ્ધતિ, અને આ સર્વની સાથે સંમિશ્રિત થયેલ અલંકૃત શૈલી તથા ઉત્કૃષ્ટ કલ્પનાશક્તિની પ્રતીતિ તો, **કિરાતાર્જુનીય** મહાકાવ્યમાંના પ્રાણી–નિર્દેશોનું આ અધ્યયન કરાવે છે જ. આ અધ્યયનના પ્રવાહ દરમિયાન સ્થળે સ્થળે ઉદ્ધૃત કરેલી પંક્તિઓમાંથી પણ પ્રસ્તુત વિષય ઉપરાંત અન્ય અનેકવિધ સાહિત્યિકાદિ ખૂબીઓ પ્રકટ થયા વિના રહેતી નથી. અને એમાં આવા અધ્યયનની સાર્થકતા છે.

ગ્રન્થાવલોકન

ભાવયિત્રી : લે. જયન્ત પાઠક; પ્ર. વોરા ઍન્ડ કંપની, ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ; પૃ. ૧૯૯, મૂલ્ય : દસ રૂપિયા.

થોડીઘણી કવિતા કે વાર્તા રચવાની કુશળતા ધરાવતા અધ્યાપકોના લેખસંગ્રહો છેલ્લા દાયકામાં પ્રકટ થતા રહ્યા છે, પરંતુ જેમાં સર્જક–વિવેચકનો સાચા તાત્ત્વિક અર્થમાં સુભગ સમન્વય થયો હોય એવા પરામર્શકો તો વિરલ જ. 'સંકેત', 'સર્ગ'ના સર્જકના 'આલોક'નો અનુગામી વિવેચનસંગ્રહ 'ભાવયિત્રી' પ્રો. જયન્ત પાઠકને એ 'વિરલ'ની યાદીમાં સ્થાન અપાવે છે.

૧૭ લેખોના સંચયમાં મુખ્યત્વે સાહિત્યનાં ઉદ્ભવહેતુ ને પ્રયોજન, સજ્જતાની અગત્ય, પ્રતિભા–કલ્પનાના આવિષ્કાર રૂપે પ્રવર્તતા શબ્દાર્થની પ્રપંચની છતાં, 'પરપંચપારની' વ્યક્તમધ્યની લીલા, ભાવ–પ્રકૃતિ અને ભાષા–સંસ્કૃતિ વચ્ચેનો અસંલક્ષ્યક્રમ ગાળો, પ્રથમ અર્થની અભિવ્યક્તિ માટે, પણ પછી અભિવ્યક્તિના ઉપાય તરીકે કવિની શબ્દ–શોધ, કાવ્યના ઉપાદાન અને અર્થના આશ્રય રૂપે શબ્દનો મહિમા, શબ્દાર્થને અતિક્રમીને જ પામી શકાતું એ જ ઉપાદાનોથી રચાતું કાવ્ય, નરી શુદ્ધ કે કેવલ કવિતાનું સ્વરૂપ, શબ્દની સામાજિકતા, કવિકર્મથી કલા–કાવ્યમાં સધાતી ચમત્કૃતિમાં પ્રેરણા રૂપ–સ્વપ્નાવસ્થા સમી–અસંપ્રજ્ઞાત શક્તિનું પ્રવર્તન, કવિની પ્રતિબદ્ધતા-સંબંધતા...વગેરે વિષયોની પ્રો. પાઠકે સઘન અધ્યયનશીલતા અને વ્યુત્પત્તિથી પરિપૂત થયેલી પોતાની આગવી સૂઝ–સમજથી સંકુલ પણ સુરેખ ચર્ચા કરી છે. શિષ્ટ સ્વચ્છ નિરાડંબરી શૈલી પણ 'ભાવયિત્રી'ના અનુભાવનને સુહૃદ્ય બનાવે છે.

લાભશંકરના 'હું ફૂલ બનીને ખૂલું' કાવ્યના ઉદાહરણથી લેખક સ્પષ્ટ કરે છે કે શબ્દના ઉચિત વિન્યાસથી સધાતો લય ભાવવહનને સરળ કરવા ઉપરાંત ભાવ વેરણછેરણ ન થઈ જાય તે માટે તેને નિયમનમાં રાખે છે. સામાજિક સંદર્ભ વિષે તેઓ કહે છે કે, "કેવળ મૂલ્યનિરપેક્ષ કવિતા, કાવ્યની બાહ્ય અને આંતર ઉપાદાન–સામગ્રી જોતાં શક્ય નથી......કલાકૃતિમાં જ મૂલ્યવિચારનું બીજ રહેલું હોય છે." (૧૨) વાલેરીના પ્રેરણા–નિષેધને સ્પષ્ટ કરતાં લેખક કહે છે કે, બ્રહ્માની સૃષ્ટિનું ચમત્કારક સૃષ્ટિમાં રૂપાન્તર કરવાના કવિધર્મમાં પ્રેરણા હેઠળના કવિ-કર્મનું–કવિશક્તિના આવિષ્કારનું–પ્રવર્તન હોય છે. રિલ્કેએ કહ્યું છે કે: "We are the bees of the invisible."

નર્મદથી નાનાલાલ–ઠાકોર સુધીના છંદમુક્તિના પ્રયાસોનો ઉલ્લેખ કરી લેખકે ઉમાશંકર અને લાભશંકરના કાવ્યખંડોનાં ઉદાહરણો દ્વારા આજના કવિના છંદમુક્તિના વલણને તપાસી તારવ્યું છે કે, પ્રત્યેક કવિની સંવેદનની લયાનુસારી અભિવ્યક્તિની છટા નોખી હોય છે. મુખ્યત્વે તેમાં એક પ્રકારનો છંદમુક્ત લય કોઈક લયને અનુસરતો હોઈ ઇન્દ્રિયસ્પર્શક્ષમતા સાંધતાં ચક્ષુભોગ્ય પ્રતિરૂપોથી ભાવવ્યક્તિ સધાતી હોય છે. ભાવની તીવ્રતામાંથી અછાંદસ કવિતાનો લય

સર્જાય છે એ સ્ફુટ કરવા તેમણે સુરેશ જોષીની 'સૂર્યા 'ને ઉધૃત કરી જણાવ્યું કે, " અહીં કવિએ છંદ છોડયો છે, પણ સ્વચ્છંદ સ્વીકાર્યો નથી ". (૨૧) તો એકાગ્રતા–સમગ્રતાના અભાવપૂર્વક નિરર્થક ગદ્યાળુ પ્રસ્તારમાં સરી પડી ભાવચિત્રને ઝાંખું કરતી રાધેશ્યામની ' સૂર્ય ' રચનાને ટાંકી છે. તેમણે સાચું કહ્યું છે કે, " ગદ્યની પણછ આકર્ણ ખેંચાતી નથી, શિથિલ રહે છે; જ્યારે કાવ્ય તો તંગ પણ છે ચડીને જ નિશાન વીંધે છે". (૨૯)

યંત્રોદ્યોગ, વિજ્ઞાન વગેરેનાં પરિબળોથી સંકુલ જટિલ બનેલા જીવનનાં આંતરબાહ્ય વિસંવાદ, વિચ્છેદ, ઈશ્વર સમાજ અને ખુદ પોતાના પ્રત્યેની અશ્રદ્ધા, એકલતા આદિથી છિન્ન-ભિન્ન નિરાલંબ બનેલો-કેન્દ્રથી ચ્યુત થયેલો-માનવી આધુનિક કવિતાના હૃદય પર આસન જમાવી બેઠો છે. તે એટલે સુધી કે પોતાના જ અંધકારમય ઓળામહીં પોતાને જ ખોઈ બેઠો છે, અને એની પોતાની જ શોધમાં જાણે નીકળ્યો છે. આ મથામણોને કવિ, નવીન પ્રતિરૂપોના વેષ્ટનમાં અને વિશિષ્ટ ભાષા પ્રપંચથી પણ કલાની આણમાં રહીને-આંતરયાત્રા રૂપે રજૂ કરતો હોય છે. અદ્યતન કવિતાનાં આ લક્ષણોની ચર્ચા પ્રો. પાઠકે ઉમાશંકર, ઠાકર, મણિલાલ, રાવજી, સિતાંશુ, શેખ, નિરંજન, મન્સૂરી, ભાનુપ્રસાદ વગેરેની કૃતિઓના આધારે વિસ્તારથી અને વિશદતાથી કરી છે. પ્રતિરૂપોના ભાવન સંબંધમાં તેમણે કહ્યું છે કે, " કવિચિત્તમાં કાવ્યસામગ્રી જે ઘાટ પામે છે, વ્યવસ્થા પામે છે તેમાં માત્ર તર્કનું જ પ્રવર્તન નથી હોતું, સ્વપ્નાવસ્થા જેમ અસંપ્રજ્ઞાત શક્તિનું પ્રવર્તન પણ હોય છે ". (૪૯) માટે કવિની જેમ ભાવકે પણ ચિત્તની જ્ઞાત-અજ્ઞાત શક્તિથી સજ્જ થવાની જરૂર છે.

કાન્તવિષયક બે લેખોમાં પાઠકે ધુરંધરોના પ્રસિદ્ધ મતોથી અલગ પડીને પોતાનો ભિન્ન મૌલિક મત નિર્ભીકતા અને સ્પષ્ટતાપૂર્વક રજૂ કર્યો છે. રામનારાયણ, નરસિંહરાવ, ઠાકોર, સુંદરમ્ વગેરે વિવેચકોએ ભારોભાર વખાણેલા ' સાગર અને શશી ' કાવ્યને પાઠકે, અલંકાર-પ્રાચુર્યથી પ્રેરણામાંદ્ય અને ભાવોત્કટતાની ઓછપને ઢાંકતું, ભાવ-રચનાના સામંજસ્ય વિનાનું, વાગ્વિલાસમાં સરી પડતું, " અતિપ્રકટ અને અતિમુખર ' કહીને જણાવ્યું છે કે, એના ઉદ્ગાર કાવ્યમાં બરાબર ઓગળી જવાને બદલે ગાંગડા થઈ ઉપર તરતા હોય એવા લાગે છે. " કાન્તની આ કૃતિ એમની શ્રેષ્ઠ કૃતિ ગણાય એવી નથી ". (૫૯) એ જ રીતે ' માનસસર ' અને 'મારી કિસ્તી ' પણ ધ્વનિપ્રવર્તન વિનાના ગદ્યાળુ કાવ્યો છે. સુકુમાર ચારુ પદાવલિથી હૃદયંગમ પ્રકૃતિચિત્રો આપ્યા છતાં 'ઉપહાર' ના " અસ્ફુટ મધુર વ્યંજન "માં અને રોમેન્ટિક આવેશમાં આયાસનું તત્ત્વ પ્રવેશ્યું છે. તે જ પ્રમાણે કાન્તનાં ચાર ઉત્તમ ખંડકાવ્યો વિષે વિવેચકોએ કરેલાં આત્યંતિક વિધાનોને પડકારી એ કાવ્યોના સંવિધાનની તપાસમાં ઊતરતાં લેખક સ્પષ્ટ જણાવે છે કે, કવિના વૈયક્તિક જીવનની માહિતી તેના કલાસર્જનની વિવેચનાની સમતુલાને જોખમાવે છે. તેમણે ખંડકાવ્યોમાંથી કાવ્યબંધને શિથિલ કરનાર ને નિરર્થક પ્રસ્તાર કરનાર ગદ્યાળુ શબ્દો અને પંક્તિઓ ટાંકીને કાન્તનો અનુષ્ટુપ્ નબળો હોવાનું બતાવ્યું છે. ભાવ-ઉછાળો સીધેસીધો વ્યકત થઈ સંયમ શિથિલ થતાં કૃતિ સપ્રમાણ-સુરેખ બનતી નથી એ બાબતના પુરાવા તેમણે રામનારાયણ અને ધ્રુવ સાહેબનાં વિધાનોની વિરુદ્ધ જઈને પણ આપ્યા છે. સુંદરમ્ના વિધાનના ઉત્તરમાં પણ પ્રો. પાઠકે દૃષ્ટાંતો-દલીલોથી સ્પષ્ટ સમજાવ્યું છે કે, કાન્તની

કૃતિની ત્રુટિઓ માટે કે એમની સર્ગશક્તિ લાંબો વખત પરાકાષ્ટાએ પ્રવર્તતી ન રહી એ માટે (જીવનના આઘાતો નહીં પણ) કવિની સર્ગશક્તિની અલ્પતા જ જવાબદાર છે. કાન્તના પ્રભુ-વિષયક કાવ્યો પણ ‘ ઘણી ઊતરતી કક્ષાનાં છે ’. અંતમાં તેઓ મૌલિક રીતે નિષ્કર્ષ આપે છે :

“ કાન્ત આપણા સારા કવિ, પણ બહુ મોટા કવિ નહિ, ઠાકોર જેવા ય નહિ. તેઓ અત્યંત સંવેદનશીલ હશે પણ સુસજ્જ ને સદાય જાગૃત કલાકાર નહિ....કાન્ત એટલે ઘરખંડને અજવાળતો અસ્થિરજ્યોત ઘીનો દીવો, ચાંદસૂરજ કે પ્રબળ વીજઝબકારો નહિ ”. (૭૪)

શબ્દ-નાદના સૂક્ષ્મ પારખું પ્રો. ઠાકોર સસંદર્ભ યથાસ્થાન શબ્દવિન્યાસ અને યતિ-સ્થાન દ્વારા સુરેખ સઘન અર્થચિત્રો આપવા ઉપરાંત અર્થવાહી લય સાધી ભાવ તથા અર્થની પ્રત્યક્ષતા સાધે છે. સંધિશ્લોકાદિની તોડફોડ તથા પાત્રપ્રસંગોચિત વાણીછટાઓ પ્રયોજવા પાછળ ઠાકોરનો હેતુ અભિવ્યકિતને વધુ ભાવનાક્ષમ ને સ્વાભાવિક બનાવવાનો તથા સમગ્રતયા વાણીને બને તેટલી ઈષ્ટાર્થવાહન કરવાનો હોય છે. સટીક ઉદાહરણોથી અભ્યાસક્ષમ બનેલા ‘ કાવ્યમાં ઠાકોરનો શબ્દાર્થવિવેક ’ લેખમાં શબ્દાર્થ(પાર્વતી–પરમેશ્વર)નું સુભગ સામંજસ્ય સાધતા પ્રો. ઠાકોરને લેખકે ‘ જાગ્રત કલાકાર અને ઔચિત્યના આગ્રહી અતંદ્ર વિવેચક ’ તરીકે બિરદાવ્યા છે, તે યથાર્થ છે.

‘ નિશીથ ’ અને ‘ અભિજ્ઞા ’ની કવિતાની સંક્ષિપ્ત પણ સૂક્ષ્મ સમીક્ષા કરતા બે લેખોમાં વ્યકિતમાંથી વિશ્વમાનવી બનવાનો સંકલ્પ સેવતા કવિની વિકાસયાત્રાને નિરૂપી છે. તેમાંનાં કેટલાંક સામાન્ય (General) વિધાનો ઉલ્લેખનીય છે : દા. ત. “ ઉમાશંકરની પ્રણયવિષયક કવિતામાં Nature કરતાં cultureનો પ્રભાવ વધારે છે. “ કવિની પ્રણયલીલા મુગ્ધતા અને સમજ વચ્ચે ખેલાય છે.” “ આ કવિને ભવ્યનું ભારે આકર્ષણ છે ”. “ ભકત જેમ ભગવાનને તેમ કવિ કવિતાને શોધે છે ”. “ કુદરત કરતાં કવિને મનુષ્યમાં વધારે રસ છે ”......વગેરે.

‘ આત્માનાં ખંડેર ’નાં ૧૭ સૉનેટને ‘ માનવજીવનની ગીતા ’ કહીને લેખક તેમાં ગીતાથી ઊલટો–ઉત્સાહમાંથી વિષાદમાં વહેતો–ભાવવિકાસનો ક્રમ જુએ છે, પણ તેમાં યથાર્થવાદી કવિની આશા–આસ્થા ડોકાતી નિહાળે છે. એ સૉનેટગુચ્છ ‘ જીવનની જણસ ’ જાળવી રાખવાનો ‘ કવિનો સ્વપ્ન–દાબડો ’ હોઈ, એ મોંઘી જણસ બધાંએ શોધવાની છે. ‘ અભિજ્ઞા ’ની કવિતામાં સંભળાતા તરેહતરેહના સૂરોમાં ‘ આત્મશોધ–શોધન ’નો કેન્દ્રીય સૂર વરતાય છે. ‘ જાત સાથે વાદમાં ઊતરી અંતે કોઈ સંવાદમાં આવીને ઠરવું એવી કાવ્યયુકિતનો આશ્રય ‘ અભિજ્ઞા ’ની અનેક કૃતિઓમાં લેવાયો છે. ” (૯૭) કવિતામાં ચોટ સાધી આપતી કેટલીક વિશિષ્ટ ઉક્તિ–લઢણો–નાં લેખકે ઉદાહરણો ટાંકયાં છે. દા. ત.

“ કવિતા, આત્માની માતૃભાષા,
મૌનનો દેહ મૂર્ત, આસવ અસ્તિત્વનો ”.

‘ અભિજ્ઞા ’ની વિશિષ્ટતા એ છે કે એમાં કવિ આધુનિક માનવીની છિન્નભિન્નતાની મનોદશાને મધ્યાન્તર મંથનદશા સમજે છે. આ ઘમ્મરવલોણામાંથી પાછાં રત્નો અને અમરત નીકળવાની શ્રદ્ધા સેવતા કવિ ઈશ્વરને પણ આશ્વાસન આપતાં કહે છે :

"લઈશ સૃષ્ટિનો તાગ હું.
ભલે તું ય મળી જતો—યદિ તું હો—બધા પ્રશ્નનું મૂળ જે.
વિસર્જું ન સ્વતંત્રતા, પ્રભુ! કદાચ સ્વાતંત્ર્ય હો તું સ્વયમ્".

'આનંદશંકરની નીતિમીમાંસા' લેખમાં લેખકે, 'બ્રહ્મસત્યમ્...'ના પાયાના સત્યના અનુલક્ષમાં ચર્ચેલા નીતિ—માયાવાદનો વિરોધ, આચારનાં મૂલ્યોનું સાધનત્વ, પરોક્ષ જ્ઞાનની કાચી અવસ્થાનો અપરોક્ષ જ્ઞાનમાં પરિપાક થતાં સદ્વર્તનનું સ્વાભાવિક ધર્મ રૂપે થતું સ્ફુરણ...વગેરે વિચારોને વિશદતાથી સમજાવી નિષ્કર્ષ તારવ્યો છે કે, "નીતિ માત્ર સાંસારિક કે ઐહિક કર્મને જ્ઞાનપ્રાપ્તિનું કારણ જ નથી રહેતી, અંતમાં તે જ્ઞાનના જ અંશ રૂપ ને જ્ઞાનીના સ્વભાવલક્ષણ બની રહે છે". (૧૩૨)

'નવલરામ અને નાટક'માં લેખકે નવલરામનાં બંને નાટકોને આધારે એમની રસવિભાવનાની વિચારણાને બિરદાવી છે; તો 'દક્ષિણાયન'ના ગદ્યની રમણીયતાનું દર્શન કરાવી તેને 'ઉત્તમ ગદ્યગ્રંથ' હોવાનું અત્યુક્તિભર્યું વિધાન કર્યું છે. એમાંના વિગતદોષ પ્રતિ પણ આંગળી ચીંધી છે.

'સાહિત્યમાં હાસ્ય' અભ્યાસપૂર્ણ લેખ છે. બૌદ્ધિક પ્રવૃત્તિના પ્રવર્તનસંદર્ભમાં જ ફોરતું હાસ્ય ઓછું પ્રાકૃતિક અને સાંસ્કૃતિક હોઈ, એનો ચમત્કાર ભાવાત્મક ને અનુભવ-અવાન્તર રસરૂપ-અંતરિયાળ છે. હાસ્યમાં તરલતા, માર્મિકતા અને લાઘવ, હાસ્યકૃતિઓનું અલ્પાયુષ, ઉત્તમ હાસ્યકારોની અલ્પતા, વગેરેનાં કારણોને તથા હાસ્યનિષ્પત્તિની શકયતાઓને સોદાહરણ તપાસી લેખકે હાસ્ય ને કટાક્ષનો ભેદ સમજાવ્યો છે. સ્ટેફન, રોનાલ્ડને અનુસરી લેખકે ઊંચા હાસ્યને 'જીવનની સમીક્ષા—ચિકિત્સા' અને 'નૂતન દર્શન માટેની બારી' કહી છે. અંતે ટ્વેઈનને ટાંકતાં તેઓ જણાવે છે કે, "કરુણ અને હાસ્યનું મૂળ એક જ છે, એક જ થડને ફૂટેલી એ બે ડાળીઓ છે". (૧૯૯)

'પ્રશ્નોત્તરી ૧—૨'માં લેખકે માધ્યમભેદે કલાની ઉચ્ચાવચતા, પ્રત્યાયન, પદ્યનાટકની અભિનયક્ષમતા, સાહિત્યકારની પ્રતિબદ્ધતા, શ્લીલ-અશ્લીલતા-વગેરે વિષયોની ટૂંકી પણ મુદ્દાસર છણાવટ કરી છે.

'સાંપ્રત સાહિત્ય: વલણો, પ્રયોગો અને સિદ્ધિ'ના વિસ્તૃત લેખમાં સાહિત્યનાં ઉદ્ભવહેતુ—પ્રયોજન, તથા સર્જક—ભાવકની સજ્જતાથી માંડીને વિવિધ પ્રશ્નોની વિશ્લેષણા કરતાં પ્રો. પાઠકે, અભિવ્યક્તિમાં નૂતન અભિગમો દાખવતાં છેલ્લાં પચીસેક વર્ષનાં કવિતા, નવલિકા, નવલકથા, નાટક અને વિવેચન-વિષયક સાહિત્યની પ્રવૃત્તિઓ પ્રયોગો અને તેની સિદ્ધિ-નિષ્ફળતાઓનો આલેખ આપ્યો છે. 'ઍબ્સર્ડ' નાટક વિષેનાં કેટલાંક વિધાનો નોંધપાત્ર છે. જેવાં કે: "બુદ્ધિની શિસ્ત માગતું નાટક ભલે 'ઍબ્સર્ડ' કહેવાય પણ એની યોજનામાં અતંત્રતા ન હોય". "જીવન નિષ્ફળ છે એમ કહેવા માટે પણ નાટકને સફળ થવું જ પડે. એટલે 'ઍબ્સર્ડ' નાટક આખરે તો જીવનની અર્થશૂન્યતાનો કલાત્મક આવિષ્કાર કરનારું વ્યવસ્થિત કલાસર્જન છે". (૧૬૦)

સાહિત્ય પરિષદના ૨૬મા અધિવેશનમાં વિવેચન-વિભાગના પ્રમુખપદેથી આપેલ પ્રવચન 'સાંપ્રત સાહિત્યવિવેચન'માંના ઘણાખરા મુદ્દા અને વિચારો ('ભાવયિત્રી'ના જ) બીજા લેખોમાંથી બેઠા ઉઠાવીને વ્યાખ્યાનમાં સંકલિત રૂપે મૂકયા છે! તેમણે સાંપ્રત વિવેચનપદ્ધતિ, તેનાં પ્રવાહો અને ગતિદિશાને તટસ્થતાપૂર્વક અવલોકવાનો પ્રયત્ન કર્યો છે. નવાં ધોરણો સ્થિર થયાં નથી ને જૂનાં હચમચી ગયાં છે એ અર્ધદગ્ધ સ્થિતિમાં, સત્ત્વસમૃદ્ધ કૃતિઓની ન્યૂનતાએ વિવેચનમાં અરાજકતાને પોષી છે અને રંગરાગી ખંડદર્શનવૃત્તિના સ્વૈરવિહારને રોકી નથી. આપણે ત્યાં નવાં સર્જન પહેલાં નવું વિવેચન જન્મ્યું. પરિણામે સર્જન સમૃદ્ધ ન હોય તો વિવેચન પણ દરિદ્ર જ રહેવાનું. વળી સાંપ્રત વિવેચકને કેન્દ્ર કરતાં પરિઘ, આત્મતુષ્ટિ, તરલતા ને બુદ્ધિચાપલ્ય વધુ આકર્ષે છે. તેમાં પત્રકારી અને અધ્યાપકીય વિવેચનના ખોટા પ્રશ્નોએ લાભ કરતાં વિશેષ હાનિ પહોંચાડી છે ..આવા અનેક પ્રશ્નોની પ્રો. પાઠકે (પૂરતા પુણ્યપ્રકોપપૂર્વક) નિર્ભીકતા અને નિખાલસતાથી પણ સહૃદયતાપૂર્વક સમતોલ પર્યેષણા કરી છે. તેમણે બે વસ્તુ સ્પષ્ટ કરી છે કે, સર્જક કરતાં વિવેચકની પ્રવૃત્તિ વધારે સમાજાભિમુખ હોવાથી સહૃદયની રુચિ કેળવવાની વિવેચકની વિશેષ જવાબદારી છે. વિવેચકે બિનઅંગત મુક્તમનથી નિર્મળ ભાવે કૃતિના કેન્દ્રભૂત રસાત્મક તત્ત્વની અનુભૂત પ્રતીતિ કરવા-કરાવવાનો સ્વધર્મ વિસરવો જોઈએ નહીં. તે માટે વિવેચનના પ્રત્યયોની તપાસ અને સર્જાતા સાહિત્યની સમતોલ સમીક્ષા માટે નિપુણતા, પરિશીલન, સિદ્ધાંતોનું પર્યેષણ-શોધન અને 'સત્ય પ્રતિપાદક સૌષ્ઠવયુક્ત' સમીક્ષણમાં પોતાને સતત જાગ્રતિપૂર્વક ઓતપ્રોત કરી દેવાનો લેખક અનુરોધ કરે છે.

આવા સુંદર સર્જનાત્મક વિવેચનગ્રંથમાં એક જ વાત કઠે છે, અને તે અમર્યાદ પુનરુક્તિની. એક બે નહીં પણ ડઝનેક વિચારમુદ્દાઓ એના એ જ સ્વરૂપમાં અને વાકયોમાં એના એ જ અવતરણ-ઉદ્ધરણસહિત-જુદા જુદા લેખોમાં (કેટલાક તો ત્રણ ત્રણ વખત!) પુનરુક્ત થયા છે. જો એ ટાળી શકાયું હોત તો ગ્રંથમાથી દશમો ભાગ દૂર થાત પણ એનું સંકલન-ગૌરવ દસઘણું વધી જાત.

ગુજરાતી વિવેચન–સાહિત્યના અભ્યાસીઓ અને આનંદાપેક્ષુઓ માટે 'ભાવયિત્રી'ની સેવા અમૂલ્ય બની રહેશે.

મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)

* * *

ગ્રીસનો પ્રાચીન ઇતિહાસ : લે. પ્રા. ચંદ્રકાન્ત પટેલ, પ્ર. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬, પ્રથમ આવૃત્તિ ૧૯૭૬, પૃ. ૨૪૪, મૂલ્ય રૂ. ૧૨-૦૦ પૈ.

આ ગ્રંથમાં અધ્યાપક શ્રી ચંદ્રકાન્ત પટેલે ગ્રીસના પ્રાચીન ઇતિહાસનો વિગતવાર પરિચય આપ્યો છે. આરંભમાં પૂર્વભૂમિકા નામના પહેલા પ્રકરણમાં લેખકે ગ્રીક સંસ્કૃતિ ઘડનારાં પરિબળો અને પ્રાચીન ગ્રીસનો ઇતિહાસ જાણવાનાં સાધનો વગેરેની ચર્ચા કરી છે. પરંતુ પ્રાચીન ગ્રીસનો ઇતિહાસ જાણવાનાં સાધનોનું એક વિશિષ્ટ માળખું તૈયાર કર્યું હોત તો ઠીક થાત. દા.ત. માહિતીનાં સાધનો (૧) પુરાતત્ત્વ(અથવા પુરાવસ્તુ), શિલાલેખો, સ્મારકો, મુદ્રાઓ, ચિત્રો વગેરે

(૨) સાહિત્યિક-ઐતિહાસિક અને બિન-ઐતિહાસિક વગેરે અને તે પછી તેની ચર્ચા કરી હોત તો આવકાર્ય લેખાત. તે પછીના પ્રકરણમાં ગ્રીક સંસ્કૃતિની જનેતા સમી ઇજિયન સંસ્કૃતિનો ટૂંકો પરિચય કરાવ્યો છે. પરંતુ આ સંસ્કૃતિની કાલગણના વિશે ફક્ત એક જ મત ન આપતાં જુદા જુદા વિદ્વાનોએ દર્શાવેલા જુદા જુદા મતોનો ઉલ્લેખ કર્યો હોત તો વધુ ઉચિત લેખાત. કારણ નવું સંશોધન અને ઉત્ખનન સ્વીકૃત માન્યતાઓમાં પરિવર્તન લાવે છે.

પ્રાચીન ગ્રીસનો ઇતિહાસ એટલે તેનાં નગરરાજ્યોનો ઇતિહાસ. આ અનેક ગ્રીસ નગરરાજ્યોનો ઉદય, વિસ્તાર અને નગરસંઘો વગેરેનો ઘણો જ ટૂંકો પરિચય પ્રકરણ પાંચમામાં આપ્યો છે. સમય જતાં વસતી વધારો ખેતીલાયક, જમીનની અછત વગેરે અનેક કારણોસર ગ્રીકોને ગ્રીસની તળભૂમિ બહારના અન્ય પ્રદેશોમાં સંસ્થાનો સ્થાપવાની ફરજ પડી. આ ગ્રીક સંસ્થાનીકરણનાં કારણો, એશિયા માઈનોર, ઇટાલી, ઉત્તર આફ્રિકા વગેરે પ્રદેશોમાનાં ગ્રીક સંસ્થાનો અને ગ્રીક સંસ્કૃતિમાં તેમનો ફાળો વગેરેની માહિતી છઠ્ઠા પ્રકરણમાં આપવામાં આવી છે. પ્રકરણ નવમામાં મહત્ત્વનુ ગ્રીક નગરરાજ્ય એથેન્સમાં થયેલી લોકશાહી અને સરમુખત્યારશાહીની ચડતી પડતીનું વર્ણન કર્યું છે. તે પછીના પ્રકરણમાં ગ્રીક સંસ્કૃતિનું મહત્ત્વનાં બીજાં શહેર સ્પાર્ટા વિશે માહિતી આપી છે. તેમાં સ્પાર્ટાની દ્વિરાટ પ્રથાનો કરેલો ઉલ્લેખ નોંધપાત્ર છે. એવું માનવામાં આવતું હતું કે સ્પાર્ટાએ ક્રીટ નગરરાજ્યોના બંધારણ ઉપરથી પોતાનું બંધારણ ઘડયું હતું. પરંતુ તેનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આ ગ્રંથમાં ગ્રીક સંસ્કૃતિનાં, "રાજકીય પાંસાઓની વિગત માટે જે. બી. બેરી પર વિશેષ આધાર રાખ્યો છે", એવું લેખક પ્રસ્તાવનામાં જણાવે છે. પરંતુ જે. બી. બેરીએ "A History of Greece" નામનાં તેનાં ગ્રંથમાં ક્રીટ અને સ્પાર્ટાના બંધારણોની સુંદર તુલના કરી છે.

પેરિકિલસના સમયના એથેન્સના સુવર્ણયુગનું વર્ણન બારમા પ્રકરણમાં કર્યું છે. પરન્તુ પેરિકિલસે શહીદો પ્રત્યેની શ્રદ્ધાંજલિ વ્યક્ત કરતું જે પ્રવચન આપ્યું હતું તેનો ઉલ્લેખ સરખો અહીં કરવામાં આવ્યો નથી. પેરિકિલસનો આદર્શવાદ સમજવા માટે આ પ્રવચન ખૂબ ઉપયોગી છે. ચૌદમા પ્રકરણમાં લેખકે કરેલું મેસિડોનિયાના રાજા ફિલીપનું મૂલ્યાંકન યોગ્ય છે. મહાન સિકંદરની વિજયકૂચને પરિણામે સમય જતાં "હેલેનિક" સંસ્કૃતિનું "હેલેનિસ્ટિક" સંસ્કૃતિમાં કેવી રીતે રૂપાન્તર થયું તેની વાત પંદરમા પ્રકરણમાં કરવામાં આવી છે.

છેલ્લા પ્રકરણમાં ગ્રીસના સંસ્કાર વારસાનું વર્ણન કર્યું છે. તેમાં ગ્રીક સંસ્કૃતિનાં વારસાનું સર્વેક્ષણ કરવાનો પ્રયત્ન કરેલો છે. આ પ્રકરણમાં ગદ્ય સાહિત્ય અને ઇતિહાસ-લેખન શીર્ષક હેઠળ પ્રાચીન ગ્રીક ઇતિહાસકારોનું વર્ણન કર્યું છે. પરંતુ તેમાં મહાન ઇતિહાસકાર પોલીબસ(Polybius)નો ઉલ્લેખ નથી. "ગ્રીસ સંસ્કાર વારસાને સમજવા માટે વીલ ડુરાં અને જે. સી. સ્ટોબાર્ટનું ઋણ ભૂલી શકીશ નહિ" એવું લેખક પ્રસ્તાવનામાં જણાવે છે. પરંતુ વીલ ડુરાં "The Life of Greece" નામના તેના ગ્રંથમાં પોલીબસને "ઇતિહાસકારોનો ઇતિહાસકાર" એ રીતે બિરદાવે છે. આગળ ગ્રીકોના ધર્મનું વર્ણન કર્યું છે. પરંતુ તેમાં ગ્રીક સંસ્કૃતિની ખ્રિસ્તી ધર્મ ઉપર થયેલી અસરની ચર્ચા કરી હોત તો યોગ્ય થાત. એથી આગળ ગ્રીક ઔષધવિજ્ઞાનની માહિતી આપી છે. પરંતુ તેમાં ઉપલબ્ધ પ્રાચીન ગ્રીક ઔષધવિજ્ઞાન

સાહિત્યમાં જેનો આશરે અર્ધા જેટલો ફાળો છે એવા ગાલેન (Galen)નો ઉલ્લેખ નથી. વળી આગળ જતાં કલાના ક્ષેત્રે ગ્રીસના પ્રદાન વિશે ચર્ચા કરી છે. પરંતુ સાથે સાથે ગ્રીક કલાનાં કેટલાંક નમૂનેદાર દૃષ્ટાન્તો ચિત્રરૂપે અપાયાં હોત તો વધુ ઉપકારક થાત. ટૂંકમાં આ પ્રકરણ વધુ માહિતીપૂર્ણ અને રસમય બનાવી શકાયું હોત.

આ ગ્રંથમાં કેટલાક મુદ્રણદોષ શરતચૂકથી રહી જવા પામ્યા છે. ગ્રીસના ઇતિહાસની મહત્ત્વની ઘટનાઓ આલેખતા નકશાનું આયોજન નોંધપાત્ર છે. લેખકની શૈલી એકંદરે ઉષ્માહીન અને માહિતીપ્રદ જ રહી છે. ગ્રંથના અંતે પરિશિષ્ટમાં ગ્રીક-ઇતિહાસની તવારીખની તેજછાયા અને સંદર્ભ-સૂચિની સાથે સૂચિ (Index) પણ આપી હોત તો આ ગ્રંથ વધુ ઉપયોગી બનત. જગતના પ્રાચીન ઇતિહાસ અને ખાસ કરીને ગ્રીસના પ્રાચીન ઇતિહાસમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ ઉપરાંત અભ્યાસીઓને પણ ગુજરાતી ભાષામાં લખાયેલો આ ગ્રંથ ઉપયોગી નીવડશે એવી આશા છે.

—માધવ કૃષ્ણરાવ બાપટ

* * *

સામાજિક તંગદિલી : લેખિકા તથા પ્રકાશક : શ્રી. હર્ષિદા પંડિત, ૧૮, લક્ષ્મી-મહાલ, ઓપનજી પેટીટ રોડ, મુંબઈ—૪૦૦૦૩૬, ૧૯૭૬, પૃ. ૧૧૮, મૂલ્ય રૂ. ૪–૫૦ પૈ., પ્રાપ્તિસ્થાન : બાલગોવિંદ પ્રકાશન, ૧૭૬૦, ગાંધીમાર્ગ, અમદાવાદ.

આજની રાજકીય કટોકટી સામાજિક તંગદિલીનું પરિણામ તો છે જ પણ સાથે કારણ પણ છે જ. આ સંદર્ભમાં આ અભ્યાસપૂર્ણ પુસ્તિકાનું મહત્ત્વ વધી જાય છે.

આ પુસ્તિકા અભ્યાસી માટે જ લખાયેલ છે અને એટલે જ વધુ અભ્યાસ માટે નવા વિષય તરફ અંગુલિનિર્દેશ કરવાનું અને વધુ અભ્યાસ માટે બારીઓ અને બારણાં ખોલવાનું માન શ્રી. હર્ષિદાબેન લઈ જાય છે.

સામાજિક તંગદિલીની વ્યાખ્યાને સ્પષ્ટ કરવાનો સારો એવો પ્રયત્ન કરવામાં આવ્યો છે અને આ વિષયનું પૃથક્કરણ પણ ઊંડાણમાં જઈને કરવાની તીવ્રતા પણ પેખી શકાય છે. સામાજિક તંગદિલી ને સ્પર્શતાં સંશોધનોનો માત્ર ઉલ્લેખ નથી કરવામાં આવ્યો પણ એનો સારાંશ પણ પીરસવામાં આવ્યો છે.

તંગદિલીએ પોતાનું સ્થાન બંને સંસ્કૃતિઓમાં પૌરસ્ત્ય અને પાશ્ચિમાત્યમાં જમાવેલું છે. આ પુસ્તિકામાં એની સરખામણી તો કરવાનો પ્રયત્ન છે પણ એ ઉપરાંત એના નિવારણના માર્ગો નહીં તો કેડી–પગદંડી દર્શાવવામાં આવી છે. રશિયા અને ચીનમાં પ્રવર્તેલી તંગદિલીનો ઉલ્લેખ પણ કરવામાં આવેલ છે.

૧૯૫૦માં યુનેસ્કો તરફની શ્રી મર્ફી ગાર્ડનર ભારતમાં તંગદિલી અંગેના સંશોધન માટેની વ્યવસ્થા કરવા આવ્યાં અને તે બાદ થયેલ સાત અભ્યાસોનો ઉલ્લેખ આ પુસ્તિકામાં કરવામાં આવેલ છે; તેમાંના છ જાતિવાદને કારણે ઊભી થયેલ તંગદિલી અંગેના ઉલ્લેખ છ જુદાં જુદાં

શહેરોમાં કરવામાં આવેલ છે અને એક હડતાળ અને ઔદ્યોગિક પરિસ્થિતિને સ્પર્શતી તંગદિલીનો છે. વધુ ક્ષેત્રો અને વધુ વિસ્તારોમાં સંશોધનનો અવકાશ સ્પષ્ટ તરી આવે છે.

અહીં તંગદિલીના નિવારણ માટે વિદ્યાપીઠો–યુનિવર્સિટીઓ–પાસેની સારી એવી અપેક્ષા રાખવામાં આવેલ છે. અભ્યાસ માટે અને નિવારણ માટે વડોદરાની મ. સ. વિદ્યાપીઠ અને ગુજરાતની બીજી વિદ્યાપીઠો માટે ઉજ્જવળ તકો છે. કેટલાક સૂચવાયેલા અને નહીં સૂચવાયેલા અખતરાઓ માટે સારો એવો અવકાશ છે. ખોટો હાઉ કાઢી નાખીને સામાજિક તંગદિલી દૂર કરવાનાં ચાલુ અખતરાઓને પણ પ્રોત્સાહન અપાય તોપણ ઘણું છે. માત્ર વિદ્યાર્થીઓ પાસેથી જ સમાજ આશા રાખે અને એમના પ્રયત્નોમાં એમના શિક્ષકો અને સંચાલકોનો ટેકો નગણ્ય હોય તેને બદલે એ પ્રયત્નોને વ્યવસ્થિત કરવાની જવાબદારી તેઓ ઉપાડે એ વધુ જરૂરી છે.

પુસ્તિકામાં સરકાર અને સંયુક્ત રાષ્ટ્રસંઘ પાસેથી ઘણી બધી આશા–અપેક્ષા રાખી છે તેની વધુ છણાવટ આવશ્યક છે–તેને માટે વધુ અભ્યાસ અને ચર્ચાની જરૂર છે.

વ્યક્તિગત, કૌટુંબિક, સામુદાયિક, વિભાગીય, રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય કારણો ભૌગોલિક સીમાઓમાં રહેલી તંગદિલીનો ઉલ્લેખ કરે છે, જ્યારે ધાર્મિક, ભાષાકીય, ભાવાત્મક, આર્થિક, શૈક્ષણિક કે રાજકીય કારણો, વૈચારિક સીમાઓનો ઉલ્લેખ કરે છે. તંગદિલીને ઓછી કરવા માટે જરૂર છે–પરોક્ષદર્શિતા અને પૂર્વગ્રહો પર કાબૂ.

ઇન્દુભાઇ શેલત

*   *   *

ઇસ્લામ દર્શન : લે. ઇસ્માઇલભાઇ નાગોરી, પ્ર. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ-વિદ્યાનગર, પૃ. ૨૦૭, મૂલ્ય : રૂ. ૧૨–૦૦ પૈ.

શ્રી ઇસ્માઇલભાઇ નાગોરીનો 'ઇસ્લામ દર્શન' લખવાનો પ્રયાસ સ્તુત્ય છે. તેમાં આધુનિક સમયના લોકજીવન અને ભાવનાને અનુરૂપ લખાણ છે. હૃદયને સ્પર્શતાં તત્ત્વો ઘણાં છે. તેઓ પુસ્તકને 'જીવનલક્ષી રાખવાના' તેમનાં ધ્યેયમાં સંપૂર્ણપણે સફળ થયા છે એમ હું માનુ છું. આ પુસ્તકમાં 'ઇસ્લામ' વિષે કોઈ શાસ્ત્રોક્ત કે સૈદ્ધાંતિક વિવેચન કરવાનો પ્રયત્ન નથી. લેખકનો તેમ કરવાનો હેતુ પણ નથી. તેનું એક કારણ એ પણ હોઈ શકે કે આ પુસ્તક 'હરિ ઓમ આશ્રમ પ્રેરિત શ્રી. આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સ્મારક સર્વધર્મદર્શન ગ્રંથમાળા'ના એક મણકારૂપે લખાયેલું છે.

ધર્મ આત્મોન્નતિ માટેનું સાધન છે. સંકુચિત ધાર્મિક માન્યતાઓથી ઘેરાયેલ આત્માનું અધઃપતન થાય. આ કારણે જ કદાચ લેખકે પોતાના પુસ્તકમાં માત્ર એવાં સત્યો, વિચારો અને ભાવનાઓનું દર્શન કરાવ્યું છે જે આત્માને ઉન્નતિના પંથે લઈ જાય.

વિવાદાસ્પદ વાતોમાં ન પડવાની લેખકની વાત મને ગમી. ધર્મને સમગ્ર પણે જોવો જરૂરી છે. ફિરકાઓ અને વાડાઓની દૃષ્ટિથી નહીં. તેમ છતાં સુન્નીઓના ઇમામ અબુ હનીફાનો ઉલ્લેખ કરવામાં આવ્યો તે પ્રમાણે બાકીના ત્રણ ઇમામો ઇમામ ખાલિક, ઇમામ શાફઈ અને ઇમામ હંબલનો ઉલ્લેખ થયો હોત તો વધુ સારું. રાજકીય ત્રાસવાદી હસન બિન સબ્બાહનો ઉલ્લેખ મને બિનજરૂરી લાગે છે. તે લેખકની વિવાદાસ્પદ બાબતોમાં ન પડવાની ભાવના સાથે સુસંગત નથી.

પ્રકરણોની ગોઠવણીમાં કોઈ ખાસ દૃષ્ટિકોણ હું જોઈ શકતો નથી. કેટલાંક પ્રકરણો જેવાં કે સુબ્હાન અલ્લાહ, અસ્તગફિર અલ્લાહ, અલ્લાહુ અકબર વગેરેને એક પ્રકરણમાં સમાવી શકાય; જ્યારે વઝુ, ઝકાત, રોઝા, હજ વગેરેની ચર્ચા વધુ વિસ્તૃત હોવી જરૂરી છે.

મહામાનવ પૈગંબર સાહેબનું જીવન ચરિત્ર આલેખવામાં આવ્યું નથી. તેવા પ્રકરણમાં તેઓના ઉદાત્ત ગુણોનું કથન છે તે પણ જરૂરી છે. છતાં પૈગંબર સાહેબનું જીવન પ્રેરણાદાયી હોઈ તે આલેખવું જરૂરી હતું. લેખકે પોતે મહંમદ સાહેબ વિષેનું સાહિત્ય ઘણું જૂજ છે તેવો નિર્દેશ કરેલ છે તે યોગ્ય છે.

તેમ છતાં પુસ્તક લોકભોગ્ય બન્યું છે. તે માત્ર સાંપ્રદાયિક ન રહેતાં તેમાં બીજા ઘણાં મહાપુરુષો અને સંતોનાં વચનોનો છૂટથી ઉપયોગ કરવામાં આવ્યો છે.

પારિભાષિક શબ્દોના ગુજરાતી અર્થ તથા કુરાન શરીફનાં અવતરણોનો ગુજરાતી ભાવાર્થ આપવાનું કામ સરાહનીય છે.

લેખકની ભાષા પ્રવાહી, સરળ અને સચોટ છે. સામાન્ય વાચકને ઇસ્લામનું દર્શન કરાવવા ઉપરાંત તેના દૃષ્ટિબિંદુને વિશાલ બનાવવામાં આ પુસ્તક અમૂલ્ય ફાળો આપશે એ હકીકત છે.

શા. મ. મહેતા

* * *

સાભાર સ્વીકાર

૧ **ભૂતકાળની ભીતરમાં (કિશોરભારતી ગ્રંથમાલા–૬) :** લે. ડૉ. રમણલાલ મહેતા, પ્ર. સોમૈયા પબ્લિકેશન્સ પ્રા. લિ., ૧૭૨, મુંબઈ મરાઠી ગ્રં. સે. માર્ગ, દાદર, મુંબઈ-૪૦૦ ૦૧૪, પૃ. ૭૦, કિંમત : રૂા. ૧૧–૦૦ પૈસા.

૨ **કલરવ :** લે. અને પ્ર. શ્રી કેશુભાઈ પટેલ, ૨૬, શિવ સોસાયટી, વિભાગ–૩, મહેસાણા, પૃ. ૮૦, કિંમત : રૂા. ૫=૦૦ પૈસા.

૩ **સોલંકી કાલનું સાહિત્ય :** લે. ડૉ. શ્રીમતી નીલાંજના સુબોધ શાહ, પ્ર. કુલસચિવ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૩૮૦ ૦૦૯, પૃ. ૧૬૦, કિંમત : રૂા. ૬=૫૦ પૈસા.

૪ **प्रेमाख्यानोंकी काव्यपरम्परा और मूल्यांकन :** લે. શ્રી અશોકકુમાર મિશ્ર, પ્ર. સાહિત્ય સંસ્થાન, ઉદ્યોગનગર, વડોદરા–૩૯૦ ૦૦૬, પૃ. ૧૦ + ૩૦૬, કિંમત : રૂા. ૪૦=૦૦ પૈસા.

૫ **જ્ઞાનગંગોદક : અનુભવાનંદનાં પદો :** લે. શ્રી સુરેશ જોષી, પ્ર. સહાયક મંત્રી, ફાર્બસ ગુજરાતી સભા, ૩૬૫, વિઠ્ઠલભાઈ પટેલ માર્ગ, મુંબઈ–૪૦૦ ૦૦૪, પૃ. ૨૮ + ૧૮૪, કિંમત : રૂા. ૧૫=૦૦ પૈસા.

૬ **બૌદ્ધધર્મદર્શનની પાયાની વિભાવના :** અ. અને પ્ર. શ્રી નગીન જી. શાહ, નિયામક, લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ–૩૮૦ ૦૦૯, પૃ. ૭૨, કિંમત : રૂા. ૮=૦૦ પૈસા.

૭ **તમેજ તમારા વૈદ્ય :** લે. શ્રી શોભન, **પ્ર.** આયુ **પ્ર**કાશન, ૨૧૧-એ, સ્પેક્ટ્રમ; સલાપસ રોડ, રિલીફ સિનેમા પાસે, અમદાવાદ–૩૮૦ ૦૦૧, પૃ. ૪૮, કિંમત : રૂા. ૨=૫૦ **પૈસા.**

૮ **દિવ્ય ઔષધિ–ભાગ-૩ :** લે. અને પ્ર. ઉપર મુજબ, પૃ. ૧૧૮, કિંમત : રૂા. ૫=૦૦ પૈસા.

કુમકુમ પ્રકાશન, મોડલ સિનેમા પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧ના પ્રકાશનો:

૯ **સ્વર્ગની નીચે મનુષ્ય :** લે. શ્રી સુનીલ ગંગોપાધ્યાય, અ. શ્રી ભોળાભાઈ પટેલ પૃ. ૧૬૦, કિંમત : રૂા. ૭=૫૦ પૈસા.

૧૦ **વ્યાકુલ વૈષ્ણવ (ગીતિમાલા) :** લે. શ્રી ઉશનસ્, પૃ. ૨૦ + ૮૦, કિંમત : રૂા. ૭=૦૦ પૈસા.

૧૧ **વિનિયોગ :** લે. શ્રી રમણલાલ જોષી, પૃ. ૨૧૪, કિંમત : રૂા. ૧૫=૦૦ પૈસા.

૧૨ **ડૉ. પ્રબોધ પંડિત :** લે. શ્રી શાન્તિભાઈ આચાર્ય, પૃ. ૧૫૨, કિંમત : રૂા. ૧૦=૦૦ પૈસા.

Wanted Agents (Male/Female) Candidates to do this work at their own Area, Salary Rs. 300/-, Commission and T.A. extra.

Qualification

Candidate should be minimum Matric or Higher Secondary. Age 18 to 40 yrs.

Send applications only in Hindi or in English. Registered Letter at following address:—

GWALIOR TEXTILES,

38-B, Majlis Park,

DELHI-110 033.

શ્રી સયાજી સાહિત્યમાલા

		રૂ. ન.પૈ.
૧	**ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી	૮=૦૦
૨	**આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર	૯=૦૦
૩	**આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ	૪=૦૦
૪	**ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક	૪=૦૦
૫	**કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી	૧૩=૦૦
૬	**અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે	૫=૫૦
૭	**ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી	૧૮=૦૦
૮	**હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા	૧૧=૦૦
૯	**માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ	૧૦=૫૦
૧૦	**ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા	૩=૦૦
૧૧	**શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા	૮=૦૦
૧૨	**ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા,** ભાગ ૧	૯=૦૦
૧૩	**આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર	૯=૦૦
૧૪	**કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત	૭=૫૦
૧૫	**ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા	૧૫=૫૦
૧૬	**ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા	૬=૦૦
૧૭	**મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—શ્રી કરીમ મહંમદ માસ્તર	૧૭=૦૦
૧૮	**ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી	૧૩=૦૦
૧૯	**ગુજરાત: એક દર્શન** (બીજી આવૃત્તિ)—શ્રી શિવપ્રસાદ રાજગોર	૧૫=૫૦
૨૦	**પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ	૧૩=૦૦
૨૧	**પંચદશીતાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી	૬=૦૦
૨૨	**અખો અને મધ્યકાલીન સન્તપરંપરા**—ડૉ. યો. જ. ત્રિપાઠી	૧૪=૫૦
૨૩	**શ્રીમદ્ ભાગવત: ભાગ ૨**—સ્વ. નાગરદાસ અ. પંડ્યા	૧૧=૫૦
૨૪	**ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—શ્રી બાપાલાલ ગ. વૈદ્ય	૨૬=૦૦
૨૫	**આકાશના દીવા**—સ્વ. રજનીકાન્ત મોદી (બાળકો માટે)	૪=૦૦
૨૬	**માતા અને બાળક**—શ્રીમતી વત્સલા મહેતા (માતુશ્રી જમનાબાઈ ગ્રન્થમાળા, પુષ્પ ૫)	૮=૦૦
૨૭	**ગુજરાતનો પૉટરી ઉદ્યોગ**—શ્રી. શાંતિલાલ પુરોહિત	૮=૭૫
૨૮	**ઊંડાણનો તાગ**—શ્રી છોટુભાઈ સુથાર (૧૯૭૫), પાન ૧૪૦	૧૫=૦૦

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,
રાજમહેલ રોડ, વડોદરા–૩૯૦ ૦૦૧

પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

		રૂ. ન.પૈ.
૧.	**પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ	૧૦=૫૦
	વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ	૬=૫૦
૨.	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં. : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા	૯=૫૦
૩.	**ભાલણકૃત નલાખ્યાન** (ત્રીજી આવૃત્તિ)—સં. : પ્રો. કે. કા. શાસ્ત્રી	૧૧=૫૦
૪.	**ઉદયભાનુકૃત વિક્રમચરિત્ર રાસ**—સંપાદક : સ્વ. પ્રો. બ. ક. ઠાકોર	૨=૫૦
૫.	**ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી	૮=૦૦
૬.	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા	૧૦=૫૦
૭.	**પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ	૨૪=૦૦
૮.	**સિંહાસન બત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ	૧૫=૫૦
૯.	**હમ્મીર પ્રબન્ધ**—સંપાદકો : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ	૬=૦૦
૧૦.	**પંચદંડની વાર્તા**—સં. ડૉ. સોમાભાઈ ધૂ. પારેખ (૧૯૭૪)	૩૧=૦૦
૧૧.	વાગ્ભટાલંકાર બાલાવબોધ—સં. ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા	૧૨=૦૦

સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાળા

૧.	**વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧**	૨=૫૦
૨.	,, ,, ,, **૨**	૨=૫૦
૩.	,, ,, ,, **૩**	૬=૫૦
૪.	**નિરુત્તમા**	૨=૫૦
૫.	**વિક્રમોર્વશી**—(અનુવાદ : મનનિકા સહિત)	૨=૫૦
૬.	**પ્રવેશકો, ગુચ્છ પહેલો**	૪=૫૦
૭.	,, ,, **બીજો**	૩=૦૦
૮.	**અંબડ વિદ્યાધર રાસ**	૪=૦૦
૯.	**મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ : બીજું પુનર્મુદ્રણ)	૪=૦૦
૧૦.	**આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ)	૪=૦૦
૧૧.	**નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ)	૪=૦૦
૧૨.	**પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૧**—સંપાદક : ડૉ. હર્ષદ મ. ત્રિવેદી	૨=૫૦
૧૩.	**પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રન્થ**	૧૫=૫૦
૧૪.	**પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૨**—સં. ડૉ. હર્ષદ ત્રિવેદી	૬–૭૫

પ્રાપ્તિસ્થાન :
યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,
રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,
વડોદરા–૩૯૦ ૦૦૧

પોસ્ટ ઑફિસ રિકરીંગ
ડિપોઝીટ યોજનાથી
આપની વૃદ્ધાવસ્થા અને કુટુંબ
નિશ્ચિત બને છે.
આ યોજનામાં વીમા જેવા લાભો
પણ મળે છે.

નાની બચત
ઘડપણનો સહારો

વિગત માટે :
કલેક્ટર કચેરી. પોસ્ટ ઑફિસ
જિલ્લા બચત અધિકારી

**આજ માટે
તૈયાર છો,
પણ
આવતી
કાલ નો
વિચાર
કર્યો છે?**

મા-ખા-ગુજ. ૩-૭૪

ગ્લાયકોડિનની તો મને ખાત્રીજ હતી

એમને ખાંસીમાં એ ઝટ રાહત આપે છે



ગ્લાયકોડિને ખાંસીની બીજી દવાઓ કરતાં ભારતભરમાં વધુમાં વધુ લોકોની ખાંસી દૂર કરી છે.

માટે જ એ સૌથી આગળ છે.

જ્યાં જ્યાં ખાંસીની અસર હોય છે, તે દરેક ભાગ પર ગ્લાયકોડિન ઝટ અસર કરે છે અને ચોક્કસ રાહત આપે છે.

- ગળાનો ચચરાટ મટાડે છે.
- છાતીનો ભરાવો દૂર કરે છે અને શરદી-ખાંસીથી છૂટકારો આપે છે.
- છાતીની જકડન દૂર કરે છે, જેથી આપ આસાનીથી શ્વાસ લઇ શકો છો... અને આરામથી ઉંઘી શકો છો.

ગમે તેવી ખાંસી હોય—એના પર પૂરો કાબૂ મેળવવા માટે આપ મધુર સ્વાદવાળી ગ્લાયકોડિન પર ભરોસો રાખી શકો છો.

Alembic

ગ્લાયકોડિન — ભારતમાં ખાંસીને પછાડનાર ચૅમ્પિયન... વિશ્વસનીય દવાઓ બનાવનારી કંપની એલેમ્બિક તરફથી.

everest/520/ACW-gj

WINNING COMBINATION

The farmer combines the best of bullocks to win the race. 'Jyoti' makes and combines a perfect motor and a perfect pump to bring you 'UNIBUILT'.

'Jyoti'—pioneers in pumps and motors—have matched the best of both in 'UNIBUILT'. Because of 'Jyoti' expertise, know-how and long-standing research...and because it is a one-unit pump-motor... 'UNIBUILT' works better—provides greater output of water—requires minimum power consumption. You can safely depend on long-lasting, trouble-free 'UNIBUILT' to win the grow-more-food race!

UNIBUILT®

Jyoti Ltd. BARODA

HYDRAULICS ELECTRICALS POWER ELECTRONICS

Marketed by

JYOTI MARKETING AND PROJECTS LIMITED.

Bombay Shopping Centre, R.C. Dutt Road
Race Course Circle, Baroda 390 005





everest/790/JY

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૨૦=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)
—પરદેશમાં : યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૬ ડૉલર
યુરોપ અને અન્ય દેશો માટે....પૌં. ૨.૫૦

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ, વડોદરા, એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—
સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, લોકમાન્ય ટિળક રોડ,
વડોદરા–૩૯૦ ૦૦૨

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે. ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણેની જોડણી રાખવી આવશ્યક છે.

પ્રાચ્યવિદ્યા મન્દિર,
લોકમાન્ય ટિળક રોડ,
વડોદરા—૩૯૦ ૦૦૨ **સંપાદક**

મુદ્રક : શ્રી રમણલાલ જે. પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા; પ્રકાશક : ડૉ. અરુણોદય ન. જાની, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, નવેમ્બર, '૭૭.



તામ્રપત્ર નં. ૨
રાજા ગંભીરસિંહજીનું
વિ. સં. ૧૮૪૮નું તામ્રપત્ર



તામ્રપત્ર નં. ૩ [આગલી બાજુ]
કુમાર ઉમેદસિંહજીનું
વિ. સં. ૧૮૭૫નું તામ્રપત્ર



તામ્રપત્ર નં. ૩ [પાછળની બાજુ]

[ચિત્રોની સમજૂતી માટે જુઓ આ અંકમાં
ડૉ. ભારતી શેલતનો લેખ]

તામ્રપત્ર નં. ૧

કુમાર ભવાનીસિંહજીનું વિ સં. ૧૮૩૭નું તામ્રપત્ર

(સૌજન્ય : ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ)

[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં ડૉ. ભારતી શેલતનો લેખ]